અલ-ફારૂક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ IATA
હજ્જ ૨૦૨૭ બુકીંગ સ્ટાર્ટ
ઉમરાહ ૨૦૨૬ જુન-જુલાઈ-ઓગસ્ટ
રૂા.૯૦,૦૦૦થી પેકેજ સ્ટાર્ટ
દિવસ-૧૫ દિવસ-૨૦
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨૭૫૩૩૩ ૯૮૨૫૫૫૭૫૩૩૩
સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ
જામનગર : નવાઝભાઈ ૯૮૨૪૩૦૩૭૮૬

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Registered : Ministry of Minority Affais Haj Division
ZAM ZAM Tours & Travels IATA
મોહર્રમ ઉમરાહ જૂન ● જૂલાઈ
રૂા.૭૫,૦૦૦થી શરૂ
૧૫ દિવસ ૨૦ દિવસ ૨૫ દિવસ
Harun Mansuri : 9712057888/7405355743/9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અહમદઆબાદ

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૨૮૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી

# ચૂંટણી પંચના પૂર્વ મતદાન નિરીક્ષક સુબ્રત ગુપ્તાને સુવેન્દુ અધિકારીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

## વડાપ્રધાનની હાજરીમાં સુવેન્દુએ પ.બંગાળના પ્રથમ ભાજપી મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

(એજન્સી) તા.૯

ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ શનિવારે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક ભવ્ય સમારોહમાં પશ્ચિમ બંગાળના પ્રથમ ભાજપ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, અનેક કેન્દ્રીય પ્રધાનો અને NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓએ હાજરી આપી હતી. નવી સરકારમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ દિલીપ ઘોષ, અગ્નિમિત્રા પોલ, નિસિથ પ્રામાણિક અને ક્ષુદિરામટુડુએ પણ મંત્રી તરીકે શપથ લીધા હતા.

પૂર્વ ચૂંટણી નિરીક્ષક સુબ્રત ગુપ્તા સુવેન્દુ અધિકારીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના નવા મંત્રી અગ્નિમિત્ર પૌલે દાવો કર્યો છે કે મમતા બેનરજીએ તેમને વિધાનસભાની અંદર ધમકી આપી હતી. શપથ ગ્રહણ કાર્યક્રમ પછી, અગ્નિમિત્ર પૌલે કહ્યું કે મમતા બેનરજીએ ઘણીવાર વિધાનસભામાં વિપક્ષને ડરાવ્યો હતો, આવું વર્તન તેમના પદને શોભતું નથી. બેનરજીના કદ અને સંઘર્ષને પ્રેરણાદાયક ગણાવતા, પૌલે કહ્યું કે નવી સરકાર બંગાળને પુનર્જીવિત કરવા અને વિપક્ષ સાથે આદરપૂર્વક વર્તન કરવામાં આવે તેની ખાતરી કરવા માટે કામ કરશે. એક ડિઝાઈનર તરીકે હું મહિલાઓને સુંદર બનાવતી હતી, હવે હું બંગાળને સુંદર બનાવીશ.

પશ્ચિમ બંગાળ સરકારના શપથ ગ્રહણ સમારોહ પછી અમિત શાહે કર્ણાટકના ચિત્રદુર્ગમાં એક સભાને સંબોધન કરતી વખતે કહ્યું કે ભગવો ધ્વજ હવે શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ અને શ્યામા પ્રસાદ મુખર્જીની ભૂમિ પર લહેરાય છે.

સસ્પેન્ડ કરાયેલા ટીએમસી પ્રવક્તા રિજુ દત્તાએ કહ્યું છે કે તેમને સત્ય બોલવા બદલ ઠપકો આપવામાં આવ્યો હતો. ટીએમસી પ્રવક્તા રિજુ દત્તાએ તૃણમૂલ કોંગ્રેસમાંથી તેમના ૬ વર્ષના સસ્પેન્શનની જાહેરાત કરી હતી. પાર્ટીએ શિસ્ત ભંગનો આરોપ મૂક્યો છે અને તેઓએ દાવો કર્યો હતો કે તેમણે ૧૩ વર્ષની સેવા પછી પણ સત્ય બોલ્યા હતા. દત્તાએ તાજેતરમાં ભાજપના નેતાઓને

અનુસંધાન બીજા પાને

CELEBRATING EXCELLENCE 35 years GT

ક્યા બાત હૈ ?!

ડફોળ હટી જા ! તેઓ રાજ્યના નવા મુખ્યમંત્રી છે !




## પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક શપથ સમારોહમાં, 'પ્રધાન સેવક' મોદીએ લોકોને 'દંડવત પ્રણામ' સાથે નમન કર્યું

(એજન્સી) તા.૯

શનિવારે પશ્ચિમ બંગાળમાં પ્રથમ ભાજપ સરકારના ઐતિહાસિક શપથ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નમ્રતા જોવા મળી હતી. તેઓ આ ઈતિહાસ રચવા માટે સ્ટેજ પર ગયા, ત્યારે મોદીએ તેમના ટ્રેડમાર્ક કુર્તા-જેકેટના પોશાકમાં સજ્જ થઈને ઉપસ્થિતો સમક્ષ દંડવત પ્રણામ કર્યા જે તેની નમ્રતા અને તેમના જનાદેશ માટે લોકો પ્રત્યે આદરનો સંકેત છે. વડાપ્રધાને સ્વતંત્રતા પછી ભારતમાં લોકશાહીમાં લોકોની શક્તિનો નમ્રતાપૂર્વક સ્વીકાર કર્યો હતો. આ ઘટના મોદીના લોકોના શાસક નહીં પણ સેવક તરીકેના પોતાના સ્થાનનું પ્રતિબિંબ છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછી મોદીએ ઘણી વખત પોતાને "પ્રધાનમંત્રી" નહીં પણ "પ્રધાન સેવક" તરીકે ઓળખાવ્યા છે. અને આજે કોલકાતામાં, તેઓએ ખરેખર પોતાની આ છબી દર્શાવી છે. તેમણે કહ્યું કે, હું પશ્ચિમ બંગાળની જનશક્તિને નમન કરૂં છું ! લોકોના આશીર્વાદ એ લોકશાહીની

અનુસંધાન બીજા પાને



LITTLE FLOWER ENGLISH MEDIUM SCHOOL
Gujarat State Board • ONLY GIRLS SCHOOL
2026-27 ADMISSIONS OPEN
NURSERY, JUNIOR KG, SENIOR KG, 1st to 5th STD
LIMITED SEATS AVAILABLE - ATTRACTIVE FEES
SMART CLASSROOMS
Qualified & Experienced Teachers
2 Teachers & 1 Helper in each Class
Clean & Healthy Atmosphere
Daily updates through App
Confirmed Admission to 1st Std
Upgraded & Improved Facilities
Fun N Learn Programme
Activity oriented learning
CALL FOR INFO 75750 09622
Ashoknagar Society, Paldi, Bhatta, Ahmedabad - 380 007

ડૉ.નાઝનીન વાજા
(એમ.ડી.-પીડીયાટ્રીક્સ) I.D.P.C.C.M. (મુંબઈ)
બાળરોગ નિષ્ણાંત અને બાળકોના ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
વી કેર ચિલ્ડ્રન હોસ્પિટલ
૧૧૧,૧૧૯, બ્લુ વોટર, અંબર ટાવર પાસે, સરખેજ, અમદાવાદ
૨૪x૭ ઈમરજન્સી સારવાર
મો.૯૮૯૮૮૫૩૫૩૧
ઓપીડી સમય : સવારે ૧૧થી ૨, સાંજે ૬.૩૦થી ૮.૩૦

અનમ મેટરનીટી અને મેડીકલ હોસ્પિટલ
ડૉ.શૈલા અબરાર સૈયદ MD.D.G.O
૨૩ વરસનો વિશાળ અનુભવ
ડિલીવરી લેડી ડોક્ટર દ્વારા
તમામ નર્સીંગ સ્ટાફ લેડીઝ છે
સમય : ૧૦ - ૧ અને ૫ - ૭
મો.૯૩૧૬૯૪૩૦૫૯
ખાનપુર, ગન હાઉસની સામે, ગુજરાત સમાચાર રોડ, અમદાવાદ

આયરન કેલ્શિયમ મલ્ટી વિટામિન થી ભરપુર
રેક્સોગ્લોબિન
સીરપ અને કેપ્સુલ
REXOGLOBIN
Syrup & Capsules
IRON
CALCIUM
MULTI VITAMIN
Safar Jaari Hai Khidmat Ke Liye....
REX REMEDIES LTD.®
info@rexremedies.com www.rexremedies.com 1800 8436 111






# “તેઓએ ખાસ કરીને તેને જ નિશાન બનાવ્યો” : બિરભૂમમાં ચૂંટણી પછીના ટોળાના હુમલામાં મુસ્લિમ શખ્સની હત્યા



(એજન્સી) બિરભૂમ, તા.૯

પશ્ચિમ બંગાળના બિરભૂમ જિલ્લામાં વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ ફાટી નીકળેલી હિંસામાં એક મુસ્લિમ વ્યક્તિની નિર્મમ હત્યા કરવામાં આવી છે અને તેના સાથીને ગંભીર ઈજાઓ પહોંચી છે. ગ્રામજનો અને સ્થાનિક નેતાઓના જણાવ્યા અનુસાર, ભાજપ અને સીપીઆઈ(એમ)ના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા આ હુમલાને ચૂંટણી પછીની વેરવૃત્તિનું પરિણામ માનવામાં આવે છે. બિરભૂમ જિલ્લાના નાનૂર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના સંતોષપુર ગામમાં આ ઘટના ત્યારે બની જ્યારે ૩૫ વર્ષીય અબીર શેખ તેના મિત્રો સાથે માછીમારી કરીને ઘરે પરત ફરી રહ્યો હતો. અબીર શેખ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સ્થાનિક બૂથ પ્રમુખ તરીકે કાર્યરત હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, લગભગ ૫૦ લોકોના ટોળાએ તેમને ઘેરી લીધા હતા અને હુમલો શરૂ કર્યો હતો. સ્થાનિક રહેવાસી સૈફુલે આક્ષેપ કર્યો હતો કે, "ટોળામાં ભાજપ અને સીપીઆઈ(એમ) બંને પક્ષના લોકો સામેલ હતા. તેઓએ બધાને માર મારવાનું શરૂ કર્યું, પરંતુ તેમનું મુખ્ય નિશાન શેખ હતો. તેઓએ તેને બેરહેમીથી માર માર્યો અને ત્યારબાદ તીક્ષ્ણ હથિયાર વડે તેનું માથું કાપી નાખ્યું હતું." સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં શેખ લોહીના ખાબોચિયામાં પડેલો જોવા મળે છે, જે સ્થળની ભયાનકતા દર્શાવે છે. આ હુમલામાં શેખનો સાથી અલી હુસૈન પણ ગંભીર રીતે ઘાયલ થયો છે. હુમલાખોરો તેને મરવા માટે છોડીને ભાગી ગયા હતા. હાલમાં તે કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. ગ્રામજનોએ એવો પણ ગંભીર આરોપ લગાવ્યો છે કે આ હુમલો પોલીસની હાજરીમાં થયો હતો, પરંતુ પોલીસે હિંસા અટકાવવા માટે કોઈ દરમિયાનગીરી કરી નહોતી. બીજી તરફ, ભાજપે આ આરોપોને નકારી કાઢ્યા છે. ભાજપના પૂર્વ જિલ્લા નેતા સંન્યાસીચરણ મંડલે જણાવ્યું હતું કે, "અમારા કોઈ કાર્યકર આમાં સામેલ નથી. કેટલાક લોકો ભાજપને બદનામ કરવા માટે આવી ઘટનાઓ સર્જી રહ્યા છે." નોંધનીય છે કે પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ રાજ્યના અનેક ભાગોમાં હિંસાના અહેવાલો સામે આવ્યા છે, જેમાં અત્યાર સુધીમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલ ગામમાં તણાવને જોતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો છે.

## DMK અને કોંગ્રેસના ગઠબંધનમાં ભંગાણ : કનિમોઝીએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખી અલગ બેઠક વ્યવસ્થાની માંગ કરી

નવી દિલ્હી : તમિલનાડુના રાજકારણમાં આવેલો ગરમાવો હવે સંસદ સુધી પહોંચ્યો છે. દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને કોંગ્રેસ વચ્ચેનું ગઠબંધન તૂટ્યા બાદ, DMK સાંસદ કનિમોઝી કરુણાનિધિએ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને ગૃહમાં DMK સાંસદો માટે અલગ બેઠક વ્યવસ્થા કરવાની માંગ કરી છે. આ પગલા સાથે જ બંને પક્ષો વચ્ચેનું અંતર હવે સત્તાવાર રીતે સ્પષ્ટ થઈ ગયું છે. કનિમોઝીએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે, બદલાયેલા રાજકીય સંજોગોમાં હવે DMK સભ્યો માટે કોંગ્રેસના સાંસદોની બાજુમાં બેસવું "યોગ્ય નથી". તેમણે પત્રમાં લખ્યું કે, "ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથેનું અમારું ગઠબંધન હવે સમાપ્ત થઈ ગયું હોવાથી, અમારા સભ્યો માટે ગૃહમાં વર્તમાન બેઠક વ્યવસ્થા જાળવી રાખવી ઉચિત જણાતી નથી." આ સાથે તેમણે વિનંતી કરી છે કે DMK સાંસદોને અલગ બેઠકો ફાળવવામાં આવે જેથી તેઓ સંસદીય જવાબદારીઓ અસરકારક રીતે નિભાવી શકે. રાજકીય વિશ્લેષકો આ પત્રને માત્ર એક વહીવટી પ્રક્રિયા નહીં પણ અત્યંત મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમ માની રહ્યા છે. જોકે કનિમોઝીના પત્રમાં કોંગ્રેસ પ્રત્યે કોઈ સીધી ટીકા કે આક્ષેપો કરવામાં આવ્યા નથી, પરંતુ અલગ બેઠક વ્યવસ્થાની આ માંગ તમિલનાડુ વિધાનસભા ચૂંટણી બાદ બંને પક્ષો વચ્ચે વધેલા અંતરને સ્પષ્ટપણે દર્શાવે છે.

## ભારતે ઓડિશાના તટ પર DRDO અને IAF દ્વારા વિકસિત સ્વદેશી ‘TARA’ ગ્લાઈડ વેપન સિસ્ટમનું સફળ પ્રથમ ઉડાન પરીક્ષણ કર્યું

નવી દિલ્હી : ભારતની સંરક્ષણ ક્ષમતામાં વધુ એક સીમાચિહ્ન ઉમેરાયું છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) અને ભારતીય વાયુસેના (IAF)એ સંયુક્ત રીતે ઓડિશાના દરિયાકાંઠે સ્વદેશી રીતે વિકસિત ગ્લાઈડ વેપન સિસ્ટમ ‘TARA' (Tactical Advanced Range Augmentation)નું સફળતાપૂર્વક પ્રથમ ઉડાન પરીક્ષણ (Maiden Flight Trial) કર્યું છે. આ પરીક્ષણ ગુરુવારે હાથ ધરવામાં આવ્યું હતું, જેની સત્તાવાર જાણકારી સંરક્ષણ મંત્રાલય દ્વારા આપવામાં આવી છે. TARAએ ભારતની પ્રથમ સ્વદેશી ગ્લાઈડ વેપન સિસ્ટમ છે, જેને ખાસ કરીને ગાઈડ ન કરી શકાય તેવા (Un-guided) વોરહેડ્સને ચોકસાઈપૂર્વક પ્રહાર કરતા પ્રિસિઝન ગાઈડેડ હથિયારોમાં રૂપાંતરિત કરવા માટે વિકસાવવામાં આવી છે. આ ટેક્નોલોજીના ઉપયોગથી ઓછા ખર્ચે જમીન પરના લક્ષ્યોને અત્યંત સચોટતા અને ઘાતકતા સાથે નષ્ટ કરી શકાશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમમાં અત્યાધુનિક લો-કોસ્ટ સિસ્ટમ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને વિશ્વના અન્ય હથિયારોની સરખામણીમાં વધુ કાર્યક્ષમ બનાવે છે. આ હથિયાર પ્રણાલીનું સંશોધન અને વિકાસ હૈદરાબાદ સ્થિત રિસર્ચ સેન્ટર ઈમારત (RCI) દ્વારા અન્ય DRDO પ્રયોગશાળાઓના સહયોગથી કરવામાં આવ્યું છે.

## મારપીટનો વીડિયો વાયરલ : NHRCમાં ફરિયાદ દાખલ

હૈદરાબાદ : તેલંગાણાની રાજધાની હૈદરાબાદના સિકંદરાબાદ વિસ્તારમાં રાત્રિ દરમિયાન ફરજ બજાવતા એક સ્વિગી (Swiggy) ડિલિવરી વર્કર પર પોલીસ કર્મચારીઓ દ્વારા કથિત હુમલાનો મામલો સામે આવ્યો છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે તેલંગાણા ગિગ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન (TGPWU)એ કડક વલણ અપનાવતા રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (NHRC)માં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ઘટનાની વિગત મુજબ, ૭ મેના રોજ વહેલી સવારે આશરે ૨:૫૦ વાગ્યે ફલકનુમાનો રહેવાસી શબીર આઝમ નામનો ડિલિવરી બોય સિકંદરાબાદની એક આઈસ્ક્રીમ શોપ પર ઓર્ડર લેવા માટે પહોંચ્યો હતો. યુનિયન દ્વારા ‘X’ પર શેર કરવામાં આવેલા વીડિયોમાં રામગોપાલપેટ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને ડિલિવરી વર્કર્સ વચ્ચે ઘર્ષણ થતું સ્પષ્ટ દેખાય છે. આરોપ છે કે પોલીસે ત્યાં હાજર વર્કર્સ સાથે ગેરવર્તણૂક કરી હતી અને ગાળો આપી હતી.

## બંગાળ વિધાનસભાના વિસર્જન પછી પણ મમતા બેનરજીએ સોશિયલ મીડિયા પર ‘મુખ્યમંત્રી’ પદ જાળવી રાખ્યું

કોલકાતા : પશ્ચિમ બંગાળના રાજ્યપાલ આર.એન. રવિ દ્વારા રાજ્ય વિધાનસભાને વિધિવત રીતે ભંગ કરવામાં આવ્યા બાદ, મમતા બેનરજીના ૧૫ વર્ષના શાસનનો સત્તાવાર રીતે અંત આવ્યો છે. ભાજપની ચૂંટણીમાં જીત બાદ રાજ્યપાલના આ નિર્ણય સાથે જ મમતા બેનરજી હવે ટેક્નિકલી ‘પૂર્વ મુખ્યમંત્રી’ બની ગયા છે અને રાજ્યની કેબિનેટ પણ આપોઆપ વિખેરાઈ ગઈ છે. જોકે, બંધારણીય ફેરફારો છતાં મમતા બેનરજીએ હજુ સુધી પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સ અપડેટ કર્યા નથી. તાજેતરમાં યોજાયેલી ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવી તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષ જૂના કિલ્લાને ધ્વસ્ત કર્યો છે. તેમ છતાં, મમતા બેનરજીના એક્સ (X) અને ફેસબુક એકાઉન્ટના ‘અબાઉટ’ સેક્શનમાં તેઓ હજુ પણ પોતાને પશ્ચિમ બંગાળના "માનનીય મુખ્યમંત્રી" તરીકે દર્શાવી રહ્યા છે. અહેવાલો અનુસાર, ચૂંટણી દરમિયાન ભાજપ અને ચૂંટણી પંચના વલણ સામે વિરોધ નોંધાવવા માટે તેમણે આ પદવી સોશિયલ મીડિયા પર યથાવત રાખી છે. મમતા બેનરજીએ ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ ૫ મેના રોજ મીડિયાને સંબોધતા સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પરંપરા મુજબ રાજ્યપાલને રાજીનામું સોંપશે નહીં.

## મણિશંકર અય્યરે તમિલનાડુમાં કોંગ્રેસ-TVK જોડાણને ગણાવ્યું ‘રાજકીય તકવાદ’, પોતાની જ પાર્ટી પર વરસ્યા

નવી દિલ્હી : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ રાજદ્વારી મણિશંકર અય્યરે તમિલનાડુમાં પોતાની જ પાર્ટીના TVK (તમિલગ વેટ્રી કઝગમ) સાથેના ગઠબંધનના નિર્ણયની આકરી ટીકા કરી છે. તેમણે આ પગલાને "ભયાનક" અને "રાજકીય તકવાદ" ગણાવતા ચેતવણી આપી છે કે, જો આ નિર્ણયથી તમિલનાડુમાં ભાજપનો પાછલે બારણેથી પ્રવેશ થશે, તો તે ભારતીય રાજનીતિના ઈતિહાસનો સૌથી ખરાબ ‘સેલ્ફ ગોલ’ સાબિત થશે. PTI સાથેની વાતચીતમાં અય્યરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા દાયકાઓ જૂના સાથી પક્ષ DMKનો સાથ છોડીને અભિનેતા-રાજનેતા વિજયની પાર્ટી TVK સાથે હાથ મિલાવવા તે નૈતિક રીતે અસ્વીકાર્ય છે. તેમણે કહ્યું કે, થોડા દિવસો પહેલા જ જે પક્ષ સામે આપણે ચૂંટણી લડ્યા, તેની સાથે જ ગઠબંધન કરવું તે મહાત્મા ગાંધીના નૈતિક શાસનના સિદ્ધાંતોનું ઉલ્લંઘન છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે, કોંગ્રેસ એવા સાથી પક્ષને કેવી રીતે દગો આપી શકે જેણે ઈન્ડિયા (INDIA) બ્લોકમાં એકલા હાથે રાહુલ ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કર્યા હતા ? અય્યરે વધુમાં ઉમેર્યું કે, સત્તાના લાલચમાં જૂના મિત્રને છોડવો તે ચારિત્ર્યહીન રાજનીતિ છે.

# જમ્મુ-કાશ્મીર: કેન્દ્રએ ટેલિકોમ સેવાઓ પર નિયંત્રણ મેળવવા માટે ઉપરાજ્યપાલને કટોકટીની સત્તાઓ સોંપી

(એજન્સી) શ્રીનગર, તા.૯

કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલ એક જાહેરનામા અનુસાર, જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ (LG) મનોજ સિન્હાને ટેલિકોમ્યુનિકેશન એક્ટ, ૨૦૨૩ હેઠળ ‘રાજ્ય સરકારની સત્તાઓ’નો ઉપયોગ કરવા અને કાર્યો કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. આ નવા આદેશથી હવે ઉપરાજ્યપાલ કાર્યાલય પાસે ટેલિકોમ સેવાઓ અને નેટવર્ક પર સીધો અંકુશ મેળવવાની વ્યાપક કટોકટીની સત્તાઓ રહેશે, જેના કારણે મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાના નેતૃત્વ હેઠળની ચૂંટાયેલી સરકાર હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ લાગુ થયા પછી આ બીજી એવી ઘટના છે જ્યારે કેન્દ્ર સરકારે સુરક્ષાના કારણોસર ચૂંટાયેલી સરકારની સત્તાઓ મર્યાદિત કરી હોય. ગુરૂવારે જારી કરાયેલ નોટિફિકેશન મુજબ, ટેલિકોમ એક્ટની કલમ ૨૦ની પેટા-કલમ ૨ હેઠળ ઉપરાજ્યપાલને વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. આ કાયદો ભારતની સાર્વભૌમત્વ, અખંડિતતા અને સુરક્ષાના હિતમાં કોઈપણ ટેલિકોમ સેવા અથવા નેટવર્ક પર પ્રતિબંધ મૂકવાની મંજૂરી આપે છે. આ અંગે ફ્રી સ્પીચ કલેક્ટિવના ગીતા સેષુએ જણાવ્યું હતું કે, આ પગલું અબ્દુલ્લા સરકાર પ્રત્યેની ‘સંપૂર્ણ અવગણના’ દર્શાવે છે અને ઉપરાજ્યપાલને વધુ શક્તિશાળી બનાવે છે. આ કાયદા હેઠળ ટેલિકોમ ઓપરેટરો માટે કોઈપણ સંદેશાની સામગ્રી ‘સ્પષ્ટ ફોર્મેટમાં’ જાહેર કરવી ફરજિયાત છે. નેશનલ કોન્ફરન્સના પ્રવક્તા ઈમરાન નબી ડારે આ મામલે મિશ્ર પ્રતિભાવ આપતા કહ્યું કે, ફોન મોનિટરિંગ અને નેટવર્કને નિષ્ક્રિય કરવું એ સુરક્ષા તંત્રનો ભાગ છે, જે પહેલેથી જ કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉપરાજ્યપાલના અધિકારક્ષેત્રમાં આવે છે. જોકે, બંધારણીય નિષ્ણાતો માને છે કે, આ નિર્ણયથી લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર નબળી પડશે. આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ અગાઉ જ ચિંતા વ્યક્ત કરી હતી કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓને ‘સુરક્ષા લૂપ’ (Security Loop)થી બહાર રાખવાથી આતંકવાદ સંબંધિત માહિતીના પ્રવાહમાં અવરોધ આવી શકે છે. તેમણે લાલ કિલ્લા પર થયેલા હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જ્યારે ચૂંટાયેલી સરકાર કાયદો અને વ્યવસ્થાથી સંપૂર્ણપણે અલગ થઈ જાય છે, ત્યારે ગંભીર પરિસ્થિતિઓ સર્જાય છે. અબ્દુલ્લાએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, ભાજપના મુખ્યમંત્રીને ન પસંદ કરવા બદલ જમ્મુ-કાશ્મીરની જનતાને સજા આપવામાં આવી રહી છે અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત ન કરવો એ ‘વિશ્વાસઘાત’ સમાન છે.

# વડાપ્રધાન મોદીએ બંગાળમાં ૯૭ વર્ષીય માખનલાલ સરકારના ચરણ સ્પર્શ કર્યા : તેઓ કોણ છે ?

**બંગાળ ભાજપના વડા સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, માખનલાલ સરકાર શ્યામા પ્રસાદ મુખરજીના સહાયક અને તેમની અંતિમ યાત્રાનો ભાગ હતા. ૧૯૫૨માં, માખનલાલ સરકારની કાશ્મીરમાં ધરપકડ કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે કોલકાતામાં શુભેન્દુ અધિકારીના શપથ ગ્રહણ સમારોહમાં ૯૮ વર્ષીય વ્યક્તિના આશીર્વાદ લીધા હતા. મોદીએ તેમના ચરણ સ્પર્શ કર્યા અને ગળે લગાવ્યા. આ વ્યક્તિ છે માખનલાલ સરકાર, જે સિલિગુડીના રહેવાસી છે અને ભાજપના શરૂઆતના દિવસોમાં રાજ્યના સૌથી વરિષ્ઠ નેતાઓમાંના એક હતા. મોદીએ X પર પોસ્ટ કર્યું કે, આજે, પશ્ચિમ બંગાળમાં પહેલી વાર ભાજપ સરકાર શપથ લઈ રહી છે, ત્યારે આપણા બધા માટે ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી અને રાષ્ટ્ર અને ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં તેમના શાશ્વત યોગદાનને યાદ કરવું સ્વાભાવિક છે. તેમના વિઝનને પૂર્ણ કરવામાં કોઈ કસર છોડવામાં આવશે નહીં. કોલકાતામાં શપથ ગ્રહણ સમારોહ દરમિયાન, શ્રી માખનલાલ સરકારજીને મળવાની તક મળી. તે એક શ્રદ્ધાળુ રાષ્ટ્રવાદી છે અને તેમણે ડૉ. મુખરજી સાથે કામ કર્યું હતું અને તેમની સાથે જમ્મુ અને કાશ્મીરમાં તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, સરકારે પોતાનું જીવન ભાજપને સમર્પિત કર્યું અને બંગાળમાં તેનો આધાર વિસ્તાર્યો છે. અમને ભાજપમાં ગર્વ છે કે આપણી પાસે આવા પ્રેરક વ્યક્તિઓ છે જેમણે લોકો માટે કામ કર્યું છે અને અમારી પાર્ટીને મજબૂત બનાવી છે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે શપથ ગ્રહણ સમારોહ પહેલા પીએમ મોદીએ ભાજપના દિગ્ગજ નેતા માખનલાલ સરકારનું સન્માન કર્યું હતું. બંગાળ ભાજપના વડા સમિક ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે દેશભક્તિ ગીત ગાવા બદલ સરકારની દિલ્હી પોલીસે ધરપકડ કરી હતી. તેમને કોર્ટમાં લઈ જવામાં આવ્યા હતા અને માફી માંગવા માટે કહેવામાં આવ્યું હતું. પરંતુ તેમણે ઈનકાર કર્યો હતો. સરકારે ન્યાયાધીશને કહ્યું કે તેમણે કોઈ ગુનો કર્યો નથી; તેમણે ફક્ત એક ગીત



ગાયું છે. ન્યાયાધીશ ગીત સાંભળવા માંગતા હતા, તેથી તેમણે કોર્ટમાં ફરીથી તે ગીત ગાયું. ત્યારબાદ ન્યાયાધીશે પોલીસને સરકારને ઘરે પાછા ફરવા માટે ફર્સ્ટ-ક્લાસ ટિકિટ મેળવવા અને તેમની મુસાફરી માટે ૧૦૦ રૂપિયા આપવા કહ્યું હતું.

**માખન લાલ સરકાર - ભાજપના એક અનુભવી નેતા :** સરકાર સિલિગુડી સંગઠનાત્મક જિલ્લાના પ્રથમ ભાજપ જિલ્લા પ્રમુખ હતા અને શ્યામા પ્રસાદ મુખરજીના ઐતિહાસિક કાશ્મીર પ્રવાસમાં તેમના સાથી હતા. ૯૭ વર્ષની ઉંમરે, તેઓ સ્વતંત્રતા પછીના ભારતમાં રાષ્ટ્રવાદી ચળવળ સાથે સંકળાયેલા શરૂઆતના પાયાના વ્યક્તિઓ પૈકી એક છે. ૧૯૫૨માં, કાશ્મીરમાં ભારતીય ત્રિરંગો ફરકાવવાની ચળવળ દરમિયાન મુખરજી સાથે જતા તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૧૯૮૦માં ભાજપની રચના પછી, તેઓ પશ્ચિમ દિનાજપુર, જલપાઈગુડી અને દાર્જિલિંગ જિલ્લાઓના સંગઠનાત્મક સંયોજક બન્યા હતા. માત્ર એક વર્ષમાં, તેમણે લગભગ ૧૦,૦૦૦ સભ્યોની નોંધણી કરવામાં મદદ કરી હતી. ૧૯૮૧થી, તેમણે જિલ્લા પ્રમુખ તરીકે સતત સાત વર્ષ સુધી સેવા આપી, જે એક અસાધારણ સિદ્ધિ હતી જ્યારે ભાજપના નેતાઓ સામાન્ય રીતે બે વર્ષથી વધુ સમય સુધી એક જ સંગઠનાત્મક સ્થિતિમાં રહી શકતા નથી.

## પશ્ચિમ બંગાળમાં શુવેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો

# પીએમ મોદીએ ભાજપ-RSSના વરિષ્ઠ નેતાઓને શ્રદ્ધાંજલિ આપી

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજે એક નવો યુગ શરૂ થયો છે. તાજેતરમાં સંપન્ન થયેલી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ આજે શુવેન્દુ અધિકારીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ ભવ્ય શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પીએમ મોદીએ આ ઐતિહાસિક ક્ષણે બંગાળની જનતાને નમન કર્યા હતા અને ભાજપ તેમજ આરએસએસના વરિષ્ઠ કાર્યકર્તાઓનું સન્માન કર્યું હતું.

**ઐતિહાસિક જીત અને ડો. શ્યામા પ્રસાદ મુખર્જીને યાદ કર્યા**

પશ્ચિમ બંગાળની ૨૯૪ બેઠકોમાંથી ભાજપે ૨૦૭ બેઠકો પર જીત મેળવીને પૂર્ણ બહુમતી પ્રાપ્ત કરી છે, જ્યારે સત્તાધારી TMC માત્ર ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ છે. આ પ્રસંગે પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતા લખ્યું કે, "આજે જ્યારે પશ્ચિમ બંગાળમાં પ્રથમવાર ભાજપની સરકાર શપથ લઈ રહી છે, ત્યારે આપણને સૌને ડો. શ્યામા પ્રસાદ મુખર્જી અને રાષ્ટ્ર માટેના તેમના અમૂલ્ય યોગદાનની યાદ આવે તે સ્વાભાવિક છે. તેમના વિઝનને પૂર્ણ કરવામાં અમે કોઈ કસર બાકી રાખીશું નહીં."

**૯૮ વર્ષીય વરિષ્ઠ નેતા માખનલાલ સરકાર સાથે મુલાકાત**

શપથ ગ્રહણ સમારોહ દરમિયાન પીએમ મોદીએ ૯૮ વર્ષીય રાષ્ટ્રવાદી નેતા માખનલાલ સરકાર સાથે મુલાકાત કરી હતી. માખનલાલ સરકારે ડો. મુખર્જી સાથે કાશ્મીર આંદોલન દરમિયાન કામ કર્યું હતું અને ૧૯૫૨માં તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ભાજપની સ્થાપના બાદ તેમણે ઉત્તર બંગાળમાં પક્ષનો પાયો મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પીએમ મોદીએ તેમને પ્રેરણાસ્ત્રોત ગણાવતા કહ્યું કે ભાજપને આવા પાયાના કાર્યકર્તાઓ પર ગર્વ છે જેમણે પોતાનું જીવન પક્ષ અને વિચારધારા માટે સમર્પિત કર્યું છે.

**કેસરીયા રંગે રંગાયું બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ**

શપથ ગ્રહણ સમારોહ માટે આખું બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ કેસરીયા રંગના શણગારથી ઝળહળી ઉઠ્યું હતું. વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી શુવેન્દુ અધિકારી અને પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ ખુલ્લી જીપમાં સવાર થઈને હજારો કાર્યકર્તાઓનું અભિવાદન ઝીલ્યું હતું. પરંપરાગત ઢોલ-નગારા અને કલાકારોના પ્રદર્શન સાથે ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો. ૨૦૨૧માં ૨૧૫ બેઠકો જીતનાર્ ટીએમસીની આ કારમી હાર અને ભાજપના શાસનની શરૂઆત બંગાળના રાજકારણમાં મોટી ઉથલપાથલ દર્શાવે છે.

## ‘પીએમ મોદીએ જેમને ભ્રષ્ટ કહ્યા હતા, આજે તેમને જ મુખ્યમંત્રી બનાવ્યા’ : સુવેન્દુ અધિકારીએ બંગાળના સીએમ તરીકે શપથ લેતા કેજરીવાલે ભાજપ પર સાધ્યું નિશાન

(એજન્સી) કોલકાતા/નવી દિલ્હી, તા.૯

પશ્ચિમ બંગાળમાં ભાજપના ઐતિહાસિક વિજય બાદ સુવેન્દુ અધિકારીએ રાજ્યના પ્રથમ ભાજપ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. જોકે, આ શપથગ્રહણ સમારોહ બાદ રાજકીય ગરમાવો તેજ થયો છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કરતા ભ્રષ્ટાચાર મામલે ભાજપના વલણ પર સવાલો ઉઠાવ્યા હતા. એક વીડિયો સંદેશ દ્વારા કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે ભાજપ માત્ર વિરોધ પક્ષના નેતાઓને નિશાન બનાવવા માટે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરે છે. સુવેન્દુ અધિકારીના ભૂતકાળના રાજકીય જીવનનો ઉલ્લેખ કરતા કેજરીવાલે દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અગાઉ જાહેરમાં અધિકારી પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા હતા. કેજરીવાલે કહ્યું, "દસ વર્ષ પહેલા પીએમ મોદીએ પોતે સુવેન્દુ અધિકારીને ભ્રષ્ટ કહ્યા હતા. અમિત શાહે પણ તેમની સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. આજે એ જ મોદીએ તેમને મુખ્યમંત્રી તરીકે પદના શપથ લેવડાવ્યા છે." ઉલ્લેખનીય છે કે, ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત સાથે તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષના શાસનનો અંત આવ્યો છે. અરવિંદ કેજરીવાલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) માત્ર વિપક્ષી નેતાઓને જ નિશાન બનાવે છે, જ્યારે ભાજપમાં જોડાનારા નેતાઓ સામે આંખ આડા કાન કરે છે. તેમણે જણાવ્યું કે, "સુવેન્દુ અધિકારી હવે ભાજપમાં છે એટલે ED તેમની સામે કોઈ કાર્યવાહી નહીં કરે. પરંતુ તેઓ સંજીવ અરોરા, મનીષ સિસોદિયા અને મારા જેવા વિપક્ષી નેતાઓના ઘરે દરોડા પાડશે." પંજાબના મંત્રી સંજીવ અરોરા સામે મની લોન્ડરિંગ કેસમાં EDની તાજેતરની કાર્યવાહીને પણ તેમણે રાજકીય પ્રેરિત ગણાવી હતી. કેજરીવાલે મહારાષ્ટ્રના અજિત પવારનું ઉદાહરણ આપીને દાવો કર્યો હતો કે નેતાઓ ભાજપ સાથે જોડાય એટલે ભ્રષ્ટાચારના આરોપો ગાયબ થઈ જાય છે.

# ભારતના આગામી CDS ફરી ભૂમિ સેનામાંથી નિયુક્ત, સીધી ડોભાલ કાર્યાલયથી થઈ નિમણૂક

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતની સંરક્ષણ વ્યવસ્થામાં એક મોટો ફેરફાર કરતા કેન્દ્ર સરકારે લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણિ (નિવૃત્ત)ને દેશના આગામી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂક સાથે દેશના સર્વોચ્ચ સૈન્ય પદ પર ભારતીય થલ સેનાના અધિકારીઓનો દબદબો જળવાઈ રહ્યો છે. લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણિ હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS)માં સૈન્ય સલાહકાર તરીકે કાર્યરત છે અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યા છે.

**અજીત ડોભાલ સાથેનું જોડાણ અને અનુભવ**

લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણિ વર્તમાન CDS જનરલ અનિલ ચૌહાણનું સ્થાન લેશે, જેઓ ૩૦ મેના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. નોંધપાત્ર બાબત એ છે કે, જનરલ અનિલ ચૌહાણની જેમ જ સુબ્રમણિ પણ નિવૃત્તિ બાદ અજીત ડોભાલના કાર્યાલયમાં સૈન્ય સલાહકાર તરીકે સેવા આપી રહ્યા હતા, જ્યાંથી તેમને ફરી સક્રિય સેવામાં બોલાવીને ત્રણેય સેનાઓની કમાન સોંપવામાં આવી છે. ચાર દાયકાથી વધુની સૈન્ય કારકિર્દી ધરાવતા સુબ્રમણિ પાસે આસામમાં ઉગ્રવાદ વિરોધી અભિયાનો અને પશ્ચિમી મોરચે સેનાની મુખ્ય સ્ટ્રાઈક ફોર્મેશનના નેતૃત્વનો બહોળો અનુભવ છે.

**સંરક્ષણ ક્ષેત્રે મુખ્ય પડકારો**

નવા CDS તરીકે લેફ્ટનન્ટ જનરલ સુબ્રમણિ સામે સૌથી મોટો પડકાર ત્રણેય સેનાઓ (થલ, નૌકા અને વાયુસેના)ને એકીકૃત કરી ‘થિયેટર કમાન્ડ’માં બદલવાની પ્રક્રિયાને વેગ આપવાનો રહેશે, જે હાલમાં નિર્ધારિત સમય કરતાં પાછળ ચાલી રહી છે. આ ઉપરાંત, યુરોપ અને પશ્ચિમ એશિયામાં બદલાતી યુદ્ધ તકનીકોને ધ્યાનમાં રાખીને ભારતીય સશસ્ત્ર દળોના આધુનિકીકરણની જવાબદારી પણ તેમના ખભે રહેશે. તેઓ સૈન્ય બાબતોના વિભાગ (DMA)ના સચિવ તરીકેની જવાબદારી પણ સંભાળશે.

**નવા નૌકાદળ પ્રમુખની નિમણૂક**

સીડીએસની નિમણૂકની સાથે જ સરકારે ભારતીય નૌકાદળના નવા પ્રમુખની પણ જાહેરાત કરી છે. હાલમાં નૌકાદળના નાયબ વડા તરીકે કાર્યરત વાઈસ એડમિરલ કૃષ્ણા સ્વામીનાથનને આગામી નૌકાદળ પ્રમુખ (CNS) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠીનું સ્થાન લેશે, જેઓ ૩૧ મે ૨૦૨૬ના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. વાઈસ એડમિરલ સ્વામીનાથન સંચાર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધના નિષ્ણાત માનવામાં આવે છે અને તેઓ વિમાનવાહક જહાજ INS વિક્રમાદિત્યના કમાન્ડર પણ રહી ચૂક્યા છે.

# અભિષેક બેનરજીએ બંગાળની ચૂંટણીની ‘વિશ્વસનીયતા’ પર ઉઠાવ્યા સવાલ; ચૂંટણી પંચના ’પક્ષપાતી’ વલણનો આપ્યો હવાલો

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના વિજય બાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજીએ પ્રથમ વખત મૌન તોડ્યું છે. ડાયમંડ હાર્બરના સાંસદ બેનરજીએ ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા પર ગંભીર સવાલો ઉઠાવતા ભારતીય ચૂંટણી પંચ પર ‘પક્ષપાતી’ હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે દાવો કર્યો હતો કે લોકશાહી સંસ્થાઓ જે નિષ્પક્ષ રીતે કાર્ય કરવા માટે છે, તે બાંધછોડ કરતી જણાય છે, જેના કારણે ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા સામે શંકા પેદા થઈ છે.

**ચૂંટણીમાં ગેરરીતિ અને EVM પર આક્ષેપો :** સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પરની એક પોસ્ટમાં અભિષેક બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી દરમિયાન મોટા પાયે ગેરરીતિઓ થઈ છે. તેમણે જણાવ્યું કે અંદાજે ૩૦ લાખ સાચા મતદારોને મતદાર યાદીમાંથી વંચિત રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત, તેમણે EVMની હેરફેર અને કંટ્રોલ યુનિટ્સમાં વિસંગતતા હોવાનો પણ દાવો કર્યો હતો. બેનરજીએ માંગ કરી છે કે મતગણતરી કેન્દ્રોના CCTV ફૂટેજ જાહેર કરવામાં આવે અને VVPAT સ્લિપની પારદર્શક રીતે ગણતરી કરવામાં આવે.

**હિંસા અને કાર્યકરોની સુરક્ષા પર ચિંતા :** ચૂંટણી પછીની હિંસા અંગે ચિંતા વ્યક્ત કરતા TMC નેતાએ જણાવ્યું હતું કે પાર્ટી ઓફિસો પર હુમલા અને કાર્યકરોને ડરાવવા-ધમકાવવાની ઘટનાઓ લોકશાહીમાં અસ્વીકાર્ય છે. તેમણે આરોપ લગાવ્યો કે ઘણા સમર્પિત તૃણમૂલ કાર્યકરોએ ડર અને અસુરક્ષાને કારણે પોતાના ઘર છોડીને ભાગવું પડ્યું છે. તેમણે કાર્યકરોને એકજૂથ રહેવા વિનંતી કરી અને ખાતરી આપી કે જો કોઈ હિંસાનો સામનો કરી રહ્યું હોય તો તેઓ સીધો તેમનો સંપર્ક કરી શકે છે.

**મજબૂત વિપક્ષ તરીકે લડત ચાલુ રાખવાનો સંકલ્પ :** અભિષેક બેનરજીએ સ્પષ્ટ કર્યું હતું કે મમતા બેનરજીના નેતૃત્વમાં TMC પશ્ચિમ બંગાળ અને કેન્દ્ર બંને સ્તરે એક ‘મજબૂત, અવાજ ઉઠાવનાર અને બિન-સમાધાનકારી’ વિરોધ પક્ષ તરીકેની ભૂમિકા ભજવશે. તેમણે ઉમેર્યું કે, ‘લોકશાહી ત્યારે જ ટકી શકે જ્યારે ચૂંટણી સંસ્થાઓ નાગરિકોમાં વિશ્વાસ જગાડે, પરંતુ દુર્ભાગ્યવશ જે બન્યું છે તેણે તે વિશ્વાસને હચમચાવી દીધો છે.’ તૃણમૂલ કોંગ્રેસ હવે આ મામલે કાયદાકીય અને લોકશાહી માર્ગે લડત આપવાની તૈયારી કરી રહી છે.

# ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન ચીને પાકિસ્તાનને ટેકનિકલ સહાય પૂરી પાડી હોવાના ખુલાસા બાદ કોંગ્રેસના કેન્દ્ર પર પ્રહાર, સંસદમાં ચર્ચાની માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન ચીને પાકિસ્તાનને ઓન-સાઈટ ટેકનિકલ સહાય પૂરી પાડી હોવાની કબૂલાત કર્યા બાદ ભારતમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસે શનિવારે આ ગંભીર મુદ્દે નરેન્દ્ર મોદી સરકારને ઘેરી હતી અને સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની માંગ કરી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે આરોપ લગાવ્યો છે કે ચીનની આ ખુલ્લેઆમ દુશ્મનાવટ છતાં કેન્દ્ર સરકાર મૌન સેવી રહી છે.

**ચીની એન્જિનિયરોની કબૂલાત અને કોંગ્રેસના સવાલો :** ચીનના સરકારી બ્રોડકાસ્ટર CCTV દ્વારા પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં ‘એવિએશન ઈન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઈના’ (AVIC)ના એન્જિનિયર ઝાંગ હેંગે પુષ્ટિ કરી છે કે તેમણે ગયા મે માસમાં ભારત સાથેના ચાર દિવસીય સંઘર્ષ દરમિયાન પાકિસ્તાની વાયુસેનાને ટેકનિકલ સપોર્ટ આપ્યો હતો. આ મામલે જયરામ રમેશે ‘X’ પર પોસ્ટ કરતા મોદી સરકારની નીતિને ‘ચીન સામે સતત કેલિબ્રેટેડ આત્મસમર્પણ’ (4C Policy) ગણાવી છે. તેમણે સવાલ કર્યો હતો કે જ્યારે ચીન પાકિસ્તાનને પ્રત્યક્ષ મદદ કરી રહ્યું હતું, ત્યારે ભારત સરકારે તેની સામે અવાજ કેમ ન ઉઠાવ્યો ?

**સુરક્ષા અને વેપાર નીતિ પર પ્રહાર :** જયરામ રમેશે વડાપ્રધાન મોદી પર પ્રહાર કરતા પૂછ્યું કે, ‘શા માટે ૨૦૨૦માં ચીનને ‘ક્લીન ચીટ’ આપવામાં આવી, જેના કારણે વાટાઘાટોમાં ભારતની સ્થિતિ નબળી પડી ?’ તેમણે લદ્દાખમાં પરંપરાગત પેટ્રોલિંગના અધિકારો ગુમાવવા અંગે પણ સરકારને ઘેરી હતી. કોંગ્રેસ નેતાએ વધુમાં આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે એક તરફ ચીન ભારત વિરોધી ગતિવિધિઓમાં સામેલ છે, તો બીજી તરફ ભારત સરકાર ચીન પરની ઔદ્યોગિક નિર્ભરતા કેમ વધારી રહી છે અને રોકાણ પરના અંકુશો કેમ હળવા કરી રહી છે ?

**ઓપરેશન સિંદૂર અને ચીની બનાવટના વિમાનો :** નોંધનીય છે કે પાકિસ્તાની વાયુસેના ચીની બનાવટના J-10CE જેટ વિમાનોનો ઉપયોગ કરે છે. હોંગકોંગ સ્થિત ‘સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ’ના અહેવાલ મુજબ, ચીને પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેમના એન્જિનિયરો યુદ્ધના મેદાનમાં પાકિસ્તાનની મદદ કરી રહ્યા હતા. ભારતીય સેનાના લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે પણ જુલાઈ ૨૦૨૫માં ચીનની આ ભૂમિકા વિશે સંકેત આપ્યો હતો. કોંગ્રેસ હવે આ મુદ્દાને રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડીને સરકાર પાસેથી સંસદમાં જવાબ માંગી રહી છે.

## વડાપ્રધાનની હાજરીમાં

પહેલા પાનાનું ચાલુ

રક્ષણ આપવા બદલ આભાર માનતા અને હરીફને માફી માંગતી વિવાદાસ્પદ ટિપ્પણીઓ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળમાં રાજકીય ચર્ચા જગાવનારા એક પગલામાં, ભારતના ચૂંટણી પંચ (ECI) ના ભૂતપૂર્વ ખાસ મતદાન નિરીક્ષક સુબ્રત ગુપ્તાને વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીના સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નિવૃત્ત IAS અધિકારી ગુપ્તા, પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી દરમિયાન ખાસ મતદાન નિરીક્ષક તરીકે સેવા આપી ચૂક્યા છે અને રાજકીય રીતે સંવેદનશીલ રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયાની દેખરેખમાં સામેલ હતા. તેમના વહીવટી અનુભવ અને બંગાળના રાજકીય પરિદૃશ્યથી પરિચિતતાને કારણે તેમની નિમણૂકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

સુવેન્દુ અધિકારીના પિતાએ મમતા બેનરજીની ટીકા કરી, કહ્યું કે તે બંધારણનો અનાદર કરે છે. સુવેન્દુ અધિકારીના પિતા શિશિર અધિકારીએ ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીની ટીકા કરી અને તેમના પર બંધારણ અને ચૂંટણી પંચનો અનાદર કરવાનો આરોપ લગાવ્યો હતો. પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી તરીકે સુવેન્દુ અધિકારીના શપથ ગ્રહણ બાદ દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું કે મોદીના નેતૃત્વમાં ભારત વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે. દરેક રાજ્ય પ્રગતિ કરશે.

## પશ્ચિમ બંગાળમાં ઐતિહાસિક શપથ

પહેલા પાનાનું ચાલુ

સાચી તાકાત અને જાહેર સંકલ્પનો સૌથી ઉમદા સ્ત્રોત છે. આ જ રીતે, મોદીએ ૨૦૧૪ ની લોકસભા ચૂંટણી જીત્યા પછી પહેલી વાર સંસદમાં પ્રવેશતા પહેલા ’દંડવત પ્રણામ’ કર્યા હતા. આજે મોદીએ પશ્ચિમ બંગાળમાં ૯૮ વર્ષીય ભાજપ કાર્યકર માખનલાલ સરકારનું પણ સન્માન કર્યું હતું. શુવેન્દુ અધિકારીના શપથ ગ્રહણ સમારોહ પહેલા, મોદીએ સરકારનું સન્માન કર્યું અને તેમના આશીર્વાદ લીધા હતા.

સુવેન્દુ અધિકારીએ પાંચ અન્ય મંત્રીઓ સાથે બંગાળના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, રાજ્યની રાજકીય સફરમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૨૯૩ માંથી ૨૦૭ બેઠકો જીતી હતી. ફાલ્તા મતવિસ્તારની ચૂંટણી કથિત "ગંભીર ચૂંટણી ગુનાઓ"ના કારણે રદ કરવામાં આવી હતી. છેલ્લા ૧૫ વર્ષથી રાજ્યમાં શાસન કરી રહેલી ટીએમસી માત્ર ૮૦ બેઠકો પર સમેટાઈ ગઈ હતી, જેમાં પાર્ટી સુપ્રીમો મમતા બેનરજી પણ તેમની ભવાનીપુર બેઠક સુવેન્દુ અધિકારી સામે હારી ગયા હતા.



સોમનાથ
सोमलिङ्गं नरो दृष्ट्वा सर्वपापैः प्रमुच्यते।
लभते फलं मनोवाञ्छितं मृतः स्वर्गं समाश्रयेत्॥
સોમનાથ
વિરાસતના ૭૫ વર્ષ
સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે
આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો
મુખ્ય કાર્યક્રમો
કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ
સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન | સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન
“સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.”
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)
શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬
“સોમનાથની પવિત્ર ભૂમિ પર ‘વિરાસતના ૭૫ વર્ષ’ની ઉજવણી આપણી સનાતન શક્તિ અને અતૂટ રાષ્ટ્રીય સંકલ્પના વિજયનું જીવંત પ્રતિબિંબ છે.”
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી
સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.
સ્કેન કરો.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં

# મનરેગા સહિત ગ્રામવિકાસ શાખામાં ફરજ બજાવતા કર્મચારીઓ પાંચ મહિનાથી પગારથી વંચિત

(સંવાદદાતા દ્વારા)ભિલોડા, તા.૯

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગ્રામ વિકાસ શાખામાં તાલુકાઓમાં અલગ અલગ વિભાગોઓમાં આઉટસોર્સિંગ, કરાર કર્મચારીઓ છેલ્લા પાંચ મહિનાથી પગારથી વંચિત રહ્યાં છે. જેમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના મનરેગા, એસ.બી.એમ, પી.એમ.વાય. યોજના હેઠળ કામગીરી બજાવતા કર્મચારીઓની સ્થિતિ ગંભીર બની ગઇ છે. છેલ્લા પાંચ મહિનાથી પગાર નહીં મળતા કર્મચારીઓ આર્થિક સંકટમાં સપડાયા છે. તેમને પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. આ મુદ્દે ઓલ ગુજરાત મનરેગા કર્મચારી યુનિયનના બેનર હેઠળ કર્મચારીઓએ સંગઠિત થઈ વિરોધ નોંધાવ્યો હતો. મોટા ભાગના તાલુકાઓમાં કર્મચારીઓએ મોટી સંખ્યામાં તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પણ આપ્યું હતું. આ દરમિયાન કર્મચારીઓએ કાળી



પટ્ટી બાંધી પ્રતિકારક વિરોધ દર્શાવ્યો અને તંત્ર સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. કર્મચારીએ જણાવ્યું હતું કે તેઓ ગામડાઓમાં રોજગાર યોજનાના અમલીકરણ માટે મહત્વપૂર્ણ કામગીરી બજાવે છે છતાં તેમને સમયસર વેતન આપવામાં આવતું નથી. વારંવાર રજૂઆતો અને લેખિત અરજીઓ કરવા છતાં જવાબદાર તંત્રો દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે પગાર ન મળવાને કારણે ઘર ખર્ચ બાળકોના શિક્ષણ અને દૈનિક જરૂરીયાતો પૂર્ણ કરવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે. આ પરિસ્થિતિ લાંબા સમયથી ચાલતી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ ન મળતા હવે કર્મચારીઓ આંદોલનના માર્ગે આગળ વધવા મજબુર બન્યા છે કર્મચારીઓ તંત્રની ચેતવણી આપી છે કે જો તાત્કાલિક બાકી પગાર ચૂકવવામાં નહીં આવે તો કર્મચારીઓ હડતાલ ઉપર ઉતરશે વિકાસ કાર્યો પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ટંકારીઆમાં નવનિર્મિત આંગણવાડીનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

ટંકારીઆ, તા.૯

ટંકારીઆ નાના પાદર ખાતે આવેલ નવનિર્માણ આંગણવાડીનું શુક્રવારે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. જેમાં ખાસ મેહમાન તરીકે પૂજા બેન. C. D. P. O. સંગીતા બેન, દિનેશભાઈ. આશિસભાઈ, જીગનીશા બેન, જિલ્લા પંચાયત સદસ્ય, ભાવના બેન, તાલુકા પંચાયત સદસ્ય, અસ્મા બેન, માજી તાલુકા સદસ્ય અબ્દુલ મામાં, ભરૂચ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મકબુલભાઈ અભલી, સામાજિક અગ્રણી નાસિરભાઈ લોટીયા, સરપંચ મંગાભાઈ, ડેપ્યુટી સરપંચ



સફવાન ભુતા, ગામ પંચાયતના તમામ સભ્યો તથા વાલી મિત્રોની હાજરીમાં આ સુંદર મકાન નાના ભૂલકાઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. અત્યાર સુધી ૧૫ વર્ષથી ભાડાના મકાનમાં આ કેન્દ્ર ચલાવતા હતા. આ આંગણવાડીની ફરતે બનાવેલી દીવાલ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા ટંકારીઆ બ્રાન્ચના સહયોગથી બનાવવામાં આવેલી છે.

# અંજુમન હાઈસ્કૂલ રાધનપુરનું ધો. ૧૦નું ૭૦.૮૦ ટકા અને ધો. ૧૨ (સા. પ્ર.)નું ૯૭.૯૨ ટકા પરિણામ

રાધનપુર, તા.૯

રાધનપુર ખાતે આવેલ અંજુમન સાર્વજનિક હાઈસ્કૂલનું ધો.૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ ૭૦.૮૦ આવ્યું છે. જ્યારે આ શાળાનું ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ)નું પરિણામ ૯૭.૯૨ ટકા આવ્યું છે. જેમાં હાઈસ્કૂલના શિક્ષકોએ ખુબ જ મહેનત કરી અને વિદ્યાર્થીઓની લાઈફ બનાવવામાં અથાગ પ્રયત્નો કરેલ છે તે બદલ અંજુમન હાઈસ્કૂલના પરિવારને રાધનપુર શહેરના સમગ્ર મુસ્લિમ સમાજે અભિનંદન પાઠવેલ છે. અંજુમન સાર્વજનિક હાઈસ્કૂલ રાધનપુરમાં બહારગામના વિદ્યાર્થીઓને રહેવાની ઉત્તમ સગવડ છે. સાથે-સાથે દીની માહોલ મળી રહે તે માટે સવારે મદ્રેસાની તાલીમ પણ આપવામાં આવે છે.

## ધો-૧૦ના તેજસ્વી તારલા

| ક્રમ | નામ | પર્સેન્ટાઇલ ટકા |
|---|---|---|
| 1. | સમીરા ઈકબાલભાઈ મેમણ | 99.90% |
| 2. | અનીકા મસરૂરઅહેમદ આખુંજી | 98.82% |
| 3. | અલ્ફીના આસીફભાઈ ઘાંચી | 97.63% |
| 4. | લીઝાબાનુ મહંમદઈરફાન ઘાંચી | 95.90 % |
| 5. | ફાઈઝાબાનુ સોયબમહંમદ પરમાર | 94.28 % |
| 6. | અનીકા યાસીનભાઈ ઘાંચી | 94.12 % |
| 7. | માહેરાબાનુ ફારૂકભાઈ ઘાંચી | 93.95 % |
| 8. | મહંમદશબ્બીર મહંમદહનીફ વ્હોરા. | 93.44 % |
| 9. | ઈકરાબાનુ જાકીરહુસેન મેમણ | 92.36 % |
| 10. | રિઝાખાતુન શમીમઅહેમદખાન પઠાણ | 90.48 % |

## ધો.૧૨ (સા.પ્ર)ના પ્રથમ ૧૦ તેજસ્વી તારલાઓ

| ક્રમ | નામ | મેળવેલ ગુણ | પર્સેન્ટાઇલ રેન્ક |
|---|---|---|---|
| 1. | મહેક ઈકબાલભાઈ ઘાંચી | ૬૨૮ | A2 |
| 2. | નૌશીન મહેમુદભાઈ ઘાંચી | ૬૨૪ | A2 |
| 3. | અકસા મુસ્તાકભાઈ ઘાંચી | ૬૧૯ | A2 |
| 4. | અલ્ફીના મહંમદસફીક ઘાંચી | ૬૦૭ | A2 |
| 5. | આલિયાબાનું ઈકબાલભાઈ રંગરેજ | ૫૯૩ | A2 |
| 6. | ઈસ્મા અબ્દુલકાદીર મેમણ | ૫૫૪ | B1 |
| 7. | ઈરફાનખાન મહેબૂબખાન જતમલેક | ૫૩૮ | B1 |
| 8. | રેહાન મોહસીનભાઈ ઘાંચી | ૫૩૩ | B1 |
| 9. | આમેનાબેન ઈમરાનખાન મકરાણી | ૫૨૦ | B1 |
| 10. | અસલમ તૈયબ સમા | ૪૯૫ | B1 |

# એસ.પી.એમ ગર્લ્સ હાઈસ્કૂલ મોટામિયાં માંગરોળનું ધોરણ ૧૦નું ૬૪.૨૯ ટકા અને બોયસ હાઈસ્કૂલનું ૫૨.૯૪ ટકા પરિણામ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

તાલુકા મથક મોટામિયાં માંગરોળ મુકામે આવેલ કાયમુલ ઈસ્લામ મદ્રેસા ટ્રસ્ટ સંચાલિત એસ.પી. મદ્રેસા ગર્લ્સ હાઈસ્કૂલનું ધોરણ ૧૦નું પરિણામ ૬૪.૨૯% આવેલ છે, જેમાં પ્રથમ ક્રમાંકે ઝૈનબ એ. મલેક ૯૪.૩૩ટકા (૯૮.૮૨ PR) દ્વિતીય ક્રમાંકે સ્તુતિ ડી. પટેલ ૯૩.૮૩ ટકા (૯૮.૫ PR). ત્રીજા ક્રમે ભવ્યાબેન આર. ખરચીયા ૮૫ ટકા (૮૯.૮૯ PR) આવેલ છે, જ્યારે એસ.પી. મદ્રેસા બોઈઝ હાઈસ્કૂલનું ૫૨.૯૪% પરિણામ આવેલ છે. જેમાં પ્રથમ ક્રમાંકે હુઝૈફા આસીફમહમદ ઉમર ૭૯.૩૩ ટકા (૮૨.૫૪ PR) બીજા ક્રમે હર્ષિત જિગ્નેશભાઈ પારેખ ૭૭.૧૭ ટકા (૭૯.૩૯ PR) ત્રીજા ક્રમે ફરહાન અલ્તાફ જીભાઈ ૭૦.૮૩ ટકા




(૬૯.૧૦PR) આવેલ છે.

ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ઈસ્માઈલભાઈ પટેલ, પ્રમુખ, ટ્રસ્ટી મંડળના તમામ સભ્યોએ બંને શાળાના આચાર્ય અને શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ હતા, તેમજ વિદ્યાર્થીઓ આગળ ખૂબ પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવેલ હતી.

# તેજસ્વી તારલા

## ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)

### નાપાડ



આણંદના નાપાડ ગામના આમીનઅહેમદ અકીલભાઈ વ્હોરાએ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦.૪૫ પી.આર સાથે A2 ગ્રેડમાં ઉત્તીર્ણ થઈ સફળતા પ્રાપ્ત કરી છે, તેઓએ સેક્રેટરી પ્રેક્ટિસમાં ૧૦૦માંથી ૯૦ ગુણ પ્રાપ્ત કર્યા છે.

### કલોલ



મોહમ્મદ અલી ઈમ્તિયાજ અહેમદ મલેકે HSC સામાન્ય પ્રવાહમાં ૯૪.૧૯ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે ઈકોનોમિક્સ અને સ્ટેટીસ્ટીકસમાં A-1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

### આણંદ



આણંદના હાફેઝાબેન સાજીદભાઈ વ્હોરાએ ધો.૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડની પરિક્ષામાં ૯૮.૬૦ પી.આર સાથે એ-૧ ગ્રેડમાં ઉતિર્ણ થઈ તેઓએ આઈ.પી.મિશન ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેઓએ ઈકોનોમિકસમાં ૧૦૦માંથી ૯૯, એકાઉન્ટમાં ૯૭ અને સેક્રેટરી પ્રેકટીસમાં ૯૮ ગુણ પ્રાપ્ત કરી સફળતા પ્રાપ્ત કરી છે.

### સિદ્ધપુર



સિદ્ધપુર ખાતે રહેતા સાજીદ હુસેન શોકત હુસેનની દીકરી બુશરાબાનુંએ ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ (સામાન્ય પ્રવાહ)ની પરીક્ષામાં ૯૧% પી.આર સાથે ઝળહળતી સફળતા મેળવી સિદ્ધપુર મેમણ જમાતનું તથા પરિવારનું નામ રોશન કર્યું છે.

## ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

### આણંદ



આણંદના આઈશાબેન સમીરભાઈ વ્હોરાએ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરિક્ષામાં ૮૫.૧૬ પી.આર સાથે બી-૧ ગ્રેડમાં ઉતિર્ણ થઈ સફળતા પ્રાપ્ત કરી છે.

### ધોળકા



સાદિયાબાનુ મોહમ્મદ ઈદરીસ મોમીને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૪.૭૭ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. જેમાં તેમણે બાયોલોજી (જીવવિજ્ઞાન), બાયોલોજી પ્રેક્ટિકલ (જીવવિજ્ઞાન પ્રાયોગિક) અને સંસ્કૃતમાં A-1 ગ્રેડ મેળ્યા છે.

### ધોળકા



ધોળકા FMCT સ્કૂલની વિદ્યાર્થિની બુશરાબાનુ ફિરોજભાઈ મન્સુરી ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ની પરીક્ષામાં અંગ્રેજી માધ્યમમાં (સાયન્સ સ્ટ્રીમમાં) ૯૨.૩૯ PR મેળવી ઉત્તીર્ણ થયા છે.

## એસ.એસ.સી

### પાટણ



ધો.૧૦માં પાટણની અસ્ફિયાબાનુ મુબીનઅલી સૈયદે કોઈપણ પ્રકારના ટ્યુશન વગર જાત મહેનતથી ૯૫.૧૦ પર્સન્ટાઈલ રેન્ક મેળવી પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે. અસ્ફિયાએ કુલ ૬૦૦માંથી ૫૩૯ ગુણ પ્રાપ્ત કર્યા છે તેણે વિજ્ઞાનમાં ૯૧ ગુણ, બેઝિક ગણિતમાં ૯૧, સંસ્કૃતમાં ૯૪ ગુણ મેળવી વિષય નિપુણતા સાબિત કરી છે.

### અંકલેશ્વર



અંકલેશ્વરમાં રહેતા મોહમ્મદ મુસ્તુફા હિફઝુર રહેમાન ખત્રીએ SSCમાં ૯૯.૩૬ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. જેમાં તેમણે સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, હિન્દી, ઈંગ્લીશ, ગણિત સહિત કુલ પાંચ વિષયમાં A-1 ગ્રેડ મેળવ્યો છે.

### ઈડર



ચાલુ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષામાં ઈડર (ડાબું)ના કશીશ જતીનકુમાર પટેલ ૯૪.૫% ટકા મેળવીને ઉત્તીર્ણ થયા છે. જેઓ આદેશ વિદ્યાલય ઈડર ખાતે પ્રથમ નંબરે આવેલ છે.

### હિંમતનગર



ચાલુ વર્ષે ધોરણ-૧૦ની પરીક્ષામાં હિંમતનગરની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલના વિદ્યાર્થી મો.અલ્સ ડો. મો. ઈમરાન આઈ. મનસુરી ૯૧% મેળવીને ઉત્તીર્ણ થયા છે. તેઓએ સમાજનું ગૌરવ વધાર્યું છે.

### આણંદ



આણંદના રીઝા રહેમાનભાઈ શેખએ ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૯.૦૯ પી.આર સાથે એ-૨ ગ્રેડમાં ઉત્તીર્ણ થઈને સફળતા પ્રાપ્ત કરી છે.

### હાડગુડ



હાડગુડના માહેનુરબાનુ હૈદરઅલી શેખે ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૪.૬૧ પી.આર સાથે એ-૨ ગ્રેડમાં ઉત્તીર્ણ થઈને સફળતા પ્રાપ્ત કરી છે.

# ઈ.ઈ. દાવજી મેમોરિયલ સ્કૂલ કોસંબાનું અંગ્રેજી માધ્યમમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૦% પરિણામ



(૧) આદિત્ય પાંડે ૯૦ PR (૨) અમન ગુપ્તા ૮૭ PR (૩) અર્પિતસિંહ ૭૬.૬૧ PR

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

તાજતરમાં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં ઈ.ઈ. દાવજી મેમોરિયલ સ્કૂલ કોસંબાનું અંગ્રેજી માધ્યમમાં ૮૦% રિઝલ્ટ આવતા શાળા આધ્યસ્થાપક ઈબ્રાહિમભાઈ દાવજી, પ્રિન્સિપાલ સજીલા નાયર, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સારા માર્ક્સ મેળવી પાસ થનાર વિદ્યાર્થીઓને તથા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

પંથકમાં અરેરાટીની લાગણી ફેલાઈ

# જૂનાગઢના વિલીંગ્ડન ડેમની કુંડીમાં ન્હાવા પડેલા ૩ કિશોરોના ડૂબી જતાં કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૯

જૂનાગઢ શહેરમાં આવેલા વિલીંગ્ડન ડેમની આગળના ભાગમાં આવેલ ૩૦ ફુટ ઉંડી કુંડીમાં ન્હાવા માટે ગયેલા ૩ કિશોરોનાં ડૂબી જવાને કારણે મૃત્યુ થતાં અરેરાટીની લાગણી વ્યાપી ગઈ છે. ૭ મિત્રો વિલીંગ્ડન ડેમની આગળની બાજુમાં આવેલા ૩૦ ફુટ ઉંડી કુંડીમાં ન્હાવા પડયા હતાં અને ત્યારે આ દુર્ઘટના બનવા પામી હતી. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં મજુરી કામે આવેલા ઉત્તરપ્રદેશના અલગ - અલગ પરિવારના ૭ મિત્રો ગઈકાલે સાંજે વિલીંગ્ડન ડેમે ફરવા માટે આવ્યા હતાં અને ડેમની નીચે પાણી ભરેલી કુંડીમાં ન્હાવા પડ્યા હતાં. જેમાં ૭ પૈકી ૩ મિત્રો ઉંડા પાણીમાં ગરકાવ થયા હતાં. અન્ય ૪ મિત્રો બહાર નીકળી અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરતાં જૂનાગઢ મનપાની ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ ત્રણેય કિશોરોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતાં. શિવમ ભારતદિન શાહ (ઉં.વ. ૨૨)




(રહે. સીસઈ સલોન જી. બહરાય, હશનેન જીલાની શેખ (ઉં.વ. ૧૬) (રહે. બૈરાગી તા. મટેરા જી. બહેરાય) તથા કલામ અલીમુદી શેખ (ઉં.વ.૧૬) (રહે. બૈરાગી તા.મહેરા, જી. બહેરાય) આ ત્રણેય ઉંડા પાણીમાં ગરકાવ થતા સાથેના ચારેય મિત્રો બહાર આવી અને ડૂબી રહેલા પોતાના મિત્રોને બચાવવા માટે પ્રયત્નશીલ બન્યા હતાં અને તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર વિભાગનો કાફલો બનાવના સ્થળે દોડી ગયો હતો. તેમજ આસપાસનાં લોકો પણ એકઠા થઈ ગયા હતાં. ફાયર વિભાગના તરવૈયાઓ અને દાતાર રોડ ઉપર રહેતા તરવૈયા યુવકો પણ પાણીમાં કુદી પડ્યા હતાં. ડૂબી ગયેલા કિશોરોને શોધવા પ્રયાસો કરતા ભારે જહેમત બાદ શિવમ ભારતદિન શાહ, હશનને જીલાની શેખ અને કલામ અલીમુદી શેખના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢી અને પીએમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતાં. આ ત્રણેય કિશોરો મુળ ઉત્તરપ્રદેશના વતની છે અને તેના મોટાભાઈ કાદીરભાઈ સાથે જૂનાગઢમાં મજૂરી કામે આવ્યા હતાં અને તેઓ અલગ - અલગ દુકાનોમાં કામ કરતા હતા. દરમ્યાન મિત્રો સાથે વિલીંગ્ડન ડેમ સાઈટ ફરવા ગયા હતા અને ત્યાં કુંડીમાં ન્હાવા પડતા ડૂબી જવાને કારણે મૃત્યુ થતા અરેરાટીની લાગણી ફેલાણી છે.

# સુફીસંત ફૈઝ એકેડમી સ્કૂલ, કલાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું ૯૪.૪૪% પરિણામ



| આરીફાબેન ફિરોજભાઈ ટાંક | નાઝમીનબેન શાહીદભાઇ પઠાણ | વર્ષા લાલા ભાઈ રબારી | નાઝનીનબાનુ ગુલામનબી ગિરાસિયા | મહમ્મદસમીર ઝહીરભાઈ દિવાન |
|---|---|---|---|---|
| PR – 99.23 | PR – 94.33 | PR – 85.51 | PR – 82.63 | PR – 62.77 |
| 92.00 % | 84.14 % | 76.29 % | 74.29 % | 63.29 % |

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કલા ગામે આવેલ સુફીસંત ફૈઝ એકેડમી સ્કૂલનું માર્ચ-૨૦૨૬માં લેવાયેલ HSC બોર્ડની પરીક્ષાનું પરિણામ ૯૪.૪૪ સિદ્ધ કરી પોતાની યશકલગીમાં વધુ એક પીંછાનો ઉમેરો કરી તાલુકાની અગ્ર શાળાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તેજસ્વી તારલાઓના નામ, પર્સન્ટાઈલ રેન્ક તથા ફોટોગ્રાફ ઉપર મુજબ છે.

શાળાએ મેળવેલ અભૂતપૂર્વ સિદ્ધિને સૈયદી સરકાર મુશ્તાકઅલીબાવા સાહેબ તથા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સૈયદ વાહિદઅલીબાવા સાહેબ તથા ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો.મહંમદહુસૈન તેમજ મંડળના બાકી તમામ ટ્રસ્ટીઓએ દુઆઓ સહિત બિરદાવી છે. સંચાલક મંડળે શાળાના શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા શાળાના આચાર્ય જાફર દિવાને શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા વાલીઓ, વિદ્યાર્થી અને ગ્રામજનોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

# ન્યુ રેઝ સ્કૂલ, (ઈંગ્લિશ મીડિયમ) કલ્લાનું SSC પરીક્ષાનું ૧૦૦% પરિણામ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના કલા ગામે આવેલ ન્યુ રેઝ સ્કૂલનું માર્ચ-૨૦૨૬માં લેવાયેલ SSC બોર્ડની પરીક્ષાનું પરિણામ ૧૦૦% સિદ્ધ કરી પોતાની યશકલગીમાં વધુ એક પીંછાનો ઉમેરો કરી તાલુકાની અગ્ર શાળાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. તેજસ્વી તારલાઓના નામ, પર્સન્ટાઈલ રેન્ક તથા ફોટોગ્રાફ ઉપર મુજબ છે.



| MOHAMMADFAIZ RAEEN | MUSKAN MALEK | ANISH RANA |
|---|---|---|
| PR – 96.00 | PR – 94.00 | PR – 94.00 |
| 91.17 % | 89 % | 88.83 % |

શાળાએ મેળવેલ અભૂતપૂર્વ સિદ્ધિને સૈયદી સરતાર મુશ્તાકઅલીબાવા સાહેબ તથા શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સૈયદ વાહિદઅલીબાવા સાહેબ તથા ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો.મહંમદહુસૈન તેમજ મંડળના બાકી તમામ ટ્રસ્ટીઓએ દુઆઓ સહિત બિરદાવી છે. સંચાલક મંડળે શાળાના શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા શાળાના આચાર્ય જાફર દિવાને શિક્ષકોને સહર્ષ અભિનંદન પાઠવ્યા તથા વાલીઓ, વિદ્યાર્થી અને ગ્રામજનોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.

# મોડાસાની મદની હાઈસ્કૂલનું ધો.૧૦ અને ધો.૧૨નું ઝળહળતું પરિણામ

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૯

મોડાસા એમ.આર.ટી.સી. મદની હાઈસ્કૂલે ધોરણ-૧૦ (S.S.C) બોર્ડ પરીક્ષા ૨૦૨૫-૨૬માં ૮૮.૩૦%નું ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરી શાળા તથા સમગ્ર સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. શાળાના મહંમદ અનસ મોહમ્મદસલીમ મલેકે ૯૯.૪૩% સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ આયશા ઈકબાલહુસેન સુથાર (૯૮.૬૧%), સિરાતફાતેમા ઈમરાન ગુજરાતી (૯૭.૮૯%), અર્ફિયા મોહમ્મદારીફ બલોચ (૯૫.૫૮%) સહિતના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે.

આ પરીક્ષામાં શાળાના કુલ ૪ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવી વિશિષ્ટ સિદ્ધિ નોંધાવી છે. આર્ટ્સમાં પ્રથમ ક્રમે શેખ આશિયાબાનુ, જાવેદભાઈ ૮૬% દ્વિતીય ક્રમે ચડી અકસા ઉસ્માન ગની, તૃતીય ક્રમે વણઝારા મહેફુજા મજીતભાઈ, સાયન્સમાં પ્રથમ ક્રમે પીરઝાદા આફરીન બીબી કમાલુદ્દીન ૮૫.૭૪%, દ્વિતીય ક્રમે રેહાન સિકંદરભાઈ ખેરાડા ૮૪.૬૨%, તૃતીય ક્રમે આલિયા ઈસ્માઈલભાઈ બાંડી ૮૩.૪૧% આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ શાળાના પ્રમુખ મો. યુસુફભાઈ આઈ ટાઢા, ઉપપ્રમુખ તથા કાર્યકારી પ્રમુખ મુસ્તુફાભાઈ કાંકરોલીયા, સેક્રેટરી કાદરઅલી સૈયદ, મેનેજિંગ ટ્રસ્ટી જીવાભાઈ ખાનજી, જોઈન્ટ સેક્રેટરી આબીદ હુસેન બેલીમ તથા સમીરભાઈ પટેલ, માધ્યમિક શિક્ષણ સમિતિના ચેરમેન ઉસ્માનભાઈ મનવા તથા શિક્ષણ સમિતિ સભ્યો તથા મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટના તમામ હોદ્દેદારોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. શાળાના આચાર્ય ડૉ. મો.હનીફ દાદુ દ્વારા સમગ્ર સ્ટાફમિત્રોને અને વિદ્યાર્થીઓની મહેનત, વાલીઓના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શનને આ સફળતાનો મુખ્ય આધાર ગણાવી સૌને શુભેચ્છાઓ પાઠવી છે.

# ધી મોડેલ હાઈસ્કૂલ, કાપોદ્રાનું ધો.૧૦ એસએસસીનું ઝળહળતું ૧૦૦% પરિણામ




(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર તાલુકાની ધી મોડેલ હાઈસ્કૂલનું માર્ચ-૨૦૨૬માં લેવાયેલ ધો.૧૦ એસ.એસ.સી બોર્ડની પરીક્ષામા ૧૦૦% પરિણામ આવેલ છે. તેમના વાલીઓને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### હિડન કેમેરાથી નહાતા-કપડાં બદલવાના વીડિયો લેતા અને બાહુપાશમાં વહુને જકડી અશ્લીલ માંગ કરતા હતા

# પૂર્વ જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ સસરા સામે અશ્લીલ હરકતો-માગણી કરવાના પરિણીતાના આક્ષેપો

## પતિ પોર્ન બતાવી સંબંધ બાંધતો, દારૂ-નોન-વેજની પાર્ટી કરતો : ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય પરિણીતાએ પોતાના પતિ નિરવ અને પૂર્વ જેલ સુપ્રિટેન્ડેન્ટ રહેલા સસરા અરવિંદ અને સાસુ મીનાબેન વિરૂદ્ધ ઘરેલુ હિંસા, દહેજ અને શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પરિણીતાએ આરોપ લગાવ્યો છે કે, સસરાએ તેની પાસે અશ્લીલ માગ કરી હતી. સાથે જ હિડન કેમેરાથી નહાતા અને કપડાં બદલતા વીડિયો બનાવતા હતાં. સાથે જ ખુંખાર કેદીઓથી ગાયબ કરવાની ધમકી આપવાની સાથે બાહુપાશમાં ઝકડી લેતા હતાં. તો પતિ પણ દારૂ, કોલગર્લ્સ અને અન્ય મહિલાઓ સાથેના સંબંધોને લઈને ત્રાસ આપતો હતો. રાણીપ પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેના ૨૦૦૯માં સમાજના રીતરિવાજ મુજબ નિરવ સાથે લગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન તેને એક દીકરી અને એક દીકરો છે. મહિલા લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતી હતી અને પિયરે યથાશક્તિ મુજબ દહેજ આપ્યું હતું. તેના વડસસરા નિવૃત ડેપ્યુટી એજ્યુકેશન ડિરેક્ટર તેમજ એગ્રીકલ્ચર મિનિસ્ટરના પર્સનલ સેક્રેટરી રહી ચૂક્યા હતા, જ્યારે સસરા અરવિંદભાઈ જેલ વિભાગમાં સુપ્રિટેન્ડેન્ટ તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. મહિલાના જણાવ્યા મુજબ, શરૂઆતના સાત વર્ષ સુધી તેનું લગ્નજીવન ભારે સંઘર્ષભર્યું રહ્યું હતું. પતિ નિરવ અવારનવાર મિત્રો સાથે દારૂ અને નોનવેજ પાર્ટીઓ કરતો હતો અને મહિલાને પણ તેમાં જોડાવા દબાણ કરતો હતો. મહિલાને આવી પાર્ટીઓ પસંદ ન હોવા છતાં પતિ તેને ફેશનેબલ બનવા માટે દબાણ કરતો હતો. સાસરીયાઓએ તેને ભણવા અને સરકારી નોકરી મેળવવા બાબતે પણ રોકટોક કરી હતી અને કહેતા હતા કે, તારે આખી જિંદગી રસોડામાં જ કાઢવાની છે. સસરા વિરૂદ્ધ જેલમાં નાણાની ઉચાપતનો કેસ થતા તેમને છોડાવવા માટે એક લાખ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ ઘરમાં દારૂ અને નોનવેજ પાર્ટીઓ વધી ગઈ હતી અને પતિએ ઘરમાં જ દારૂનું વેચાણ શરૂ કરી દીધું હતું. મહિલાએ આરોપ લગાવ્યો છે કે, પતિ તેને તેના દેખાવ અંગે અપમાનિત કરતો હતો અને જબરદસ્તી પોર્ન ફિલ્મો બતાવી બાદમાં શરીર સંબંધ બાંધતો હતો. એક દિવસ પતિ દારૂ પીને ઘરે આવતા મહિલાએ તેનો મોબાઈલ તપાસ્યો હતો, જેમાં કોલગર્લ્સના ફોટા, પ્રેમિકા સાથેના ચેટ અને ફોટોગ્રાફ્સ જોવા મળ્યા હતા. પતિની પ્રેમિકા અલગ-અલગ ફ્લેવરની કેક લઈને ઘેર આવતી હતી અને છૂટાછેડા માટે દબાણ કરવામાં આવતું હતું. મહિલાએ વધુમાં આરોપ લગાવ્યો છે કે, સાસરીયાઓએ પિયરના મકાન પર કબજો મેળવવા દબાણ કર્યું હતું અને બળજબરીપૂર્વક નવ લાખ રૂપિયા લીધા હતા. સસરા અરવિંદભાઈ પોતાનો પ્રભાવ બતાવી ધમકી આપતા હતા કે, મારી પહોંચ બહુ ઉપર સુધી છે અને ખૂંખાર કેદીઓની મારી પાસે ફોજ છે, તને અને તારા બાળકોને ગાયબ કરી દેશે.

### વિદેશ જવા નીકળેલો વધુ એક ગુજરાતી પરિવાર વિદેશમાં ફસાયો

# લંડન જતા ગુજરાતી પરિવારને બંધક બનાવી ખંડણી મંગાઈ : પરિવાર સાથે સંપર્ક તૂટતાં ચિંતા

## લોહીથી લથપથ પુત્રનો ફોટો મોકલી ૧ કરોડ માંગ્યા : એક એજન્ટને દબોચાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

વિદેશ જવા નીકળેલો વધુ એક ગુજરાતી પરિવાર વિદેશમાં ફસાયો છે અને એજન્ટો દ્વારા ખંડણીની માંગણી કરવામાં આવી છે. અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતું દંપત્તી તેના બે પુત્રો સાથે લંડન જવા નીકળ્યા બાદ દુબઈથી ગુમ થઈ જતા પરિવારજનો ચિંતિત બન્યા છે. તો બીજી તરફ એજન્ટો તરફથી પરિવારજનોને ફોન કરી અને એક પુત્રનો લોહીથી લથપથ ફોટોગ્રાફ મોકલી ૧ કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે. અમદાવાદમાં રહેતા પરિવારજનોએ પોલીસનો સંપર્ક કરતા પોલીસે અમદાવાદના એજન્ટને ઝડપી પૂછપરછ શરૂ કરતા વલસાડના એજન્ટનું નામ ખૂલ્યું છે. બંધક બનાવાયેલા લોકોને કેન્યા કે ઈથોપિયામાં કોઈ અજાણ્યા સ્થળ પર રાખ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે.

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતા પરિવારના ચાર સભ્યોને ૨૦ એપ્રિલના રોજ એજન્ટ દ્વારા દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. તેમજ દિલ્હીથી શ્રીલંકા અને તે બાદ દુબઈ લઈ જવામાં આવ્યા હતા. દુબઈ ગયા બાદ પરિવારજનો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.ત્યારબાદ એજન્ટોએ પરિવારના સભ્યોને બંધક બનાવી અમદાવાદમાં રહેતા પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. એજન્ટો દ્વારા ચારેય લોકોને હાલ કોઈ આફ્રિકન કન્ટ્રીમાં બંધક બનાવ્યા હોવાની શક્યતા છે. ૩ તારીખે એજન્ટ દ્વારા પરિવારના ચાર સભ્યોને છોડવા માટે એક કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. તેમજ જો રૂપિયા નહીં મળે તો પરત ન મોકલવાની પણ પરિવારના સભ્યોને ધમકી આપવામાં આવી હતી. જો કે તે બાદ એજન્ટ દ્વારા અનેક વખત રૂપિયાની માંગણી કરવા માટે પરિવારના સભ્યોને ફોન કર્યા છે.

ચાર લોકોના અપહરણ બાદ અમદાવાદમાં રહેતા પરિવારજનોને લોહીથી લથપથ એક પુત્રની તસવીર પણ મોકલવામાં આવી હતી. આ ઉપરાંત ચાર લોકોમાં જે મહિલા સામેલ છે તેની એક ઓડિયો ક્લિપ પણ વાઈરલ થઈ છે જેમાં તેમની દીકરીને સંબોધીને કહી રહ્યા છે કે, એક દીકરાને મારી દીધો છે ને બે કલાકમાં જો પેમેન્ટ નહીં કરવામાં આવે તો બીજાને પણ લઈ જશે. કંઈ પણ કરીને આ લોકોને પૈસા આપી દો અને તારા ભાઈને બચાવી લે.

ગોમતીપુર વિસ્તારમાં રહેતા અને અપહરણ થનાર પરિવારના મિત્રએ જણાવ્યું હતું કે, ગોમતીપુર વિસ્તારમાં રહેતા તેમના માતાના મિત્રના પરિવારજનોમાં પતિ-પત્ની અને બે દીકરા સાથે લંડન જવા માટે એજન્ટનો સંપર્ક કર્યો હતો. એજન્ટ દ્વારા પેકેજમાં પ્રતિ વ્યક્તિ ૨૫ લાખ રૂપિયા આપવાના નક્કી કર્યા હતા. પતિ-પત્ની અને બે પુત્રોને લઈ જવા માટેનો પેકેજ નક્કી કર્યું હતું જેમાં લંડન ઉતર્યા બાદ પૈસા આપવાનું નક્કી થયું હતું. સૌપ્રથમ તેઓ દિલ્હી ગયા હતા જ્યાંથી લાઈન મળી નહોતી જેથી તેમને ત્રણ દિવસ રોકાવું પડ્યું હતું. ત્યારબાદ તેમને શ્રીલંકા લઈ ગયા હતા અને ત્યાંથી દુબઈ લઈ જવામાં આવ્યા હતા. દુબઈ સુધી પરિવાર સંપર્કમાં હતો પરંતુ ત્યારબાદ સંપર્ક તૂટી ગયો હતો.

દુબઈ ગયા બાદ વિદેશના નંબર ઉપરથી ફોન આવ્યો હતો કે, બાબાખાન બોલું છું દોઢ કરોડ રૂપિયાની ખંડણી આપો એવી માંગ કરી હતી. ત્યારબાદ તેઓ એક કરોડ ઉપર આવ્યા હતા અને છેવટે ૭૦ લાખ રૂપિયા આપવાની વાત કરી હતી. સમગ્ર મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાલમાં તપાસ કરવામાં આવી રહી છે જે નંબર ઉપરથી મેસેજ આવ્યા છે અને ફોન આવ્યા હતા તેની તપાસ કરવામાં આવી રહી છે. ૩ તારીખે પરિવારના સભ્યોને એજન્ટનો ફોન આવ્યા બાદ ૪ તારીખે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા માટે આવ્યા હતા. આજે પણ ફરી પરિવારજનો ગોમતીપુર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ઘટનાસ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે. અમદાવાદના જે એજન્ટનું નામ સામે આવ્યું છે તેને રાઉન્ડઅપ કરીને પૂછપરછ કરતા વલસાડના એક એજન્ટનું નામ ખૂલતા તેને પકડવા એક ટીમ રવાના કરવામાં આવી છે. બીજી તરફ એજન્ટ દ્વારા રૂપિયાની માંગણી કરવામાં આવી તે એક કરોડ રૂપિયા માણસા મોકલવાનું પણ કહેવામાં આવ્યું હતું. જેથી માણસાના પણ કેટલાક લોકો એજન્ટ સાથે જોડાયેલા હોઈ શકે છે. તેથી તે જાણવા માટે પણ પોલીસ દ્વારા અમદાવાદમાં એજન્ટની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### બોટાદમાં ચૂંટણીની દાઝ રાખી જીવલેણ હુમલો કરાયાની ચર્ચા

# AAPના નેતા અને તાલુકા પંચાયતના સભ્ય ઉપર કરાયો જીવલેણ હુમલો

## આપના નેતા પર લાકડીથી તૂટી પડ્યા લોકો : કેજરીવાલે ટ્વીટ કરી સવાલો ઉઠાવ્યા

(સંવાદદાતા દ્વારા)

બોટાદ, તા.૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ બોટાદમાં મોટી ઘટના બની છે. ચૂંટણીની દાઝ રાખીને આમ આદમી પાર્ટીના નેતા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. ગઢડા તાલુકા પંચાયતના આપના નેતા પ્રવિણ મકવાણા પર કેટલાક લોકોએ લાકડીથી હુમલો કર્યો હતો. આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે આ અંગે ટ્વીટ કરીને સવાલો ઉઠાવ્યા છે.

બોટાદના ગઢડા તાલુકા પંચાયતના સદસ્ય પર જીવલેણ હુમલો કરવાની ઘટનાથી સૌરાષ્ટ્રના રાજકારણમાં મોટી હલચલ જોવા મળી છે. ગત રોજ તાલુકા પંચાયતના સદસ્ય અને મોટા સખપર ગામના પ્રવિણ મકવાણા ઉપર જીવલેણ હુમલો કરાયો હતો. પ્રવિણ મકવાણા આમઆદમી પાર્ટીના મોટા સખપર તાલુકા પંચાયતની બેઠકના સદસ્ય છે. પ્રવિણ મકવાણા પર કેટલાક અજાણ્યા શખ્સોએ લાકડીઓ અને પાઈપ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા. તેમને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં ચૂંટણીની દાઝ રાખી હુમલો કરાયો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. આ ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

આ ઘટના મુદ્દે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ ટ્વીટ કરતા કહ્યું કે, બોટાદ જિલ્લાના મોટા સખપર તાલુકા પંચાયત બેઠક પર ભાજપ સામે જીતનારા આમ આદમી પાર્ટીના પ્રવિણ મકવાણા પર ભાજપના ગુંડાઓએ જીવલેણ હુમલો કર્યો છે. લોકતંત્રમાં સૌને ચૂંટણી જીતવાનો અધિકાર છે, પરંતુ ભાજપાઈ ગુંડાઓની સામે એક સામાન્ય માણસ જીત હાંસિલ કરે છે તો ભાજપાઈ ગુંડાઓ હુમલા કરે છે, શું આ નવું ભારત છે ?

તો અરવિંદ કેજરીવાલે કહ્યું કે, હું પ્રવીણ મકવાણાના જલ્દી સાજા થવા પર શુભકામના આપું છું. તમારી હિંમત અને ગુજરાતને ભાજપના અત્યાચારોથી મુક્ત કરવવાનો સંકલ્પ આ ગુંડાઓને વધુ ખૂંચી રહ્યો છે. તેમનાથી સહન નથી થઈ રહ્યું કે, ગુજરાતનો સામાન્ય માણસ ઉભો થઈ રહ્યો છે. આ હુમલો માત્ર પ્રવીણભાઈ પર નથી, પરંતુ દરેક એ ગુજરાતી પર છે, જે ભાજપની ગુંડાગીરીથી ત્રસ્ત થઈ ચૂક્યો છે. હવે તે બદલો ઈચ્છે છે. ગુજરાતના લોકો હવે ભાજપને જરૂર જવાબ આપશે. સમગ્ર ભાજપ મૂંઝવણમાં છે. આ લોકોને સમજાઈ નથી રહ્યું કે, આમ આદમી પાર્ટીને કેવી રીતે રોકે. કોંગ્રેસ તો પહેલા જ સરેન્ડર થઈ ગઈ છે. પરંતુ આ ઝાડુવાળા કઈ માટીના બન્યા છે, જે રોકાવાનું નામ નથી લેતા.

### એર કૂલર અને ગ્રીન નેટથી ઠંડક આપવાના પ્રયાસો

# ૪૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં વન્ય જીવો માટે કાંકરિયા ઝૂ સુસજ્જ

## સિંહ, વાઘ, દીપડા, હાથી જેવા પ્રાણીઓના પાંજરા પાસે ૪૦ જેટલા એર કૂલર લગાવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં ઉનાળાનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે ત્યારે મનુષ્યોની સાથે-સાથે પ્રાણી સંગ્રહાલયના અબોલ જીવોને ગરમીથી બચાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા ખાતે આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કમલા નેહરૂ પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને હીટવેવથી રક્ષણ આપવા માટે હાઈટેક સુવિધાઓ અમલમાં મૂકવામાં આવી છે.

કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં હાલ ૨૧૯૦ જેટલા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપો વસવાટ કરે છે. તાપમાનના વધારાથી બચાવવા માટે સિંહ, વાઘ, દીપડા અને હાથી જેવા પ્રાણીઓના પાંજરા પાસે ૩૮થી ૪૦ જેટલા એર કૂલર લગાવવામાં આવ્યા છે. નિશાચર પ્રાણીઓ માટેના ઝૂમાં ETHE (Earth Tube Heat Exchanger) અને જીઓ-થર્મલ એરેશન સિસ્ટમ કાર્યરત છે, જે અંદરનું તાપમાન સાનુકૂળ રાખે છે. સૂર્યના સીધા કિરણોથી બચાવવા માટે પાંજરાઓ પર ગ્રીન નેટ બાંધવામાં આવી છે અને યોગ્ય શેલ્ટરની વ્યવસ્થા કરાઈ છે. પ્રાણીઓમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ન સર્જાય તે માટે વેટરનરી ડોક્ટરોની ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવે છે. ગરમીમાં ઠંડક આપવા માટે પ્રાણીઓને તરબૂચ, ટેટી અને શેરડી જેવા ફળો આપવામાં આવે છે. વન્યજીવોના પીવાના પાણીમાં ગ્લુકોઝ અને ORS પાઉડર ઉમેરવામાં આવે છે જેથી શરીરમાં પાણીનું સ્તર જળવાઈ રહે. વિદેશી પ્રાણીઓ પર ગરમીની વધુ અસર ન થાય તે માટે વેક્સિનેશન, ડિવોર્મિંગ અને મેડિકલ ચેકઅપ માટે રેગ્યુલર રાઉન્ડ લેવામાં આવે છે. વેકેશનના સમયમાં અંદાજે ૩ લાખ જેટલા પ્રવાસીઓ મુલાકાત લેતા હોવાથી તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મુલાકાતીઓ માટે ઝૂ સવારે ૯થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવે છે. પ્રવાસીઓ માટે પાણીની પરબ, ઠંડક માટે એર કૂલર, ગ્રીન નેટનો છાયડો અને વોટર પોઈન્ટ્સ ઉપલબ્ધ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૫ વર્ષમાં કાંકરિયા ઝૂની ૭૭.૭૨ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. પર્યટનને વધુ વેગ આપવા માટે હાલ 'વોક ઈન એવરી' બનાવવાની કામગીરી ચાલુ છે અને નવા પ્રાણીઓ લાવવાની પ્રક્રિયા પણ તેજ કરવામાં આવી છે. મુલાકાતીઓની સુવિધા માટે ઓનલાઈન ટિકિટિંગ અને ઝૂ ગાઈડની વ્યવસ્થા પણ રાખવામાં આવેલી છે.

# RTEના વિદ્યાર્થીઓ પાસેથી ખોટી રીતે ઉઘરાણું કરતી સ્કૂલો સામે કાર્યવાહી કરાશે

## અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારીએ તમામ સ્વનિર્ભર શાળાઓને ચેતવણી આપી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૯

અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારીએ શહેરની તમામ સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓને RTE હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની ગેરકાયદેસર ફી અથવા આડકતરી ઉઘરાણી ન કરવા અંગે કડક સૂચના આપી છે. આ અંગે તમામ શાળાઓને સત્તાવાર પરિપત્ર પાઠવી RTEની જોગવાઈઓનું કડક પાલન કરવા આદેશ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લા શિક્ષણ અધિકારીના ધ્યાન પર આવ્યું હતું કે શહેરની કેટલીક સ્વનિર્ભર શાળાઓ દ્વારા RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી વિવિધ શીર્ષકો હેઠળ વધારાની રકમ ઉઘરાવવામાં આવી રહી છે. તેમાં એક્ટિવિટી ફી, સ્માર્ટ ક્લાસ ફી, વાર્ષિક કાર્યક્રમ ચાર્જ, શૈક્ષણિક પ્રવાસ ફી, કેન્ટિન અને ભોજન ચાર્જ સહિતના ખર્ચનો સમાવેશ થાય છે. નિયમ અનુસાર, RTEના વિદ્યાર્થીઓ પાસેથી સ્કૂલો કોઈ પણ પ્રકારની ફી દબાણ કરી ઉઘરાવી શકે નહીં. પરિપત્રમાં સ્પષ્ટ કરાયું છે કે, RTE હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર મળેલો છે. તેથી કોઈપણ પ્રકારની ફરજિયાત ફી લઈ શકાશે નહીં. શાળાઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ કોઈપણ વિદ્યાર્થી અથવા વાલી પાસેથી ગેરકાયદેસર ફી લેવામાં ન આવે, તેમજ વિદ્યાર્થીને વર્ગમાંથી બહાર રાખવા, પરીક્ષા કે પરિણામ અટકાવવા અથવા અપમાનજનક વર્તન જેવી કાર્યવાહી પણ ન કરે. સ્કૂલોને ચેતવણી પણ આપવામાં આવી છે કે, જો કોઈ શાળા દ્વારા આ સૂચનાઓનું ઉલ્લંઘન કરવામાં આવશે અથવા કોઈપણ પ્રકારની ફરિયાદ પ્રાપ્ત થશે તો સંબંધિત શાળા સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શિક્ષણ વિભાગના આ નિર્ણયથી વાલીઓને રાહત મળશે.

## તેજસ્વી તારલા

રહેમતનાઝ મોહમ્મદ વસીમ રંગરેજએ ધો-૧૨ કોમર્સ પ્રવાહમાં ૯૯.૧૮ પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ મેળવી સફળતા હાંસલ કરી છે.



જેમાં તેમણે ઈકોનોમિક્સ, વાણિજ્ય વ્યવસ્થા, સ્ટેટીસ્ટીક્સ અને એકાઉન્ટ જેવા કુલ ચાર વિષયોમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

અકસાબાનું અય્યુબખાન પઠાણે એચએસસીની પરીક્ષાના પરિણામમાં કોમર્સમાં ૯૬.૦૦ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ મેળવી સફળતા હાંસલ કરી છે જેમાંથી તેઓએ ઈકોનોમિક્સ, સ્ટેટીસ્ટીક્સ, એકાઉન્ટ, વાણિજય વ્યવસ્થા, અને કોમ્પ્યુટર (પ્રેક્ટિસ) એમ કુલ પાંચ વિષયોમાં એ-૧ ગ્રેડ મેળવ્યો છે.



**ધો-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)**

અઝીમાબાનું એજાજ અહેમદ શેખે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૮.૭૪ પર્સન્ટાઈલ એ-૧ ગ્રેડ મેળવી શાનદાર સફળતા હાંસલ કરી છે જેમાં તેઓએ બાયોલોજી, બાયોલોજી પ્રેક્ટિકલ અને કોમ્પ્યુટર પ્રેક્ટિકલ વિષયોમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.



મોહમ્મદ શાહીદ મોહમ્મદ બખ્તયાર શેખે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૪.૮૪ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



કનિજ ફાતમા નુરમોહમ્મદ પનારાએ ધો-૧૨ કોમર્સ પ્રવાહમાં ૮૭.૭૧ પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



એચએસસીના જાહેર પરિણામમાં એફ.ડી. સ્કૂલમાં અભ્યાસ કરતો મોહમ્મદ ફુરકાન કુરેશીએ કોમર્સમાં ૮૧.૮૦ ટકા પર્સન્ટાઈલ સાથે બી-૧ ગ્રેડ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. તેમજ એકાઉન્ટ જેવા વિષયમાં ૧૦૦માંથી ૮૪ ગુણ પ્રાપ્ત કર્યા છે.



ઈરફાન અય્યાઝ અહેમદ ઈદરીશીએ એચએસસીમાં કોમર્સ પ્રવાહમાં ૮૨.૬૩ પર્સન્ટાઈલ સાથે બી-ગ્રેડ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે સેક્રેટ્રિયલ પ્રેક્ટિસ વિષયમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.



આયેશા મોહમ્મદ ઉસ્માન નરમાવાલાએ માઉન્ટ કાર્મેલ હાયર સેકન્ડરી સ્કૂલમાં પ્રથમ નંબરે પાસ થઈ ૯૬.૨૨ પર્સન્ટાઈલ સાથે સફળતા પ્રાપ્ત કરી છે.



આસિયા ઈશાક દારૂવાલાએ ધો-૧૨ની પરીક્ષાના પરિણામમાં ૯૪.૩૩ પર્સન્ટાઈલ સાથે એ-૨ ગ્રેડ મેળવ્યો છે. જેમાં તેઓએ વાણિજય વ્યવસ્થામાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.



# નર્મદા જિલ્લામાં અકસ્માતની બે ઘટનામાં બે યુવાનોએ જીવ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લામાં માર્ગ અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓમાં બે યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ અકસ્માતો તિલકવાડા અને ડેડિયાપાડા પોલીસ મથકની હદમાં બન્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના કાકરીયા ગામના આંગણવાડી ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય વાસુદેવ બાલુભાઈ ભીલ પોતાની બાઈક નં. GJ-01-BN-8422 લઈને જઈ રહ્યા હતા. ત્યારે અગર સીમ પાસે રોડ પર એક જેસીબી મશીન નં. GJ-06-DH-1341 ના ટાયરમાં પંક્ચર હોવાથી ઉભું હતું. તે દરમિયાન વાસુદેવ ભીલે પોતાની બાઈક પરનું સંતુલન ગુમાવતા તેની બાઈક જેસીબીના પાછળના ભાગે અથડાઈ હતી. આ અકસ્માતમાં માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વાસુદેવ ભીલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. તિલકવાડા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નેત્રંગ તાલુકાના મોઝા ગામના વાસુદેવ નરેશભાઈ વસાવા પોતાની બાઈક નં. GJ-16-EB-6556 પર મિત્ર પિયુશ વસાવા સાથે કણબીપીઠાથી માંચ ચોકડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી બેફામ ઝડપે આવતા એક અજાણ્યા આઈશર ટેમ્પાના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક વાસુદેવ વસાવા ગંભીર રીતે ઘવાયા હતા, જ્યારે પાછળ બેસેલા પિયુશ વસાવાને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ડેડિયાપાડા પોલીસે અજાણ્યા ટેમ્પા ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### એન.ડી.પી.એસ. હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ

# અમદાવાદ એસ.ઓ.જી. ક્રાઈમે લાખોના મેફેડ્રોન સાથે બે આરોપીઓને ઝડપ્યા

## આરોપીઓ પાસેથી ૮૭ ગ્રામ ૭૮૦ મિલીગ્રામ ડ્રગ્સ સહિત રૂા.૧૧.૯૨ લાખનો મુદ્દામાલ કબજે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા માટે એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વધુ એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. નાના ચિલોડા-નરોડા રોડ પરથી મેફેડ્રોન એટલે કે મેથએમ્ફેટામાઈન ડ્રગ્સના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૮૭ ગ્રામ ૭૮૦ મિલીગ્રામ ડ્રગ્સ સહિત કુલ રૂા.૧૧.૯૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી ચોક્કસ માહિતી આધારે નાના ચિલોડા-નરોડા રોડ પર સંજયનગર ખાતે ચામુંડા મોટર ગેરેજ સામે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન પોલીસે દિલીપકુમાર ચોથુરામ તાલાપા (રહે. નરોડા) અને લેખરાજસિંહ મદનસિંહ ચૌહાણ (રહે. નાના ચિલોડા)ને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓના કબજામાંથી ગેરકાયદેસર મેફેડ્રોન ડ્રગ્સ ૮૭ ગ્રામ ૭૮૦ મિલીગ્રામ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત અંદાજે રૂા.૮.૭૭ લાખ થાય છે. ઉપરાંત અન્ય મુદ્દામાલ સાથે કુલ રૂા.૧૧.૯૨ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, બંને આરોપીઓ અગાઉ પણ પ્રોહિબિશનના ગુનાઓમાં સંડોવાયેલા છે. વધુ પૈસા કમાવાની લાલચમાં તેઓ રાજસ્થાનના નરેશ નામના શખ્સ પાસેથી ડ્રગ્સ મંગાવતા હતા. નરેશ પોતાના સાગરીત રૂપારામ ખારેડીયા મારફતે ડ્રગ્સનો જથ્થો અમદાવાદ મોકલતો હતો. આરોપીઓ આ ડ્રગ્સનો છૂટકમાં પડીકીઓ બનાવી વેચાણ કરતા હોવાનું પણ સામે આવ્યું છે. હાલ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે અને ડ્રગ્સ સપ્લાય ચેઈનમાં સંડોવાયેલા અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# ૧૮ મહિનાના શોક પછી, ગાઝાનો એક પુત્ર ઈઝરાયેલી જેલમાં જીવતો મળી આવ્યો

## શબ ઘરો શોધ્યા પછી અને શોક તંબુ ખોલ્યા પછી, એક પેલેસ્ટીની પરિવારને ફોન આવે છે જેમાં પુષ્ટિ મળે છે કે તેમના પુત્રને ઓફેર જેલમાં રાખવામાં આવ્યો છે

(એજન્સી) ગાઝા, તા.૯

૧૮ મહિના સુધી ગાઝાના પેલેસ્ટીની વ્યક્તિ ઈદ નાએલ અબુ શારના પરિવારને વિશ્વાસ હતો કે આ મોટો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેઓએ ગાઝામાં તેના શરીર માટે શોધખોળ કરી, મૃત્યુ પ્રમાણપત્ર મેળવ્યું અને તેના નુકસાનનો શોક મનાવવા માટે તંબુ બનાવ્યો, પરંતુ પછી એક વકીલના અણધાર્યા ફોન કોલથી પુષ્ટિ મળી કે તે જીવિત છે અને ઈઝરાયેલની ઓફેર જેલમાં રાખવામાં આવ્યો છે. આનાથી ઈદ માટે દોઢ વર્ષની પીડાદાયક શોધનો અંત આવ્યો, પરંતુ આ ખુલાસો ગાઝા પટ્ટીના હજારો અન્ય પરિવારોની વિનાશક દુર્દશાને પ્રકાશિત કરે છે જેઓ હજુ પણ તેમના ગુમ થયેલા સંબંધીઓ વિશે સમાચારની રાહ જુએ છે. તેમનું ભાવિ અસ્પષ્ટ રહે છે કારણ કે પરિવારોને ખબર નથી કે તેમના પ્રિયજનો કાટમાળ નીચે પડેલા છે, અજાણી સામૂહિક કબરોમાં દફનાવવામાં આવ્યા છે અથવા ઓફેર જેવા ઈઝરાયેલી અટકાયત કેન્દ્રોમાં રાખવામાં આવ્યા છે, જ્યાં ત્રાસ સામાન્ય છે અને પેલેસ્ટીનીઓ અનિશ્ચિત સમય માટે નજરકેદનો સામનો કરે છે.

### મૃતકોમાં ભયાવહ શોધ

ઈદ ૧૫ ડિસેમ્બર, ૨૦૨ના રોજ મધ્ય ગાઝાના નેત્ઝારિમ કોરિડોર, જેને "મૃત્યુની ધરી" તરીકે પણ ઓળખવામાં આવે છે, નજીક તેના પરિવારને ટેકો આપવા માટે કામ શોધી રહ્યો હતો ત્યારે ગુમ થઈ ગયો. ઈઝરાયેલે ઉત્તર ગાઝાને દક્ષિણથી અલગ કરતી જમીનની આ પટ્ટીને કોતરીને કબજે કરી લીધી અને એક એવી જગ્યા બની ગઈ જ્યાં બાળકો સહિત સેંકડો પેલેસ્ટીનીઓ માર્યા ગયા અથવા ગુમ થઈ ગયા. તેના પિતા, નાએલ અબુ શારે કહ્યું કે ઈદની શોધે પરિવારને નિરાશાની અણી પર ધકેલી દીધો. "હું શબઘર અને હોસ્પિટલોના દરવાજા પર સૂતો હતો," તેમણે અલ જઝીરાને કહ્યું. "જ્યારે પણ તેઓ કોઈ અજાણી લાશ અથવા શહીદની જાહેરાત કરતા, હું દિવસ-રાત દોડતો. મેં અલ-અક્સા, અલ-અવદા અને નુસીરાત હોસ્પિટલોની શોધ કરી. હું મારા પોતાના હાથે શબઘર રેફ્રિજરેટર ખોલતો, તેના અથવા તેના કપડાંના કોઈ નિશાન શોધતો પરંતુ કંઈ મળ્યું નહીં." પરિવારે તેમના પુત્રને શોધવાનો પ્રયાસ કરવા માટે રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ (ICRC) અને માનવ અધિકાર જૂથોનો સંપર્ક કર્યો, પરંતુ સમયાંતરે, તેઓ મૃતદેહ પર પહોંચી ગયા. તેની અટકાયતનો કોઈ રેકોર્ડ ન હોવાથી, પરિવારે આખરે પુરાવાના ભાર સામે ઝૂકીને શોકનો તંબુ ખોલ્યો અને આરોગ્ય મંત્રાલય પાસેથી તેને મૃત જાહેર કરતા સત્તાવાર દસ્તાવેજો મેળવ્યા. છતાં, ઈદની માતાએ ક્યારેય આશા ગુમાવી નહીં કે તેનો પુત્ર હજુ પણ જીવિત છે. "દરેક વ્યક્તિએ મને કહ્યું કે અમારે ગેરહાજર અંતિમ સંસ્કારની નમાઝ કરવાની જરૂર છે, પરંતુ મેં ના પાડી. મારા હૃદયે મને કહ્યું કે ઈદ જીવંત છે," મહા અબુ શારે કહ્યું. પછી એક મહિના પહેલા આશાનું કિરણ ઉભરી આવ્યું જ્યારે એક મુક્ત થયેલા કેદીએ કહ્યું કે તે જેલમાં ઈદ અબુ શાર નામના વ્યક્તિને મળ્યો છે. આ વાર્તાને આખરે સોમવારે એક વકીલ દ્વારા પુષ્ટિ આપવામાં આવી, જેનાથી સમગ્ર ગાઝામાં ઉજવણીનું મોજું ફરી વળ્યું. અલ જઝીરાએ અબુ શાર પરિવાર અને તેમના પડોશીઓના તેમના સરળ ઘરોમાં મીઠાઈઓ વહેંચતા દ્રશ્યોનું પ્રસારણ કર્યું, શોકના સ્થળને "ચમત્કાર"ની ઉજવણીમાં ફેરવી દીધું.

### વ્યવસ્થિત છુપાવો

ઈદની વાર્તા માનવતાવાદી આપત્તિ દરમિયાન દુર્લભ સારા સમાચાર આપી રહી છે, પરંતુ પેલેસ્ટીની સેન્ટર ફોર ધ મિસિંગ એન્ડ ફોર્સિબલી ડિસએપર્ડના ડિરેક્ટર નાદા નબીલે જણાવ્યું હતું કે ઘણા વધુ પરિવારો અનિશ્ચિતતામાં ફસાયેલા છે. "ઈદ અબુ શારનો કિસ્સો એક મોટી પેટર્નનો ભાગ છે," તેમણે અલ જઝીરાને જણાવ્યું. "અમારો અંદાજ છે કે યુદ્ધને કારણે હાલમાં ૭,૦૦૦થી ૮,૦૦૦ પેલેસ્ટીની ગુમ છે, જેમાંથી આશરે ૧,૫૦૦ ઈઝરાયેલી જેલોમાં બળજબરીથી ગાયબ થયા હોવાનું માનવામાં આવે છે."



નબીલે કહ્યું કે, ઈઝરાયેલ દ્વારા ઈદ જેવા અટકાયતીઓ વિશે માહિતીનો ઈનકાર કરવો એ વહીવટી દેખરેખ નથી પરંતુ પેલેસ્ટીની પરિવારોના દુઃખને લંબાવવા માટે ઈરાદાપૂર્વકની લશ્કરી યુક્તિ છે. "કબજો ઈરાદાપૂર્વક ગાઝાના પરિવારોના દુઃખ અને પીડાને વધુ તીવ્ર બનાવવા માટે સંપૂર્ણ ગુપ્તતાની નીતિ અપનાવે છે," તેમણે સમજાવ્યું. "અટકાયતીઓની યાદી જારી કરવી અથવા ICRCને ઍક્સેસ આપવાની મંજૂરી આપવી એ એક સરળ પ્રક્રિયા છે, પરંતુ તેઓ માનસિક ત્રાસ અને સામૂહિક સજાના સ્વરૂપ તરીકે છુપાવવાનું પસંદ કરે છે."

### 'સ્થગિત દુઃખ'નો ભાર

પરિસ્થિતિએ પરિવારોને મનોવૈજ્ઞાનિકો દ્વારા "સ્થગિત દુઃખ" અથવા "અસ્પષ્ટ નુકસાન" તરીકે ઓળખાતી ઘટનાનો અનુભવ કરાવ્યો છે, જે હજારો પરિવારોના જીવનને લકવાગ્રસ્ત કરે છે જેમના પ્રિયજનો ગુમ થયા છે. જે પરિવારોએ પોતાના સંબંધીઓને દફનાવી દીધા છે તેઓ ઘણીવાર આગળ વધવાનો માર્ગ શોધે છે, પરંતુ જેમને પોતાના પ્રિયજનોના ભાવિ વિશે કોઈ માહિતી નથી, તેઓ "આશા અને નિરાશા વચ્ચેના સતત ચક્ર" માં ફસાયેલા રહે છે, નબીલે કહ્યું. "આ અસર ફક્ત માનસિક નથી. તે સામાજિક અને કાનૂની છે," નબીલે ઉમેર્યું. "પત્નીઓને ખબર નથી કે તેઓ વિધવા છે કે હજુ પણ પરિણીત છે, જે ચજેમ કૃ પુનર્લગ્ન અને વારસાના મુદ્દાઓને અસર કરે છે. વધુમાં, ગાઝામાં વિસ્થાપનની કઠોર પરિસ્થિતિઓમાં, જ્યાં દરેક હાથને પાણી લાવવા અથવા તંબુઓ સ્થાપિત કરવા માટે જરૂરી છે, ઈદ જેવા યુવાનનું મૃત્યુ પરિવારના બાકીના સભ્યો પર ભારે શારીરિક અને આર્થિક બોજ મૂકે છે."

### આંતરરાષ્ટ્રીય લકવો અને ભય

નબીલે ગાઝામાં કાર્યરત આંતરરાષ્ટ્રીય સંગઠનોની "સંપૂર્ણ નિષ્ફળતા" અને ગાઝામાં પેલેસ્ટીનીઓ પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધની શરૂઆતથી ICRCને ઈઝરાયેલી જેલોની મુલાકાત લેવા અથવા અટકાયતીઓની સૂચિ પ્રાપ્ત કરવા પર કેવી રીતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેનું વર્ણન કર્યું. "આપણે એક એવા વાતાવરણમાં રહીએ છીએ જ્યાં "વિશ્વ કાયદા દ્વારા નહીં, સત્તા દ્વારા સંચાલિત છે," નબીલે કહ્યું. "ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન કરવા માટે ફરજ પાડવામાં વૈશ્વિક અસમર્થતાને કારણે ગાઝામાં પીડિતો દરેક પ્રકારના ઉલ્લંઘનનો ભોગ બની શકે છે."

કદાચ સૌથી દુઃખદ વાત એ છે કે, પરિવારોને ડર છે કે તેમના પ્રિયજનો "ગુમ" થયાની જાણ કરવાથી તેઓ દંડાત્મક ઈઝરાયેલી હવાઈ હુમલાનું લક્ષ્ય બની શકે છે. "અન્ય લોકો ચિંતા કરે છે કે અટકાયતીનું નામ જાહેર કરવાથી અંદરના વ્યક્તિ માટે વધુ ગંભીર ત્રાસ થશે," નબીલે કહ્યું. અબુ શાર પરિવારમાં, મીઠાઈઓનું વિતરણ ચાલુ રહે છે, પરંતુ આનંદ અધૂરો રહે છે. "હું ખુશ છું, પરંતુ હવે મારું હૃદય વધુ ચિંતિત છે," માહાએ કહ્યું. "હવે જ્યારે મને ખબર પડી કે તે જીવિત છે, ત્યારે મને ડર છે કે તે તે કોષોમાં જે પીડાઈ રહ્યો છે. જ્યાં સુધી હું તેને ફરીથી મારા હાથમાં નહીં લઉં ત્યાં સુધી હું સંપૂર્ણપણે ખુશ નહીં થઈ શકું."

# અમેરિકા નૌકાદળમાં વધારો વોશિંગ્ટનની રાજદ્વારી પ્રતિબદ્ધતા પર શંકા ઊભી કરે છે : ઈરાન

(એજન્સી) તા.૯

પર્સિયન ગલ્ફમાં તાજેતરમાં યુએસ નૌકાદળની હાજરીમાં વધારો થયા બાદ ઈરાને વોશિંગ્ટનના રાજદ્વારી ઈરાદાઓ પર ઊંડો શંકા વ્યક્ત કરી છે. તસ્નીમ ન્યૂઝ એજન્સી અનુસાર, વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ શુક્રવારે તેમના તુર્કી સમકક્ષ હકાન ફિદાન સાથે ટેલિફોન વાતચીત દરમિયાન આ ચિંતાઓ વ્યક્ત કરી હતી. અરાઘચીએ ગલ્ફમાં તાજેતરની યુએસ લશ્કરી હિલચાલ અને વરિષ્ઠ અમેરિકન અધિકારીઓના "આક્રમક વાણી-વર્તન"ને ઉશ્કેરણીજનક ગણાવ્યું હતું, દલીલ કરી હતી કે તેણે ચાલુ યુદ્ધને સમાપ્ત કરવાના યુએસ પ્રયાસોની પ્રામાણિકતા અંગે ઈરાની શંકાઓને વધારી છે. તેમણે વોશિંગ્ટન પર વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો હતો, દાવો કર્યો હતો કે આવી



ક્રિયાઓ વિશ્વાસને ખતમ કરી રહી છે અને રાજદ્વારી પ્રગતિને અવરોધી રહી છે. ઈરાની મંત્રીએ ભાર મૂક્યો હતો કે "ગેરકાયદેસર હુમલાઓ" અટકાવવા અને વિરોધી પક્ષ તરફથી વધુ વાજબી અભિગમ અપનાવવા એ અર્થપૂર્ણ વાટાઘાટો માટે આવશ્યક પૂર્વશરત છે. તેમણે ફિદાનને સંઘર્ષનો કાયમી ઉકેલ મેળવવાના હેતુથી તેહરાનની પોતાની રાજદ્વારી પહેલ વિશે પણ માહિતી આપી હતી. ફિદાન, જવાબમાં, રાજદ્વારી ચેનલો જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને પ્રદેશમાં શાંતિ લાવવાના પ્રયાસો માટે તુર્કીના સમર્થનને ફરીથી પુષ્ટિ આપી. આ કોલ હોર્મુઝ સ્ટ્રેટમાં વધી રહેલા તણાવની પૃષ્ઠભૂમિ સામે આવ્યો છે, જ્યાં ઈરાની અને યુએસ દળો વચ્ચે રાતોરાત ગોળીબાર થયો હતો. આ મહત્વપૂર્ણ જળમાર્ગ પર સતત લશ્કરી દળો વચ્ચે રાજદ્વારીની નાજુક સ્થિતિને આ ઘટનાક્રમ દર્શાવે છે.




# અમેરિકા દ્વારા હોર્મુઝ સ્ટ્રેટમાં તણાવ વધારતા ઈરાને સ્વ-બચાવના અધિકારોની ચેતવણી આપી

(એજન્સી) તા.૯

સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત, અમીર-સૈદ ઈરાવાની, પર્શિયન ગલ્ફ અને વ્યૂહાત્મક હોર્મુઝ સ્ટ્રેટમાં યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા વધતી જતી પ્રતિકૂળ કાર્યવાહીના જવાબમાં સ્વ-બચાવ અને રક્ષણાત્મક પગલાં લેવાના ઈસ્લામિક રિપબ્લિકના સાર્વભૌમ અધિકારને મજબૂત રીતે પુનઃપુષ્ટિ આપી છે. શુક્રવારે યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ અને યુએન સુરક્ષા પરિષદના પ્રમુખને સંબોધિત એક સત્તાવાર પત્રમાં, ઈરાવાનીએ અમેરિકન દળો દ્વારા હાથ ધરવામાં આવેલા તાજેતરના આક્રમક લશ્કરી કાર્યવાહીનું વિગતવાર વર્ણન કર્યું. આમાં જાસ્ક બંદર અને હોર્મુઝ સ્ટ્રેટ નજીક બે ઈરાની તેલ ટેક્રો પર હુમલાઓ, તેમજ આ મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય જળમાર્ગને નજરઅંદાજ કરતા ઈરાનના દરિયાકાંઠાના પ્રદેશોમાં અનેક સ્થળોને લક્ષ્ય બનાવતા હુમલાઓનો સમાવેશ થાય છે. રાજદૂતે ઉશ્કેરણીના સ્પષ્ટ દાખલા તરીકે જે વર્ણવ્યું તેની નિંદા કરી, કહ્યું કે આવી કાર્યવાહી વોશિંગ્ટનની રાજદ્વારી, સંયમ અને રચનાત્મક સંવાદ કરતાં બળજબરી અને લશ્કરી દબાણને પસંદ કરે છે તે દર્શાવે છે. "યુનાઈટેડ સ્ટેટ્સ રાજદ્વારી કરતાં બળજબરીનો ઉપયોગ કરે છે," ઈરાવાનીએ ભાર મૂક્યો, વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઉર્જા કોરિડોરમાંના એકમાં તણાવ ઓછો કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો. હોર્મુઝ સ્ટ્રેટ, જેમાંથી વૈશ્વિક તેલ શિપમેન્ટનો નોંધપાત્ર ભાગ દરરોજ પસાર થાય છે, તે પ્રાદેશિક તણાવ માટે એક મુખ્ય બિંદુ છે. ઈરાને વારંવાર ચેતવણી આપી છે કે આ પાણીમાં તેની સુરક્ષા અથવા આર્થિક હિતોને કોઈપણ ખતરોનો સામનો આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર યોગ્ય રક્ષણાત્મક પ્રતિભાવો સાથે કરવામાં આવશે. ઈરાવાનીએ સંયુક્ત રાષ્ટ્રને ગેરકાયદેસર યુએસ કામગીરીની સ્પષ્ટ અને સ્પષ્ટ નિંદા કરવા હાકલ કરી. તેમણે વિશ્વ સંસ્થાને વિનંતી કરી કે તેઓ વોશિંગ્ટન




પર આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તેની જવાબદારીઓનું સંપૂર્ણ સન્માન કરવા અને દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતાને જોખમમાં મૂકતી બધી ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરવા દબાણ કરે. પત્ર ઈરાનના વલણ પર ભાર મૂકે છે કે તે તેની પ્રાદેશિક અખંડિતતા અથવા વાણિજ્યિક જહાજો માટે જોખમોને સહન કરશે નહીં. તેહરાનના અધિકારીઓનું કહેવું છે કે જ્યારે તેઓ રાજદ્વારી માધ્યમો દ્વારા શાંતિપૂર્ણ ઉકેલો શોધે છે, ત્યારે તેઓ આક્રમણનો સામનો કરતી વખતે તેમના સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવાનો મૂળભૂત અધિકાર જાળવી રાખે છે. આ તાજેતરનું રાજદ્વારી પગલું નેવિગેશનની સ્વતંત્રતા અને ગલ્ફ ક્ષેત્રમાં ખોટી ગણતરીની સંભાવના અંગે વધતી ચિંતાઓ વચ્ચે આવ્યું છે. ઈરાને આંતરરાષ્ટ્રીય સમુદાયને સાર્વભૌમત્વ અને બિન-હસ્તક્ષેપના સિદ્ધાંતોને જાળવી રાખવા અપીલ કરી છે, અને ચેતવણી આપી છે કે યુએસના સતત સાહસથી વૈશ્વિક ઊર્જા બજારો અને શાંતિ અને સુરક્ષા માટે ગંભીર પરિણામો આવી શકે છે.

# ઈઝરાયેલી સેનાના વડાએ પશ્ચિમ કાંઠે યહૂદીઓ અને પેલેસ્ટીનીઓ માટે ગોળીબારના નિયમોમાં 'ભેદભાવ' હોવાનું સ્વીકાર્યું

## જોકે, ઈઝરાયેલી લશ્કરી વડાએ સ્વીકાર્યું કે તેઓ વાહનો પર પથ્થર ફેંકતા યહૂદી વસાહતીઓ પર ગોળીબારને સમર્થન આપતા નથી

(એજન્સી) તા.૯

ઈઝરાયેલી લશ્કરી વડા મેજર જનરલ અવી બ્લુથે કહ્યું કે તેમના દળો "એવી રીતે હત્યા કરી રહ્યા છે જેમ આપણે ૧૯૬૭થી ક્યારેય નથી કરી," અહેવાલ મુજબ સ્વીકાર્યું કે ઈઝરાયેલી સૈનિકો યહૂદીઓ અને પેલેસ્ટીનીઓ વચ્ચે ભેદભાવ કરે છે. ઈઝરાયેલી અખબાર હારેટ્ઝ અનુસાર, બ્લુથે તાજેતરમાં એક બંધ મંચ પર આ ટિપ્પણી કરી. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સિસ સેન્ટ્રલ કમાન્ડના વડાએ કહ્યું કે ઈઝરાયેલી સૈનિકોએ ઘણા પેલેસ્ટીની પથ્થરમારો કરનારાઓને ઘાતક ગોળી મારી હતી. તેમણે અત્યાર સુધી હારેટ્ઝ દ્વારા અહેવાલ કરાયેલી ટિપ્પણીઓને સ્વીકારી નથી. બ્લુથે કહ્યું કે ઈઝરાયેલી દળોએ ૨૦૨૫માં ૪૨ પેલેસ્ટીની પથ્થરમારો કરનારાઓને મારી નાખ્યા. તેમણે સ્વીકાર્યું કે તેઓ વાહનો પર પથ્થર ફેંકતા યહૂદી વસાહતીઓ પર ગોળીબારને સમર્થન આપતા નથી. ગયા વર્ષની એક ઘટનાનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે મોટરચાલકો પર પથ્થરમારો કરવા બદલ બે માસ્ક પહેરેલા યહૂદીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને ઉમેર્યું કે આ ઘટનાએ "હંગામો" મચાવ્યો હતો. તેમણે બે વધુ ઉદાહરણો ટાંક્યા જ્યાં એક અધિકારીએ મધ્યરાત્રિએ લશ્કરી જીપ પર પથ્થરો ફેંકવા બદલ બેટ શીઆનના ૧૫ વર્ષીય અરાજકતાવાદીને ગોળી મારી અને તેને માર્યો. બ્લુથે વધુમાં કહ્યું કે અધિકારીને ખબર નહોતી કે તે યહૂદીઓ છે જ્યાં સુધી તેણે તેમને હિબ્રુ બોલતા સાંભળ્યા નહીં. બ્લુથે સ્વીકાર્યું



કે તે યહૂદી વિરોધીઓને વિખેરવા અને આવા કોઈપણ કિસ્સામાં શંકાસ્પદોને અટકાયતમાં લેવા માટે બિન-ઘાતક પદ્ધતિઓનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. "આવી કોઈપણ ઘટનાના સામાજિક દૃષ્ટિકોણથી ખૂબ ગંભીર પરિણામો આવે છે. મને ખાતરી નથી કે આપણે ત્યાં જવાની જરૂર છે; આપણે ગોળીબારમાં જોડાવાની જરૂર નથી અને હા, તેમાં ભેદભાવ શામેલ છે," બ્લુથે સ્વીકાર્યું. પેલેસ્ટીનીઓ અને યહૂદીઓ માટે ટ્રાયલ અને ધરપકડના નિયમો પણ અલગ છે. જ્યારે પેલેસ્ટિનિયનોને પશ્ચિમ કાંઠે લશ્કરી કાયદા મુજબ કાર્યવાહીનો સામનો કરવો પડે છે અને ટ્રાયલ વિના લાંબા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવે છે, ત્યારે યહૂદીઓ અને ઈઝરાયેલીઓનો ન્યાય નાગરિક અદાલતો દ્વારા કરવામાં આવે છે. બ્લુથે વધુમાં જણાવ્યું હતું કે તેમણે પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ પર ગોળીબાર કરવાના નિયમોમાં પણ છૂટછાટ આપી હતી, ખાસ કરીને ઈઝરાયેલમાં અવરોધ પાર કરવાનો પ્રયાસ કરનારાઓ પર. હાલના નિયમો અનુસાર, ઈઝરાયેલી સૈનિકોને ધરપકડ કરતી વખતે શંકાસ્પદ વ્યક્તિને ઘૂંટણમાં અથવા નીચે ગોળી મારવાની મંજૂરી છે, બ્લુથે કહ્યું કે આ પગલું એક અસર બનાવવા માટે છે જેને તેઓ "અવરોધ ચેતના" કહે છે. બ્લુથે એમ પણ કહ્યું કે આરબો સમજે છે કે "જો કોઈ તમને મારવા આવે છે, તો પહેલા તેમને મારી નાખો: મધ્ય પૂર્વમાં આ સામાન્ય છે". "તેથી, આપણે એવી રીતે મારી રહ્યા છીએ જેવી રીતે આપણે ૧૯૬૭ પછી ક્યારેય મારી નથી," બ્લુથે કહ્યું, છ દિવસના આરબ-ઈઝરાયેલી યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે આ ટિપ્પણી કરી હતી, જેમાં ૧૫,૦૦૦થી વધુ આરબ લોકો માર્યા ગયા હતા અને ગાઝા અને પશ્ચિમ કાંઠા પર કબજો કર્યો હતો.

# ઈઝરાયેલે પૂર્વ જેરૂસલેમ નજીક વસાહત પ્રોજેક્ટ માટે લગભગ ૫૦ પેલેસ્ટીની સુવિધાઓ તોડી પાડવાનો આદેશ આપ્યો છે

(એજન્સી) તા.૯

ઈઝરાયેલી અધિકારીઓએ પૂર્વ જેરુસલેમના દક્ષિણપૂર્વમાં આવેલા પેલેસ્ટીની શહેર અલ-એઝારિયામાં લગભગ ૫૦ દુકાનો અને વાણિજ્યિક સુવિધાઓ તોડી પાડવાનો આદેશ આપ્યો છે, જે આ વિસ્તારમાં વિવાદાસ્પદ વસાહત પ્રોજેક્ટ માટે માર્ગ મોકળો કરવાના પગલાંના ભાગ રૂપે છે, એમ પેલેસ્ટીની અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું, એનાડોલુ એજન્સીના અહેવાલો અનુસાર. જેરૂસલેમ ગવર્નરિટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલી અધિકારીઓએ રવિવાર સવાર પહેલા અલ-એઝારિયાના મુખ્ય પ્રવેશદ્વાર પર અલ-મશતલ વિસ્તારમાં લગભગ ૫૦ પેલેસ્ટીનીઓને તેમના વ્યવસાયો ખાલી કરવા માટે મૌખિક રીતે સૂચના આપી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ પગલાનો હેતુ ઓગસ્ટ ૨૦૨૫માં જારી કરાયેલા ડિમોલિશન આદેશોને અમલમાં મૂકવાનો છે. ગવર્નરેટ અનુસાર, ઈઝરાયલી અધિકારીઓએ ચેતવણી આપી હતી કે જો માલિકો નિર્દિષ્ટ સમયમર્યાદામાં પાલન કરવામાં નિષ્ફળ જાય તો સુવિધાઓ અને તેમની સામગ્રી તોડી પાડવામાં આવશે. પેલેસ્ટીની અધિકારીઓએ જણાવ્યું હતું કે ડિમોલિશન આદેશો સામે અપીલ ઈઝરાયેલી કોર્ટમાં સબમિટ કરવામાં આવી છે, જેની સુનાવણી આ મહિનાના અંતમાં થવાની અપેક્ષા છે. ગવર્નરિટ અને મ્યુનિસિપલ સત્તાવાળાઓએ તોડી પાડવાના કામોને 'E1' વસાહત પ્રોજેક્ટ સાથે જોડ્યા, જેનો હેતુ માલે અદુમિમ વસાહત બ્લોકને પૂર્વ જેરુસલેમ સાથે જોડવાનો છે. પેલેસ્ટીની અધિકારીઓએ ચેતવણી આપી છે કે આ યોજના કબજા



હેઠળના પશ્ચિમ કાંઠાને અસરકારક રીતે ઉત્તર અને દક્ષિણ ભાગોમાં વિભાજીત કરશે અને ઘણા પેલેસ્ટીની સમુદાયોને અલગ કરશે. મ્યુનિસિપલ સત્તાવાળાઓએ એમ પણ કહ્યું કે આ પ્રોજેક્ટમાં પેલેસ્ટીનીઓ અને ઈઝરાયેલી કબજેદારો માટે ટનલ અને અલગ રસ્તાઓ સાથે જોડાયેલી એક અલગ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમનો સમાવેશ થાય છે. E1 પ્રોજેક્ટને વર્ષોથી વ્યાપક આંતરરાષ્ટ્રીય ટીકાનો સામનો કરવો પડ્યો છે કારણ કે તે ભવિષ્યના પેલેસ્ટીની રાજ્યની પ્રાદેશિક સાતત્યને નબળી પાડશે. ગયા અઠવાડિયે, પેલેસ્ટીની વોલ અને સેટલમેન્ટ રેઝિસ્ટન્સ કમિશને જણાવ્યું હતું કે ઈઝરાયેલે એપ્રિલ દરમિયાન કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ૩૭ તોડી પાડવાની કામગીરી હાથ ધરી હતી, જેમાં ઘરો, કૃષિ સુવિધાઓ અને આજીવિકાના સ્ત્રોતો સહિત ૭૮ પેલેસ્ટીની માળખાઓને અસર થઈ હતી. પેલેસ્ટીની અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે ૧૯૯૯માં આશરે ૧૨,૦૦૦ ડુનમ જમ પેલેસ્ટીની જમીન પર E1 માસ્ટર પ્લાનને મંજૂરી આપી હતી, જેમાં પાછળથી વસાહત એકમો, ઔદ્યોગિક ઝોન, હોટલ અને જાહેર ઉદ્યાનોનો સમાવેશ થતો હતો. ઈઝરાયેલી સરકારો વારંવાર આ પ્રોજેક્ટને આગળ ધપાવતી હોવા છતાં, આંતરરાષ્ટ્રીય દબાણ હેઠળ તેના કેટલાક ભાગોને સ્થિર કરવામાં આવ્યા હતા, જેમાં ૨૦૨૦માં ૩,૫૦૦ વસાહત એકમો માટે જાહેર કરાયેલ યોજનાઓનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય સમુદાય અને યુએન પશ્ચિમ કાંઠા, જેમાં પૂર્વ જેરુસલેમનો સમાવેશ થાય છે, તેને કબજે કરેલો પેલેસ્ટીની પ્રદેશ માને છે અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ત્યાં ઈઝરાયેલી વસાહતોને ગેરકાયદેસર માને છે. જુલાઈ ૨૦૨૪માં એક સીમાચિહ્નરૂપ અભિપ્રાયમાં, આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે ઈઝરાયેલના પેલેસ્ટીનિયન પ્રદેશ પરના કબજાને ગેરકાયદેસર જાહેર કર્યો અને પશ્ચિમ કાંઠા અને પૂર્વ જેરૂસલેમમાં તમામ વસાહતોને ખાલી કરાવવાની હાકલ કરી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# શ્યામા પ્રસાદ મુખર્જીના પુનરુત્થાન વચ્ચે ટાગોરની સ્મૃતિ



**૯ મે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતી હતી - એક એવો દિવસ છે જ્યારે પશ્ચિમ બંગાળનું રાજકારણ ઐતિહાસિક ધરતીકંપમાંથી પસાર થયું છે. આ ક્ષણ આપણને બંગાળી ઓળખ, તેના ભવિષ્ય અને હાલમાં ચાલી રહેલા ગહન પરિવર્તન પર ચિંતન કરવા માટે મજબૂર કરે છે - જેમાં બંગાળનું સામાજિક-સાંસ્કૃતિક માળખું - જે દાયકાઓથી ટાગોરના ઉદાર, સમાવેશી, બૌદ્ધિક અને બહુલવાદી રાષ્ટ્રવાદ દ્વારા ઘડાયું હતું - હવે શ્યામા પ્રસાદ મુખર્જીની બહુમતીવાદી હિન્દુ રાષ્ટ્રવાદી વિચારધારા તરફ ઝડપી ગતિ અને તીવ્ર તીવ્રતા સાથે આગળ વધી રહ્યું હોય તેવું લાગે છે**

ટાગોરના માનવતાવાદના યુગથી હિન્દુત્વના યુગ સુધી, પશ્ચિમ બંગાળ હવે એક એવા ક્રોસરોડ પર ઉભું છે જ્યાં એક મહત્વપૂર્ણ પ્રશ્ન મોટો થશે: શું શ્યામા પ્રસાદ મુખર્જીનો ભગવો પડછાયો આખરે રવિન્દ્રનાથ ટાગોરની બહુરંગી ભવ્યતાને ગ્રહણ કરશે ?

તેના ૪૯ વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત, ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ પશ્ચિમ બંગાળમાં સત્તા કબજે કરી છે - એક એવી જીત જેણે રાજકીય ભૂકંપ લાવ્યો છે. બ્રિટિશ રાજકાળના અવિભાજિત બંગાળના યુગ પછી, અને સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં ભાજપનો સૌથી મહત્વપૂર્ણ રાજકીય વિજય માનવામાં આવી રહ્યો છે - ૨૦૧૪માં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પક્ષના સત્તામાં ઉદયને પણ પાછળ છોડી દીધો છે. આ ચૂંટણીમાં, ૨૦૧૧થી સત્તા પર રહેલી તૃણમૂલ કોંગ્રેસને ઐતિહાસિક હારનો સામનો કરવો પડ્યો, અને ભાજપ ૧૯૩૭માં અવિભાજિત ભારતમાં વિધાનસભા ચૂંટણીઓની શરૂઆતથી પશ્ચિમ બંગાળમાં સત્તા સંભાળનાર પ્રથમ જમણેરી પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. વિડંબના એ છે કે, આ ચૂંટણી પશ્ચિમ બંગાળના ઇતિહાસમાં સૌથી વધુ મતદાન ટકાવારી ધરાવતી સાબિત થઈ - લાખો નાગરિકોના મતદાન અધિકારોના વ્યવસ્થિત દમનને પગલે પણ.

આ ફક્ત સરકાર પરિવર્તન સાથે સંકળાયેલી ઘટના નથી; તે એક સભ્યતાનો વળાંક રજૂ કરે છે - એક એવો સમય જે ઈતિહાસકારો, બૌદ્ધિકો અને જાગૃત નાગરિકોને ઈતિહાસના લાંબા માર્ગ પર નજર નાખવા માટે મજબૂર કરે છે. બંગાળી સંસ્કૃતિ અને ઓળખના વિદ્વાનો માટે, તે એક એવો અનુભવ છે જે મે મહિનાના ગરમ, ભેજવાળા હવામાન વચ્ચે પણ એક વિચિત્ર ધ્રુજારી જગાડે છે. ટાગોરનો રાષ્ટ્રવાદ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવનાર વિચારધારાના વિરોધી તરીકે ઊભો છે.

આજે શું પરાજિત થયું છે તે ખરેખર સમજવા માટે, સૌ પ્રથમ ટાગોરે રજૂ કરેલી વિચારધારા - અને તેમનો દ્રષ્ટિકોણ લગભગ દરેક સ્તરે, તે વિચારધારાના વિરોધમાં કેવી રીતે ઉભો હતો તે સમજવું જોઈએ જેણે હવે તેમના બંગાળમાં સત્તા કબજે કરી છે.

સાહિત્યમાં નોબેલ પુરસ્કાર જીતનાર એકમાત્ર ભારતીય અને આપણા રાષ્ટ્રગીત, જન ગણ મનના રચયિતા, ટાગોર એક વિશાળ, બહુપક્ષીય પ્રતિભા હતા - એક દુર્લભ બૌદ્ધિક જે ફક્ત બંગાળનું જ નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ હતા. તેઓ એક સાચા રાષ્ટ્રવાદી હતા, છતાં સૌથી ઉપર, એક સ્પષ્ટ માનવતાવાદી હતા. ટાગોરની નવલકથા ગોરા બહુમતીવાદી રાષ્ટ્રવાદનું શક્તિશાળી ખંડન કરે છે - એક વિચારધારા જે વંશીય-ધાર્મિક ઓળખ સાથે સંકળાયેલા ઘમંડ અને શ્રેષ્ઠતાની ભાવનામાં મૂળ ધરાવે છે. ધર્મ, જાતિ, ભાષા અને રાષ્ટ્રની સીમાઓ પાર કરીને, તેમણે સંવેદનશીલ અને બૌદ્ધિક મનની પેઢીઓને સકારાત્મક, સમાવિષ્ટ અને સહભાગી લોકશાહી મૂલ્યોને સ્વીકારવા પ્રેરણા આપી.

એ કોઈ સંયોગ નથી કે ટાગોરની નવલકથાઓ, કવિતાઓ અને ટૂંકી વાર્તાઓએ પશ્ચિમ બંગાળના સત્યજીત રે જેવા મહાન પ્રતિભાશાળી બૌદ્ધિક ફિલ્મ નિર્માતાઓને ખૂબ પ્રભાવિત કર્યા. ટાગોરની નવલકથાઓ પર આધારિત, રેએ ચારુલતા અને ઘરે બૈરે જેવી સિનેમેટિક માસ્ટરપીસ બનાવી; તેવી જ રીતે, તેમની ટૂંકી વાર્તાઓએ તીન કન્યા જેવી ફિલ્મોને પ્રેરણા આપી. સત્યજીત રે એકમાત્ર એવા ફિલ્મ નિર્માતા નહોતા જે ટાગોરથી પ્રભાવિત થયા હતા; ખરેખર, બંગાળી ભાષી વિશ્વની બહાર - અને ઋત્વિક ઘટક અને મૃણાલ સેન જેવા બંગાળી સિનેમેટિક દિગ્ગજો સહિત - હિન્દી ફિલ્મ ઉદ્યોગે પણ વારંવાર ટાગોરની કૃતિઓને રૂપેરી પડદે રૂપાંતરિત અને રજૂ કરી છે.

તેમનો રાષ્ટ્રવાદ ભાજપનો બ્રાન્ડ વંશીય-ધાર્મિક રાષ્ટ્રવાદથી તદ્દન વિપરીત હતો. ટાગોરનો રાષ્ટ્રવાદ ભારતીય ફિલસૂફીના તે ખ્યાલ પર આધારિત હતો જે સમગ્ર વિશ્વને "એક માળો" - એક, એકીકૃત નિવાસસ્થાન તરીકે જુએ છે. તેમણે રાષ્ટ્રવાદને શાંતિ, સહઅસ્તિત્વ અને માનવ કલ્યાણ સાથે અવિભાજ્ય રીતે જોડવાનો પ્રયાસ કર્યો. તેઓ દ્રઢપણે માનતા હતા કે જો ભારત પાસે વિશ્વને આપવા માટે કોઈ ભેટ હોય, તો તે માનવતાના સંદેશ સિવાય બીજું કંઈ ન હોઈ શકે.

સૌથી મહત્વપૂર્ણ વાત એ છે કે, ટાગોર આક્રમક, રાજ્ય-કેન્દ્રિત રાષ્ટ્રવાદના શરૂઆતના અને સૌથી વધુ સ્પષ્ટ ટીકાકારોમાંના એક હતા. તેમને ડર હતો કે રાષ્ટ્રવાદ વ્યક્તિગત સ્વતંત્રતાને કચડી શકે છે અને રાજ્ય પ્રત્યે આંધળી નિષ્ઠાને પ્રોત્સાહન આપી શકે છે. તેઓ તેને સાંસ્કૃતિક અને બૌદ્ધિક વિવિધતાને નષ્ટ કરવા સક્ષમ બળ તરીકે જોતા હતા. તેઓ માનતા હતા કે ભારતીય રાષ્ટ્રવાદ આત્મનિર્ભરતા, સાંસ્કૃતિક એકતા અને તમામ સમુદાયો માટે આદર પર આધારિત હોવો જોઈએ.

ટાગોરે "સંયુક્ત સભ્યતા"ની વિભાવના વ્યક્ત કરી, જે સમાજને તેના મૂળમાં રાખે છે - યુરોપની રાજ્ય-કેન્દ્રિત સભ્યતાથી વિપરીત.

તેમનો આંતરરાષ્ટ્રીયવાદ ફક્ત સૈદ્ધાંતિક નહોતો; તેમણે વિશ્વ-ભારતી યુનિવર્સિટીની સ્થાપના કરીને તેને નક્કર સ્વરૂપ આપ્યું, જે એક સંસ્થા છે જેણે વિશ્વભરના વિદ્વાનોને આકર્ષ્યા અને સંસ્કૃતિઓનો સંગમ બન્યો.

ટાગોરનો રાષ્ટ્રવાદ વેદ, ઉપનિષદો અને બ્રહ્મો પરંપરાના વિવેચનાત્મક અર્થઘટનમાં મૂળ ધરાવે છે. વર્ષો સુધી, આ ફિલસૂફી આક્રમક હિન્દુ રાષ્ટ્રવાદ સામે - ફક્ત પશ્ચિમ બંગાળના રાજકારણમાં જ નહીં પરંતુ સમગ્ર ભારતમાં - વૈકલ્પિક કથા તરીકે સેવા આપી. પશ્ચિમ બંગાળમાં મમતા બેનડજીની તૃણમૂલ કોંગ્રેસ પર ભાજપના ઐતિહાસિક અને જોરદાર વિજયની ઉજવણીના હોબાળા વચ્ચે, એક સુસંગત પ્રશ્ન ઉભરી આવ્યો છે: શું ટાગોરનો રાષ્ટ્રવાદ હજુ પણ એક સક્ષમ સામાજિક-રાજકીય અને સાંસ્કૃતિક વિકલ્પ તરીકે સેવા આપી શકે છે ? ઓછામાં ઓછું રાજકીય મોરચે, આ પ્રશ્નનો જવાબ હાલમાં નકારાત્મકમાં દેખાય છે. એક મુખ્ય ફાળો આપનાર પરિબળ વર્તમાન વિપક્ષની પોતાની અસમર્થતા, જડતા અને વૈચારિક ખોખલાપણું છે - જે કોઈપણ રીતે જરૂરી રીતે સત્તા કબજે કરવાની અને તેને જળોની જેમ વળગી રહેવાની અતૃપ્ત લાલસા સાથે જોડાયેલું છે. ખરા અર્થમાં, વિપક્ષ પાસે શેરીઓમાં ઉતરવાની અને ભાજપ-આરએસએસના વિભાજનકારી, બહુમતીવાદી સાંપ્રદાયિકતાનો સામનો કરવાની ઈચ્છાશક્તિનો અભાવ છે, જ્યારે મહાત્મા ગાંધીના "કરો યા મરો" ના સ્પષ્ટ કોલને આત્મસાત કરે છે.

ભાજપ... પશ્ચિમ બંગાળમાં ટાગોરને યાદ કરતી વખતે, જે હવે તેના પ્રભાવ હેઠળ આવી ગયું છે, તે બંગાળે ટાગોરને જન્મ આપ્યો હતો, તે જ બંગાળે તેમના વૈચારિક સમકક્ષને પણ જન્મ આપ્યો હતો. જો ટાગોર બંગાળી ઓળખના એક ચહેરાનું પ્રતિનિધિત્વ કરે છે, તો શ્યામા પ્રસાદ મુખર્જી બીજા બંગાળનું પ્રતિનિધિત્વ કરે છે. ઈતિહાસ સાથે પ્રમાણિક રહેવું જરૂરી છે કે બંગાળ હિન્દુ રાષ્ટ્રવાદની શરૂઆતની પ્રયોગશાળા પણ હતી; ખરેખર, હિન્દુત્વના વૈચારિક મૂળ અહીં જ ખીલ્યા હતા.

ભદ્રલોક સંસ્કૃતિ - એટલે કે, ઉચ્ચ જાતિનો બંગાળી બૌદ્ધિક વર્ગ - પોતે બે પ્રવાહોમાં વહેંચાયેલો હતો: એક તરફ સાર્વત્રિક માનવતાવાદ હતો; બીજી તરફ, હિન્દુ ઓળખનો અડગ અવાજ. શ્યામા પ્રસાદ મુખર્જી આ બીજા પ્રવાહમાંથી ઉભરી આવ્યા હતા. તેઓ જનસંઘના સ્થાપક હતા, જે પાછળથી ભાજપનો વૈચારિક પૂર્વજ બન્યો.

**ટાગોર વિરુદ્ધ શ્યામા પ્રસાદ મુખર્જી**

શ્યામા પ્રસાદ મુખર્જીનું ભારતનું વિઝન એક સંકલિત હિન્દુ ઓળખ પર આધારિત હતું - એક ખ્યાલ જે ટાગોરના સરહદહીન, સમન્વયાત્મક અને માનવતાવાદી-પ્રથમ રાષ્ટ્રવાદનો સંપૂર્ણ વિરોધ કરે છે. જ્યારે ટાગોર ભારતને એક સાંસ્કૃતિક ટેપેસ્ટ્રી તરીકે જોતા હતા, ત્યારે મુખર્જીએ તેને એક મજબૂત હિન્દુ રાષ્ટ્ર તરીકે કલ્પના કરી હતી. જ્યારે ટાગોર રોમેન રોલેન્ડ જેવા વ્યક્તિઓ સુધી પહોંચ્યા અને સાર્વત્રિક માનવતાવાદને સ્વીકાર્યો, ત્યારે મુખર્જી રાજકીય સીમાઓ અને સાંસ્કૃતિક એકરૂપતા તરફ આકર્ષાયા.

પશ્ચિમ બંગાળના વર્તમાન રાજકીય પરિદૃશ્ય પર પાછા ફરતા, તે શેક્સપિયર નાટકને લાયક વિરોધાભાસ રજૂ કરે છે: જે બંગાળે આ બંને વ્યક્તિત્વોને જન્મ આપ્યો હતો તેણે હવે - તેના લોકશાહી ઈતિહાસમાં પહેલીવાર - ટાગોરના બદલે મુખર્જીના રાજકીય વારસાને પસંદ કર્યો છે. પશ્ચિમ બંગાળમાં ભાજપનો વિજય સાંસ્કૃતિક વિનિયોગની રાજનીતિમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિજય ફક્ત વિચારધારાનો વિજય નહોતો; તે એક કાળજીપૂર્વક ગોઠવાયેલ રાજકીય પ્રોજેક્ટ હતો.

બૂથ-સ્તરની રણનીતિ, મતદારોનું ધ્રુવીકરણ, અમિત શાહનું સૂક્ષ્મ-વ્યવસ્થાપન અને ઓળખ-આધારિત રાજકારણે આ વિજયનો પાયો નાખ્યો. નાગરિકતા, ઘૂસણખોરી, સરહદ સુરક્ષા, હિન્દુ એકીકરણ, માતુઆ વોટ બેંક, બંગાળી ઓળખ અને ભાષા - આ બધા ચૂંટણી પ્રવચનમાં કેન્દ્રિય મુદ્દાઓ તરીકે ઉભરી આવ્યા.

પંદર વર્ષની સત્તા વિરોધી ભાવના પણ એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે સેવા આપી. આ સાથે મહિલા સુરક્ષા, આર.જી. કર મેડિકલ કોલેજ બળાત્કાર અને હત્યા કેસ અને શાસન સંબંધિત પ્રશ્નો હતા. મમતા બેનરજીએ "બંગાળી ઓળખ"ના સાંસ્કૃતિક પુનરાવર્તન દ્વારા આનો સામનો કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ હિન્દુ એકીકરણના ભાજપના વધુ આક્રમક કથા સામે આ નિષ્ફળ ગયું.

**ચાલો આપણે પ્રશ્ન પર પાછા ફરીએ: બંગાળી સંસ્કૃતિ માટે આ પરિવર્તન શું દર્શાવે છે ?**

આ પરિવર્તનના પરિણામો રાજકારણના ક્ષેત્રથી ઘણા આગળ વધે છે. અવિભાજિત બંગાળ અને સ્વતંત્રતા પછી પશ્ચિમ બંગાળ બંનેની ઓળખ મૂળભૂત રીતે સમન્વયાત્મક છે - સૂફી પરંપરાઓ અને બ્રહ્મો બુદ્ધિવાદનું મિશ્રણ; મુસ્લિમ વણકર અને હિન્દુ કવિઓનું; બાઉલ ગાયકોનું જેમણે દરેક સંગઠિત ધર્મને પડકાર્યો; અને ટાગોર અને કાઝી નઝરુલ ઈસ્લામ, જેમણે હિન્દુ-મુસ્લિમ વિભાજનને પાર કરીને એક સહિયારી સાંસ્કૃતિક ચેતના બનાવી. આજે, આ જ વારસો દાવ પર લાગે છે.

**ખોરાક અને જીવનશૈલી**

બંગાળમાં - જે પ્રદેશ માછલી, માંસ અને ગૌમાંસના વપરાશ માટે પ્રખ્યાત છે - શાકાહાર પર સાંસ્કૃતિક રીતે પ્રેરિત આગ્રહ ભવિષ્યમાં સાંસ્કૃતિક તણાવનું કારણ બની શકે છે. બંગાળમાં, માછલી ફક્ત આહારનો મુખ્ય ભાગ નથી; તે સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક છે, જે લગ્નો અને ધાર્મિક વિધિઓમાં પણ એક અલગ સ્થાન ધરાવે છે. આસામમાં, બંગાળી મૂળના મુસ્લિમોને દાયકાઓથી "મિયા" તરીકે નિંદાત્મક રીતે લેબલ કરીને નિશાન બનાવવામાં આવ્યા છે. એવી મજબૂત આશંકા છે કે આસામમાં ભાજપ દ્વારા અપનાવવામાં આવેલ રાજકીય માર્ગ - અને તેણે ત્યાં જે મોડેલનો ઉપયોગ કર્યો હતો - તે પશ્ચિમ બંગાળમાં ખૂબ જ સારી રીતે નકલ થઈ શકે છે. પશ્ચિમ બંગાળની મુસ્લિમ વસ્તી - જે કુલ વસ્તીના આશરે ૨૭% છે - તે પ્રદેશના સાહિત્ય, સંગીત, રાંધણ પરંપરાઓ, વાણિજ્ય અને રોજિંદા સાંસ્કૃતિક માળખાનો એક અભિન્ન ઘટક છે.

**નાગરિકતા અને ઓળખ**

વહીવટી કસરતો - જેમ કે મતદાર યાદીઓના સુધારા - લઘુમતી સમુદાયો પર અપ્રમાણસર અસર કરે તેવી સંભાવના અંગે વારંવાર ચિંતાઓ ઉઠાવવામાં આવી છે. વિવેચકોના મતે, આવી કસરતો ફક્ત વહીવટી પ્રક્રિયાઓ રહી નથી; તે અસરકારક રીતે રાજકીય પ્રક્રિયાઓમાં પરિવર્તિત થાય છે. જો કે, પશ્ચિમ બંગાળ - અને/અથવા બંગાળી ઓળખ - સાથે સંકળાયેલા અસંખ્ય બહુલવાદી પ્રતીકો, છબીઓ અને પ્રવચનો વચ્ચે, ઈતિહાસ આપણને એક અસ્વસ્થતાભર્યા સત્યનો સામનો કરવા મજબૂર કરે છે: બંગાળી રાષ્ટ્રવાદી પરંપરા હંમેશા સંપૂર્ણ રીતે સમાવિષ્ટ નહોતી. બંગાળ પુનઃજીવનની ઘણી સાહિત્યિક કૃતિઓમાં, મુસ્લિમ શાસકોને ભારતની સ્વતંત્રતાના વિરોધી તરીકે દર્શાવવામાં આવ્યા હતા. આ જ વલણ પાછળથી સાંપ્રદાયિક ધ્રુવીકરણ અને ૧૯૪૭ના ભાગલામાં ફાળો આપતું દેખાયું.

ટાગોરનો માનવતાવાદ આ જ વલણ સામે પ્રતિકારના સભાન કાર્ય તરીકે ઊભો રહ્યો. તેમની ઉદારતા જન્મજાત અથવા સ્વયંભૂ બંગાળી લક્ષણ નહોતી; તેના બદલે, તે એક કઠોર વૈચારિક શિસ્ત હતી - જે સતત બૌદ્ધિક હિંમત, શિક્ષણ અને સંસ્થાકીય સમર્થનની માંગ કરતી હતી. હવે પ્રશ્ન એ ઊભો થાય છે: આગળ શું છે? વિવિધ પરિસ્થિતિઓમાં, એક શક્યતા એ છે કે જો ભાજપ ઉત્તર પ્રદેશ અથવા આસામની જેમ પશ્ચિમ બંગાળ પર શાસન કરે છે, તો રાજ્યના વિશિષ્ટ સાંસ્કૃતિક બહુલવાદ પર દબાણ વધી શકે છે. પશ્ચિમ બંગાળમાં ભાજપના શાસન હેઠળ, દુર્ગા પૂજા - પરંપરાગત રીતે એક સમુદાય ઉત્સવ - સંભવતઃ હિન્દુ રાજકીય એકીકરણ માટે એક વાહન તરીકે વિકસિત થઈ શકે છે.

નઝરુલ ઈસ્લામની મુસ્લિમ ઓળખ ધીમે ધીમે હાંસિયામાં ધકેલી શકાય છે. બાઉલ પરંપરા જેવી પ્રવાહી, સીમાઓ પાર કરતી લોક પરંપરાઓ પણ દબાણ હેઠળ આવી શકે છે.

બીજી શક્યતા પ્રતિકારના ભવિષ્ય સાથે સંબંધિત છે. પશ્ચિમ બંગાળમાં હજુ પણ એક મજબૂત નાગરિક સમાજ, સમૃદ્ધ સાહિત્યિક વારસો, જીવંત મીડિયા લેન્ડસ્કેપ (ખાસ કરીને "લિટલ મેગેઝિન"ના સ્તરે), અને ઊંડી સાંસ્કૃતિક સ્મૃતિ છે. ટાગોર, સત્યજીત રે, ઋત્વિક ઘટક, મૃણાલ સેન, મહાશ્વેતા દેવી અને સુનીલ ગંગોપાધ્યાય જેવી હસ્તીઓને જન્મ આપનાર બંગાળ પણ પ્રતિકારની પરંપરામાં ડૂબી ગયું છે. રવીન્દ્ર સંગીત આજે પણ બંગાળી ઘરોમાં ગુંજતું રહે છે. વિશ્વભારતી હજુ પણ ઊંચું છે. જોકે, એક મહત્વપૂર્ણ પ્રશ્ન રહે છે... પ્રશ્ન એ રહે છે કે શું સાંસ્કૃતિક પ્રતિકાર રાજકીય પ્રતિકારમાં પરિવર્તિત થઈ શકશે ?

ત્રીજી શક્યતા પશ્ચિમ બંગાળ અને સમગ્ર રાષ્ટ્રના સામાજિક-સાંસ્કૃતિક અને રાજકીય ભવિષ્ય માટે સૌથી ગંભીર ખતરો ઉભો કરે છે. આપણે જોયું છે કે ભાજપ ઘણીવાર સ્થાનિક સંસ્કૃતિનો સીધો નાશ કરતું નથી, પરંતુ ધીમે ધીમે તેને આત્મસાત કરે છે. ટાગોરને પસંદગીપૂર્વક ટાંકવામાં આવશે; તેમના રાષ્ટ્રવિરોધી વિચારોને ઓછો અંદાજવામાં આવશે, જ્યારે તેમના સાંસ્કૃતિક-હિન્દુ પાસાને ભારપૂર્વક દર્શાવવામાં આવશે. બંગાળી ગૌરવ હિન્દુ ગૌરવમાં પરિવર્તિત થશે. આ સૌથી સૂક્ષ્મ છતાં ગહન પરિવર્તન હશે - કારણ કે તે અંદરથી બદલાતી પરંપરાની ભાષા અને પ્રતીકોનો ઉપયોગ કરશે. આવા વાતાવરણમાં - ટાગોરની જન્મજયંતિ નિમિત્તે - ટાગોરનું બંગાળ જાણે પોતાના ભવિષ્યના કઠેડામાં ઊભું હોય તેવું લાગે છે. ટાગોર માનતા હતા કે ફક્ત પ્રેમ, સહાનુભૂતિ અને આધ્યાત્મિક એકતા પર સ્થાપિત રાષ્ટ્રો જ કાયમી મહાનતા પ્રાપ્ત કરી શકે છે. તેમને ફક્ત વસાહતી શાસન જ નહીં, પણ એવી શક્યતાનો પણ ડર હતો કે સ્વતંત્ર ભારત, "રાષ્ટ્રીય શુદ્ધતાના નામે" પોતાની સહજ બહુલતાને કચડી નાખશે. આજે, આ આશંકા બંગાળના દરવાજા પર ખટખટાવી રહી હોય તેવું લાગે છે - ફક્ત એક શક્યતા તરીકે નહીં, પરંતુ એક ભયાનક વાસ્તવિકતા તરીકે.

૨૦૨૬ની પશ્ચિમ બંગાળની ચૂંટણી ફક્ત રાજકીય પરિણામ કરતાં ઘણી વધારે ઉભરી આવી છે; તે ભારતના સૌથી બૌદ્ધિક અને સાંસ્કૃતિક રીતે જીવંત રાજ્યના આત્માની કસોટી સાબિત થઈ છે - એક એવી કસોટી જેણે અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

શું "જન ગણ મન" અને "ગીતાંજલિ"ના સર્જક - કાઝી નઝરુલ ઈસ્લામ અને બિભૂતિભૂષણ બંદોપાધ્યાયનું બંગાળ - હિન્દુ-મુસ્લિમ સાંસ્કૃતિક સહઅસ્તિત્વની તે ભવ્ય પરંપરાને જાળવી શકશે જેણે તેને વૈશ્વિક મંચ પર અલગ પાડ્યું છે? આ પ્રશ્નનો જવાબ ફક્ત રાજકીય દાવપેચના ક્ષેત્રમાં જ મળશે નહીં. તેના બદલે, તે જવાબ પશ્ચિમ બંગાળની શાળાઓ અને કોલેજોના વર્ગખંડોમાં; બંગાળી યુવાનોના અનૌપચારિક મેળાવડા સ્થળો - અડ્ડાઓ - માં લખવામાં આવશે; સિનેમા, થિયેટર અને સાહિત્યમાં; ગીત અને સંગીતમાં; અને આ ભૂમિની જ માટીમાં - એક એવી ભૂમિ જેણે, તેના સૌથી અંધકારમય સમયમાં પણ, તેની દૃઢ અને અદમ્ય માનવતાથી વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે.

**દલિત જમીનો, કબ્રસ્તાનો પરના અતિક્રમણ દૂર કરવા સુપ્રીમ કોર્ટના પેનલનો આદેશ**

આંધ્ર પ્રદેશ રાજ્ય અનુસૂચિત જાતિ આયોગના સભ્ય રાવડા સીતારામને શુક્રવારે મહેસૂલ વિભાગના અધિકારીઓને ચીપુરુપલ્લી, ગરીબી, રાજમ, સંતકાવટી અને રાજમ મતવિસ્તારના અન્ય ભાગોમાં દલિત સમુદાયોની જમીનો અને કબ્રસ્તાનો પરના અતિક્રમણ દૂર કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે ગુરુવારે રાજમમાં ચીપુરુપલ્લી મહેસૂલ વિભાગીય અધિકારી સુધા રાની અને જિલ્લાના આઠ મંડળોના તહસીલદારો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. તેમણે મહેસૂલ અધિકારીઓને જણાવ્યું હતું કે તેમને વિવિધ સ્થળોના ગ્રામજનો તરફથી ૪૫ ફરિયાદો મળી છે, અને ફરિયાદોમાં સત્યતાની ચકાસણી કર્યા પછી અરજદારોને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

સીતારામને રાજમ મ્યુનિસિપલ સત્તાવાળાઓને અનુસૂચિત જાતિની સોસાયટીઓને ૨૨% કામો ફાળવવાનો પણ નિર્દેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે અનુસૂચિત જાતિ સંબંધિત વિષયો પર આગળની કાર્યવાહી માટે ક્ષેત્ર મુલાકાતો અને સમીક્ષા બેઠકોનો એકીકૃત અહેવાલ કમિશનના અધ્યક્ષ કે. એસ. જવાહરને સુપરત કરવામાં આવશે.

**-અમિતાભ**

**(સૌ. : સત્યહિન્દી.કોમ)**

# પ.બંગાળ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓના પરિણામોનું એક સત્ય અવલોકન

તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીના પરિણામો ખૂબ જ ચોંકાવનારા હતા, એમાં ખાસ કરી પ.બંગાળ અને તમિલનાડુ હતા, તમિલનાડુમાં એમ.કે સ્ટાલિનના નેતૃત્વ હેઠળ "ડીએમકે" જોસેફની એક નવી પાર્ટી સામે આટલું ખરાબ રીતે હારશે એ કોઈને પણ કલ્પના બહાર હતું. સાથે સાથે પ.બંગાળની ચૂંટણીના પરિણામો પ.બંગાળ માટે એક ધરતીકંપ સમાન હતા? હરિયાણા પછી જ તુરંત અમિત શાહે "હવે પ.બંગાળ"ની વાત કરી હતી. પ.બંગાળ પછી "હવે પંજાબ" પછી ઉત્તર પ્રદેશની ચૂંટણીઓ પણ આવી રહી છે. એક સાથે પાંચ રાજ્યોના પરિણામોમાં જ પ.બંગાળની ચૂંટણી ઉપર સમગ્ર દેશના મીડિયાથી માંડી દેશના સામાન્ય નાગરિકો અને રાજકીય પંડિતોમાં પણ એક આગવી બહસ અને ચર્ચાઓનો દોર જોવા મળતો હતો. સતત ત્રણ ટર્મથી મમતાજીનું આગવું શાસન ભાજપા માટે એક પથ્થરની ચટ્ટાનની જેમ અડીખમ હતું. પ.બંગાળની કહેવાતી શેરની દહાડ ભાજપના હિન્દુત્વને ધ્રુજાવી દે તેમ હતી. એની સેક્યુલર યોજનાઓ સામે ભાજપાનું હિન્દુત્વ લાચાર હતું. હમણાં અગાઉ થયેલી બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હીની ચૂંટણીઓમાં જે પરિણામો આવ્યા પ. બંગાળની જેમ જ ખુબ જ ચોંકાવી દે તેવા હતા. બધા જ એક્ઝીટ પોલ ખોટા સાબિત થયા હતા. આમાં રાજકિય પંડિતો પણ ભૂલા પડ્યા હતા. આ પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો પણ કંઈ એ જ પ્રકારના હતા. આ ચૂંટણીઓ પહેલાં આવું થવું નક્કી જ હતું અને આગામી ચૂંટણીઓમાં આવું જ થવું પણ નક્કી જ માનીને ચાલવું રહ્યું ? ભાજપાની હિન્દુત્વ ડિઝાઈન પ્રમાણે આવેલા પરિણામોને આધિન જ રહેશે એમાં શંકાને કોઈ સ્થાન જ નથી. હવે સમગ્ર દેશને સત્તામાં કેમ કરી બદલી શકાય કે ફેરવી શકાય એની એક ચોક્કસ ડિઝાઈન નક્કી કરી લેવામાં આવી છે? હવે હિન્દુત્વના આ જ એક નકશાને પ્રાધાન્ય આપીને "હિન્દુ દેશ" જાહેર કરી દેવાનો એક્શન પ્લાન નક્કી માનવો.

**આ પ્લાનની ડીઝાઈન શું છે ?**

આપણો દેશ લોકશાહીને આધિન દેશના બંધારણની સાથે બિનસાંપ્રદાયિકતાને વરેલો દેશ છે. આને સામે રાખી સત્તાને જોરે હિન્દુત્વની ડિઝાઈનને કેમ અમલમાં મૂકી શકાય એક આખો ભાવી એજન્ડા નક્કી લેવામાં આવ્યો છે. સમગ્ર દેશ અને આ દેશના સેક્યુલર બુદ્ધિજીવીઓ આને જ લગતા અને આવતા પરિણામો જોઈ અચંબિત થઈ પણ રહ્યા છે અને આ બધું દેશની લોકશાહીને આગળ ધરી સત્તાનો દુરૂપયોગ ખુલ્લેઆમ થતો જોવાઈ રહ્યો છે, જણાઈ રહ્યો નથી શું ?? - લોકશાહી પ્રમાણે દેશને એકીસાથે પોતાની આગવી સત્તા મેળવી શકાય તેમ નથી, એટલે પોતાની ડિઝાઈન પ્રમાણે જુદા જુદા રાજ્યોમાં આવતી ચૂંટણીઓમાં સત્તાને જોરે બધા જ ક્ષેત્રોમાં ઈડીથી માંડી ચૂંટણી આયોગ અને અંતે ન્યાયાલયોમાં પણ પોતાના જ માણસો ગોઠવી એક તરફી માહોલ ઊભો કરી દેવામાં આવ્યો છે. સમગ્ર દેશ જ નહીં અન્ય દેશો પણ આને નિહાળી રહ્યા છે. ગોદી મીડિયાનું એક આખું સંકુલ ઊભું કરી દેવામાં આવ્યું છે. આપણા આ લોકશાહી દેશમાં કાયદો અને વ્યવસ્થા તદ્દન પડી ભાંગી છે. દેશની લોકશાહી ખતરામાં છે. એવું કહેવામાં હવે કંઈ બાકી રહ્યું જ નથી. હવે આને રાજ્યો પ્રમાણે નકશો ઘડી લેવામાં આવ્યો છે. સમગ્ર દેશનો એક સાથે કબજો મેળવી શકાય તેમ નથી પાછલા રાજ્યોમાં થયેલી ચૂંટણીઓ બિહાર, કર્ણાટક, મહારાષ્ટ્ર, દિલ્હી અને હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોની ચૂંટણીઓનું અવલોકન કરી લેવામાં આવે તો બધા જ સંસાધનોને પોતાના હુકમો લાગુ કરી રાજ્યની ચૂંટણીઓ જીતી લઈ (હાલ ભાજપાનો ૨૨ રાજ્ય ઉપર કબજો છે) આવતી ૨૦૨૯ની લોકસભાની ચૂંટણીઓનો પ્રકાર શું હશે ? તે દેશ માટે અને દેશની લોકશાહીની બિનસાંપ્રદાયકતા માટે શું સ્વરૂપ લેશે એ એક પ્રશ્નાર્થ રહેશે ?

## હમારી ચીખ પર ગઝબ હો ગયા
## આંખ ઝહેરીલી, કાન બેહરા હો ગયા !!

આમાં બે જ બાબતો વધારે આ નકશાને આધિન કામ કરી રહેલી સમગ્ર દેશને જણાઈ રહી છે. એક છે આ દેશનું ચૂંટણી આયોગ અને અન્ય છે દેશની જ્યુડેશરી સિસ્ટમ ન્યાય પાલિકાઓ. આવતી ચૂંટણીઓ પહેલા આનો નકશો તૈયાર કરી લેવામાં આવે છે. ક્યાં કેટલી સીટો મેળવી લેવી ચૂંટણી કમીશનર સાથે પરામર્શ કરી લેવામાં આવે છે.? અને એ જ પ્રમાણે એના પરિણામો સમગ્ર દેશ જોઈ રહ્યો છે. ગોદી મીડિયા દ્વારા આને માધ્યમ બનાવી દેશની સામાન્ય પ્રજાને ગુમરાહ કરવામાં આવે છે. અંતે એટલું જ સમજવું રહ્યું કે ભલે મીડિયાની ચેનલો કે સોશિયલ મીડિયાના એક્રરો ડીબેટ દ્વારા ગમે તેટલી લમણાઝીક કરતા હોય અથવા દેશના રાજકીય પંડિતો કે દેશના બુદ્ધિજીવીઓ ચૂંટણીઓના પરિણામો ઉપર બહસો કરતા હોય બધું નિરર્થ હોય છે. આમાં કોણ જીતશે આ બહસ કે ચર્ચા તદ્દન ખોટી અને સમય ખોટો વેડફી નાખવા જેવું માનીને જ ચાલો. આ સૂચન રખે ભુલતા. ચૂંટણીઓ પરિણામ તો એજ આવે જે દેશના કહેવાતા ચાણક્ય અમિત શાહ અને મોદીજી પોતાના ભાષણોમાં કહેતા હોય છે. પાછલી ચૂંટણીઓમાં હરિયાણા, કર્ણાટક, દિલ્હી, મહારાષ્ટ્ર ના પરિણામો સૌની સામે જ છે.

આ ચૂંટણીઓમાં પ.બંગાળની ચૂંટણી પણ એક મુઅમ્માથી ઓછી ન હતી. "બિન બાદલ બરસાદ" જેવું કંઈ હતું. વાતાવરણ તો ખુબ સારૂ હતું, મમતાજીનું શાસન પંદર વર્ષથી અકબંધ હતું. કેટલાય સમયથી ભાજપા ઝંઝોળી રહ્યું હતું પણ મમતાજી પ.બંગાળમાં સહેજે મચક આપી રહ્યા ન હતા. પ.બંગાળને કેમ કરી જીતી શકાય એની ડિઝાઈન કેટલાય સમય પહેલાથી જ નક્કી કરી લેવામાં આવી હતી. અને એ જ ડિઝાઈન પ્રમાણે આખી સિસ્ટમ ગોઠવી લેવામાં આવી હતી. દેશની સરહદી ફોજને બે લાખથી વધારે સંખ્યામાં ઉતારી દેવાઈ હતી. મમતાજીના બધા જ અધિકારીઓને એકી સાથે બદલી દેવામાં આવ્યા હતા. મમતાજી સરકાર હોવા છતાં બધી જ રીતે પ.બંગાળને હાઈજેક કરી લેવામાં કંઈ બાકી રાખ્યું ન હતું.

સમગ્ર પ.બંગાળને ભય સ્થાન બનાવી દેવામાં આવ્યું હતું. આ બાબતોનો ખૂબ ટૂંકમાં જગ્યાને અગ્ર સ્થાન આપી લખી રહ્યો છું નહીતર આ સિસ્ટમ ખુબ જ લંબાઈ જાય તેમ છે.

**હમ હારે નહીં હરાયા ગયા હે**

મમતાજી કહે છે "હમ હારે નહીં હરાયા ગયા હે સો સીટે લૂંટી ગઈ હે" એસ.આઈ.આર.માં નેવુ લાખ વોટર કાપી નાખવામાં આવ્યા છે. અને ઘણું બધું. અંતે તૃણમુલ કોંગ્રેસ હારી એટલું જ નહિ મમતાજી પોતે ભવાનીપુરથી સુવેન્દ્ર અધિકારી સામે પંદર હજાર વોટથી હારી ? "ન બચે બાંસ ન બજે બાંસૂરી". પરિણામો આવ્યા પછી એક હડકંપ મચીગયો. આવો અખાડો આ પહેલા આખા દેશમાં કોઈએ જોયો ન હતો.

**રાજીનામું નહીં આપું.**

હારી ગયા પછી "હું રાજીનામું નહીં આપું" આવી વાત પત્રકાર પરિષદમાં મમતાજીએ ઉચ્ચારી હતી. હું આ લખી રહ્યો છું ત્યારે અખબારોના મોટા હેડીંગો જોવા મળી રહ્યા છે. મારો આ લેખ છપાય ત્યાં સુધી કંઈ ઉલટ ફેર થતો જણાશે. જો મમતાજી રાજીનામું નહીં આપવા પર મક્કમ રહેશે તો પણ બંધારણ રૂએ કલમ ૧૬૪ હેઠળ તેમને હટાવવાનો નિર્ણય રાજ્યપાલ પાસે અધિકાર છે જ. એટલે રાજીનામું ન આપે તો પણ મુખ્યમંત્રી પદ તો જશે જ અને નવી સરકારની રચના અમલમાં આવી જશે. (હું લખું છું ત્યાં સુધીમાં આવી ગઈ હશે જ.)

**હવે ફરી ઈન્ડિયા ગઠબંધનની પુકાર બુલંદ થવા માંડી !**

બે હજાર ચોવીસમાં ઈન્ડિયા ગઠબંધન અમલમાં આવેલું ત્યાર પછી માત્ર દસ મહિના ચાલુ રહ્યું. પછી બધા જ પક્ષો પોતાની રીતે અને ખાસ મમતાજી પણ પોતાની સાથે કોઈ પક્ષને જોડવા માંગતા ન હતા. આ ચૂંટણીમાં પણ કોંગ્રેસ પક્ષ સામે ઉભો જ હતો. એટલું જ નહીં એક બીજા પર આક્ષેપોની વણઝાર લગાવી દીધી હતી. હવે મમતાજીને ગઠબંધન યાદ આવી ગયું !!? ટુંકાવી દઉં તો હવે જોયું રહ્યું આગે આગે દેખીયે હોતા હે ક્યાં ? દેશનું લોકતંત્ર ખાડે જઈ રહ્યું છે, બંધારણના લીરેલીરા ઉડી રહ્યા છે, ન્યાયતંત્ર બિસ્માર થઈ રહ્યું છે, સમગ્ર દેશ બાનમાં મુકાઈ રહ્યો છે, દેશનું લોકતાંત્રિક માળખું આવતી ચૂંટણી સુધી સલામત રહી શકશે કે કેમ એક પ્રશ્નાર્થ બની રહ્યો છે ? ઈન્ડિયા ગઠબંધન સડકથી સંસદ સુધી જશે એવો એક ઉચ્ચાર સોશિયલ મીડિયા દ્વારા વાયરલ થઈ રહ્યો છે. ઉપર જણાવેલ મુદ્દાઓ જ્યાં સુધી લોકોના ગળે ઉતરી ન શકે ત્યાં સુધી રેલીયો કે આંદોલનોથી કોઈ ફરક પડી શકે તેમ નથી. રાહુલ ગાંધીની પદયાત્રા બરાબર પણ બંધારણનું ઉલ્લંઘન દેશની લોકશાહી ખતરામાં, S.I.R. વોટ ચોરી તમોએ સમજી લીધું છે પણ લોકોને સમજાવી કે ગળે ઉતારી શકતા નથી એ ખામીને કબુલ કરવી રહી. સ્ટેજ પર ઉભા રહી માત્ર બંધારણની કિતાબ બતાવવાથી લોકોને બંધારણ શું છે નહીં સમજાય જ્યાં સુધી આ હકીકત સમજીને લોકો રોડ ઉપર નહીં આવે ત્યાં સુધી "સડકથી સંસદ"નું સૂત્ર તદ્દન નકામું છે એવું સમજીને ચાલવું રહ્યું.

પુડુચેરી, તમિલનાડુ, કેરળ, હવે રહી વાત આસામની આમાં કોંગ્રેસ કંઈ ઉકાળી શકી નહીં. મુખ્યમંત્રી હિમંતા બીસ્વા સરમાએ છડેચોક મુસ્લિમોને ગાળો ભાંડી છે. અને આચાર સંહિતાની સહેજે પરવા કર્યા વગર મુસ્લિમો માટે જે ભાષણો આપ્યા છે એને વર્ણવી શકાય તેમ નથી. હવે પાછા સત્તા ગ્રહણ કરવાના ત્યારે મુસ્લિમો સાથે શું વર્તાવ કરશે એ જ એક ખૂબ ચિંતાભરી કથની છે. ભાજપનો હિન્દુત્વ એજન્ડા સમગ્ર દેશના મુસ્લિમોને સ્પર્શી રહ્યો છે. દેશનું હિન્દુ - મુસ્લિમ વિભાજન દેશની બિનસાંપ્રદાયિકતાને ખુલ્લેઆમ પડકારી રહ્યું છે ત્યારે દેશના અલ્પ સંખ્યક સમુદાયોને વિચારવું રહ્યું.

પ.બંગાળની હકીકત ઉપર દર્શાવી ચુક્યો છું. ભારતના ખુલ્લા એજન્ડા સાથે પ.બંગાળમાં ભાજપા એ ચૂંટણી જીતી લીધી છે. હવે ત્યાં પણ ઘુસપેઠીયા નામે સુવેન્દુ અધિકારીએ પોતાના એક પ્રવચનમાં મુસ્લિમોને કોઈ મદદ કરવામાં નહીં આવે એવું બેહુદા ઉચ્ચારણ કરેલું છે. પ.બંગાળમાં પણ આસામની જેમ મુસ્લિમોને જુદા તારવી લેવામાં આવ્યા છે. હવે સમગ્ર દેશમાં સીધી રીતે આજ હિન્દુત્વ ડિઝાઈન અમલમાં મુકાઈ રહી છે. દેશમાં ખુલ્લેઆમ આવી હિન્દુ-મુસ્લિમ વિભાજનની જ વાત હોય તો દેશના સેક્યુલર હિન્દુ બિરાદરો અને મુસ્લિમ ઉલેમાઓ અને રહેબરોએ આને સહેજે ગંભીરતાથી વિચારવાનો સમય પૂર્ણ થવા ઉપર છે એમ સમજવું જરૂરી છે. આવતી ચૂંટણીઓ દેશ માટે અંતિમ ન હોય એવું માનવું તર્કથી ખાલી નથી જ નથી ?

**જિન ચિરાગોં સે તઅસ્સુબ કા ધુંવા ઉઠતા હો**
**ઉન ચીરાગો કો બુઝા દો ઉજાલે હોંગે**

**-"ખાદિમ લાલપુરી"**

મોઃ-૯૪૨૬૨૭૧૨૨૦

**હદીસ બોધ**

જે માણસ ક્રોધ કરે છે તેને કદાપી રાહત મળતી નથી.

(હદીસ બોધ)

**બોધ વચન**

શિક્ષણ વિના માણસ પશુ સમાન છે.

-ગાંધીજી

**આજની આરસી**

૧૦ મે રવિવાર ૨૦૨૬
૨૨ ઝિલકદ હિજરી ૧૪૪૭
વૈશાખ વદ આઠમ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૪-૩૫
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય)૬-૦૧
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૧૧

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

**- વ્યવસ્થાપક**

# દલિત યુવકના મૃત્યુની CB-CID તપાસની અરજી પર HCએ રાજ્ય સરકારનો જવાબ માંગ્યો

(એજન્સી) મદુરાઈ, તા.૯

મદ્રાસ હાઈકોર્ટે બુધવારે રાજ્યને પુડુક્કોટાઈ જિલ્લામાં એક ખાણમાંથી મળી આવેલા દલિત યુવક હરિહરનના મૃત્યુની CB-CID તપાસની માંગ કરતી અરજી પર પ્રતિવાદ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જસ્ટિસ પી વેલમુરુગન અને સી કુમારપ્પનની ડિવિઝન બેન્ચે પોલીસને આગામી આદેશ સુધી સંબંધિત ફોજદારી અદાલત સમક્ષ અંતિમ અહેવાલ દાખલ કરવાથી રોકી હતી. આ નિર્દેશ નીલમ પાનપટ્ટુ મૈયામના પુડુક્કોટાઈ જિલ્લા સંયોજક કે મુરુગનંદમ દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજી પર આવ્યો હતો. અરજદારે જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિના યુવક હરિહરન, મધ્યવર્તી જાતિની મહિલા સાથે સંમતિથી સંબંધમાં હતા, જેનો તેના પરિવારે વિરોધ કર્યો હતો. અરજી મુજબ, મહિલાના પરિવાર તરફથી ધમકીઓ મળતાં આ દંપતી નવેમ્બર ૨૦૨૫માં ભાગી ગયું હતું. જોકે પોલીસે અગાઉ પરિવારના સભ્યોને ચેતવણી આપી હતી, અરજદારે આરોપ લગાવ્યો હતો કે સતત ધમકીઓ છતાં યુવક અથવા તેના પરિવારને કોઈ સુરક્ષા આપવામાં આવી નથી. ૨૧ એપ્રિલે મહિલા તરફથી બળજબરીથી લગ્ન કરાવવાનો ફોન આવ્યા બાદ હરિહરન ઘરેથી નીકળ્યો હતો અને ગુમ થઈ ગયો હતો. ૨૩ એપ્રિલે એક ખાણમાંથી ઈજાના નિશાનો સાથેનો તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. "ઘાટોની પ્રકૃતિ અને આસપાસના સંજોગો હત્યાની મજબૂત શંકા ઉભી કરે છે," અરજદારે સ્થાનિક પોલીસ તરફથી પક્ષપાતનો આરોપ લગાવતા અને CB-CID દ્વારા નિષ્પક્ષ તપાસની માંગણી કરતા જણાવ્યું હતું. અરજીમાં પરિવારને વળતર અને પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવાની પણ માંગ કરવામાં આવી હતી. રાજ્ય દ્વારા તેનો જવાબ દાખલ કરવા માટે બે અઠવાડિયા પછી આ મામલો પોસ્ટ કરવામાં આવ્યો હતો.

# દલિતો સામેના અત્યાચાર : ન્યાયની આશા ધૂંધળી બની રહી છે

**સરેરાશ, SC-ST (PoA) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ આરોપ મૂકવામાં આવેલા દર દસ આરોપીઓમાંથી સાતને નિર્દોષ જાહેર કરવામાં આવે છે, આ એક ઊંડી ચિંતાનો વિષય છે કારણ કે આ કાયદો પ્રારંભિક પૂછપરછ અને તપાસ માટે ખૂબ જ મજબૂત માળખું પૂરું પાડે છે, સૈયદ ઝેગમ મુર્તઝા લખે છે**

(એજન્સી) તા.૯

ઉત્તરપ્રદેશના ગોંડા જિલ્લાની એક કોર્ટે તાજેતરમાં પુરાવાના અભાવે દલિતો સામેના અત્યાચારના ત્રણ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ એક વખતની ઘટના નથી. આ એક નિયમિત પેટર્ન છે. નબળી તપાસ અને ઉદાસીન પોલીસ દળ દલિતો સામેના અત્યાચારોના કેસોમાં શાપ બની ગયું છે. ડેટા દર્શાવે છે કે ઉત્તર પ્રદેશ સહિત મોટાભાગના હિન્દી ભાષી રાજ્યોમાં દલિત-અત્યાચારના કેસોમાં સજાનો દર અત્યંત ઓછો છે. ગોંડા કેસમાં FIR કહે છે કે બેની ખેરા ગામની શ્રીદેવીને ૧ માર્ચ ૨૦૨૧ની રાત્રે જીવતી સળગાવી દેવામાં આવી હતી. સંતોષ કુમાર, છોટુ ઉર્ફે રણજીત અને રૂપેશ કુમાર ઉર્ફે છોટે બાબુની ધરપકડ કરવામાં આવી હતી અને હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા એકઠા કરી શકી ન હતી અને ત્રણેયને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, જેના કારણે સ્પેશિયલ જજ (SC-ST એટ્રોસિટી એક્ટ) સૂર્ય પ્રકાશ સિંહે તેમને શંકાનો લાભ આપ્યો હતો. આગ્રામાં હત્યા સહિત અત્યાચારના આવા જ એક કેસમાં, પુરાવાના અભાવે કોર્ટે આરોપીઓને છોડી મૂક્યા હતા. ૨૩ મે ૨૦૦૭ના રોજ, આગ્રાના ટ્રાન્સપોર્ટ નગર વિસ્તારમાં બંટી (૨૫)ની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ કેસ ૧૮ વર્ષ સુધી ચાલ્યો પરંતુ પોલીસ આરોપીઓ વિરૂદ્ધ પૂરતા પુરાવા એકઠા કરી શકી નહીં. સ્પેશિયલ જજ (SC-ST એટ્રોસિટી એક્ટ)ની કોર્ટે સાક્ષીઓની જુબાનીમાં નોંધપાત્ર વિરોધાભાસ શોધી કાઢ્યો અને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. ગયા વર્ષે ઓક્ટોબરમાં, રાયબરેલીની એક કોર્ટે દલિત યુવકની હત્યાના કેસમાં આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. પીડિતા, હરિઓમ વાલ્મીકિ માનસિક રીતે અસ્વસ્થ હતી. પોલીસે ઘણા લોકોને આરોપી તરીકે રજૂ કર્યા હતા પરંતુ એક પણ સામે આરોપ સાબિત કરી શક્યા ન હતા. કોર્ટે સાક્ષીઓની જુબાનીમાં વિસંગતતાઓ શોધી કાઢી અને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. ઉત્તર પ્રદેશથી આગળ વધીને, ગુજરાતની એક કોર્ટે ૨૦૧૬ના કુખ્યાત ઉના કોરડા મારવાની ઘટનામાં ૪૨ આરોપીઓમાંથી ૩૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. દલિતો પર ગાયોની કતલ અને માર મારવાનો ખોટો આરોપ મૂકવામાં આવ્યો હતો. આનાથી દેશભરમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા. જોકે, પોલીસ ૪૨ આરોપીઓમાંથી ફક્ત પાંચ સામે જ આરોપો સાબિત કરી શકી. તેમને પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. નિર્દોષ જાહેર કરાયેલા લોકોમાં ઘણા પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે. ચુકાદો આવે તે પહેલાં જ બે આરોપીઓનું અવસાન થયું હતું. આ ઘટનાઓ ફક્ત કેટલાક ઉદાહરણો છે, જે એ હકીકત પર ભાર મૂકે છે કે પોલીસ દલિત અત્યાચારોના કેસોમાં દોષિત ઠેરવવામાં રસ ધરાવતી નથી. સામાજિક કાર્યકર મોહમ્મદ નૂર આલમના મતે, પોલીસ જાહેર દબાણ હેઠળ અને ક્યારેક કાનૂની મજબૂરીઓને કારણે કેસ નોંધે છે. પરંતુ જ્યારે દોષિત ઠેરવવાની વાત આવે છે, ત્યારે સમગ્ર તંત્ર બહુ ઓછો રસ દાખવે છે. નૂર આલમ આ સ્થિતિ માટે ફરિયાદી એજન્સીઓ અને ન્યાયતંત્રમાં દલિતોના નબળા પ્રતિનિધિત્વને દોષી ઠેરવે છે. તે કહે છે કે પોલીસથી લઈને કોર્ટ સુધી, સમગ્ર તંત્ર, આરોપીઓ પ્રત્યે નરમ ખૂણો ધરાવે છે અને આરોપીઓ પ્રત્યે ઓછી સહાનુભૂતિ ધરાવે છે. ભલે ગમે તે હોય, એ હકીકત છે કે મોટાભાગના દલિત-અત્યાચારના કેસોમાં, આરોપીઓ છૂટી જાય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) દ્વારા સંકલિત વર્ષ ૨૦૨૨ના ડેટા અનુસાર, દેશમાં અનુસૂચિત જાતિના સભ્યો સામે હિંસાના ૫૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા હતા. પરંતુ તેમાંથી ૮૦ ટકા નિર્દોષ છૂટ્યા. તે જ વર્ષે, અનુસૂચિત જનજાતિના સભ્યો સામે અત્યાચારના લગભગ ૧૦,૦૦૦ કેસ નોંધાયા હતા. આ કેસોમાં, સજાનો દર ૨૬ ટકાથી ૨૮ ટકાની વચ્ચે હતો, જેનો અર્થ એ થાય કે તપાસમાં છટકબારી હોવાને કારણે મોટાભાગના આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા ન હતા. ભારતમાં ફોજદારી કેસોમાં સજાનો દર પહેલાથી જ ઓછો છે, પરંતુ દલિત અત્યાચારના કેસોમાં, તે રાષ્ટ્રીય સરેરાશ ૪૪ ટકા કરતા પણ ઓછો છે.

# કુંડાપુર દશમસા ભીમગર્જને : ગરીબ મહિલા માટે મદદ

(એજન્સી) કુંડાપુર, તા.૯

કર્ણાટક દલિત સંઘર્ષ સમિતિ (ભીમગર્જને)ના જિલ્લા એકમે ગુલવાડી ગ્રામ પંચાયત હેઠળના કેરેમાનેની ગરીબ દલિત મહિલા ગિરિજા (૫૫ વર્ષ) માટે દાતાઓના સહયોગથી છત બનાવવાનું કામ શરૂ કર્યું છે. ગયા ઓગસ્ટમાં ચોમાસા દરમિયાન ગિરિજાનું ઘર તૂટી પડ્યું હતું અને તે નિર્જન થઈ ગયું હતું. ત્યારથી, તે દિવસ દરમિયાન જૂના ઘરમાં આવે છે, ત્યાં ખોરાક રાંધે છે અને નજીકના સંબંધીના ઘરે રાત રોકાવા માટે જાય છે. ગુલવાડી ગ્રામ પંચાયતે તૂટી પડેલા ઘર માટે વળતર આપવા માટે પ્રતિક્રિયા આપી છે, પરંતુ કુદરતી આપત્તિ ભંડોળમાંથી હજુ સુધી પૈસા આવ્યા નથી. જમીનની સમસ્યા અને માલિકીના દસ્તાવેજોના અભાવને કારણે આવાસ પ્રોજેક્ટમાં મકાનોની ઉપલબ્ધતા પણ અસ્પષ્ટ છે.

લગ્નના ૭ મહિનામાં જ ગિરિજાના પતિનું અવસાન થયું હોવાથી તે તેની માતા સાથે રહેતી હતી. બીડી બાંધવી એ તેનું ગુજરાન હતું. મોતિયાની સમસ્યાને કારણે, બીડી બાંધવાની પણ સમસ્યા થતી હતી. દશાંસા, ભીમગર્જને સહાય : ગિરિજાની દુર્દશા વિશે જાણ્યા પછી, દશાંસા ભીમગર્જને જિલ્લા એકમે સ્થળની મુલાકાત લીધી અને દાતાઓની મદદથી ઘર બનાવવાનું શરૂ કર્યું. સંસ્થાના ઘણા યુવાનો શ્રમદાન દ્વારા મદદ કરી રહ્યા છે.

"આપણી સંસ્થાના યુવાનો જે કાર્ય સરકાર અને સંબંધિત વિભાગોએ ખૂબ જ સમર્પણ સાથે કરવું જોઈતું હતું તે કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. દાતાઓએ હાથ મિલાવ્યા છે. સમાન વિચારધારા ધરાવતા લોકો સહકાર આપી રહ્યા છે. સરકાર અને જિલ્લા વહીવટીતંત્રે મદદ કરવી જોઈએ," માગણી દશાંશ ભીમગર્જને રાજ્ય કન્વીનર ઉદય કુમાર તલ્લુરે કરી.


## જમીન ખરીદ કરવા માટેની જાહેર નોટીસ

મારા અસીલની મળેલ સુચનાથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, મોરબી જીલ્લાનાં ટંકારા તાલુકાનાં ગામ- હડમતીયાનાં રેવન્યુ સર્વે નાં. ૪૦૭ પૈકી ૫૦ ની સીમ જમીન હે. ૨-૦૬-૩૯ ચો.મી. નાં ક્ષેત્રફળવાળી નોંધ નાં. ૫૮૧, ૧૩૨૭, ૧૭૧૯, ૨૬૬૯, ૩૦૭૦ તથા ૩૧૦૦ મુજબ (૧) જીવીબેન છગનભાઇ (૨) ગોવિંદભાઇ છગનભાઇ (૩) હીરાભાઇ છગનભાઇ (૪) તુલશીભાઇ છગનભાઇ (૫) વાલજીભાઇ છગનભાઇ (૬) લીલાબેન છગનભાઇ તથા (૭) ગૌતમભાઇ છગનભાઇ ની હકક માલીકીની અને કબજા ભોગવટાની આવેલ હતી ત્યારબાદ જીવીબેન છગનભાઇ હરીજન વિગેરેએ હીરાભાઇ છગનભાઇ હરીજનને ટંકારા નોટરી ડી. એમ. પારેખ સમક્ષ સીરીયલ નાં. ૧૮૭૪, તા.૨૧-૦૧-૨૦૦૮ વાળા મુજબ વહીવટ, વેચાણને લગતી તમામ પ્રકારની કાર્યવાહીઓ કરવા મકટે કુલમુખત્યારનામું લખી આપેલ. ત્યારબાદ હીરાભાઇ છગનભાઇ પોતે જાતે તથા જીવીબેન છગનભાઇ વિગેરેના કુલ મુખત્યાર દરજ્જે વાળા પાસેથી મોરબી સ.ર. કચેરીનાં ર.દ.નાં. ૭૩૭, તા.૨૨-૦૧-૨૦૦૮ વાળા મુજબ નિલેશ રતિલાલ પટેલ સાંખે રાણસરીયાએ અઘાટ વેચાણ રાખેલ. જે અંગેની નોંધ હડમતીયા ગામના ગામ નમુના નાં. ૬ માં નોંધ નાં. ૩૧૦૧ થી નોંધાયેલ છે. ત્યારબાદ નિલેશ રતિલાલ રાણસરીયા પાસેથી ટંકારા સ.ર. કચેરીના ર.દ. નાં. ૨૭૨૧, તા.૧૫-૧૧-૨૦૧૧ વાળા મુજબ લીબાભાઇ ભગવાનજી ભાઇ કામરીયા તથા નરભેરામભાઇ ઝીણાભાઇ કામરીયાએ સંયુકત રીતે અઘાટ વેચાણ રાખેલ. જે અંગેની નોંધ હડમતીયા ગામનાં ગામ નમુના નં. ૬ માં નોંધ નાં. ૩૪૧૯ થી નોંધાયેલ છે. ત્યારબાદ ટંકારા સ.ર. કચેરીનાં ફારગતી ર.દ.નાં. ૧૨૪૧, તા.૨૦-૦૮-૨૦૨૦ વાળા મુજબ લીબાભાઇ ભગવાનજીભાઇ કામરીયાએ નરભેરામભાઇ ઝીણાભાઇ કામરીયાની તરફેણમાં તેમનો લાગભાગ હકક હીત હીસ્સો જતો કરેલ. જે અંગેની નોંધ હડમતીયા ગામનાં ગામ નમુના નાં.૬ માં નોંધ નાં. ૪૨૬૫ થી નોંધાયેલ છે. આમ હાલે આ સ.નાં. ૪૦૭ પૈકી ૫૦ ની સીમ જમીન હે. ૨-૦૬-૩૯ ચો.મી. નાં ક્ષેત્રફળવાળી ગામ નમુના નાં. ૭, ૧૨ તથા ૮-અ નાં ખાતા નાં. ૯૧૮ થી નરભેરામભાઇ ઝીણાભાઇ કામરીયાની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

સદરહું સીમ જમીન સ.નાં. ૪૦૭ પૈકી ૫૦ માંજીવીબેન છગનભાઇ હરીજન વિગેરેએ જે કુલમુખત્યારનામું આપેલ તેઓને કે તેમના વારસદારોને કે અન્ય કોઇને આ મિલ્કત પરત્વે જો કોઇપણ પ્રકારનો વારસાઇ લાગભાગ, હકક, હીત કે હીસ્સો હોય કે બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઇપણ રીતે વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ (આઠ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી જો સમય મર્યાદામાં કોઇના વાંધા-તકરાર આવશે નહી તો આ મિલ્કતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, કે હિસ્સો, નથી અને હોય તો તે જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ વેચાણ રાખવા અંગેની તમામ કાર્યવાહીઓ પુર્ણ કરી લેશે. ત્યારબાદ જો કોઇનો હકક, દાવો હોય તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

મોરબી. તા.૦૯-૦૫-૨૦૨૬ -: અમારા મારફત :-

**માધુરી જે. સોઢા તથા પુનમ એ. રાવલ**
**(એડવોકેટ)**

પત્ર વ્યવહારનું સરનામું : **માધુરી જે. સોઢા**
(બી.એ.સી. એલએલ.બી. એડવોકેટ) (એલએલ.બી. યુનિ. ફર્સ્ટ ગોલ્ડ મેડાલીસ્ટ)
**પુનમ એ. રાવલ** (એમ.એ. એલએલ.બી. એડવોકેટ)
૧/૭-૮, સુર્યકીર્તિ કોમ્પલેક્ષ, શનાળા રોડ, મોરબી. મો.૯૭૩૭૧ ૦૮૧૯૧/૯૯૨૪૪ ૧૩૫૪૬


# વિનેશ ફોગાટ ૨૬ જૂન સુધી સ્પર્ધામાં ભાગ લેવા માટે અયોગ્ય, WFIએ ડોપિંગ વિરોધી નિયમ ઉલ્લંઘન માટે કારણદર્શક નોટિસ જારી કરી



તા.૯

રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)એ શનિવારે વિનેશ ફોગાટને કારણદર્શક નોટિસ જારી કરી, જેમાં તેણીએ કહ્યું હતું કે તે બ્રિજ ભૂષણ સિંહના ભોગ બનેલાઓમાંની એક છે. UWW એન્ટી-ડોપિંગ નિયમો હેઠળ નિવૃત્તિ પછી પાછા ફરતા ખેલાડીઓ માટે જરૂરી છ મહિનાની નોટિસ અવધિ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ WFIએ તેણીને ૨૬ જૂન, ૨૦૨૬ સુધી સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે અયોગ્ય જાહેર કરી. આનો અર્થ એ થયો કે બે વખતની વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતાએ તેણીના પુનરાગમનની રાહ જોવી પડશે કારણ કે તેણી રવિવારથી શરૂ થનારી ગોંડામાં રાષ્ટ્રીય ઓપન રેંકિંગ ઈવેન્ટને લક્ષ્ય બનાવી રહી હતી, જે ૨૦૨૪માં પેરિસ ઓલિમ્પિક રમતોમાંથી ગેરલાયક ઠેરવ્યા બાદ રમત છોડી દીધા પછી સ્પર્ધામાં પાછા ફરવા માટે હતી. ૧૫ પાનાની નોટિસમાં, WFIએ આરોપ લગાવ્યો હતો કે વિનેશના વર્તનથી પેરિસમાં "ભારતીય કુસ્તીની પ્રતિષ્ઠાને કાયમી નુકસાન" થયું છે અને WFI બંધારણ, UWW આંતરરાષ્ટ્રીય કુસ્તી નિયમો અને ડોપિંગ વિરોધી નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું છે. ફેડરેશન દ્વારા વજન જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ ૨૦૨૪ પેરિસ ગેમ્સમાંથી તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી હોવાના અનેક આરોપો, ડોપિંગ વિરોધી નિયમો હેઠળ કથિત રીતે નિષ્ફળ રહેવાના આરોપો અને તત્કાલીન છ દ્વારા નિયુક્ત એડ-હોક પેનલ દ્વારા માર્ચ ૨૦૨૪માં હાથ ધરવામાં આવેલા પસંદગી ટ્રાયલ દરમિયાન બે વજન શ્રેણીઓમાં ભાગ લેવા સહિત અનેક આરોપો પર તેણીનો ખુલાસો માંગવામાં આવ્યો છે. ફેડરેશને ખાસ ઉલ્લેખ કર્યો છે કે તેણી આ વર્ષે ૨૬ જૂન સુધી કોઈપણ સ્થાનિક ઈવેન્ટમાં ભાગ લેવા માટે લાયક નથી, જેમાં ગોંડામાં રાષ્ટ્રીય ઓપન રેંકિંગ ટુર્નામેન્ટનો પણ સમાવેશ થાય છે. "ફેડરેશને પોતાને ખાતરી આપવી જોઈએ કે તમે ડોપિંગ વિરોધી નિયમનું ઉલ્લંઘન કર્યું નથી જે તમને આગામી કોઈપણ સ્પર્ધામાં ફેડરેશનનું પ્રતિનિધિત્વ કરવા માટે અયોગ્ય બનાવશે," નોટિસમાં જણાવાયું છે. નોટિસમાં UWW વતી કાર્યરત ઈન્ટરનેશનલ ટેસ્ટિંગ એજન્સી (ITA) દ્વારા ૪ મે, ૨૦૨૬ના રોજ કરવામાં આવેલા સંદેશાવ્યવહારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ડોપિંગ નિયંત્રણના નિષ્ફળ પ્રયાસના સંદર્ભમાં વિનેશ સામે "ચૂકી ગયેલી ટેસ્ટ" નોંધવામાં આવી હતી. નિવૃત્તિ પછી પાછા ફરવા સંબંધિત UWW એન્ટી-ડોપિંગ નિયમોના કલમ ૫.૭નો ઉલ્લેખ કરતા, WFIએ જણાવ્યું હતું કે વિનેશ ૨૬ જૂન, ૨૦૨૬ સુધી સ્પર્ધા કરવા માટે અયોગ્ય રહે છે અને તેથી તે તારીખ પહેલાં કોઈપણ સ્થાનિક ઈવેન્ટમાં ભાગ લઈ શકશે નહીં. ફેડરેશને ખાસ ઉલ્લેખ કર્યો હતો કે તે ૧૦થી ૧૨ મે દરમિયાન ગોંડાના નંદિની નગર ખાતે યોજાનારી સિનિયર ઓપન રેંકિંગ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે લાયક નથી. ફેડરેશને ઉલ્લેખ કર્યો હતો કે વિશ્વ સંચાલક સંસ્થા UWWના નિયમો અનુસાર, નિવૃત્તિ પછી સ્પર્ધામાં પાછા ફરવા માંગતા કોઈપણ ખેલાડીએ તે સમયગાળા દરમિયાન પરીક્ષણ માટે ઉપલબ્ધ રહેતી વખતે UWWને ઓછામાં ઓછા છ મહિના અગાઉથી જાણ કરવી આવશ્યક છે, અને તેણીએ શરત પૂરી કરી નથી.


## ગુજરાત ટુડે
## ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**ઢાલગરવાડ કાપડના શો રૂમ માટે**
કેશ કાઉન્ટર પર બેસવા માટે ઈમાનદાર માણસ જોઈએ છે. કોમ્પ્યુટર અને સોશિયલ મીડિયાનું બેઝિક જ્ઞાન જરૂરી છે.
Call time : 11 to 6
Mo. 9512340606

---

ઝકરીયા પોળમાં, ત્રણ માણસો માટે જમવાનું બનાવનાર લેડીસ જોઈએ છે. મકાન-800
9106729380
9824790672

**વેચવાનું છે**

**LAND AND PLOTS FOR SALE OR BUY CALL OR wHATSAPP : 9978688703**
જમીન અને પ્લોટ વેચાણ તથા ખરીદવા માટે કોલ અથવા વોટ્સએપ :
99786 88703

---

**ઓફિસ તાત્કાલિક વેચવાની છે**
ભાડાની આવક ધરાવતી ૫૦૦ સ્કવેર ફુટ, મહાવીર ચેમ્બર રિલીફ સિનેમા, લાલ દરવાજા
9825210507

---

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK બાગબાન ફ્લેટ, રઝાક મસ્જિદ, ફતેહવાડી
મો. 8401218840
8128472508

---

**વેચવાના છે**
બે મકાન ટાઈટલ ક્લિયર રોડ ટચ જેવા બસ સ્ટેન્ડ કચેરી, રેલવે સ્ટેશન નજીકમાં બેગા ટેકરી, મામલતદાર કચેરી સામે, ધોલકા
Mo. 9898074274

---

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK, સીમા ફ્લેટ ગુલિસ્તાન સોસાયટી, શાહેઆલમ, ફર્નિચર સાથે
8866429429

---

**વેચવાનો છે ફ્લેટ**
પાલડીમાં 3 BHK ફૈઝાન એપાર્ટમેન્ટ, ફૈઝ મોહંમદ સોસાયટી
ફોન 9327005061

---

**વેચવાના છે : ઈન્ડ.શેડ/ગોડાઉન**
પ્લોટ: ૨૨૨૨ વાર
બાંધકામ: ૧૨૫૦૦ ફૂટ
ભાડુ: ૧.૫૦ લાખ આવશે

**ખેડા રઠુ નાઈકા રોડ**

**વેચવાના છે : ઈન્ડ.શેડ/ગોડાઉન**
પ્લોટ: ૪૧૦૦ વાર
બાંધકામ: ૨૪૦૦૦ ફૂટ
ભાડુ: ૨.૭૦ લાખ આવશે

**SAMIR CORPORATION : 93777 66742** દલાલ માફ

---

**Urgent for Rent & Sell**
Flats 2-3-5 BHK In Navrangpura, Paldi, Old & New scheme, urgent contact
9327646982

---

**ફ્લેટ વેચવાનો છે**
A/ રોયલ એપાર્ટમેન્ટ, ગુજરાત ટુડેની બાજુમાં, 3 BHK (બે ફ્લેટનો એક કરેલ છે) બીજો માળ, શાહેઆલમ
9106633701

---

**850 sq. ft. Office For Sell**
Mithakhali Navrangpura
Broker 9825415296

---

**Office For Sell**
furnished with alloted parking. Sakar-7, Ashram road
Broker 9825415296

---

**Gr.Floor showroom for sell**
1300 sq. ft. Relief road/Sun West bank Ashram road
Broker 9825415296

---

**270 vaar Bunglow For Sell**
Luxuria TP 85 Sarkhej.
Broker 9825415296

---

**દુકાન વેચવાની છે**
નારણપુરા ટેલિફોન એક્સચેન્જ પાસે
8128460079

---

**ઢાલગરવાડમાં મકાન વેચવાનો છે**
ચાર માળ RCCનો 200 વાર બાંધકામ જમીનથી કિંમત એક કરોડ બ્રોકર અશોકભાઈ
9825151710

---

**મકાન વેચવાનું છે**
3 માળનું કાલુપુર વિસ્તારમાં
9265896638
8401320861

---

**તાત્કાલિક પ્લોટ વેચવાના છે**
જૂની શરત 130, 125, 200 વાર લબ્બૈક પાર્ક-૩, ફુઝેલ પાર્કની સામે, ફતેહવાડી, રૂા.28000/- વાર
9879013577

---

**ફ્લેટ વેચવાનો છે**
1 BHK સિલ્વર ફ્લેટ, ખાદીમ સોસાયટી સામે, જુહાપુરા, મંદીના ભાવે (સસ્તામાં) નૌશાદભાઈ
9998585291

---

**ટ્યુટોરિયલ માર્કેટમાં દુકાન વેચવાની છે**
9824012930

---

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**કાદરી પ્રોપર્ટી કન્સલ્ટન્ટ**
જમીન, મકાન, દુકાન, ગોડાઉન પ્લોટ હોસ્પિટલના લે-વેચ માટે મળો ફરીદભાઈ ઘોરી
9924318226

---

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
Akik Farooqui 9099421218
Anis Farooqui 9099521218

---

**ભાડે આપવાનો છે**
2 BHK ફ્લેટ વિશાલા અને 2 BHK ફ્લેટ રોડ ટચ અકીલા TP 85
8141837313
ગુલુચાચા

---

**વેચાણ આપવાનો છે**
આશરે 80 વાર ટેનામેન્ટ 3 BHK, ફુઝૈલ પાર્ક પાસે, RCC રોડ કેનાલ (38 લાખ) જૂની શરત
8141837313
ગુલુચાચા

---

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ-ભાડે-લે-વેચ
8141837313
ગુલુચાચા

---

**વેચાણ જોઈએ છે**
ટેનામેન્ટ 100 / 150 વારનું જુહાપુરામાં સારા લોકેશન પર
7984588857

---

**દુકાન ભાડે આપવાની છે**
અલ-મુકામ, વિશાલા સર્કલ
9714955480

---

**2 BHK ફ્લેટ વેચાણ અથવા ભાડે આપવાનું છે**
501, રોયલ રેસિડેન્સી, નવરંગ સ્કૂલ સામે, બેરલ માર્કેટ, ચંડોળા તળાવ સામે
9228109009

---

**ત્રિપ્લેક્ષ વેચાણ આપવાનું છે**
ત્રણ બેડરૂમ, હોલ, કિચન, 110 વાર બાંધકામ, જમીન દસ્તાવેજ, ૯ અમીઝા રેસિડેન્સી, મદની મસ્જિદ પાસે, પટેલ મેદાન, દાણીલીમડા
9228109009

---

**૨ માળની દુકાન વેચાણ અથવા ભાડે આપવાની છે**
3, 6 અર-રહમાન કોમ્પ્લેક્ષ, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, દાણીલીમડા, BRTS સ્ટેન્ડ સામે
9228109009

---

**વેચાણ**
3 BHK ફ્લેટ અરશદ મેરેડીયન અરશદ પાર્ક
9033473394

---

**દુકાન ભાડે આપવાની છે**
દાણાપીઠ ફાયર બ્રિગેડની સામે, રોડ ટચ, 12 હજાર ભાડુ, 40 હજાર ડિપોઝિટ બ્રોકર અશોકભાઈ
9825151710

---

**ઢાલગરવાડમાં દુકાનો ભાડે આપવાની છે**
દરેક ધંધાને લાયક રોડ ટચ બ્રોકર અશોકભાઈ
9825151710

---

**હેવી ડિપોઝિટમાં આપવાનું છે**
1 BHK ફ્લેટ ફલકનુમા સામે (13 લાખ)
8141837313
ગુલુચાચા

---

**વેચાણ આપવાનો છે**
100 વાર (Net) પ્લોટ, સોનલ હાજીબાવા દરગાહ પાસે (દસ્તાવેજ) (75 લાખ)
8141837313
ગુલુચાચા

---

**ભાડે આપવાના છે**
સારા લોકેશનમાં બે રૂમ કિચન, ત્રણ રૂમ કિચન, ફ્લેટ અને બંગ્લોઝ જુહાપુરા
M. 9104484911

---

**લગ્ન વિષયક**

Citizen of CANADA Saiyed DR. Boy 32 Elite Family looking the same Elite family Girl. Urgent WhatsApp
9327071001

---

**યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
ગાંધીનગર-સરખેજ, જુહાપુરા વેજલપુર, જીવરાજ પાર્ક કે લોકો કે લીયે ખુશ ખબર UMMB-Gandhinagar કે ઝુલેખા અન્સારી આપકો હર રવિવાર કો ૩:૦૦ સે ૭:૦૦ બજે આપકો નીચે કે એડ્રેસ પર મિલેંગે, ઈન્શાઅલ્લાહ શોપ-૮, ગ્રાઉન્ડ ફ્લોર, સુહાન એપાર્ટમેન્ટ, જીવરાજ પાર્ક, પોલીસ ચોકી કે પીછે, જીવરાજ પાર્ક, અમદાવાદ
8980611162
ઝુલેખા અન્સારી

---

**નિકાહ નેટવર્ક્સ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

---

**જીવનસાથી જોઈએ છે**
યુવતી માટે 40 વર્ષની ડીવોર્સી દેખાવડી માટે યુવક પોતાનું ધંધો યા બિઝનેસ કરતા હોય
9924205913

---

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ

---

**કિસ્મત બુક સ્ટોર**
૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯

---

**જુહાપુરા ઓફિસ ફિરદોસ સિમેન્ટ**
બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,મો.૯૯૯૮૮૮૦૩૩૦

# મતદાનના રક્ષક : સુપ્રીમ કોર્ટમાં ECIની નિમણૂકોમાં કારોબારીની પ્રાધાન્યતા મુદ્દે કાયદેસરતા અંગે સુનાવણી

**બે દિવસની તીવ્ર કાનૂની દલીલો દરમિયાન સુપ્રીમ કોર્ટ ચૂંટણી કમિશનરોની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ના કાયદાની તપાસ કરી રહી છે અને અરજદારોએ દલીલ કરી હતી કે, ભારતના મુખ્ય ન્યાયાધીશને કેન્દ્રીય મંત્રી સાથે બદલવાથી 'હોમ અમ્પાયર' સિસ્ટમ બને છે, જ્યારે બેન્ચે સંસદીય સત્તાની મર્યાદાઓ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને વકીલે ચેતવણી આપી હતી કે, લોકશાહીના 'રેફરી' પર કારોબારી પ્રભુત્વ એ ન્યાયી ચૂંટણીના મૂળભૂત માળખાને જોખમમાં મૂકે છે**

(એજન્સી) તા.૮

જસ્ટિસ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની સુપ્રીમ કોર્ટની બેન્ચે ૨૦૨૩ના ચૂંટણી કમિશનર અધિનિયમ સામેના પડકારોની સુનાવણી ચાલુ રાખી હતી. મધ્યસ્થી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ શાદાન ફરાસતે પસંદગી સમિતિમાં કારોબારી પ્રભુત્વને કારણે કાયદાને 'બંધારણની સીમાની બહાર' ગણાવીને તેમની દલીલો પૂર્ણ કરી છે.



અગાઉ PUCLનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ સંજય પરીખે દલીલ કરી હતી કે, બિન-સ્વતંત્ર કમિશન કલમ ૧૪ અને ૧૯નું ઉલ્લંઘન કરે છે, જે મતદારોના અધિકારોને અસર કરે છે. ADR વતી વકીલ પ્રશાંત ભૂષણ અને વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ પણ તાજેતરની નિમણૂકોની 'ઉતાવળ'ની ટીકા કરી હતી. આ કેસમાં આવતા અઠવાડિયે વધુ સુનાવણી છે. હાલની કાનૂની લડાઈ ૨૦૨૩ના અનૂપ બરનવાલ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા [WP(C) નં.૧૦૪/૨૦૧૫] ચુકાદામાં મૂળ ધરાવે છે. દાયકાઓથી, મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) અને ચૂંટણી કમિશનરો (ECs)ની નિમણૂક ફક્ત રાષ્ટ્રપતિ દ્વારા વડાપ્રધાનની સલાહ પર કરવામાં આવતી હતી. સુપ્રીમ કોર્ટે આ 'શૂન્યાવકાશ' (સંસદ દ્વારા ચોક્કસ કાયદાનો અભાવ) - ચાલુ રાખી શકાય નહીં તેવો ચુકાદો આપ્યો હતો. તેમણે વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)ની બનેલી એક વચગાળાની સમિતિનો નિર્દેશ આપ્યો હતો. જો કે, ત્યારબાદ સંસદે ૨૦૨૩નો કાયદો પસાર કર્યો, જેનાથી CJIને હટાવી દેવામાં આવ્યા અને કેબિનેટ મંત્રીને ત્રીજી બેઠક મળી, જેનાથી સરકાર પાસે હંમેશા ૨-૧ બહુમતી રહે તે સુનિશ્ચિત થયું હતું. વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ દલીલ કરી કે, નવો કાયદો શાસક પક્ષને અસરકારક રીતે પોતાના 'રેફરી' પસંદ કરવાની મંજૂરી આપે છે. તેમણે દલીલ કરી હતી કે, વિરોધ પક્ષના નેતા રૂમમાં હોવા છતાં તેઓ ગાણિતિક રીતે અપ્રસ્તુત છે. તેમના દલીલનો મુખ્ય મુદ્દો એ હતો કે, ચૂંટણી પંચને નિષ્પક્ષ રહેવા માટે તે સમયની સરકારની 'રાજકીય ઈચ્છાઓ'થી દૂર રહેવું જોઈએ. વિચાર એ છે કે, તે વડાપ્રધાનનો માણસ ન હોવો જોઈએ. વિવાદિત કાયદા હેઠળ, જો વડાપ્રધાન Xની નિમણૂક સૂચવે છે, તો બીજા કોઈની નિમણૂક કરવાનો કોઈ રસ્તો નથી. બંધારણ સભાના સભ્યોએ કહ્યું કે, આ નિમણૂક સ્વતંત્ર, નિષ્પક્ષ હોવી જોઈએ અને તે સમયની સરકાર હેઠળ ન હોવી જોઈએ. આજની સુનાવણીમાં (૭ મે, ૨૦૨૬) વરિષ્ઠ વકીલ શાદાન ફરાસતે ભાર મૂક્યો કે સમસ્યા કારોબારી મંડળની હાજરીની નથી પરંતુ તેના સંપૂર્ણ પ્રભુત્વની છે. તેમણે વર્તમાન પસંદગી સમિતિની તુલના કરારોમાં અન્યાયી મધ્યસ્થી કલમો સાથે કરી, જ્યાં એક પક્ષને ન્યાયાધીશ પસંદ કરવાનો અધિકાર મળે છે. તેમણે દલીલ કરી હતી કે, જો રેફરી એક પક્ષ પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે, તો તે શરૂ થાય તે પહેલાં જ સમગ્ર સ્પર્ધા માત્ર ઔપચારિક થઈ જાય છે. વિવાદનો મુખ્ય મુદ્દો ૧૪ માર્ચ, ૨૦૨૪ના રોજ સરકારે બે નવા કમિશનરોની નિમણૂક કરી તેની ઝડપ હતી. અરજદારોએ આરોપ લગાવ્યો હતો કે, સરકારે સુપ્રીમ કોર્ટમાં કાયદા સામે સ્ટે અરજીની સુનાવણી કરવાના એક દિવસ પહેલા જ જ્ઞાનેશ કુમાર અને સુખબીર સંધુની નિમણૂક કરવાની પ્રક્રિયામાં ઉતાવળ કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, વિપક્ષના નેતાને અંતિમ બેઠકના થોડા કલાકો પહેલા જ ૨૦૦ નામોની યાદી આપવામાં આવી હતી. ૧૨ માર્ચે LOPએ શોર્ટલિસ્ટેડ ઉમેદવારની માંગ કરી. ૧૩ માર્ચે સચિવે ૨૦૦ નામોની યાદી મોકલી જે અંગે વિચારણા ચાલી રહી હતી. ૧૪ માર્ચે તેમણે ૬ નામોની યાદી આપી અને ૧૫ માર્ચે શપથ લેનારા નામોની ભલામણ કરી હતી. મધ્યસ્થી કરનારાઓના સલાહકારે દક્ષિણ આફ્રિકાના બંધારણનો મુદ્દો ઉઠાવ્યો, જ્યાં ચૂંટણી સંસ્થા સરળ બહુમતી મતોથી સુરક્ષિત 'ગેરંટર સંસ્થા' છે. ફરાસતે દલીલ કરી હતી કે, ભારતની ECIએ જ હેતુ પૂરો પાડે છે અને પસંદગી સમિતિમાં બે તૃતીયાંશ બહુમતી અથવા સર્વસંમતિ જરૂરી હોવી જોઈએ. આનાથી વડાપ્રધાન અને વિરોધ પક્ષના નેતાને એવી વ્યક્તિ પર સંમત થવાની ફરજ પડશે. ECI એક ગેરંટી આપતી સંસ્થા છે. ચૂંટણી પંચ બંધારણીય લોકશાહીને ટેકો આપતી રાજ્ય સંસ્થાઓમાંની એક છે. તે દક્ષિણ આફ્રિકન બંધારણમાં સ્પષ્ટ છે પરંતુ આપણા બંધારણમાં ગર્ભિત છે. તેમની પાસે સરળ બહુમતીની આવશ્યકતા છે. સરળ બહુમતીનો અર્થ કારોબારી હોઈ શકે છે. વરિષ્ઠ એડવોકેટ સંજય પરીખે અરજદારની દલીલ કરી હતી કે, જો કમિશન સ્વતંત્ર ન હોય તો તે કલમ ૧૪ (સમાનતા)નું ઉલ્લંઘન કરે છે કારણ કે, તે બધા રાજકીય પક્ષો સાથે સમાન વર્તન કરતું નથી. વધુમાં તે કલમ ૧૯નું ઉલ્લંઘન કરે છે, કારણ કે, જ્યારે દેખરેખ સંસ્થા કારોબારી નિયંત્રણ હેઠળ હોય ત્યારે મતદારોના મુક્ત અને ન્યાયી ચૂંટણીના અધિકાર પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. સ્વાભાવિક રીતે જો ECI સ્વતંત્ર ન હોય તો મતદારોના અધિકારો પ્રભાવિત થાય છે. કલમ ૧૯નું પણ ઉલ્લંઘન થાય છે. એક ચૂંટણી પંચ જે સ્વતંત્ર નથી તે બંધારણની કલમ ૧૪ હેઠળ સમાનતાની ગેરંટીનું પાલન કરવામાં નિષ્ફળ જશે. સુનાવણી પૂર્ણ થવા આવી ત્યારે શાદાન ફરાસતે કોર્ટને આ કાયદાને રદ કરવા વિનંતી કરી. તેમણે સ્વીકાર્યું કે કમિશન દ્વારા અગાઉ લેવામાં આવેલા પગલાં માટે કાયદાને રદ કરવો 'અવ્યવહારૂ' હોઈ શકે છે પરંતુ પક્ષપાતી નિમણૂકોના બીજા રાઉન્ડને અટકાવવા માટે તે જરૂરી છે. તેમણે કોર્ટને કાયદાને રદ કરવા અને 'કાર્યકારી' વચગાળાની પદ્ધતિ પ્રદાન કરવા કહ્યું જે અનૂપ બરનવાલ બેન્ચ દ્વારા મૂળ રીતે ઈચ્છિત સંતુલનને પુનઃસ્થાપિત કરે છે. આ કાયદો બંધારણની મર્યાદાની બહાર છે. જો તમે અમારી સાથે સંમત થાઓ છો તો તમારે ધ્યાનમાં લેવું પડશે કે આવું બીજી વાર ન થાય. જો તમે નહીં કરો તો તે એક અલગ પ્રશ્ન છે. અરજદારોની દલીલો પૂર્ણ થયા પછી આ કેસ ભારતીય સંઘના પ્રતિભાવ માટે આવતા અઠવાડિયે ચાલુ રહેશે. **(સૌ.: સબરંગ ઈન્ડિયા)**

# તેલંગાણામાં શાળા માટે ૮૦૦ વર્ષ જૂનું શિવ મંદિર તોડી પાડવામાં આવ્યું કેન્દ્રએ હસ્તક્ષેપ કર્યો અને હેરિટેજ એક્ટ હેઠળ કેસ કરવામાં આવ્યો

**તેલંગાણામાં ૮૦૦ વર્ષ જૂનું કાકટિયા શિવ મંદિર તોડી પાડવામાં આવતાં લોકોમાં આક્રોશ છે અને કાનૂની કાર્યવાહી થઈ છે**

(એજન્સી) તા.૯

તેલંગાણાના વારંગલ જિલ્લામાં ૮૦૦ વર્ષ જૂના કાકટિયા યુગના શિવ મંદિરના તોડી પાડવાથી લોકોમાં આક્રોશ છે, અને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને ઈતિહાસકારોએ જવાબદારીની માંગ કરી છે. ખાનપુર મંડલમાં અશોક નગર ખાતે સ્થિત, સરકારી સંકલિત શાળા માટે જમીન ખાલી કરવા માટે આ મંદિરને કથિત રીતે બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવ્યું હતું. કાકટિયા શાસક ગણપતિદેવનું આ મંદિર ૧૩મી સદીના શાસનકાળથી છે, અને આ મંદિરના સ્થળે ફેબ્રુઆરી ૧૨૩૧નો એક દુર્લભ સાત-લાઈનનો તેલુગુ શિલાલેખ છે જેમાં રાજાને "મહારાજા" અને "રાજાધિરાજુલુ" તરીકે સંબોધવામાં આવ્યો હતો. ૧૯૬૫માં હેરિટેજ વિભાગ દ્વારા દસ્તાવેજીકૃત, આ માળખું ઐતિહાસિક "કોટા કટ્ટા" માટીના કિલ્લાના પ્રદેશમાં હતું, જે તેના પ્રાચીન કિલ્લેબંધી માટે જાણીતું હતું. નિષ્ણાતો કહે છે કે આ વારસા સ્થળને સરળતાથી સાચવી શકાયું હોત અથવા સ્થાનાંતરિત કરી શકાયું હોત. તેલંગાણાના અધિકાર વકીલ રામા રાવ ઈમાનેની દ્વારા રાષ્ટ્રીય સ્મારકો સત્તામંડળ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અને પુરાતત્વ વિભાગે કેસ નોંધ્યો હતો. પુરાતત્વ અને દાન વિભાગની ફરજિયાત





મંજૂરી વિના કામને મંજૂરી આપનારા અધિકારીઓ સામે તેલંગાણા હેરિટેજ એક્ટની કલમ ૩૦ હેઠળ કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે. ફરિયાદમાં રાજ્ય સરકાર પર ફરજિયાત હેરિટેજ સંરક્ષણ સમિતિની રચના કરવામાં નિષ્ફળ રહેવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો છે. આ વિરોધના જવાબમાં, વારંગલ જિલ્લા કલેક્ટરની કચેરીએ ૬ મેના રોજ સંયુક્ત નિરીક્ષણ બાદ સ્પષ્ટતા જારી કરી છે. વહીવટીતંત્રે ઈરાદાપૂર્વક આ મંદિર તોડી પાડવાનો ઈનકાર કર્યો હતો, અને દાવો કર્યો હતો કે ૩૦ એકર સ્થળ પર ગીચ ઝાડીઓ સાફ કરતી વખતે ફક્ત "જૂની જર્જરિત રચનાના અવશેષો" મળી આવ્યા હતા. અધિકારીઓએ નોંધ્યું હતું કે આ રચનાને સત્તાવાર રીતે સંરક્ષિત સ્મારક તરીકે નોંધવામાં આવી નથી. લોકોના ગુસ્સાને શાંત કરવા માટે, વારંગલના કલેક્ટર ડૉ. સત્ય શારદા અને નરસંપેટના ધારાસભ્ય દોન્તી માધવ રેડ્ડીએ સ્થળની મુલાકાત લીધી અને તે જ સ્થળે મંદિરનું સંપૂર્ણ પુનર્નિર્માણ કરવાનું વચન આપ્યું હતું. ઈતિહાસકારો, સહપાઠીઓ (પરંપરાગત આર્કિટેક્ટ્સ) અને પુરાતત્વ વિભાગ સાથે પરામર્શ કરીને આ બાંધકામ કરવામાં આવશે, અને ઔપચારિક રીતે આ સ્થળને સુરક્ષિત કરવા માટે પગલાં લેવામાં આવશે.

# ભારત અને ઈઝરાયેલ સંસ્કૃતિ વારસાગત જોડાણ ધરાવે છે : ભારતમાં ઈઝરાયેલી રાજદૂત રૂવેન અઝાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતમાં ઈઝરાયેલી રાજદૂત રુવેન અઝારે શુક્રવારે દિલ્હીની લોધી કોલોનીમાં ગાયક ઝુબિન મહેતા માટે એક નવા ભીંતચિત્રનું ઉદ્‌ઘાટન કરતા આ બંને દેશોના બંધન અને જોડાણોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, ઈઝરાયેલ અને ભારતના સહિયારા ઈતિહાસ, સંસ્કૃતિ અને મૂલ્યોને શેર કરે છે. અઝારે કહ્યું કે યહૂદીઓ ભારતમાં હંમેશા સુરક્ષિત અનુભવે છે કારણ કે તે હંમેશા એકબીજાને સ્વીકારતો સમાજ રહ્યો છે.



તેને કહ્યું કે, "આપણે એ હંમેશા યાદ રાખવું જોઈએ કે સંસ્કૃતિ, વારસો અને મૂલ્યો જ આપણને એકસાથે લાવે છે. ભારત અને ઈઝરાયેલ બંને જૂના રાષ્ટ્રો અને આધુનિક દેશો છે, અને આપણા આધુનિક દેશોના આ ટૂંકા ઈતિહાસ દરમિયાન, આપણે સંગીત દ્વારા વ્યક્તિગત જોડાણો, રાષ્ટ્રીય જોડાણો અને આ સાંસ્કૃતિક જોડાણ બનાવી શક્યા છીએ, જે ખૂબ જ અનોખી બાબત છે જેની ઉજવણી કરવા માટે આપણે આજે અહીં છીએ.

અઝારે કહ્યું કે "આપણે જાણીએ છીએ કે યહૂદીઓ હંમેશા ભારતમાં ખૂબ જ સુરક્ષિત અનુભવે છે કારણ કે ભારત હંમેશા એકબીજાને સ્વીકારતો સમાજ રહ્યો છે. ઈઝરાયેલ રાજ્યની સ્થાપના થઈ ત્યારથી ઘણા વર્ષોથી અહીં રહેતા યહૂદી સમુદાયો ખૂબ જ ભાગ્યશાળી છે. આપણે આપણા રાષ્ટ્રો વચ્ચે આ મહાન બંધન ચાલુ રાખવા અને સંસ્કૃતિ અને અન્ય ઘણી વસ્તુઓ દ્વારા તેને ઉજવવા સક્ષમ છીએ જે આપણે સાથે મળીને કરી રહ્યા છીએ. આપણે સાથે ઉભા છીએ; આપણે પડકારોને દૂર કરવા માટે જરૂરી ક્ષમતાઓ માટે સાથે મળીને કામ કરી રહ્યા છીએ, અને મને ખાતરી છે કે આપણે જીતીશું.

અઝારે કહ્યું કે રશેલ અને મને અહીં આવવાનો ખૂબ જ ગર્વ છે. આ એક ખૂબ જ ખાસ દિવસ છે કારણ કે આપણે ઈઝરાયેલ અને ભારત વચ્ચે ઘણા વર્ષોથી ચાલી રહેલા અદ્‌ભુત સાંસ્કૃતિક સહયોગની ઉજવણી કરી રહ્યા છીએ. આ એક ખાસ દિવસ પણ છે કારણ કે આપણે ઈઝરાયેલના ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રાની સ્થાપનાના ૯૦ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ. ૧૯૩૬માં, એક યહૂદી સંગીતકાર બ્રોનિસ્લાવ હ્યુબરમેને સમગ્ર યુરોપના યહૂદી સંગીતકારોને સંહારથી બચાવવા માટે ભેગા કર્યા હતા. નેવું વર્ષ પહેલાં, ૧૯૩૬માં, બ્રોનિસ્લાવ હ્યુબરમેન નામના ખૂબ જ પ્રખ્યાત યહૂદી સંગીતકારના પ્રયાસોને કારણે, ઓર્કેસ્ટ્રાએ સમગ્ર યુરોપના પ્રખ્યાત યહૂદી સંગીતકારોને ભેગા કર્યા. આ એવો સમય હતો જ્યારે યુરોપ પર અંધકાર છવાઈ રહ્યો હતો અને યહૂદી સંગીતકારોને કાઢી મૂકવામાં આવી રહ્યા હતા અને તેમના પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યા હતા. સંગીતના વારસાને બચાવવા માટે, તેમણે આ સંગીતકારોને ઈઝરાયેલી ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રાનો ભાગ બનવા આમંત્રણ આપ્યું. તે સમયે, તેમણે તેમને અને તેમના પરિવારોને નાઝીઓ દ્વારા વિનાશથી બચાવ્યા હતા.

અઝારે કહ્યું કે ભારતીય સંગીતકાર ઝુબિન મહેતા ઈઝરાયેલી ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રા સાથે કામ કરી રહ્યા છે. યોગાનુયોગ, તેમનો જન્મ ૧૯૩૬માં થયો હતો. તે જ વર્ષે, ૧૯૩૬માં, બીજા એક પ્રખ્યાત સંગીતકારનો જન્મ થયો: અને તે ઝુબિન મહેતા હતા. ૭૦ વર્ષથી, તેઓ ઈઝરાયેલી ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રા સાથે કામ કરી રહ્યા છે. સમગ્ર વિશ્વમાં તેમના પ્રદર્શન પ્રખ્યાત છે. અઝારે રોમાનિયામાં, રોમાનિયામાં યહૂદી સમુદાયોના ફેડરેશનના પ્રમુખ, સિલ્વીયુ વેક્સલર દ્વારા બુકારેસ્ટમાં યહૂદી સંગીતકારોની ક્રૂર હત્યાની ઉજવણી કરવાની ઈચ્છા વ્યક્ત કરતી વખતે એક યાદ પણ શેર કરી હતી. હું એ વાત શેર કરવા માંગુ છું કે ૨૦૨૪માં, જ્યારે હું રોમાનિયામાં સેવા આપી રહ્યો હતો, ત્યારે રોમાનિયામાં ફેડરેશન ઓફ યહૂદી સમુદાયોના પ્રમુખ, સિલ્વીયુ વેક્સલર પાસે ઈઝરાયેલી ફિલહાર્મોનિકને બુકારેસ્ટમાં પરફોર્મ કરવા માટે મનાવવાનો પ્રયાસ કરવાનો હતો. તેઓ ૧૯૪૧માં બુકારેસ્ટમાં યહૂદી સંગીતકારોની ક્રૂર હત્યાને યાદ કરવા માંગતા હતા, જેમને કોન્સર્ટની વચ્ચેથી બહાર કાઢીને શેરીમાં ગોળી મારી દેવામાં આવી હતી.

વેક્સલર મહેતાને સમારોહમાં પરફોર્મ કરવા માંગતા હતા અને તેમણે વિનંતીનું પાલન કર્યું હતું. તેઓ ઈચ્છતા હતા કે ઈઝરાયેલી ફિલહાર્મોનિક ઓર્કેસ્ટ્રા બુકારેસ્ટના એથેનિયમમાં ઝુબિન મહેતા સાથે આવીને તે જ કોન્સર્ટ કરે, અને તેઓએ બરાબર એ જ કર્યું. ઓક્ટોબર ૨૦૨૪માં, તેઓએ રોમાનિયામાં યહૂદી નાગરિકતાના ૧૪૫ વર્ષની ઉજવણી કરી અને ૧૯૪૧માં ટૂંકાવી દેવામાં આવેલા કોન્સર્ટને ચાલુ રાખ્યું હતું.

# ડ્રીમલાઈનર ક્રેશની તપાસ અંતિમ તબક્કામાં છે, રિપોર્ટ એક મહિનામાં આવવાની શક્યતા : ઉડ્ડયન મંત્રી

**ગિફ્ટ સિટી ખાતે ઈન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ ૨.૦માં રામ મોહન નાયડુએ કહ્યું કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા થઈ રહેલી તપાસ પૂર્ણ થવાના આરે છે**

(એજન્સી) તા.૯

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ શુક્રવારે જણાવ્યું હતું કે, ગયા વર્ષે અમદાવાદ નજીક એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ક્રેશની તપાસ તેના અંતિમ તબક્કામાં છે, અંતિમ રિપોર્ટ એક મહિનાની અંદર જાહેર થવાની શક્યતા છે. ગિફ્ટ સિટી ખાતે ઈન્ડિયા એરક્રાફ્ટ લીઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ ૨.૦માં રામ મોહન નાયડુએ કહ્યું કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો દ્વારા થઈ રહેલી તપાસ પૂર્ણ થવાની છે



એર ઈન્ડિયાની ફ્લાઈટ AI૧૭૧, લંડન ગેટવિક જતી બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર, ૧૨ જૂન, ૨૦૨૫ના રોજ અમદાવાદથી ટેકઓફ કર્યા પછી તરત જ ક્રેશ થઈ ગઈ હતી, જેમાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ સભ્યો સહિત ૨૬૦ લોકો માર્યા ગયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ વિમાનના અનેક ઘટકોની તપાસ કરી છે અને ક્રેશ સાથે જોડાયેલા તકનીકી, કાર્યકારી, સંગઠનાત્મક અને માનવીય પરિબળોનું મૂલ્યાંકન કરી રહ્યા છે. તપાસ સાથે સંકળાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ શક્યતાને બાકાત રાખવામાં આવી નથી.

મંત્રાલયે ફેબ્રુઆરીમાં કહ્યું હતું કે તપાસકર્તાઓ ક્રેશ પાછળના દરેક સંભવિત કારણની તપાસ કરી રહ્યા છે અને નિર્ધારિત સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ગયા વર્ષે ૧૨ જુલાઈના રોજ જાહેર કરાયેલા તેના પ્રારંભિક તારણોમાં, AAIB એ કહ્યું હતું કે ટેક-ઓફ પછી તરત જ બંને એન્જિનનો ઈંધણ પુરવઠો એક સેકન્ડના અંતરાલમાં બંધ થઈ ગયો હતો, જેના કારણે કોકપીટમાં મૂંઝવણ ઊભી થઈ હતી અને પરિણામે થ્રસ્ટનું વિનાશક નુકસાન થયું હતું.

આ અહેવાલમાં કોકપીટના અવાજ રેકોર્ડિંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જેમાં એક પાઈલટે બીજા પાઈલટે ઈંધણ બંધ કરવા અંગે પૂછપરછ કરી હતી, જ્યારે બીજા પાઈલટે આવું કરવાનો ઈનકાર કર્યો હતો. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે પ્રારંભિક તારણો તે તબક્કે ઉપલબ્ધ પુરાવા પર આધારિત હતા અને તેમાં કોઈ વચગાળાની સલામતી ભલામણો સામેલ નથી. ગયા અઠવાડિયે, ફેડરેશન ઓફ ઈન્ડિયન પાઈલોટ્સ (FIP)એ નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને AAIBને એક ટેકનિકલ નોંધ સબમિટ કરી હતી, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે લિફ્ટ-ઓફ પહેલાં ઈલેક્ટ્રિકલ વિક્ષેપને કારણે કોઈ પાઈલટ હસ્તક્ષેપ વિના અજાણતાં ડ્યુઅલ એન્જિન ઈંધણ બંધ થવાનું કારણ બની શકે છે.

પાઈલટ્સના સંગઠને દલીલ કરી હતી કે આ ઘટના લિથિયમ-આયન બેટરી વર્તણૂક, અસામાન્ય વોલ્ટેજ પરિસ્થિતિઓ હેઠળ રિલે ખામી અને બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનરના ઈલેક્ટ્રિકલ આર્કિટેક્ચરમાં નબળાઈઓને કારણે થઈ શકે છે. ફેડરેશન દ્વારા રજૂ કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે ઉપલબ્ધ ટેકનિકલ પુરાવા દર્શાવે છે કે લિથિયમ-આયન બેટરી શોર્ટ-સર્કિટ વિમાનના ડાયરેક્ટ કરંટ ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં અસામાન્ય કરંટ પ્રવાહ અને વોલ્ટેજ વધઘટનું કારણ બની શકે છે, જે કદાચ અનિચ્છનીય રિલે સક્રિયકરણ અને બંને એન્જિનને બળતણ પુરવઠો બંધ થઈ શકે છે.

સંગઠને પાઈલટની કાર્યવાહીને કારણે આ ઘટના બની એવું જાહેર કરવા સામે પણ ચેતવણી આપી હતી અને તપાસકર્તાઓને આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનના ધોરણો અનુસાર તમામ વિશ્વસનીય ટેકનિકલ સ્પષ્ટતાઓનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. આ નોંધમાં બોઈંગ ૭૮૭ બેટરી ઘટનાઓમાં યુએસ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને જાપાનીઝ ટ્રાન્સપોર્ટ સેફ્ટી ઓથોરિટી દ્વારા અગાઉ કરવામાં આવેલી તપાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં ઈલેક્ટ્રિકલ આર્કિંગ, થર્મલ નુકસાન અને અસામાન્ય કરંટ પ્રવાહનું અગાઉ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું.

# રાજ્ય ચૂંટણીઓ દરમિયાન AI જનરેટેડ લેબલિંગ નિયમોનો ભંગ : અનેક AI વીડિયોઝ વાયરલ થયા

**જાન્યુઆરી અને એપ્રિલ વચ્ચે ઓછામાં ઓછા ૧૯ AI-જનરેટેડ વિઝ્યુઅલ્સ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લેબલ કરવામાં આવ્યા ન હતા**

(એજન્સી) તા.૯

આસામ, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં ચૂંટણી પહેલા પ્રચાર પૂર્ણ થયો હતો ત્યારે AI-જનરેટેડ વિડિઓઝ ઝડપથી ઓનલાઈન વાઈરલ થયા હતા જેમાં સ્પષ્ટ ખુલાસા આપવામાં આવ્યા ન હતા. આ માટે નવા IT નિયમો અને ચૂંટણી પંચની સલાહ છતાં, ભાજપ અને કોંગ્રેસ બંનેના રાજકીય પક્ષોએ યોગ્ય લેબલ વિના, ક્યારેક પ્રચાર માટે, આવી અનેક સામગ્રી શેર કરી છે. જો આ બધા નિયમો અસ્તિત્વમાં છે, ત્યારે AI જનરેટેડ જેવા ખુલાસાઓ ન કરવા અંગે અનેક વિડીયો મળી આવ્યા હતા. આસામ, પશ્ચિમ બંગાળ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે રાજકીય પ્રચારમાં AI એક અગત્યનું સાધન બની ગયું છે, જે ભ્રામક અને ચાલાકી સાથે સામગ્રીના ફેલાવાને પ્રોત્સાહન આપે છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય (MeitY)એ IT મધ્યસ્થી નિયમોમાં સુધારા લાગુ કર્યા જેમાં AI-જનરેટેડ સામગ્રીની સ્પષ્ટ જાહેરાત અને ટ્રેસેબિલિટીની આવશ્યકતા દર્શાવે છે અને ભારતીય ચૂંટણી પંચ (ECI) એ રાજકીય પક્ષોને ડીપફેકના દુરુપયોગ



સામે ચેતવણી આપી હતી અને યોગ્ય લેબલિંગ કરવા કહ્યું હતું. જોકે, ટીમ WebQoof દ્વારા કરવામાં આવેલા વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે આ નિયમોનું અનુપાલન કરવામાં આવ્યું નથી. જાન્યુઆરી અને એપ્રિલ ૨૦૨૬ની વચ્ચે, આસામ, પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુમાં ચૂંટણીઓ સાથે જોડાયેલા ઓછામાં ઓછા ૧૯ AI-જનરેટેડ વિડિઓઝ વ્યાપકપણે પ્રસારિત કરવામાં આવ્યા હતા, તેમાં પર્યાપ્ત જાહેરાત ન હતી. આવા ઘણા વિડિઓઝ સત્તાવાર પક્ષ હેન્ડલ્સ દ્વારા પણ શેર કરવામાં આવ્યા છે.

**AI યુદ્ધ : સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પક્ષો વચ્ચે અથડામણ**

ફેબ્રુઆરીમાં, ભારતીય જનતા પાર્ટી (BJP)ના આસામ જૂથે AI-જનરેટેડ એક વિડિઓ શેર કર્યો હતો જેમાં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા ટોપી પહેરેલા પુરુષોના ફ્રેમ કરેલા ફોટોગ્રાફ્સ પર ગોળીબાર કરતા દર્શાવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઝડપથી વાયરલ થયેલા આ વિડિઓની લોકો અને વિપક્ષી પક્ષો તરફથી ભારે ટીકા થઈ હતી. અનેક પ્રતિક્રિયા બાદ, આ વિડિઓ કાઢી નાખવામાં આવ્યો હતો. પરંતુ તેનાથી નુકસાન પહેલાથી જ થઈ ગયું હતું.

# કર્નલ સોફિયા કુરેશી અંગે ટિપ્પણીનો વિવાદ : વિજય શાહ સામે કેસ ચલાવવાની મંજૂરી આપવામાં વિલંબ બદલ સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ સરકારની ટીકા કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ગયા વર્ષે ઓપરેશન સિંદૂર દરમિયાન મીડિયાને માહિતી આપનારા ભારતીય સૈન્ય અધિકારી કર્નલ સોફિયા કુરેશી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણીના સંદર્ભમાં આદિજાતિ બાબતોના મંત્રી કુંવર વિજય શાહ સામે કેસ ચલાવવાની મંજૂરી આપવાના નિર્ણયમાં મધ્યપ્રદેશ સરકાર દ્વારા થયેલા વિલંબ પર સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે રાજ્ય સરકારને બે અઠવાડિયામાં મંજૂરી અંગે નિર્ણય લેવા માટે સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્દેશનું પાલન કરવામાં નિષ્ફળતા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટ સમક્ષ હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂઆત કરી કે શાહ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી 'દુર્ભાગ્યપૂર્ણ' હતી અને મંત્રીનો હેતુ કર્નલ કુરેશીની પ્રશંસા કરવાનો હતો પરંતુ તેઓ પોતાને યોગ્ય રીતે વ્યક્ત કરવામાં નિષ્ફળ રહ્યા હતા. તેમણે જે કહ્યું તે ચોક્કસપણે દુર્ભાગ્યપૂર્ણ હતું. કદાચ, તેઓ મહિલા અધિકારીની પ્રશંસા કરવા માંગતા હતા પરંતુ તેઓ યોગ્ય રીતે બોલી શક્યા નહીં અને કંઈક બીજું જ કહી દીધું. તે તેમનો વ્યક્તિગત મત હતો, મધ્યપ્રદેશ સરકારનો નહીં. સુપ્રીમ કોર્ટે કોર્ટ દ્વારા નિયુક્ત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા દાખલ કરાયેલ સ્ટેટસ રિપોર્ટનો પણ ઉલ્લેખ કર્યો અને અવલોકન કર્યું કે રિપોર્ટ સૂચવે છે કે, શાહની આવી વિવાદસ્પદ ટિપ્પણીઓ કરવાની ટેવ છે. શાહ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે રજૂઆત કરી કે મંત્રીએ તેમની ટિપ્પણીઓ માટે જાહેરમાં માફી માંગી લીધી છે. જો કે, સુપ્રીમ કોર્ટે માફીની પ્રામાણિકતા પર સવાલ ઉઠાવ્યા હતા. માત્ર એટલા માટે કે કોર્ટે નોંધ લીધી, તમે માફી માંગી. પત્ર લખવો એ માફી નથી. તે ફક્ત નકલી બચાવ કરવા માટે હતો, પહેલા હાથ જોડીને માફી માંગવી જોઈતી હતી. એસ.જી. મહેતાએ રજૂઆત કરી કે શાહે ટેલિવિઝન પર હાથ જોડીને પણ માફી માંગી હતી. CJI કાંતની બેન્ચે આખરે રાજ્ય સરકારને તેના અગાઉના આદેશનું પાલન કરવા અને મંજૂરીના મુદ્દા પર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો અને તેને 'સંપૂર્ણ પરિસ્થિતિઓ' ધ્યાનમાં લેવા કહ્યું હતું. આ મામલો હવે ચાર અઠવાડિયા પછી સુનાવણી માટે મૂકવામાં આવ્યો છે.

હની ટ્રેપના બે આરોપીઓને પોલીસે ઝડપી લીધા

# પાલનપુરમાં હની ટ્રેપ કાંડ, કોન્ટ્રાક્ટર પાસેથી રૂા.૫ લાખ પડાવ્યાની તાલુકા પોલીસમાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૯

પાલનપુર તાલુકામાં વધુ એક હની ટ્રેપનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. પાલનપુર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ચડોતર વિસ્તારના એક કોન્ટ્રાક્ટરને મહિલા સહિત ચાર શખ્સોએ હની ટ્રેપમાં ફસાવી વીડિયો બનાવી રૂપિયા પડાવ્યા હોવાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બે આરોપીને ઝડપી લીધા છે.

ફરિયાદ અનુસાર, દવા કંપનીના બિઝનેસ અંગે વાતચીત કરવાની બહાને એક મહિલાએ કોન્ટ્રાક્ટરને વોઈસ કોલ કરીને ઓફિસ ખાતે બોલાવ્યો હતો. જ્યાં મહિલા દ્વારા વાતોના જાળમાં ફસાવી કોન્ટ્રાક્ટર સાથે અશ્લીલ હરકતો કરી બળજબરીપૂર્વક પેન્ટ ઉતરતો વીડિયો બનાવી લેવામાં આવ્યો હતો.

ત્યારબાદ અચાનક ચાર શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને કોન્ટ્રાક્ટરને સ્વિફ્ટ કારમાં બેસાડી અપહરણ કરી ડીસા તરફના એક ફાર્મ હાઉસ ખાતે લઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યાં મહિલાએ પોતાના પર બળાત્કાર થયાનો આરોપ મૂકી આરોપીઓ મહિલા પતિ અને પોલીસને જાણ કરવાની ધમકી આપી હતી.

ફરિયાદીનો આક્ષેપ છે કે સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ કરવાની અને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી આરોપીઓએ રૂપિયા પાંચ લાખની માંગણી કરી હતી. ડર અને બદનામીના ભયને કારણે ફરિયાદી પાસેથી રૂપિયા પડાવી લેવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે.

આખરે સમગ્ર મામલે ભોગ બનનાર કોન્ટ્રાક્ટરે પાલનપુર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર તાલુકા પોલીસે હની ટ્રેપના બે આરોપી અક્ષય ઉજેઠીયા અને ડાયા ભાગળીયાની ધરપકડ કરી છે. જ્યારે પોલીસે મહિલા સહિત અન્ય આરોપીઓની ભૂમિકા, કોલ ડિટેઈલ્સ, વાહન તેમજ નાણાંની લેવડદેવડ અંગે તપાસ શરૂ કરી છે.

નાપા તળપદની ''બચ્ચોંકા ઘર''

# હાઈસ્કૂલનું એસએસસી બોર્ડની પરિક્ષાનું ૯૭.૩૭ ટકા પરિણામ



(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૭

બોરસદ તાલુકાના નાપા તળપદ ગામના મદ્રસાએ મિફતાહુલ ઈસ્લામ સંચાલિત બચ્ચોકા ઘર હાઈસ્કૂલએ ધો.૧૦ની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચે ૨૦૨૬માં લેવાયેલી પરિક્ષામાં ૯૭.૩૭ ટકા પરિણામ પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. શાળામાં પ્રથમ સ્થાને કાઝી ફિઝાબાનું. એસ,(૯૦.૯૭ પી.આર), દ્વિતિય સ્થાને અન્સારી તારીકજમીલ એમ.(૮૫.૭૩ પી.આર) અને તૃતિય સ્થાને શેખ નાવેદ એન,(૮૧.૧૧ પી.આર), કાઝી ફૈઝાબાનુ (૮૧.૧૧ પી.આર) સાથે ઉતિર્ણ થયા છે. જેઓને શાળાના આચાર્ય તેમજ સંચાલક મંડળના કાઝી મોલવી સુહેલએ શુભેચ્છાઓ આપી હતી.

ડોર ટુ ડોર કચરો ઉપાડતી ગાડી નિયમિત આવતી નથી

# ભરૂચ ખાતે વોર્ડ નં.૧માં યોગ્ય સફાઈ ના કરાતા ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૯

ભરૂચ શહેરમાં હાલ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું હોવા છતાં અનેક વિસ્તારોમાં કચરો અને ગંદકીની સમસ્યા યથાવત્ રહેતા સ્થાનિક લોકોમાં રોષ વ્યાપ્યો છે. ખાસ કરીને વોર્ડ નંબર ૧ના વિવિધ વિસ્તારોમાં યોગ્ય સાફ-સફાઈ નહીં થતી હોવાના આક્ષેપો સ્થાનિક પાલિકા સભ્ય દ્વારા કરવામાં આવ્યા છે. સાથે જ તેમણે વહેલી તકે કચરો ઉઠાવવાની કામગીરી તેમજ વરસાદી કાંસોની સફાઈ હાથ ધરવાની માંગ ઉઠાવી છે. સ્થાનિક પાલિકા સભ્ય ઝુબેર પટેલે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવાના ટેમ્પાઓ પણ અનિયમિત રીતે આવતા હોવાથી રહેવાસીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અહેમદનગર અને રહેમતનગર વિસ્તાર પાસે આવેલી વરસાદી કાંસોમાં કચરાના ઢગલા જમા થઈ ગયા હોવા છતાં પાલિકા દ્વારા યોગ્ય સફાઈ કામગીરી કરવામાં આવી નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે જો સમયસર વરસાદી પાણીની કાંસોની સફાઈ નહીં કરવામાં આવે તો પાણી ભરાવાની અને અન્ય ગંભીર પરિસ્થિતિ ઊભી થવાની શક્યતા છે. આવી સ્થિતિમાં કોઈ અનિચ્છનીય ઘટના બનશે તો તેની સંપૂર્ણ જવાબદારી પાલિકાની રહેશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી.

આ અંગે પાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે,પાલિકા દ્વારા નિયમીત રીતે ડોર ટુ ડોરની કામગીરી કરાવવામાં આવે છે સાથે સાફ સફાઈ કામગીરી પણ થાય છે. પરંતુ અમુક વ્યક્તિઓ જાહેરમાં કચરો નાખીને જતા રહેતા હોય છે જેના કારણે સાફ સફાઈ કરાવી હોવા છતાંય કચરાના ઢગલા પુનઃ થઈ જાય છે.હાલમાં કાસ સફાઈની કામગીરી ચાલુ છે અને જે સ્થળોએ બાકી છે ત્યાં પણ કરી દેવામાં આવશે.સાથે જ લોકોને કચરો જાહેરમાં ન નાખવા અપીલ પણ કરી હતી.

# હિંમતનગરમાં સોનાની ચેન લૂંટનાર આંતર રાજ્ય ગેંગના મુખ્ય સૂત્રધારને LCBએ પકડી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૯



(તસવીર : ઝાકીર સૈયદ, હિંમતનગર)

હિમતનગરમાં તારીખ ૩/૫/૨૦૨૬ના રોજ ચેઈન સ્નેચીંગનો બનાવ બનેલ હતો, ખેડ તસિયા રોડ પરથી એક મહિલા પસાર થઈ રહી હતી, ત્યારે પાછળ થી આવેલ બે બાઈક સવાર શખ્સ મહિલાના ગળામાંથી ચેઈન લૂંટી આંખના પલકરામાં બાઈક લઈ ફરાર થઈ ગયા હતા. આ ગુનાની ફરિયાદ અનુસંધાને ભેદ ઉકેલવા સાબરકાંઠા એસ.પી. ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સૂચના આપવામાં આવેલ. તા.૮/૫/૨૬ ના રોજ ઈન્સ.જોષી ની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન તેમના હેડ કોન્સ્ટેબલ જશુભાઈ અને કનકસિંહને બાતમી મળેલ કે ખેડ તસિયા રોડ પર ચેઈન લૂંટના આરોપીઓ એક કાળા કલરની શાઈન મોટર સાઈકલ કે જેનો નંબર RJ -12-SS-9104 શામળાજી તરફથી હિંમતનગર આવી રહેલ છે. બાતમી મુજબની મોટર સાઈકલ રોકી બે શખ્સની અંગ જડતી લઈ તપાસ કરતા તેમના ખિસ્સામાંથી ૪ તૂટેલી સોનાની ચૈન મળી આવી હતી તપાસ દરમિયાન એક ચેઈન તા.૩/૫/૨૦૨૬ના રોજ ખેડ તસિયા રોડ પરથી લૂંટી હતી. જ્યારે અન્ય ત્રણ ચેનો રાજસ્થાનના અલગ અલગ વિસ્તારોમાંથી લૂંટેલ હતી આ ચાર સોનાની ચેઈનની કુલ કિંમત ૬,૭૦,૦૦૦ રૂા.૨૫ હજારની મોટર સાઈકલ અને મોબાઈલ ૧૦ હજાર મળી રૂા.૭,૦૫,૦૦૦ મુદ્દામાલ સાથે વધુ તપાસ કરતા આ આંતર રાજ્ય ગેંગે અમદાવાદના વસ્ત્રાપુર તેમજ રાજસ્થાનના ડુંગરપુર, બાંસવાડા, બિંછીવાડા, પ્રતાપગઢ જેવી વિવિધ જગ્યાઓ પરથી ચોરી અને લૂંટ કરવાનાં ગુનાઓ કબૂલ કર્યા હતા.

પકડાયેલ આરોપીમાં (૧) દિનેશ ડાહ્યાલાલ જીવા રહે. ગેંજી નવાધરા, ડુંગરપુર જી. રાજસ્થાન,(૨) સંજયદાસ રામદાસજી સાધુ, રહે. કોલખંડા, ડુંગરપુર જી. રાજસ્થાન પકડવાના બાકી આરોપીમાં રાજેશ શાંતિલાલ ખરાડી અને કિરીટ શાંતિલાલ ખરાડી,ગોપાલ કાંતિલાલ ડામોર, ગોરીશંકર ડાહ્યાલાલ ખરાડી (તમામ રહે ગેંજી, ડુંગરપુર રાજસ્થાન) છે.

# હિંમતનગરમાં ગમખ્વાર અકસ્માતમાં બેનાં કરૂણ મોત



(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૯

હિંમતનગર-તલોદ રોડ પર ગઢોડા અને રામપુર વચ્ચે કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બાઈક પર સવાર બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, આશરે રાત્રે બે વાગ્યાના સુમારે હિંમતનગરના મેડીટીંબા ગામના લાલુસિંહ પરબતસિંહ મકવાણા (ઉં.વ.૪૦) અને વનરાજસિંહ સમરસિંહ મકવાણા (ઉં.વ.૪૨) બાઈક પર તલોદના છત્રીસાથી હિંમતનગર તરફ આવી રહ્યા હતા. તે જ સમયે હિંમતનગર તરફથી રામપુર જઈ રહેલી એક કાર મકીનોઝ ફેક્ટરી નજીક રોડ પર બાઈક સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈકચાલક અને પાછળ બેઠેલો વ્યક્તિ ફંગોળાઈને દૂર પટકાયા હતા. ગંભીર ઈજાઓને કારણે બંનેના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયા હતા. તેમજ અકસ્માતમાં કાર પલટી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં જ પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવેનો બનાવ

# વડોદરા નજીક કાર અગનગોળામાં ફેરવાઈ, બહાર નીકળવા ન મળતા ચાલક જીવતો ભડથું

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઈવે પર શનિવારે સવારે હૃદયદ્રાવક ઘટના બની છે. હાઈવે પરથી પસાર થઈ રહેલી એક કારમાં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી હતી. જોત જોતમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આખી કાર આગની ઝપેટમાં આવી ગઈ હતી. કારમાં સવાર ચાલક ગભરાઈ જતા સમયસર બહાર નીકળી શક્યા નહોતા અને આગમાં જીવતા જ ભડથું થઈ જતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજયું હતું.

દિલ્હી મુંબઈ ભારત માલા એક્સપ્રેસ હાઈવે પર પાદરા પાસેથી શનિવારના રોજ સવારના સમયે પસાર થઈ રહેલી કારમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. થોડા જ સમયમાં આગે આખી કારને ઘેરી લીધી હતી. આગ એટલી ભયાનક હતી કે આસપાસથી પસાર થતાં વાહનચાલકો પણ થોડીવાર માટે થંભી ગયા હતા અને હાઈવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં વડોદરા ફાયર બ્રિગેડની વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં કાર સંપૂર્ણપણે સળગી ખાખ થઈ ગઈ હતી.

આ ઘટનાની જાણ પોલીસને થતાં સ્થાનિક પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો.



પોલીસે કારમાંથી સળગેલી હાલતમાં મૃતદેહ બહાર કાઢી કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. હાલ પોલીસે આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે કાર ચાલક આગ લાગતા ગભરાઈ ગયા હતા, દરવાજા લોક થઈ જવાના કારણે તેઓ બહાર નીકળી નહીં શક્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# ઓરિસ્સામાં ચાર મહિના અગાઉ બેંક લૂંટનાર આરોપીની ધરપકડ

## છ આરોપીઓએ બંદુકની અણીએ સોનાનાં ઘરેણાં સહિત પાંચ કરોડની લૂંટ મચાવી હતી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

ગત ૧૯મી જાન્યુઆરીએ બપોરે ઓરિસ્સાના બડબિલ ખાતે બેંક ઓફ મહારાષ્ટ્રમાં પાંચથી છ ઈસમો દ્વારા બંદૂકની અણીએ લૂંટ કરવામાં આવી હતી. લૂંટારૂઓ દ્વારા બેંક સ્ટાફ અને ગ્રાહકોને બંધક બનાવીને એક રૂમમાં બંધ કરી દેવામાં આવ્યા હતા ત્યારબાદ અંદાજે પાંચ કરોડ રૂપિયાનાં ૭.૫૩ કિલોગ્રામ સોનાનાં ઘરેણાં સહિત આઠ લાખ રૂપિયાની દિલધડક લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર ઓરિસ્સામાં ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે, લૂંટની ઘટનાને અંજામ આપ્યા બાદ છેલ્લા ચાર માસથી વૉન્ટેડ આરોપીને સચીન જીઆઈડીસી પોલીસે તલંગપોર ખાતેથી ઝડપી પાડ્યો છે.પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર ઓરિસ્સાના બરબીલ ખાતે બેંક ઓફ મહારાષ્ટ્રમાં ગત ૧૯મી જાન્યુઆરીએ કરોડો રૂપિયાની દિલધકડ લૂંટની ઘટના બની હતી. સ્થાનિક પોલીસ દ્વારા આ ઘટનામાં તપાસનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા અને બિહારના વૈશાલી અને પટનાથી બે લૂંટારૂઓને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા. અલબત્ત, પાંચથી છ લૂંટારૂઓ દ્વારા ઘટનાને અંજામ આપ્યા બાદ અન્ય લૂંટારૂઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. જે પૈકી એક લૂંટારૂ રોશનકુમાર ઉર્ફે લડ્ડુ અખીલેશ સિંહ છેલ્લા ત્રણ - ચારમહિનાથી તલંગપોર રોડ ખાતે આવેલ સાંઈનાથ સોસાયટીમાં પોતાની ઓળખ છુપાવીને વસવાટ કરી રહ્યો હતો. આ અંગે સચીન જીઆઈડીસી પોલીસને બાતમી મળતાં પોલીસ દ્વારા ગત રોજ તેનેઘરેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

# અંકલેશ્વરમાં મિત્રની કાર લઈ અન્ય મિત્રોએ ગિરવે મૂકી છેતરપિંડી કરી

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વરમાં મિત્રની ફેરવવા માટે લઈ બારોબાર ગીરવે મૂકી દેતા મિત્રો સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. અંકલેશ્વર જ્યોતિ ટોકીઝ પાસે કાર-ઓટો સર્વિસ સ્ટેશન ચલાવતા ઈમરાનખાન પઠાણની કાર ગત ૫ માર્ચે તેના મિત્રો આકાશ લીંબચીયા અને સની મોદી અંગત કામ માટે ૭ દિવસ વાપરવાનું કહીને લઈ ગયા હતા.જોકે, નિર્ધારિત સમય પછી પણ કાર પરત ન મળતા ઈમરાનખાને ફોન કરતા મિત્રોએ ટાયર ફાટ્યું હોવાનું અને કાર સર્વિસમાં હોવાનું જણાવ્યું હતું. મિત્રો સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. મહિનાઓ સુધી કાર ન મળતા ઈમરાનખાને તપાસ કરતા જાણવા મળ્યું કે તેના મિત્રોએ ગરૂડેશ્વરના શહેનશાહ તડવીને કાર ગીરવે આપી દીધી હતી. શહેનશાહ તડવીનો સંપર્ક કરતા તેણે આ કાર રાજપીપળાના નિમેષ ભટ્ટને દોઢ લાખ રૂપિયામાં ગીરવે આપી દીધી હોવાનું ખુલ્યું. આખરે કાર માલિક ઈમરાનખાને અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ મથકે બંને મિત્રો અને કાર ગીરવે લઈ પરત નહિ આપનાર અન્ય બે વ્યક્તિઓ સામે ગુનો નોંધાવ્યો છે.

નરેન્દ્ર મોદીના વડોદરા આગમનને લઈ તંત્ર એલર્ટ

# વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે : નરસિમ્હા કોમાર

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૯

આગામી ૧૧મી મેના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરાના પ્રવાસે આવી રહ્યા છે. વડોદરાના આંગણે યોજાનારા 'સરદારધામ'ના ભવ્ય ઉદ્ઘાટન કાર્યક્રમને ધ્યાનમાં રાખીને શહેર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. કાર્યક્રમને સફળ અને સુરક્ષિત બનાવવા માટે આજે શનિવારે દિવાળીપુરા સ્થિત નવીન કલેક્ટર કચેરી ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર, જિલ્લા કલેક્ટર, પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વડાપ્રધાનના આગમનથી લઈને કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધીની સમગ્ર સુરક્ષા વ્યવસ્થા, રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક નિયંત્રણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

શહેર પોલીસ કમિશનરે મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ સ્થળ તેમજ વડાપ્રધાનના રૂટ પર વિશેષ નજર રાખવા માટે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત મોનીટરીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. સુરક્ષા પ્રોટોકોલ અનુસાર તમામ વ્યવસ્થાઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે અને ટૂંક સમયમાં રિહર્સલ પણ યોજાશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે કાર્યક્રમ દરમિયાન કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે વિવિધ વિભાગો સાથે સંકલન સાધવામાં આવ્યું છે. શહેરમાં વાહન વ્યવહાર સરળ રહે અને કાર્યક્રમમાં આવતા લોકો માટે સુવિધાજનક વ્યવસ્થા ઊભી થાય તે માટે તંત્ર દ્વારા આયોજનબદ્ધ કામગીરી હાથ ધરાઈ રહી છે.

# વડોદરામાં ધુમાડ ગામ નજીક પોલીસે રૂા.૧૩.૧૫ લાખના દારૂ સાથે ૧૦ને ઝડપ્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરામાં મોડી રાત્રે દુમાડ ગામ નજીક દારૂના કટીંગ સમયે જ પોલીસે સ્થળ પર ત્રાટકી ૧૩.૧૫ લાખના દારૂ સાથે ૧૦ જણાને ઝડપી પાડ્યા હતા. વડોદરામાં મંજુસર પોલીસની માહિતી મળી હતી કે દુમાડથી છાણી તરફ જતા રોડ પર આવેલા મહેન્દ્રા ટેક્ટરના શો રૂમની સામેની પાર્કિંગની ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂનું કટીંગ ચાલી રહ્યું છે. જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે જઈને રેડ કરતા આરોપીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પરંતુ પોલીસે કોર્ડન કરીને દસ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ તથા બાતમીદારોની મદદથી આખું રેકેટ બહાર પાડ્યું હતું. પોલીસ દ્વારા કુલ ૧૧,૧૭૨ દારૂની બોટલ-બિયરના કેન કિંમત રૂા.૧૩,૧૫૩૨૦નો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન ૧૦ મોબાઈલ ફોન કિંમત અંદાજે રૂા.૩,૪૦,૦૦૦, અલગ અલગ વાહન મળી ૭૮.૯૩ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આ મામલે કુલ ૧૧ આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીઓમાં હિતેન કમલેશભાઈ કુલવાણી, હિમરાજસિંહ ઉર્ફે શક્તિ રવિન્દ્રસિંહ વાઘેલા, જયદીપસિંહ કમલસિંહ રાજપૂત, પ્રભુસિંહ નટુસિંહ રાવત, જીતેન્દ્ર કમલલાલ મોટવાણી, અનિલભાઈ કાળાભાઈ બાબોર, કમલભાઈ કાળાભાઈ નીનામા, કનુભાઈ મુરાભાઈ બાબોર, જયવંતભાઈ કનુભાઈ બાબોર, અજય રણછોડભાઈ નીનામા તથા નુરમિંયા નામના આરોપીઓનો સમાવેશ થાય છે. દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા કેટલાક આરોપીઓ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ, હાંફેશ્વર અને રાજસ્થાનના બાંસવાડા વિસ્તારના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

વડોદરાની MSUની સાયન્સ ફેકલ્ટીમાં

# બીસીએ કોર્સની બેઠકો ૨૪૦થી ઘટાડીને ૧૨૦ કરાતા વિરોધ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં ચાલતા બીસીએ કોર્સની ફીમાં એક તરફ વધારો કરવામાં આવ્યો છે તો બીજી તરફ તેની બેઠકો ઘટાડી દેવામાં આવી છે. જેને લઈને વિદ્યાર્થીઓમાં રોષની લાગણી છે. આ મુદ્દે વિદ્યાર્થીઓ દ્વારા આજે ફેકલ્ટી ડીનને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓનું કહેવું છે કે, બેચરલ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનના કોર્સમાં હાયર પેમેન્ટ બેઠકોની ફી ૪૭,૦૦૦ રૂપિયાથી વધારીને ૬૦,૦૦૦ રૂપિયા કરી દેવામાં આવી છે. જ્યારે સ્પેશ્યલ કેટેગરીની ફી ૧.૧૩ લાખથી વધારીને ૧.૫૬ લાખ કરી દેવામાં આવી છે. બીજી તરફ બેઠકોની સંખ્યા ૨૪૦થી ઘટાડીને ૧૨૦ કરી દેવામાં આવી છે. જો ફી ઘટાડવામાં નહીં આવે તો ૪૮ કલાક પછી એબીવીપી ઉગ્ર આંદોલન કરશે. બીજી તરફ ફેકલ્ટી ડીને કહ્યું હતું કે, બિલ્ડિંગની ક્ષમતા કરતા વધારે બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો હતો અને તે અગાઉના સત્તાધીશોની ભૂલ હતી.કારણકે તેનાથી વિદ્યાર્થીઓને પૂરતી સુવિધાઓ મળતી નહોતી. હવે અમે બેઠકો ઘટાડી છે. જેથી વિદ્યાર્થીઓને સારી રીતે સુવિધાઓ આપી શકાય. છેલ્લા ૧૦ વર્ષથી કોઈ પણ જાતનો ફી વધારો કરાયો નથી અને બીજી તરફ ખર્ચા વધી રહ્યા હોવાથી ફી વધારાનો નિર્ણય લેવો પડ્યો છે.

# વડોદરાના એવરેસ્ટ ઓનીક્સમાં છઠ્ઠા માળે સ્પામાં આગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરા શહેરના નટુભાઈ સર્કલથી આઈનોક્સ તરફ જવાના માર્ગે આવેલા એવરેસ્ટ ઓનિક્સ કોમ્પ્લેક્સના છઠ્ઠા માટે હોલીસ્ટિક વેલનેસ સ્પામાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. વીજ પુરવઠો બંધ થતાં ચાર જેટલી વ્યક્તિઓ લિફ્ટમાં ફસાઈ હતી. બનાવને પગલે ઘટનાસ્થળે પહોંચેલા વડીવાડી ફાયર સ્ટેશનના જવાનોએ રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. સહીસલામત લિફ્ટમાં ફસાયેલી વ્યક્તિઓને બહાર કાઢવામાં આવી હતી, જ્યારે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. કોઈ જાનહાની થઈ ન હતી.

વડોદરા શહેરમાં ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેની સાથે સાથે આગ લાગવાના બનાવો પણ વધવા માંડ્યા છે, તેવામાં આજે શહેરના નટુભાઈ સર્કલથી આઈનોક્સ તરફ જવાના માર્ગે આવેલા એવરેસ્ટ ઓનિક્સ નામની બહુમાળી બિલ્ડીંગમાં છઠ્ઠા માળે આવેલ હોલીસ્ટિક વેલનેસ સ્પામાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. સ્પામાંથી ધુમાડો નીકળતા બિલ્ડીંગમાં હાજર લોકો નીચે ઉતારવા માંડ્યા હતા. જે પૈકી કેટલાકે લિફ્ટનો સહારો લેતા બીજ પુરવઠો બંધ થતા ચાર વ્યક્તિઓ લિફ્ટમાં ફસાઈ ગઈ હતી. તાત્કાલિક બનાવની જાણ કરવામાં આવતા વડી વાડી ફાયર સ્ટેશનના જવાનો બે ફાયરની ગાડીઓ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા સૌપ્રથમ લિફ્ટમાં ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જ્યારે, એક ટીમે સ્પામાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો હતો.

હુમલાખોરને પોલીસે ઝડપી પાડ્યો

# અંકલેશ્વરમાં નજીવી બાબતે દંપતી ઉપર હુમલો : પતિનું મોત

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસેની પાણીની નહેર નજીક દંપતી ઉપર એક ઈસમે નજીવા મુદ્દે હુમલો કરતા પતિને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી છે. અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસેની પાણીની નહેર નજીક દંપતી ઉપર એક ઈસમે નજીવા મુદ્દે હુમલો કરતા પતિને મોતને ઘાટ ઉતારી દેતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે ગણતરીના સમયમાં આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મૂળ બારડોલી અને હાલ અંકલેશ્વરની રાજપીપળા ચોકડી બ્રિજ પાસે રહેતા રેખાબેન વર્મા પોતાના પતિ પોલુ રામકરણ વર્મા અને ટીંગુસિંહ સાથે નજીકમાં આવેલ પાણીની નહેર ખાતે સ્નાન કરવા ગયા હતા. તેઓ વાતચીત કરતા હતા તે સમયે ત્યાં હાજર સંતોષકુમાર પૂનમ વસાવાએ અહીંયા કંકાસ નહીં કરો બીજી જગ્યા પર જઈને કંકાસ કરો તેમ કહેતા દંપતીએ તેઓ વાતો કરતા હોવાથી તને શું તકલીફ છે. તેમ કહેતા જ સંતોષ વસાવા આવેશમાં આવી જઈ અપશબ્દો ઉચ્ચારી નજીકમાંથી લાકડાનો હાથ લઈ આવી પોલુ વર્માને માથાના ભાગે મારી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

જ્યારે વચ્ચે છોડાવવા પડેલ તેની પત્ની રેખાબેનને માથાના ભાગે ઈંટ મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે હત્યા અને મારામારી અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસે ગણતરીના સમયમાં આરોપી સંતોષ વસાવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


જોઈએ છે
તદ્દન હંગામી ધોરણે

વિઝડમ ઈંગ્લીશ સ્કૂલ, બાદરપુર
(ઈંગ્લીશ મીડિયમ)
(નોન-ગ્રાન્ટેડ)
ગામ-બાદરપુર, તા. વડનગર, જિ.મહેસાણા, પીનકોડ-૩૮૪૩૫૫
CONTACT :- 9574341894/9106971088/9723554845
E-MAIL :- wisdomenglishschoolbadarpur@gmail.com

| ક્રમ | હોદ્દો | લાયકાત | જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | Physics Teacher | M.Sc., B.Ed. With Physics | ૧ |

તમામ ડોક્યુમેન્ટ તા.20/05/2026 સુધીમાં રૂબરૂ અથવા શાળાના ઈ-મેઈલ મારફતે મોકલવાના રહેશે.

સ્થળ
વિઝડમ ઈંગ્લીશ સ્કૂલ, બાદરપુર

ચેરમેનશ્રી
મહેર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ ગામ-બાદરપુર, તા. વડનગર

IQRA ENGLISH MEDIUM HIGH

Nr. Shahin Park, N.H.No.48, Piraman, Ta. Ankleshwar -2,Mob. 9924950155/7043865140

REQUIRED TEACHERS

| SR. | POST | QUALIFICATION | SUBJECT | SECTION | NO. OF VACANCY |
|---|---|---|---|---|---|
| 1 | Asst. Teacher | B.Sc B.ed | Maths /Science | U. Primary | 1 |
| 2 | Asst. Teacher | B.A. B.ed | English/SS | U. Primary | 2 |
| 3 | Asst. Teacher | ATD/ Diploma | Drawing | L. Primary | 1 |
| 4 | Asst. Teacher | M.A. B.ed | English | H. Secondary | 1 |
| 5 | Asst. Teacher | M.Com B.ed | Account/State | H. Secondary | 1 |
| 6 | Asst. Teacher | BCA [Eng. Med.] | Computer | H. Secondary - | 1 |

Application are invited from well qualified fresh / experienced teachers for the academic year 2026-27

- Preference will be given to those candidates who have studied throughout in the English Medium & Posses Command Over English Language
- Candidates must apply to The President, with the photo copies of all mark sheets and certificates to the above address or whatsapp.

### "સોમનાથ અમૃત પર્વ" નિમિત્તે વડાપ્રધાન ભવ્ય રોડ-શો સહિતના કાર્યક્રમો કરશે

# વડાપ્રધાન મોદી આજે જામનગરમાં કરશે આગમન : આવતીકાલે સોમનાથ-વડોદરા જશે

## વડોદરામાં વડાપ્રધાન સરદારધામ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન કરશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની તથા પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૦ અને ૧૧ મેના રોજ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન પીએમ મોદી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં મહત્ત્વના કાર્યક્રમોમાં હાજરી આપશે અને જનમેદનીને સંબોધિત પણ કરશે. ત્યારે તેમના આગમનને લઈને તડામાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૦ મેના રોજ મોડી રાત્રો જામનગરમાં રાત્રી રોકાણ કરશે. જે બાદ ૧૧ મેના રોજ સવારે ૧૦:૧૫ વાગ્યે પ્રધાનમંત્રી સોમનાથ મંદિર ખાતે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવમાં સહભાગી થશે.

આ મહોત્સવ સોમનાથના પુનઃનિર્મિત મંદિરના ઉદ્‌ઘાટનના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ઉજવવામાં આવી રહ્યો છે. પીએમ મોદી અહીં વિશેષ મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ જેવી મંગલ વિધિઓ સંપન્ન કરશે. આ ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવવા માટે તેઓ સોમનાથના આધ્યાત્મિક મહત્ત્વને દર્શાવતી ખાસ ટપાલ ટિકિટ અને સ્મરણાત્મક સિક્કો પણ બહાર પાડશે. સોમનાથમાં દર્શન કર્યા બાદ પીએમ મોદી વડોદરા પહોંચશે, જ્યાં સાંજે ૬ વાગ્યે તેઓ સરદારધામ હોસ્ટેલનું ઉદ્‌ઘાટન કરશે. આ આધુનિક શૈક્ષણિક સંકુલમાં ૧,૦૦૦ છોકરાઓ અને ૧,૦૦૦ છોકરીઓ માટે રહેવાની ઉત્તમ સુવિધા ઉભી કરવામાં આવી છે. પ્રધાનમંત્રી અહીં ઈ-લાઈબ્રેરી, ઓડિટોરિયમ અને સેન્ટ્રલ ડાઈનિંગ હોલ જેવી સુવિધાઓનું નિરીક્ષણ કરશે. વડાપ્રધાન મોદીનો આગમન સ્થળ હેલિપેડથી લઈ હમીરજી ગોહિલ સર્કલ સુધીનો ભવ્ય રોડ શો પણ યોજાશે. રોડ-શોના સમગ્ર માર્ગમાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવા સાથે બંને તરફ લોકો ઉભા રહી વડાપ્રધાનનું અભિવાદન કરે તેવી વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'સોમનાથ અમૃત પર્વ-૨૦૨૬' નિમિત્તે પ્રથમવાર ભારતીય વાયુસેના દ્વારા ૧૧મીએ ફાઈટર જેટ દ્વારા દિલધડક 'સુર્યકિરણ એર-શો' પણ યોજવામાં આવનાર છે.

# સોમનાથ વડાપ્રધાનના રોડ શો રૂટનું પગપાળા નિરીક્ષણ કરતા હર્ષ સંઘવી

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૧૧મી મેના રોજ 'સોમનાથ અમૃત પર્વ' નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પધારનાર છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વડાપ્રધાનના રોડ-શો સહિત રૂટનું પગપાળા નિરીક્ષણ કરી સાગરદર્શન ખાતે વડાપ્રધાનના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. સાગરદર્શન ખાતે વડાપ્રધાનના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી નાયબ મુખ્યમંત્રીએ વડાપ્રધાનના આગમન-પ્રસ્થાન માર્ગો, સભાસ્થળ અને રોડ શૉના કાર્યક્રમ સ્થળે કરવામાં આવેલી સુવિધાઓ, પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓની જવાબદારીઓ સહિત એકબીજા વિભાગના સંકલન સાથે કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય એ દિશામાં કાર્ય કરવા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠક પહેલા નાયબ મુખ્યમંત્રીએ વડાપ્રધાનના આગમન સ્થળ હેલિપેડથી લઈ હમીરજી ગોહિલ સર્કલ સુધીના રોડ શો અને સમગ્ર મંદિર પરીસર સુધીના નિર્ધારિત રૂટનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ રોડ શોના રૂટ પર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા તેમજ માર્ગોની સુવિધાઓનું અવલોકન કરી સંબંધિત અધિકારીઓને બેરિકેડિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અત્યારે ગરમીની ઋતુ હોવાથી વડાપ્રધાનના રોડ શો અને સભાસ્થળ ખાતે નાગરિકોને ગરમી ન થાય તે માટે સ્પ્રિંકલર્સ અને પાણી-છાશ સહિતની પૂરતી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચનો કર્યા હતાં. આ બેઠકમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, અનિરૂદ્ધભાઈ દવે સહિત પદાધિકારીઓ અને અગ્રસચિવ અશ્વિનીકુમાર સહિતના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### ધોમધખતા તાપ વચ્ચે લાગેલી આગથી અફરાતફરી

# અમદાવાદના આનંદનગર રોડ પર ચાલુ બાઈક ભડભડ સળગી ઉઠ્યું

## સદનસીબે, બાઈક ચાલકે સમયસૂચકતા વાપરી નીચે ઉતરી જતાં બચી ગયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના વ્યસ્ત ગણાતા આનંદનગર રોડ પર શનિવારે(૯ મે) એક ચાલુ બાઈકમાં અચાનક આગ ભભૂકી ઉઠતા વાહનચાલકોમાં નાસભાગ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં આખું બાઈક આગની લપેટમાં આવી ગયું હતું. સદનસીબે, બાઈક ચાલકે સમયસૂચકતા વાપરી નીચે ઉતરી જતાં તેનો જીવ બચી ગયો હતો. આનંદનગર વિસ્તારમાં આવેલી કોમ્ફી હોટલ પાસે એક બાઈક સવાર રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક બાઈકના એન્જિનના ભાગેથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને પળવારમાં જ આગની જવાળાઓ દેખાવા લાગી હતી. બાઈકચાલકે તાત્કાલિક બાઈક ઊભું રાખીને સુરક્ષિત અંતરે ખસી જતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટના અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, ત્યાં સુધીમાં બાઈકને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. આગના કારણે રોડ પર થોડીવાર માટે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ ટેકનિકલ ખામી અથવા તો પ્રચંડ ગરમીના કારણે એન્જિન ઓવરહીટ થવાથી લાગી હોવાનું મનાઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ગરમીનો પારો ૪૦-૪૨ ડિગ્રીને પાર કરી રહ્યો છે, ત્યારે વાહનોમાં ઈંધણની લાઈન કે વાયરિંગમાં ખામી હોવાને કારણે આગની ઘટનાઓ બની શકે છે. પોલીસ અને ફાયર વિભાગે વાહનચાલકોને અપીલ કરી છે કે ઉનાળાની ઋતુમાં વાહનોનું નિયમિત સર્વિસિંગ કરાવવું અને વાયરિંગમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરાવવાનું ટાળવું જોઈએ.

# ખંભાતમાં પેશઈમામની દીકરીએ એસએસસી બોર્ડમાં ૯૯.૫૬ પી.આર. સાથે સફળતા મેળવી

## આગળ અભ્યાસ કરી ગાયનેક ડોક્ટર બનવાની ઈચ્છા વ્યક્ત કરી



(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૯

ખંભાત શહેરમાં પાંચ હાટડી વિસ્તારમાં આવેલી સને અવ્વલ મસ્જિદમાં પેશ ઈમામ તરીકે ફરજ બજાવતા મૌલાના રઈસકૌસર અન્સારીની દિકરી બુસરાબાનુએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૬માં લેવાયેલી ધો.૧૦ની પરિક્ષામાં ૯૯.૫૬ પી.આર સાથે એ-૧ ગ્રેડમાં ઉતિર્ણ થઈને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી હતી. તેણીએ સાયન્સમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ, સોશિયલ સાયન્સમાં ૧૦૦માંથી ૯૯ ગુણ, સ્ટાન્ડર્ડ મેથ્સમાં૧૦૦માંથી ૯૮ ગુણ, ગુજરાતીમાં ૧૦૦માંથી ૯૫ ગુણ, સંસ્કૃતમાં ૧૦૦માંથી ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. બુસરાબાનુએ પોતાની સફળતાનો શ્રેય અલ્લાહ, પોતાનાં માતા પિતા અને શિક્ષકોને આપ્યો હતો. તેણીએ કહ્યું હતું કે દરરોજ પાંચ ટાઈમની નમાઝ, અલ્લાહની ઈબાદત કરવા સાથે દરરોજ પાંચથી છ કલાક વાંચન કરતી હતી અને શરૂઆતથી જ વાંચન અને મહેનત સાથે દરરોજ શાળામાં કરેલા અભ્યાસનું ઘરે આવી રીવીઝન કરતી હતી, જેથી તેણીને આ સફળતા પ્રાપ્ત થઈ છે.

બુસરાબાનુએ વધુમાં કહ્યું હતું કે તેણી આગળ હાયર સેકેન્ડરીમાં સાયન્સનો અભ્યાસ કરી મેડિકલ ક્ષેત્રમાં જવા માંગે છે, તેણીએ કહ્યું કે જો અલ્લાહ કામયાબી આપશે તો તેણી ગાયનેક ડોકટર બનવાની ઈચ્છા ધરાવે છે અને તે ગોલ સાથે તે મહેનત કરી આગળ વધશે. તેણીએ કહ્યું હતું કે તેનાં પિતા રઈસકૌસર અન્સારી પેશઈમામ છે, જેથી તેઓએ તેણીને દિની સાથે દુન્યવી શિક્ષણ મેળવવા પણ પ્રોત્સાહિત કરી હતી, તેઓનાં પરિવારમાં દિકરા દિકરી બન્નેને સમાન ગણવામાં આવે છે, જેથી તેણી પોતાનાં માતા પિતાનાં પ્રોત્સાહનથી આ સફળતા મેળવી શકી છે, તેણીએ દરેક માતા પિતાને પોતાની દિકરીઓને ઉચ્ચ શિક્ષણથી સજ્જ થવા માટે પ્રોત્સાહીત કરવા અનુરોધ કર્યો હતો.

બુસરાબાનુનાં પિતા મૌલાના રઈસકૌસર અન્સારીએ કહ્યું હતું કે દિકરાઓની સાથે દિકરીઓને પણ ઉચ્ચ શિક્ષણ મેળવવાનો હક છે, ઈસ્લામિક દાયરામાં રહીને ઈસ્લામી તહેજીબ સાથે દિકરીઓને પણ ઉચ્ચ શિક્ષણથી સજ્જ કરવી જોઈએ, દિકરા અને દિકરીઓને સમાન રીતે દિની દુન્યવી શિક્ષણથી સજ્જ કરવી જોઈએ.તે માટે તેઓએ તમામ વાલીઓને પણ અનુરોધ કર્યો હતો. પેશઈમામ મૌલાના રઈસકૌસર અન્સારી મસ્જિદનાં પેશઈમામ છે અને એક નાનકડી રૂમમાં રહે છે, માત્ર પેશઈમામનાં મળતા પગારમાંથી પરિવારનાં ગુજરાન સાથે તેઓ પોતાનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણથી સજ્જ કરવા માટે પણ પ્રોત્સાહિત કરી રહ્યા છે, જે સમગ્ર સમાજનાં વાલીઓ માટે ઉદાહરણરૂપ છે.

### ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ ગુપ્ત માહિતીને આધારે પાર પાડયું ઓપરેશન

# સુરત એરપોર્ટ પરથી પેસેન્જર પાસેથી રૂા.૨.૮૦ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

## ૮.૬૦૦ કિલોનો જથ્થો જપ્ત કરી મુસાફરની પૂછપરછ હાથ ધરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

સુરત એરપોર્ટ પર આજે વહેલી સવારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા ગુપ્ત માહિતીના આધારે એક મહત્વનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. દિલ્હીથી સુરત આવેલી ફ્લાઈટના મુસાફરોનું ચેકિંગ કરવામાં આવતા એક શંકાસ્પદ મુસાફર મળી આવ્યો હતો. આ મુસાફરની તપાસ કરતા તેના સામાનમાંથી નશીલો પદાર્થ મળી આવતા એરપોર્ટ પર દોડધામ મચી ગઈ હતી.

DRIની તપાસ દરમિયાન મુસાફર પાસેથી અંદાજિત ૮.૬૦૦ કિલો હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો છે. આ પદાર્થ સામાન્ય ગાંજા કરતા વધુ ઘાતક અને મોંઘો હોવાનું જાણવા મળ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જપ્ત કરાયેલા માદક પદાર્થની કિંમત અંદાજે રૂા. ૨.૮૦ કરોડ જેટલી આંકવામાં આવી છે. અધિકારીઓએ તાત્કાલિક ધોરણે આ જથ્થો કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સામાન્ય રીતે હાઈબ્રિડ ગાંજો કે અન્ય મોંઘા નશીલા પદાર્થો વિદેશથી આવતી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ દ્વારા ભારતમાં લાવવામાં આવતા હોય છે. પરંતુ આ કિસ્સામાં દિલ્હી-સુરતની ડોમેસ્ટિક ફ્લાઈટમાંથી આટલો મોટો જથ્થો પકડાતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી છે. હવે તપાસ એ દિશામાં ચાલી રહી છે કે આ જથ્થો દિલ્હીમાં ક્યાંથી આવ્યો અને સુરતમાં કોને પહોંચાડવાનો હતો. DRI દ્વારા પકડાયેલા મુસાફરની અટકાયત કરીને તેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આ ઓપરેશનમાં સુરત અને દિલ્હીના અન્ય ડ્રગ પેડલર્સની સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે. હાઈબ્રિડ ગાંજાના આ કેસમાં આગામી દિવસોમાં મોટા ખુલાસા થવાની અને ડ્રગ્સ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય લોકોની ધરપકડ થવાની પૂરેપૂરી શક્યતા હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે.

### નવું પિકનિક સ્પોટ વિશાળ અને આધુનિક બનશે

# ૧૦૯ હેક્ટરમાં ફેલાયેલા ઐતિહાસિક ચંડોળા તળાવનો પ્રોજેક્ટ ફૂલ સ્પીડમાં

## પ્રોજેક્ટનો પ્રથમ ફેઝ અંતિમ તબક્કામાં, અત્યાર સુધી અંદાજે રૂા.૩૬.૩૮ કરોડનો થયો ખર્ચ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદનું સૌથી મોટું અને ઐતિહાસિક ગણાતું ચંડોળા તળાવ હવે તેની જૂની ઓળખ પરત મેળવવા જઈ રહ્યું છે. તળાવના કિનારેથી મોટા પાયે ડિમોલિશન થયાના એક વર્ષ બાદ, તંત્ર દ્વારા તેના નવીનીકરણની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. આશરે ૧૦૯.૬ હેક્ટર વિસ્તારમાં અને ૪.૫૧ કિલોમીટરના પરિઘમાં ફેલાયેલા આ તળાવને કાંકરિયા જેવું જ ભવ્ય પ્રવાસન સ્થળ બનાવવાનું આયોજન છે.

તળાવના વિકાસ માટે હાથ ધરાયેલા પ્રોજેક્ટનો પ્રથમ ફેઝ હવે અંતિમ તબક્કામાં છે, જેમાં અત્યાર સુધી અંદાજે ૩૬.૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ ચૂક્યો છે. પ્રથમ તબક્કામાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી કરવામાં આવી છે. તળાવનું ડિપનિંગ (ઊંડું કરવાની પ્રક્રિયા) પૂર્ણ કરવામાં આવ્યું છે. તળાવની ફરતે પ્રોટેક્શન વોલ (બાઉન્ડ્રી વોલ) અને આકર્ષક ગુંબજો તૈયાર કરવામાં આવ્યા છે. વોર વે ફિલિંગ અને ખંભાતી કુવાની મરામતની કામગીરી પણ હાથ ધરાઈ છે.

બીજા તબક્કાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જેમાં પર્યટકો અને સ્થાનિક રહીશો માટે વિશ્વસ્તરીય સુવિધાઓ વિકસાવવામાં આવશે. વોક-વેઃ તળાવની ફરતે ૩.૧૬ કિલોમીટર લાંબો આધુનિક વોક-વે બનાવવામાં આવશે. મનોરંજનઃ એમ્યુઝમેન્ટ પાર્ક, એમ્ફીથિએટર અને બાળકો માટે ખાસ ગેમ ઝોન. ફિટનેસ અને આરામઃ જંગલ જીમ, ગાર્ડન અને સિનિયર સિટિઝન પાર્કનું નિર્માણ થશે. એન્ટ્રી ગેટઃ તળાવમાં પ્રવેશવા માટે ચારેય દિશામાં ભવ્ય ગેટ બનાવવામાં આવશે. ચંડોળા તળાવનો વિકાસ એવી રીતે કરવામાં આવી રહ્યો છે કે, તે કાંકરિયા તળાવ કરતા પણ વિશાળ અને આકર્ષક બનીને ઉભરશે. આગામી સમયમાં આ સ્થળ અમદાવાદના પ્રવાસન નકશા પર એક નવું ઘરેણું સાબિત થશે.

### અમદાવાદમાં ધોળે દિવસે ચેન સ્નેચિંગનો બનાવ !

# બાઈક પર આવેલા બે ગઠિયા યુવકના ગળામાંથી સોનાની ચેન ઝૂંટવીને ફરાર

## બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો સામે નોંધાઈ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના સાબરમતી રામનગર સ્થિત સ્મૃતિ મંદિર પાસે દૂધ લેવા નીકળેલા એક યુવકના ગળામાંથી કાળા કલરની પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો રૂા.૬૦,૦૦૦ની કિંમતની સોનાની ચેન અને ડાયમંડ પેન્ડલની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. ભોગ બનનાર યુવકે આ મામલે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

વિગતો મુજબ, સાબરમતીના રામનગર વિસ્તારમાં રહેતા અને બોપલ રોડ પર કાપડના શો-રૂમમાં નોકરી કરતા મોક્ષાર્થ પ્રવિણચંદ્ર વોરા ગત સવારે સવા નવ વાગ્યાની આસપાસ સ્મૃતિ મંદિર પાછળ આવેલા અમૂલ પાર્લરથી દૂધ લઈને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સ્મૃતિ મંદિરના પાછળના ગેટ પાસે પાછળથી આવેલી બાઈક પરના બે ગઠિયાઓએ મોક્ષાર્થભાઈના ગળામાંથી ૫.૦૭૦ ગ્રામની સોનાની ચેન અને હીરાનું પેન્ડલ આંચકી લીધું હતું. અચાનક થયેલા હુમલાથી ગભરાયેલા યુવકે બૂમાબૂમ કરી હતી, પરંતુ આરોપીઓ ગણતરીની સેકન્ડોમાં પલાયન થઈ ગયા હતા.

ભોગ બનનારે આસપાસના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા, પરંતુ બાઈકનો નંબર ટ્રેસ થઈ શક્યો નહોતો. અંતે પિતરાઈ ભાઈ સાથે પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ અને CCTVના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# શમા સ્કૂલ, દાણીલીમડાના તેજસ્વી તારલા

દાણીલીમડાની હાઈસ્કૂલનું એચએસસીનું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. જ્યારે એસએસસીનું ૯૬.૮૭ પરિણામ આવ્યું છે.

શાળામાં પ્રથમ ક્રમે રંગરેજ સાબરીન એ કોમર્સ પ્રવાહમાં ૯૯.૬૯ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



બીજા ક્રમે અંસારી મોહંમદ તાહા એ કોમર્સ પ્રવાહમાં ૯૫.૦૬ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



ત્રીજા ક્રમે પઠાણ આફિયા એફ.એ કોમર્સ પ્રવાહમાં ૯૪.૪૮ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરેલ છે.



આ પરિણામોમાં એચએસસીના અને એસએસસીના પ્રથમ ત્રણ તેજસ્વી તારલાઓ નીચે મુજબ છે.

એસએસસીમાં શાળામાં પ્રથમ ક્રમે પટેલ ઝુબેર એસ. એ ૯૬.૨૨ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



બીજા ક્રમે શેખ ફાતેમા અબ્દુલ સમીએ ૯૧.૬૨ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરી છે.



ત્રીજા ક્રમે સુમૈયાબાનું મો. હારૂન એ ૯૧.૦૫ પર્સન્ટાઈલ મેળવી સફળતા પ્રાપ્ત કરેલ છે.

# નર્મદા જિલ્લા પંચાયત સહિત ૪ તાલુકા પંચાયતમાં ભાજપની હાર બાદ મનસુખ વસાવા અકળાયા

## રાજપીપળા એપીએમસી ખાતે સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં બેઠક મળી

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લા પંચાયત સહિત ગરૂડેશ્વર, ડેડિયાપાડા, સાગબારા અને ચિકદા તાલુકા પંચાયતમાં ભાજપની હાર બાદ રાજપીપળા એ.પી.એમ.સી ખાતે સાંસદ મનસુખ વસાવા, નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ સહિત અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં એક બેઠક મળી હતી. આ બેઠકમાં સાંસદ મનસુખ વસાવાએ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ, પ્રભારી અર્જુન ચૌધરી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ અને પ્રભારી અર્જુન ચૌધરી ગેરહાજર હતા કે એમને બોલાવ્યા ન્હોતા એ મુદ્દે હાલ રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે.

આ બેઠકનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં મનસુખ વસાવા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ અને પ્રભારી અર્જુન ચૌધરી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે પ્રભારી અર્જુન ચૌધરીને 'કઠપૂતળી' છે તેઓ માત્ર એસી ઓફિસમાં બેસી રહે છે અને સંગઠનનું કોઈ કામ કરતા નથી. જો કામ ન થઈ શકતું હોય તો પદ છોડી દે.નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ કોઈ પણ સીટ પર જીતાડવા માટે નીકળ્યા નથી સવારે ૯ વાગે ઉઠી સીધા એસ.સી કાર્યાલયમાં જતા રહેવાનું અને ફોન પણ બધું બ્રિફિંગ કર્યા કરવાનું. પ્રમુખ અને મહામંત્રી એસી ઓફીસમાં બેસી રહે તો કેવી રીતે તાલુકા અને જિલ્લા પંચાયત જીતવાના છે. જિલ્લા સંગઠનમાં કોઈ પણ મહત્વના નિર્ણય લેતી વખતે અમને પૂછવામાં આવતું નથી, જે પક્ષ માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે.

મેં કીધું હતું તે સીટ પર કોઈ ઉમેદવાર નહીં મુક્યો અને પોતાની મનમાની ચલાવી કહ્યું તાલુકાના સંગઠને કહ્યું તે ઉમેદવાર મુક્યો છે. આપણે આ લોકોના ભરોસે નથી રહેવાનું અને ૨૦૨૭ માટે મહેનત કરવાની છે. તમે કામ કરવા સક્ષમ ના હોય તો પદ છોડી દો જુના લોકો કામ કરવા સક્ષમ છે. નવા લોકોને ચાન્સ આપ્યો છે પણ તે લોકો ફેલ ગયા છે અમે પ્રદેશમાં રજૂઆત કરવાના છે. ચૈતર એન્ડ કંપની સામે કાઉન્ટર કરવાની સક્ષમતા ના હોઈ તો પદ છોડી દો.આપણે નાંદોદ અને ડેડીયાપાડા વિધાનસભા જીતવાની છે જો આ લોકોના ભરોસે રહ્યા તો હમણાં જે પરિસ્થિતિ થઈ તે જ થવાની છે.

આ બાબતે નર્મદા જિલ્લા ભાજપ પ્રભારી અર્જુન ચૌધરીએ જણાવ્યું હતું કે મને ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલા જ જવાબદારી સોંપાઈ હતી. જિલ્લામાં મળેલી હાર બાદ યોજાયેલી મનોમંથન બેઠકમાં મને બોલાવવામાં જ આવ્યો ન્હોતો. જો અમને બોલાવ્યા હોત તો અમે ચોક્કસ પક્ષના હિતમાં ચર્ચા કરી શક્યા હોત'. મીડિયામાં આવા નિવેદનો આપવાથી કાર્યકરોમાં ખોટો મેસેજ જાય છે, જે અટકાવવો જોઈએ.

### અબ્દુલહન્નાન અને અબ્દુલમન્નાને મેળવી સિદ્ધિ

# S.S.Cમાં ૯૫ ટકા સાથે ઉત્તીર્ણ થનાર જોડિયા ભાઈઓ ડોકટર બનવા માંગે છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૬/૫/૨૦૨૬ના રોજ ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયેલ હતું. જેમાં અમદાવાદ ખાતેની દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ), કાંકરિયામાં અભ્યાસ કરતા અબ્દુલહન્નાન મોમિન અને અબ્દુલમન્નાન મોમિને જવલંત સફળતા મેળવેલ છે. આ જોડિયાભાઈઓ અબ્દુલહન્નાન મોમિનને ૯૫.૩૩ ટકા (૯૯.૩૬ PR) અને અબ્દુલમન્નાન મોમિનને ૯૫.૮૩ ટકા (૯૯.૫૬ PR) મળેલ છે. તેઓ આ સફળતા માટે તેમના વાલીઓ તથા શિક્ષકોને શ્રેય આપે છે. આ સફળતા મેળવવા માટે તેઓ દિવસના ૪થી ૫ કલાકનું રીડીંગ કરતા હતા. ભવિષ્યમાં તેઓ તેમના માતા-પિતાની જેમ ડોકટર બનવા ઈચ્છે છે.



(૧) અબ્દુલહન્નાન મોમિન



(૨) અબ્દુલમન્નાન મોમિન

# દિલ્હીના સત્તાવાળાઓએ દરગાહ તોડી પાડી, સ્થાનિકોનો દાવો છે કે તે ૧૦૦ વર્ષ પહેલા બનાવાઈ હતી

## લેફ્ટનન્ટ ગવર્નર, દિલ્હી પોલીસ અને ડીડીએ અધિકારીઓને તોડી પાડવાનો વિરોધ કરતી કાનૂની નોટિસ મોકલવામાં આવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

દિલ્હી વિકાસ સત્તામંડળ (ડીડીએ) એ ૬ મે, બુધવારની વહેલી સવારે માંગોલપુરી ઔદ્યોગિક વિસ્તાર ફેઝ-૨માં ભારે પોલીસ બંદોબસ્ત સાથે એક સદી જૂની દરગાહ તોડી પાડી. જ્યારે અધિકારીઓએ દાવો કર્યો હતો કે તે સરકારી જમીન પર ગેરકાયદેસર અતિક્રમણ હતું, ત્યારે દરગાહના સંભાળ રાખનારાઓએ કહ્યું કે તે ૧૦૦ વર્ષથી વધુ જૂનું હતું. ડીડીએએ કહ્યું કે આ માળખું દરગાહ પંચ પીરાણ હતું અને તે તોડી પાડવાનું કામ ધાર્મિક સમિતિની મંજૂરી મેળવ્યા પછી અને કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા પછી જ કરવામાં આવ્યું હતું. "આ ધાર્મિક સમિતિની યોગ્ય મંજૂરી મેળવ્યા પછી કરવામાં આવ્યું હતું, બધી જ ઔપચારિકતાઓ પૂર્ણ કરીને, જેણે ઉપરોક્ત દરગાહને સરકારી જમીન પર સ્પષ્ટપણે અનધિકૃત બાંધકામ તરીકે સ્થાપિત કર્યું," ડીડીએના પ્રવક્તાને હિન્દુસ્તાન ટાઇમ્સ દ્વારા ટાંકવામાં આવ્યું હતું. પ્રવક્તાના જણાવ્યા મુજબ, ૨૦૨૪માં "ગેરકાયદેસર કબજેદારો"ને નોટિસ મોકલવામાં આવી હતી. 'DDAએ ૨૦૨૪માં દરગાહના ગેરકાયદેસર કબજેદારોને કારણ બતાવો નોટિસ આપી હતી, પરંતુ તેમનો જવાબ નોંધપાત્ર નહોતો," તેમણે કહ્યું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કાર્યવાહી ફક્ત ઓળખાયેલા અતિક્રમણ કરેલા ભાગ સુધી મર્યાદિત હોવાથી સ્થળ પર અન્ય કોઈપણ માળખા કે સામાનને કોઈ નુકસાન થયું નથી.



ડિમોલિશન ઝુંબેશ શરૂ થઈ ત્યારે સવારે ૬ વાગ્યાથી દિલ્હી પોલીસની ત્રણ ટીમો સ્થળ પર તૈનાત હતી. પોલીસ અધિકારીઓએ વિરોધ કરવાનો પ્રયાસ કરી રહેલા સ્થાનિક લોકોને દૂર કર્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, લગભગ ૯૦ ટકા માળખું તોડી પાડવામાં આવ્યું છે. દરગાહના પ્રભારી મકબુલ હસને જણાવ્યું હતું કે આ માળખું દાયકાઓથી સ્થાપિત હતું. "મારા પિતા અને તેમના પિતા, અમે બધાએ આ ૧૦૦ વર્ષથી વધુ જૂની દરગાહની સંભાળ રાખી છે. આ અઠવાડિયે અમને કોઈ યોગ્ય સૂચના આપવામાં આવી ન હતી. પોલીસકર્મીઓ સવારે ૪થી ૫ વાગ્યાની આસપાસ આવ્યા અને અમને ધમકી આપી. મેં SHO (સ્ટેશન હાઉસ ઓફિસર)ને યોગ્ય કોર્ટ કાર્યવાહી થાય ત્યાં સુધી રોકવા અને રાહ જોવા માટે વિનંતી પણ કરી, પરંતુ તેમણે મને ધરપકડ કરવાની ધમકી આપી. હવે, દરગાહ લગભગ તોડી પાડવામાં આવી છે," હસને કહ્યું. તોડી પાડવાનો વિરોધ કરતી કાનૂની નોટિસ લેફ્ટનન્ટ ગવર્નર, દિલ્હી પોલીસ અને DDA અધિકારીઓને મોકલવામાં આવી છે. બુધવારે જારી કરાયેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે દરગાહ વર્ષોથી કોઈપણ ખલેલ વિના અસ્તિત્વમાં છે અને યોગ્ય પ્રક્રિયા વિના કોઈપણ તોડી પાડવું એ સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકાનું ઉલ્લંઘન ગણાશે.

# બંગાળમાં પરાજય બાદ મમતા બેનરજીએ X અને ફેસબુક પર બાયો અપડેટ કર્યું

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આવેલા ઐતિહાસિક પલટા બાદ, તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીએ શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (ટ્વિટર) અને ફેસબુક પર પોતાની પ્રોફાઇલ અપડેટ કરી છે. બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પરાજય બાદ હવે તેમણે પોતાની નવી ઓળખ 'સ્થાપક અધ્યક્ષ, ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ' અને 'પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી (૧૫મી, ૧૬મી અને ૧૭મી વિધાનસભા)' તરીકે આપી છે.




મમતા બેનરજીએ સોશિયલ મીડિયા પર આ ફેરફાર તે જ દિવસે કર્યો જ્યારે ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ૧૮મી પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે તૃણમૂલ કોંગ્રેસને કારમી હાર આપીને સત્તાના સૂત્રો સંભાળ્યા છે. મમતા બેનરજીએ વર્ષ ૨૦૧૧માં ૩૪ વર્ષ જૂના ડાબેરી શાસનનો અંત આણીને રાજ્યની કમાન સંભાળી હતી અને તેઓ અગાઉની સતત ત્રણ વિધાનસભામાં ગૃહના નેતા રહ્યા હતા.

નોંધનીય છે કે, ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ પણ મમતા બેનરજીએ તાત્કાલિક રાજીનામું આપ્યું ન હતું. તેમણે ચૂંટણી પ્રક્રિયામાં ગંભીર અનિયમિતતાઓ હોવાનો આક્ષેપ કર્યો હતો. બેનરજીનો દાવો છે કે લગભગ ૧૦૦ બેઠકો પર હેરાફેરી અને ગેરરીતિઓને કારણે તેમની પાર્ટીની હાર થઈ છે. તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ પણ કેન્દ્રીય એજન્સીઓના દુરૂપયોગ અને મતગણતરીમાં ગરબડના આક્ષેપો કર્યા છે, જોકે ચૂંટણી પંચ અને ભાજપે આ તમામ આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. પશ્ચિમ બંગાળની ૨૯૪ સભ્યોની વિધાનસભામાં આ વખતે ભાજપે ૨૦૭ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે તૃણમૂલ કોંગ્રેસ સત્તામાંથી બહાર થઈ ગઈ છે. સોશિયલ મીડિયા પર મમતા બેનરજીના બદલાયેલા 'બાયો' એ હવે સત્તાવાર રીતે બંગાળમાં એક નવા યુગની શરૂઆત અને તૃણમૂલના શાસનનો અંત હોવાનું સંકેત આપ્યો છે.

# હૈદરાબાદમાં કેન્દ્રીય મંત્રી બાંદી સંજયના પુત્ર વિરૂદ્ધ પોક્સો એફઆઈઆર

## હૈદરાબાદના ફાર્મહાઉસમાં એક સગીર દ્વારા હુમલો કરવાના આરોપ બાદ તેલંગાણા પોલીસે પેટ બશીરાબાદ સ્ટેશન પર પોક્સો કેસ નોંધ્યો છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

તેલંગાણા પોલીસે શુક્રવાર, ૮ મેના રોજ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારના પુત્ર બંદી સાઈ બગીરથ વિરુદ્ધ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (પોક્સો) કાયદા હેઠળ કેસ નોંધ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, ભારતીય ન્યાયસંહિતાની કલમ ૭૪ અને ૭૫ અને પોક્સો કાયદાની કલમ ૧૧/૧૨ હેઠળ હૈદરાબાદના પેટ બશીરાબાદ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે ફરિયાદી, લગભગ ૧૭ વર્ષની છોકરીએ આરોપ લગાવ્યો છે કે હૈદરાબાદની બહારના એક ફાર્મહાઉસમાં તેને બે અલગ અલગ પ્રસંગે દારૂ પીવા માટે મજબૂર કરવામાં આવી હતી અને પછી તેનું જાતીય શોષણ કરવામાં આવ્યું હતું. તે જ દિવસે, બગીરથએ કરીમનગરના ટુ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. કરિમનગરના સાંસદના પુત્રએ પોતાની ફરિયાદમાં સગીર છોકરી અને તેના માતા-પિતાનું નામ આપ્યું અને તેમના પર ધાકધમકી અને ખંડણીનો આરોપ લગાવ્યો. પોતાની ફરિયાદમાં, બગીરથએ જણાવ્યું હતું કે તે સામાન્ય મિત્રો દ્વારા છોકરીને મળ્યો હતો અને સમય જતાં બંને વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધ વિકસાવ્યા હતા, પરિવારો સાથે મળીને સામાજિકતા કરતા હતા અને વિજયવાડા, અરુણાચલમ અને તિરુમાલાના મંદિરોમાં જતા હતા. તેણે આરોપ લગાવ્યો હતો કે છોકરીના માતા-પિતાએ ત્યારબાદ તેના પર લગ્ન કરવા દબાણ કર્યું હતું અને તેના ઈન્કાર પર, તેની સામે ફોજદારી કેસ દાખલ કરવાની ધમકી આપી હતી. તેણે કહ્યું હતું કે તેણે એક પ્રસંગે છોકરીના પિતાને ૫૦,૦૦૦ રૂપિયા આપ્યા હતા પરંતુ પરિવારે પછી ૫ કરોડ રૂપિયાની માંગણી કરી હતી અને છોકરીની માતાએ કથિત



રીતે જો રકમ ચૂકવવામાં ન આવે તો આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેમના કેટલાક મિત્રોને પણ આ જ પરિવાર સાથે આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો અને તેમણે એપ્રિલ ૨૦૨૬માં આદિલાબાદ જિલ્લાના નિર્મલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બગીરથે પોલીસને ધમકીઓની તપાસ કરવા અને તેમને સુરક્ષા પૂરી પાડવા વિનંતી કરી હતી. આ ઘટના ૧૦ મેના રોજ હૈદરાબાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભાના એક દિવસ પહેલા પ્રકાશમાં આવી હતી. મહિન્દ્રા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે થયેલા કથિત હુમલા સાથે જોડાયેલા વ્યાપકપણે પ્રસારિત થયેલા વીડિયોમાં બગીરથના અગાઉના દેખાવ અંગે પણ ધ્યાન ખેંચાયું છે.

# પંજાબ : દરોડા પછી EDએ કેબિનેટ મંત્રીની ધરપકડ કરી, AAPએ તેને બદલાની કાર્યવાહી ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

પંજાબના સ્થાનિક સંસ્થાઓ અને સંસદીય બાબતોના મંત્રી સંજીવ અરોરાની શનિવારે બપોરે (૯ મે) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ, ED ટીમ શનિવાર સવારથી દિલ્હી, ગુરૂગ્રામ અને ચંદીગઢમાં તેમના સત્તાવાર નિવાસસ્થાન સહિત અનેક સ્થળોએ દરોડા પાડી રહી હતી.

ધ ટેલિગ્રાફના અહેવાલ મુજબ, એજન્સીની તપાસ રૂા.૧૦૦ કરોડથી વધુના કથિત છેતરપિંડીભર્યા વેચાણ, શેલ કંપનીઓ દ્વારા છેતરપિંડીથી નિકાસ અને મની લોન્ડરિંગના કેસોથી સંબંધિત છે. ૬૨ વર્ષીય અરોરા લુધિયાણા પશ્ચિમ વિધાનસભા મતવિસ્તારના AAP ધારાસભ્ય છે. અધિકારીઓએ જણાવ્યું કે EDએ શનિવારે પંજાબના ઉદ્યોગ મંત્રી સંજીવ અરોરા અને તેમની સાથે કથિત રીતે જોડાયેલા અન્ય ઘણા લોકોના ઘરો પર દરોડા પાડ્યા હતા. જે પાંચ પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા તેમાં ચંદીગઢમાં અરોરાનું સત્તાવાર નિવાસસ્થાન પણ શામેલ છે. હેમ્પટન સ્કાય રિયલ્ટી લિમિટેડ નામની કંપનીના પરિસરમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય એજન્સી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ (PMLA)ની ફોજદારી કલમો હેઠળ નવો કેસ નોંધાયા બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. એપ્રિલની શરૂઆતમાં, ઈઢ એ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA)ની નાગરિક જોગવાઈઓ હેઠળ અરોરા અને તેમની સંલગ્ન સંસ્થાઓ પર દરોડા પાડ્યા હતા. EDના જણાવ્યા મુજબ, PMLA હેઠળની તાજેતરની તપાસમાં રૂા.૧૦૦ કરોડથી વધુ મૂલ્યના મોબાઈલ ફોનની "નકલી" GST ખરીદી અને ત્યારબાદ ભંડોળની "હેલ્થ અને હિલચાલ" દ્વારા દુબઈથી ભારતમાં કથિત ગેરકાયદેસર નાણાંની નિકાસનો સમાવેશ થાય છે. એવો આરોપ છે કે દિલ્હીમાં "બિન-અસ્તિત્વમાં" કંપનીઓ પાસેથી છેતરપિંડીભર્યા ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC)નો દાવો કરવા માટે ઘણા નકલી GST ખરીદી ઈન્વોઈસ મેળવવામાં આવ્યા હતા. એપ્રિલમાં દરોડા પછી, અરોરાએ જણાવ્યું હતું કે તેઓ તપાસ એજન્સીઓને સંપૂર્ણ સહકાર આપશે અને તેમને વિશ્વાસ છે કે સત્યનો વિજય થશે.

આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું

તાજેતરના વિકાસ પર પ્રતિક્રિયા આપતા, આમ આદમી પાર્ટી (AAP)ના કન્વીનર



અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકરી ટીકા કરી અને કેન્દ્ર સરકાર પર છેલ્લા કેટલાક વર્ષોમાં પંજાબીઓને હેરાન કરવાનો આરોપ લગાવ્યો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક લાંબી પોસ્ટમાં, કેજરીવાલે કહ્યું, "બંગાળ ચૂંટણીઓ પૂર્ણ થયા પછી તરત જ મોદીજીએ પંજાબમાં દૈનિક ED દરોડા શરૂ કર્યા. છેલ્લા કેટલાક વર્ષોમાં મોદીજીએ પંજાબને પોતાના નિયંત્રણમાં રાખ્યું છે અને પંજાબીઓ સાથે વિવિધ રીતે દુર્વ્યવહાર કર્યો છે." દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે મુઘલ સમ્રાટ ઔરંગઝેબે પણ શીખ ગુરૂઓને હેરાન કર્યા હતા, પરંતુ તેઓએ તેનો હિંમતભેર સામનો કર્યો. તેમણે આરોપ લગાવ્યો કે, ઔરંગઝેબની જેમ, "મોદીજીએ દેશના વિવિધ ભાગો પર અપ્રમાણિક રીતે કબજો કર્યો છે અને હવે તેઓ પંજાબ પહોંચી ગયા છે." પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનએ ઠ પર એક પોસ્ટમાં પણ કહ્યું, "આજે ફરી એકવાર ભાજપની ઈઢ સંજીવ અરોરાના ઘરની મુલાકાત લીધી છે. આ એક વર્ષમાં ત્રીજી વખત છે જ્યારે ભાજપની ED તેમના ઘરની મુલાકાત લીધી છે" અને છેલ્લા મહિનામાં બીજી વખત. છતાં તેમને કંઈ મળ્યું નથી. માનએ વધુમાં કહ્યું, "આ ભગતસિંહની ભૂમિ છે, જેમણે ક્યારેય અંગ્રેજો સામે ઝુકાવ્યું નહીં, તેથી પંજાબ ક્યારેય મોદીની ચાલાકીઓ સામે ઝૂકશે નહીં. આ અનૈતિક ED-BJP ગઠબંધનનો અંત પંજાબમાં શરૂ થશે."

આમ આદમી પાર્ટીએ આ દરોડાને કેન્દ્રની ભાજપ સરકારના ઈશારે રાજકીય બદલો ગણાવ્યો છે, કારણ કે પંજાબમાં આવતા વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. નોંધનીય છે કે અરોરા પહેલાથી જ એક જૂના મની લોન્ડરિંગ કેસમાં તપાસ હેઠળ હતા, જેમાં EDએ ૨૦૨૪માં તેમના ઘરે દરોડા પાડ્યા હતા. તે સમયે, તેમના અને તેમના સહયોગીઓ પર રહેણાંક પ્રોજેક્ટ્સ માટે ઔદ્યોગિક જમીનનો દુરુપયોગ કરવાનો આરોપ હતો. તે સમયે તેઓ રાજ્યસભાના સાંસદ પણ હતા.

નોંધનીય છે કે પંજાબમાં ચૂંટણીઓ ૨૦૨૭ની શરૂઆતમાં યોજાવાની છે. આને ધ્યાનમાં રાખીને, EDએ છેલ્લા કેટલાક અઠવાડિયામાં પંજાબમાં રાજકીય રીતે જોડાયેલા વ્યક્તિઓ સામે ઘણી મોટી કાર્યવાહી કરી છે.

અગાઉ, એજન્સીએ લવલી ગ્રુપના પ્રમોટર અને રાજ્યસભાના સાંસદ અશોક કુમાર મિત્તલના પરિસર પર દરોડા પાડ્યા હતા, જેઓ દરોડા પછી આમ આદમી પાર્ટીના અન્ય છ સાંસદો સાથે ભાજપમાં જોડાયા હતા.

આ અઠવાડિયાની શરૂઆતમાં, એજન્સીએ પંજાબમાં અનેક બિલ્ડરો અને રિયલ એસ્ટેટ કંપનીઓના પરિસર તેમજ આમ આદમી પાર્ટીના એક અધિકારીના કથિત સહયોગીના પરિસર પર દરોડા પાડ્યા હતા. પંજાબ આમ આદમી પાર્ટીના પ્રમુખ અને કેબિનેટ મંત્રી અમન અરોરા સામે લગાવવામાં આવેલા આરોપોને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. અરોરાએ આ આરોપોને નકારી કાઢ્યા હતા, EDના દાવાઓને "બનાવટી" ગણાવ્યા હતા. AAPના પૂર્વ નેતાઓ, સાંસદ સંદીપ પાઠક અને રાજેન્દ્ર ગુપ્તાને કોર્ટમાંથી રાહત મળી છે આ દરમિયાન, AAP છોડીને ભાજપમાં જોડાયેલા રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક અને રાજેન્દ્ર ગુપ્તાને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાંથી નોંધપાત્ર રાહત મળી છે.

હાઈકોર્ટે પાઠકની ધરપકડ પર સોમવાર સુધી રોક લગાવી દીધી છે. હાઈકોર્ટે પ્રદૂષણ વિવાદના સંદર્ભમાં રાજેન્દ્ર ગુપ્તાની ફેક્ટરી સામે કાર્યવાહી પર પણ અસ્થાયી રૂપે રોક લગાવી દીધી છે. પાઠકે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને તેમની સામે દાખલ થયેલા કેસની માહિતી માંગી હતી. પાઠકે કહ્યું હતું કે બંને કેસ ક્યાં નોંધાયા છે અને તેમાં કઈ કલમો લાદવામાં આવી છે તે જણાવવામાં આવે. સંદીપ પાઠકની અરજી પર સુનાવણી કરતા, કોર્ટે સરકારને હાલ પૂરતું કોઈ જબરદસ્તી કાર્યવાહી ન કરવાનો નિર્દેશ આપ્યો. તેણે પંજાબ સરકારને નોટિસ પણ જારી કરીને વિગતવાર સોગંદનામું દાખલ કરવા કહ્યું.

તે જ સમયે, રાજિન્દર ગુપ્તાના ટ્રાઈડેન્ટ ગ્રુપ સામે પંજાબ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કાર્યવાહી પર રોક લગાવવામાં આવી છે. રાજિન્દર ગુપ્તા ટ્રાઈડેન્ટ ગ્રુપના માલિક છે.

આ સંદર્ભમાં, કોર્ટે જણાવ્યું હતું કે ટ્રાઈડેન્ટ ગ્રુપ સામે કાર્યવાહી ૩૦ દિવસનો સમય આપ્યા પછી જ થઈ શકે છે. પંજાબ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સાત દિવસ પહેલા ટ્રાઈડેન્ટ ગ્રુપની બર્નાલા ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા, જેની સામે તેમણે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# પુસ્તકો માટે પૈસા નથી, દરેક વિષયમાં નાપાસ થયા... પદ્મશ્રી ડૉ. એચ.સી. વર્માને મળો, જેમણે AIને પડકાર ફેંક્યો

**જો કોઈ તમને કહે કે જે બાળક તેના શાળાના દિવસોમાં દરેક વિષયમાં નાપાસ થયો હતો તે દેશના મહાન વૈજ્ઞાનિકોમાંનો એક બનશે, તો તમે કદાચ તેના પર વિશ્વાસ નહીં કરો. જો કે, આ કોઈ ફિલ્મની વાર્તા નથી પરંતુ Concepts of Physicsના લેખક પદ્મશ્રી ડૉ. હરીશ ચંદ્ર વર્મા (HC Verma)ની સાચી વાર્તા છે, ચાલો તેમની સંપૂર્ણ વાર્તાનું અન્વેષણ કરીએ**

(એજન્સી) તા.૯

આજે, જ્યારે દુનિયા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પાછળ દોડી રહી છે, ત્યારે ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર ડૉ. એચ.સી. વર્માએ સ્પષ્ટપણે કહ્યું છે કે માનવ મન અજોડ રહે છે. ચાલો આપણે દરભંગાના એક નાના ઓરડાથી IIT કાનપુરમાં પ્રોફેસર બનવા સુધીની તેમની રસપ્રદ સફર શોધીએ - એક સફળતાની વાર્તા જે અસાધારણથી ઓછી નથી. ડૉ. વર્માની શરૂઆત અન્ય બાળકો જેવી નહોતી. તેમનો પરિવાર એટલી ગરીબીમાં રહેતો હતો કે તેઓ નવ વર્ષની ઉંમર સુધી શાળાએ ગયા જ નહીં. જ્યારે તેઓ આખરે છઠ્ઠા ધોરણમાં સીધા પ્રવેશ મેળવ્યો, ત્યારે તેમને પરીક્ષા શું છે તેનો બિલકુલ ખ્યાલ નહોતો. પરિણામે, તે દરેક વિષયમાં નાપાસ થયો. અનેક વિષયોમાં, તેને 'શૂન્ય' ગુણ પણ મળ્યા. છતાં, તેના પિતાએ ક્યારેય હાર માની નહીં. જ્યારે પણ નાનો હરીશ નાપાસ થતો, ત્યારે તેના પિતા એવું સૂચન કરતા કે કદાચ શાળાની ભૂલ છે અને તરત જ તેને બીજી સંસ્થામાં દાખલ કરાવતા. ડૉ. વર્મા યાદ કરે છે, "જોકે મારા ગ્રેડ ઓછા હતા, છતાં શીખવાની પ્રક્રિયામાં મને હંમેશા અપાર આનંદ મળતો." ડૉ. વર્માને શૈક્ષણિક શ્રેષ્ઠતાના માર્ગ પર લઈ જવાનું શ્રેય તેમની માતાને જાય છે—એક મહિલા જે પોતે ક્યારેય શાળાએ ગઈ ન હતી. તેમણે એક અનોખી વ્યવસ્થા ઘડી: તેમણે કાચની બરણી ઠેકુઆ—બિહારની પ્રખ્યાત પરંપરાગત મીઠાઈ—થી ભરી અને જાહેરાત કરી કે પુસ્તક સાથે બેસતા દરેક કલાક માટે, તેને ઠેકુઆના બે ટુકડા આપવામાં આવશે અને તે જ રીતે, તે મીઠાઈઓથી મોહિત થઈને, યુવાન હરીશ તેના રૂમમાં બેસીને પુસ્તકોના પાના ઉલટાવવા લાગ્યો. ધીમે ધીમે, તેને વાંચનમાં ખરો આનંદ મળવા લાગ્યો. આ અભિગમની અસર ખૂબ જ ઊંડી હતી: નવમા ધોરણમાં, તેમના શૈક્ષણિક જીવનમાં પહેલી વાર, તેમણે દરેક વિષયમાં પાસ થયા. વર્ગખંડના વ્યાખ્યાનોમાંથી 'ગોલ્ડ મેડલિસ્ટ' બનાવટી ડૉ. વર્માના પરિવારને એટલી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો કે તેઓ પાઠ્યપુસ્તકો ખરીદવાનું પણ પોસાય તેમ નહોતું. તેમના મોટા ભાઈએ પણ એક પણ પુસ્તક ખરીદ્યા વિના ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ જ નીતિને અપનાવીને, ડૉ. વર્માએ તેમનો અભ્યાસ ચાલુ રાખ્યો. તેઓ વર્ગખંડમાં તેમના શિક્ષકો દ્વારા બોલાતા દરેક શબ્દને એટલા ધ્યાનથી સાંભળતા કે ઘરે પાછા ફર્યા પછી, તેમને ક્યારેય



પુસ્તકના પાના ઉલટાવવાની જરૂર ન પડી. ડૉ. વર્મા મૂળ ગણિતના પ્રોફેસર બનવાની ઈચ્છા રાખતા હતા. જોકે, તેમના એક શિક્ષકે તેમને સલાહ આપી હતી કે ભૌતિકશાસ્ત્રમાં પ્રવેશ કરવાથી "બેવડો આનંદ" મળશે - તે ગણિત સાથેનો તેમનો સંબંધ જાળવી રાખશે અને સાથે સાથે વિશ્વના કાર્યોને સમજવાની તક પણ મેળવશે. આ જ સલાહથી રાષ્ટ્રને એક એવા શિક્ષકની ભેટ મળી જેણે ભૌતિકશાસ્ત્રનો વિષય દરેક વિદ્યાર્થી માટે સુલભ અને સરળ બનાવ્યો. આજના યુગમાં, જેમ જેમ વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ માટે છૈં પર વધુને વધુ આધાર રાખે છે, તેમ તેમ ડૉ. વર્માએ ચેતવણીનો સંદેશ આપ્યો છે. તેઓ ભારપૂર્વક કહે છે કે AIનો આગમન યુવા પેઢીની વિવેચનાત્મક વિચાર ક્ષમતાઓને ઘટાડી રહ્યું છે. તેઓ જાહેર કરે છે કે AI આપણને હરાવી શકતું નથી; આપણે વિજયી બનીશું કારણ કે આપણી પાસે સારું કામ કરવાની જ્ઞાન અને ક્ષમતા છે. તેમણે AIને આ પડકાર કેવી રીતે આપ્યો તે જોવા માટે અહીં આપેલો વિડિયો જુઓ. આટલી ખ્યાતિ પ્રાપ્ત કરવા અને રાષ્ટ્રનું પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી' સન્માન પ્રાપ્ત કરવા છતાં, ડૉ. વર્મા એક નોંધપાત્ર રીતે નમ્ર અને નમ્ર વ્યક્તિ છે. આજ સુધી, તેમના ઘરની બહાર લગાવવામાં આવેલી નામપત્રમાં તેમના 'પદ્મશ્રી' પદવીનો કોઈ ઉલ્લેખ નથી. તેઓ કોઈ પણ અંગરક્ષકો, મંડળ કે દેખાડા વિના ઈન્ટરવ્યુ માટે એકલા જ આવતા રહે છે. ડૉ. વર્માનો મુખ્ય સંદેશ એ છે કે "શીખવું" અને "પરીક્ષાઓમાં ગુણ મેળવવા" એ બે અલગ અલગ ખ્યાલો છે. તેઓ વિદ્યાર્થીઓને ઉપરછલ્લી ચમક અને ગ્લેમરથી દૂર રહેવા અને તેમની પોતાની ક્ષમતાઓમાં અતૂટ વિશ્વાસ રાખવા વિનંતી કરે છે.

# DPSમાં શિક્ષણ મેળવ્યું, DUમાંથી સ્નાતક થયાં... શ્રેયસીને મળો, શૂટિંગ ગોલ્ડ મેડલિસ્ટ જે હવે મંત્રી બન્યાં છે

(એજન્સી) તા.૯

શ્રેયસી સિંહ જમુઈની વિધાનસભાની સભ્ય (ધારાસભ્ય) અને બિહાર સરકારમાં મંત્રી છે. તેણીએ શૈક્ષણિક અને રમતગમત બંનેમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી છે. દિલ્હીની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેણીએ શૂટિંગમાં કોમનવેલ્થ ગોલ્ડ મેડલ જીત્યો અને અર્જુન એવોર્ડથી સન્માનિત થઈ. રાજકારણ તેણીને તેના પરિવાર તરફથી વારસામાં મળેલો વારસો છે, પરંતુ તેણીએ સફળતાપૂર્વક પોતાની એક અલગ ઓળખ બનાવી છે. ઘણીવાર એવું કહેવામાં આવે છે: "ખંતથી અભ્યાસ કરો અને તમે એક ઉમદા વ્યક્તિ બનશો; રમો, અને તમે બરબાદ થઈ જશો." જોકે, બિહારની એક દીકરીએ આ જૂની કહેવતને સંપૂર્ણપણે બદલી નાખી છે. અમે શ્રેયસી સિંહ વિશે વાત કરી રહ્યા છીએ - જે ફક્ત જમુઈની લોકપ્રિય ધારાસભ્ય અને હવે બિહાર સરકારમાં મંત્રી નથી, પણ દેશના સૌથી કુશળ શૂટર્સમાંની એક પણ છે. શ્રેયસીની વાર્તા શિક્ષણ અને રમતગમત વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કરી રહેલા યુવાનો માટે એક ભવ્ય પાઠ તરીકે સેવા આપે છે. શ્રેયસી સિંહનો શૈક્ષણિક પાયો અસાધારણ રીતે મજબૂત રહ્યો છે. તેમનું પ્રારંભિક શિક્ષણ દિલ્હીની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંની એક: દિલ્હી પબ્લિક સ્કૂલ (DPS), આર.કે. પુરમમાં થયું હતું. ત્યારબાદ, તેમણે દિલ્હી યુનિવર્સિટીની પ્રખ્યાત હંસરાજ કોલેજમાંથી સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી. તેમનો શીખવાનો જુસ્સો ત્યાં જ સમાપ્ત થયો નહીં; તેમણે MBA ડિગ્રી મેળવી અને મીડિયા જગતની ઝીણવટભરી સમજ મેળવવા માટે પત્રકારત્વમાં ડિપ્લોમા પણ કર્યો. ડબલ ટ્રેપ શૂટિંગ શિસ્તમાં વૈશ્વિક મંચ પર ભારતનું ગૌરવ વધારીને શ્રેયસીએ ખરેખર પોતાની ઓળખ



સ્થાપિત કરી. ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં, તેમણે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. તેમના અસાધારણ રમતગમત કૌશલ્યને માન્યતા આપતા, તેમને રાષ્ટ્રના પ્રતિષ્ઠિત 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. એ નોંધનીય છે કે શ્રેયસીના લોહીમાં રાજકારણ વહે છે. તેમના પિતા, સ્વર્ગસ્થ દિગ્વિજય સિંહ અને તેમની માતા, પુતુલ કુમારી બંને નોંધપાત્ર કદના રાજકારણી હતા. છતાં, શ્રેયસીએ પોતાની રીતે એક ઓળખ બનાવી છે. જમુઈથી ધારાસભ્ય બનીને અને હવે કેબિનેટમાં મંત્રી પદ સંભાળીને, તેમણે સાબિત કર્યું છે કે તે ફક્ત 'પુત્રી' તરીકે જ નહીં, પરંતુ એક સક્ષમ 'નેતા' તરીકે પણ મેદાનમાં છે. હવે, શ્રેયસીનું લક્ષ્ય જમુઈ અને બિહારના યુવાનો માટે રમતગમતની સુવિધાઓ વધારવાનું છે. તે એક એવા ભવિષ્યની કલ્પના કરે છે જ્યાં રમતગમતમાં રસ ધરાવતા બિહારના દરેક બાળકને યોગ્ય તાલીમ અને શિક્ષણ મળે. તે રમતગમત અને આઈટી જેવા વિભાગો દ્વારા બિહાર માટે એક નવી છબી બનાવવામાં સક્રિયપણે રોકાયેલી છે.

# કોડીનાર વિધાનસભામાં SIRના નામે ૬,૭૦૦થી વધુ મતદારોના નામ કમી કરવાના કાવતરા મામલે હાઈકોર્ટમાં રિટ પિટિશન દાખલ

## "હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ ફટકારી જવાબ માંગ્યો" : "વધુ સુનાવણી ૭ જુલાઈએ થશે"

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૯

કોડીનાર વિધાનસભા વિસ્તારમાં SIRના સમયે ૪૭ વ્યક્તિઓ દ્વારા ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરી ૬,૭૨૨ સાચા મતદારોના નામ ગેરકાયદેસર રીતે કમી કરવાના કાવતરૂં બહાર આવતા આ અંગે જે તે સમયે કોડીનાર મુસ્લિમ સમાજ દ્વારા કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાયા બાદ અરજદાર મહેદીહસન નકવી દ્વારા આ અંગે કોડીનાર મામલતદાર, જિલ્લા ચૂંટણી અધિકારી અને પોલીસ મથકે લેખિત ફરિયાદો કરી હોવા છતાં આ ગંભીર બનાવમાં કોઈ નક્કર કાર્યવાહી ન થતા આખરે કોડીનાર શહેર કોંગ્રેસ પ્રમુખ નકવી મેહંદીહસન સૈયદ મહેમૂદે આ મામલે હાઈકોર્ટના દ્વાર ખખડાવી ગુજરાત હાઈકોર્ટમાં રીટ પિટિશન દાખલ કરવામાં આવી છે. કોડીનાર વિધાનસભા મતવિસ્તારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા (SIR) દરમિયાન હજારો સાચા મતદારોના નામ ગેરકાયદેસર રીતે કમી કરવાના મોટા કાવતરાનો પર્દાફાશ થતા અરજદાર દ્વારા પિટિશનમાં જણાવ્યા મુજબ માત્ર કોડીનાર વિસ્તારમાં ૪૭ વ્યક્તિઓ દ્વારા સંગઠિત થઈ નિશ્ચિત સમુદાયને ટાર્ગેટ કરી ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરી ૬,૭૨૨ જેટલા નામ કમી કરવા માટેની અરજીઓ કરીને હજારો સાચા મતદારોને મતાધિકારથી વંચિત કરવાનો પ્રયાસ કરી એક ચોક્કસ સમુદાયના મતદારોને નિશાન બનાવવામાં આવ્યા હોવાનું જણાવી ફોર્મ નંબર ૭ ભરનારાઓએ કોઈપણ ચકાસણી કે પુરાવા વગર ખોટા સોંગધનામાં (False Declarations) કરી હોવાના આક્ષેપો કરી ફોર્મ નં. ૭માં ખોટી વિગતો આપનાર જવાબદાર વ્યક્તિઓ સામે Representation of the People Act, ૧૯૫૦ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ફોજદારી ગુનો નોંધવા માંગ કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા આ બાબતે ગંભીરતા દાખવીને રાજ્ય સરકાર અને અન્ય સંબંધિત અધિકારીઓને નોટિસ ફટકારી છે અને આ મામલે વધુ સુનાવણી ૭ જુલાઈ ૨૦૨૬ના રોજ નિયત કરવામાં આવી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, SIRમાં અમુક ૪૭ લોકો દ્વારા મુસ્લિમ મતદારોના નામ કમી કરવાના ષડ્યંત્ર કરવામાં આવતા કોડીનારના મુસ્લિમ મતદારોએ આ અંગે જાગૃતિ દાખવી પોલીસ ફરિયાદ સહિતની કાર્યવાહી કરતા અને તંત્ર દ્વારા પૂરતી તપાસના અંતે તમામ ખોટી અરજીઓ કાઢી નાખી એકપણ મતદારનું નામ કમી કરવામાં આવ્યું ન હોય તેમ છતાં તંત્ર અને મતદારોને ખોટી રીતે હેરાન કરનારાઓ સામે કાયદાકીય કાર્યવાહી કરવા અને ભવિષ્યમાં કોઈ આવું કૃત્ય ન કરે તે માટે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હોવાનું અરજદારે જણાવ્યું હતું.

# સોમનાથ વડાપ્રધાનના રોડ શો રૂટનું પગપાળા નિરીક્ષણ કરતા હર્ષ સંઘવી

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૧૧મી મેના રોજ 'સોમનાથ અમૃત પર્વ' નિમિત્તે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પધારનાર છે. ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વડાપ્રધાનના રોડ-શો સહિત રૂટનું પગપાળા નિરીક્ષણ કરી સાગરદર્શન ખાતે વડાપ્રધાનના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.



સાગરદર્શન ખાતે વડાપ્રધાનના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજી નાયબ મુખ્યમંત્રીએ વડાપ્રધાનના આગમન-પ્રસ્થાન માર્ગો, સભાસ્થળ અને રોડ શૉના કાર્યક્રમ સ્થળે કરવામાં આવેલી સુવિધાઓ, પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયંત્રણ, આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોના અધિકારીઓની જવાબદારીઓ સહિત એકબીજા વિભાગના સંકલન સાથે કાર્યક્રમનું સુચારૂ આયોજન થાય એ દિશામાં કાર્ય કરવા અંગે જરૂરી સૂચનાઓ આપી હતી. બેઠક પહેલા નાયબ મુખ્યમંત્રીએ વડાપ્રધાનના આગમન સ્થળ હેલિપેડથી લઈ હમીરજી ગોહિલ સર્કલ સુધીના રોડ શો અને સમગ્ર મંદિર પરીસર સુધીના નિર્ધારિત રૂટનું સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ રોડ શોના રૂટ પર સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા તેમજ માર્ગોની સુવિધાઓનું અવલોકન કરી સંબંધિત અધિકારીઓને બેરિકેડિંગ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

અત્યારે ગરમીની ઋતુ હોવાથી વડાપ્રધાનના રોડ શો અને સભાસ્થળ ખાતે નાગરિકોને ગરમી ન થાય તે માટે સ્પ્રિંકલર્સ અને પાણી-છાશ સહિતની પૂરતી વ્યવસ્થા ગોઠવવા માટે સૂચનો કર્યા હતાં. આ બેઠકમાં કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, અનિરૂદ્ધભાઈ દવે સહિત પદાધિકારીઓ અને અગ્રસચિવ અશ્વિનીકુમાર સહિતના શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નર્મદા જિલ્લામાં અકસ્માતની બે ઘટનામાં બે યુવાનોએ જીવ ગુમાવ્યા

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લામાં માર્ગ અકસ્માતની બે અલગ-અલગ ઘટનાઓમાં બે યુવાનોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. આ અકસ્માતો તિલકવાડા અને ડેડિયાપાડા પોલીસ મથકની હદમાં બન્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના કાકરીયા ગામના આંગણવાડી ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય વાસુદેવ બાલુભાઈ ભીલ પોતાની બાઈક નં. GJ-01-BN-8422 લઈને જઈ રહ્યા હતા. ત્યારે અગર સીમ પાસે રોડ પર એક જેસીબી મશીન નં. GJ-06-DH-1341 ના ટાયરમાં પંક્ચર હોવાથી ઉભું હતું. તે દરમિયાન વાસુદેવ ભીલે પોતાની બાઈક પરનું સંતુલન ગુમાવતા તેની બાઈક જેસીબીના પાછળના ભાગે અથડાઈ હતી. આ અકસ્માતમાં માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વાસુદેવ ભીલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. તિલકવાડા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નેત્રંગ તાલુકાના મોઝા ગામના વાસુદેવ નરેશભાઈ વસાવા પોતાની બાઈક નં. GJ-16-EB-6556 પર મિત્ર પિયુશ વસાવા સાથે કણબીપીઠાથી માંચ ચોકડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી બેફામ ઝડપે આવતા એક અજાણ્યા આઈશર ટેમ્પાના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક વાસુદેવ વસાવા ગંભીર રીતે ઘવાયા હતા, જ્યારે પાછળ બેસેલા પિયુશ વસાવાને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ડેડિયાપાડા પોલીસે અજાણ્યા ટેમ્પા ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# કતારગામના એપાર્ટમેન્ટમાં આગ લાગતાં પાંચ લોકો ગંભીર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

સુરત શહેરમાં કતારગામ લલિતા ચોકડી પાસે આવેલા એક રહેણાંક કોમ્પ્લેક્સમાં મીટર પેટીમાં લાગેલી આગને કારણે પાંચ નિર્દોષ લોકો મોત સામે ઝઝૂમતા જોવા મળ્યા હતા. જોકે, સુરત ફાયરના જવાનોની સમયસૂચકતા અને કામગીરીને કારણે એક મોટી હોનારત ટળી છે.

કતારગામની કંટેશ્વર સોસાયટીમાં આવેલા રામેશ્વર કોમ્પ્લેક્સમાં અચાનક અફરાતફરી મચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી મુખ્ય ઈલેક્ટ્રિક મીટર પેટીમાંથી તણખલા ઝર્યા બાદ પ્રચંડ ધડાકા સાથે આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં મીટર પેટીમાં રહેલા વાયરો અને પ્લાસ્ટિકની બોડી બળવા લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. બિલ્ડિંગની રચના એવી હતી કે, ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગનો ધુમાડો ચીમનીની જેમ સીધો જ ઉપરના માળ તરફ જતી સીડીઓમાં ભરાઈ ગયો હતો. આ ધુમાડો એટલો ઘટ્ટ અને ઝેરી હતો કે, બીજા અને ત્રીજા માળે રહેતા લોકો માટે ઘરની બહાર નીકળવું અશક્ય બની ગયું હતું. આગ લાગતાની સાથે જ બિલ્ડિંગમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અંધારા અને ધુમાડાને કારણે લોકો ગૂંગળામણ અનુભવવા લાગ્યા હતા. બિલ્ડિંગના બીજા અને ત્રીજા માળે રહેતા રહિશોએ જ્યારે બહાર નીકળવાનો પ્રયાસ કર્યો ત્યારે સીડીઓ પાસે માત્ર કાળો ધુમાડો જ દેખાતો હતો. લોકો બારીઓ પાસે આવીને મદદ માટે બૂમો પાડવા લાગ્યા હતા. સ્થાનિક લોકોએ તરત જ આ અંગે સુરત ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોતા સુરત ફાયર વિભાગના કન્ટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક ધોરણે અલગ-અલગ ત્રણ ફાયર સ્ટેશનની ગાડીઓને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. કતારગામ ફાયર સ્ટેશન અહીંથી સૌથી પહેલા ફર્સ્ટ રિસ્પોન્ડર વાહન, વોટર બ્રાઉઝર અને T.T.L (ટર્ન ટેબલ લેડર) પહોંચી હતી. ડભોલી ફાયર સ્ટેશન ઘટનાની તીવ્રતા જોઈ અહીંથી પણ ફાયર એન્જિન અને ટેન્કરની મદદ લેવાઈ હતી. કોસાડ ફાયર સ્ટેશન વધારાની કુમક તરીકે અહીંથી પણ એક ફાયર એન્જિન સ્થળ પર પહોંચ્યું હતું.

ફાયર વિભાગના જવાનોએ મુશ્કેલ પરિસ્થિતિમાં બિલ્ડિંગમાં ફસાયેલા કુલ ૫ વ્યક્તિઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

# લાજપોર જેલના તંત્ર વિરૂદ્ધ બેફામ આક્ષેપ કરનાર માથાભારે શિવરાજસિંહ જેલ ભેગો

## કાપડના વેપારી દ્વારા સલાબતપુરામાં ૧.૨૦ લાખ રૂપિયાની ખંડણીની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

જેલની હવા ખાઈને હાલમાં જ બહાર આવેલા શિવરાજ સિંહ દ્વારા જેલ પ્રશાસન વિરૂદ્ધ બેફામ વાણી વિલાસ અને ભ્રષ્ટાચારના આક્ષેપોને પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. જો કે, આ ઘટના બાદ હવે વધુ એક વખત શિવરાજ સિંહ ઉર્ફે શિવો દરબાર ઝાલાને જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. શિવરાજ સિંહ અને રામ ઝાલા સહિત પાંચ આરોપીઓ વિરૂદ્ધ ભાઠેનામાં કાપડના વેપારી દ્વારા ૧.૨૦ લાખ રૂપિયાની ખંડણી વસુલવાની ફરિયાદ નોંધાવતાં પોલીસ દ્વારા શિવરાજ સિંહની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ભાઠેના અને આસપાસનાં વિસ્તારમાં માથાભારેની છાપ ધરાવતો શિવરાજ સિંહ ઝાલા હાલમાં જ લાજપોર જેલમાંથી છુટ્યો હતો અને છુટતાની સાથે જ તેણે જેલમાં ચાલી રહેલા ભ્રષ્ટાચાર અંગે બેફામ વાણી વિલાસ કર્યો હતો. લાજપોર જેલને હોસ્ટેલ ગણાવવાની સાથે પ્રત્યેક સુવિધાના અલગ - અલગ ભાવ હોવાનો ઉલ્લેખ કરવાની સાથે પોતાની પાસે પુરાવા હોવાનો પણ તેણે સોશિયલ મીડિયામાં આક્ષેપ કરતાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. અલબત્ત, આ ઘટનાને હજી ત્રણ - ચાર દિવસ થયા છે ત્યાં તેની વિરૂદ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં વધુ એક ખંડણીની ફરિયાદ નોંધાવા પામી છે. મુળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને સુરતમાં માન દરવાજા ખાતે રહેતા ૨૭ વર્ષીય અભિષેક ઉર્ફે રોહન રાજેન્દ્ર દેવરે કાપડનો ધંધો કરે છે. ૨૦૨૫માં જુલાઈ મહિનામાં અને હાલમાં જ ફેબ્રુઆરી મહિનામાં ભાઠેના ઉમિયા માતાના મંદિર પાસે શિવરાજ સિંહ ઉર્ફે શિવો દરબારા ઝાલા તથા તેના સાગરિત રામ ઝાલા અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમોએ અભિષેકને અટકાવીને ચપ્પુની અણીએ કાપડનો ધંધો કરવો હોય તો હપ્તો આપવો પડશે તેમ કહ્યું હતું. જીવનું જોખમ ઉભું થતાં પહેલી વખત અભિષેકે આરોપીઓને એક લાખ રૂપિયા જ્યારે બીજી વખત ૨૦ હજાર રૂપિયા ખંડણી પેટે ચુકવ્યા હતા. હવે આ ઘટના અંગે સલાબતપુરામાં ફરિયાદ નોંધાતા હાલમાં પોલીસ દ્વારા શિવરાજ સિંહની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### શિવાએ જેલમાં ચાલી રહેલા ભ્રષ્ટાચારની પોલ ખોલી હતી

લાજપોર જેલની હવા ખાઈને બહાર નીકળેલા માથાભારે શિવરાજ સિંહ દ્વારા હાલમાં જ સોશિયલ મીડિયામાં જેલની અંદર ચાલી રહેલ બેફામ ભ્રષ્ટાચાર અંગે આક્ષેપો કર્યા હતા. તેણે જણાવ્યું હતું કે, નવા કેદીઓને હાઈ સિક્યુરિટીમાં મૂકીને તેમની પાસે તોડ કરવામાં આવતો હોય છે. ખૈની અને ગઢવી સહિત પાકા કામના કેદી ઉજેફાનો ઉલ્લેખ કરતાં તેણે વધુમાં કહ્યું હતું કે, ૨૮ કેદીને બદલે એક જ બેરેકમાં ૪૫ કેદીઓને ઠુંસવામાં આવતાં હોય છે અને ત્યાંથી નિકળવા માટે પણ રૂપિયાની વસૂલાત કરવામાં આવતી હોય છે. આ સિવાય મોબાઈલ પર વાત કરવાથી માંડીને વીડિયો કોન્ફરન્સ માટે પણ ૫૦૦ રૂપિયા સુધી ખર્ચ કરવા પડતા હોવાનો આક્ષેપ કર્યો હતો. આ સિવાય જેલમાં વિમલથી માંડીને દારૂ - ગાંજો અને ડ્રગ્સ પણ રૂપિયા ખર્ચ કરતાં મળી જતાં હોવાની સાથે રૂપિયા ચૂકવ્યા હોવાનો પુરાવો પણ પોતાની પાસે હોવાનો આક્ષેપ શિવરાજ સિંહે કર્યો હતો.

# જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ-જંબુસર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના ધોરણ ૧૦-૧૨ની પરીક્ષાના ઉત્કૃષ્ટ પરિણામો

(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૯

જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ-જંબુસર સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના એસ.એસ.સી./એચ.એસ.સી. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ઉત્કૃષ્ટ પરિણામો આવ્યા છે. જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ-જંબુસર સંચાલિત મૌલાના મદની મેમોરિયલ હાઈસ્કૂલ-જંબુસરમાં વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ અને ધોરણ ૧૦ના વર્ગો કાર્યાન્વિત છે. મૌલાના મદની મેમોરિયલ હાઈસ્કૂલ-જંબુસરમાં ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૮.૩૩% આવ્યું છે. શાળામાં પ્રથમ ક્રમે (૧) સેહરીનબાનુ મહંમદસઈદ ડભોયા ૮૫.૧૪% અને ૯૪.૯૭ પર્સન્ટાઈલ રેન્ક, શાળામાં બીજા ક્રમે (૨) નાજીયા ઈકબાલ પટેલ ૮૩.૮૬% અને ૯૩.૯૭ પર્સન્ટાઈલ રેન્ક તથા શાળામાં ત્રીજા ક્રમે (૩) લીઝા ઈરફાન કડુજી ૮૦.૭૧% અને ૮૯.૩૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થયા છે. મૌલાના મદની મેમોરિયલ હાઈસ્કૂલ-જંબુસર સામાન્ય પ્રવાહમાં શાળાનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૯.૦૭% આવેલ છે શાળામાં પ્રથમ ક્રમે (૧) અલ્વીરાબાનુ જાવીદભાઈ શેખ ૮૯.૦૭% અને ૯૭.૮૦ પર્સન્ટાઈલ રેન્ક, બીજા ક્રમે (૨) શિફા મહંમદહનીફ મુલ્લા ૮૮.૬૭% અને ૯૭.૬૪ પર્સન્ટાઈલ રેન્ક તથા ત્રીજા ક્રમે (૩) અમીરાબાનુ જાવીદભાઈ શેખ ૮૪.૧૩% અને ૯૪.૫૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થયા છે.

મૌલાના મદની મેમોરિયલ હાઈસ્કૂલ-જંબુસર એસ.એસ.સી. (ધો.૧૦)નું શાળાનું પરિણામ ૭૭.૩૯% આવેલ છે. શાળામાં પ્રથમ ક્રમે (૧) આઈશાસિદ્દીકા ઈકબાલ ઘાંચી ૯૪.૦૦% અને ૯૮.૬૧ પર્સન્ટાઈલ રેન્ક મેળવી ઉત્તીર્ણ થયા છે. બીજા ક્રમે (૨) સના મુસ્તાકભાઈ પટેલ ૯૨.૧૭% અને ૯૭.૨૩ પર્સન્ટાઈલ રેન્ક તથા ત્રીજા ક્રમે (૩) ઝેબા સિરાજ અબ્દુલભાઈ મલેક ૮૯.૫૦% અને ૯૪.૭૮ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થયા છે.

જામિઅહ ઈંગ્લીશ મીડિયમમાં એસ.એસ.સી. (ધો.૧૦)નું શાળાનું પરિણામ ૯૨.૦૦% આવેલ છે. શાળામાં પ્રથમ ક્રમે (૧) મસુદ મો.અમીન પટેલ ૯૪.૩૩% અને ૯૮.૮૨ પર્સન્ટાઈલ રેન્ક મેળવી ઉત્તીર્ણ થયા છે. બીજા ક્રમે (૨) સઅદ મો.રફીક પટેલ ૯૨.૮૩% અને ૯૬.૯૪ પર્સન્ટાઈલ રેન્ક તથા ત્રીજા ક્રમે (૩) શમા ઈમરાન જમાદાર ૯૦.૫૦% અને ૯૫.૭૪ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થયા છે. તેજસ્વી તારલાઓને જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ- જંબુસરના મેનેજિંગ ટ્રસ્ટી અહમદ યાકુબ ખાન્યા અને શાળા પરિવાર તરફથી મુબારકબાદ પાઠવ્યા હતા.

# ગીર સોમનાથ જિલ્લાના રાજકીય અગ્રણી સામેની બળાત્કારની ફરિયાદ રદ કરતી હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

વેરાવળ, તા.૯

ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખ, વિશ્વાસ ટેલી ફિલ્મના નિર્માતા અને આર્ટિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રેસિડેન્ટ એવા ભગુભાઈવાળા ગત વિધાનસભા ચૂંટણી પૂર્વે ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ પદેથી રાજીનામું આપી આપ પાર્ટીમાં જોડાતાના થોડા સમય બાદ તેમના વિરૂદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાતા રાજકીય મંચ પર ભારે ચકચાર મચી હતી. એક બીજા રાજકીય હરીફો વિરોધીઓએ ગત વિધાનસભા ચૂંટણી વખતે આ મુદ્દે આ પ્રકરણને ખાસ મુદ્દો ટોક ઓફ ટાઉન બનાવી ખુબજ ચકચાર મચાવ્યો હતો. ભગુભાઈવાળા એક સફળ રાજકારણી ઉપરાંત વિશ્વાસ ટેલી ફિલ્મના સફળ નિર્માતા સાથે આર્ટિસ્ટ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રેસિડેન્ટ તરીકે સારી એવી સફળતા મેળવી લોકપ્રિય બન્યા હતા. સંગઠનના માહિર એવા ભગુભાઈ વાળા એ ગુજરાતના ચાર ઝોન ઉપરાંત ૩૩ જિલ્લાઓમાં અસરકારક સંગઠન બનાવી ૫,૦૦૦થી પણ વધુ કલાકારોનું એક અસરકારક સંગઠન દ્વારા કોરોનાના કાળમાં કલાકારોના હક્કો અને અધિકારો અપાવી સારી એવી લોક ચાહના મેળવી હતી. આ દરમિયાન વિઘ્નસંતોષી. તેમજ તેજાદોષીનો ભોગ બનતા સામાજિક રીતે ખુબજ શહન કરવું પડેલ. બાદ આખરે સત્યનો વિજય થતા તેમના સગા સંબંધિતો સમર્થકો અને મિત્રોમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ સમગ્ર કાયદાકીય પ્રક્રિયામાં ભગુભાઈવાળા તરફે જૂનાગઢના યુવા ધારાશાસ્ત્રી તરીકે ગોપાલસિંહ આર. ઝાલા રોકાયેલા હતા.

# ખંભાતમાં પેશઈમામની દીકરીએ એસએસસી બોર્ડમાં ૯૯.૫૬ પી.આર. સાથે સફળતા મેળવી

## આગળ અભ્યાસ કરી ગાયનેક ડોક્ટર બનવાની મહેચ્છા વ્યક્ત કરી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૯



ખંભાત શહેરમાં પાંચ હાટડી વિસ્તારમાં આવેલી સને અવ્વલ મસ્જિદમાં પેશ ઈમામ તરીકે ફરજ બજાવતા મૌલાના રઈસકૌસર અન્સારીની દિકરી બુસરાબાનુએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૬માં લેવાયેલી ધો.૧૦ની પરિક્ષામાં ૯૯.૫૬ પી.આર સાથે એ-૧ ગ્રેડમાં ઉતિર્ણ થઈને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી હતી. તેણીએ સાયન્સમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ, સોશિયલ સાયન્સમાં ૧૦૦માંથી ૯૯ ગુણ, સ્ટાન્ડર્ડ મેથ્સમાં૧૦૦માંથી ૯૮ ગુણ, ગુજરાતીમાં ૧૦૦માંથી ૯૫ ગુણ, સંસ્કૃતમાં ૧૦૦માંથી ૯૭ ગુણ પ્રાપ્ત કર્યા છે.

બુસરાબાનુએ પોતાની સફળતાનો શ્રેય અલ્લાહ, પોતાનાં માતા પિતા અને શિક્ષકોને આપ્યો હતો. તેણીએ કહ્યું હતું કે દરરોજ પાંચ ટાઈમની નમાઝ, અલ્લાહની ઈબાદત કરવા સાથે દરરોજ પાંચથી છ કલાક વાંચન કરતી હતી અને શરૂઆતથી જ વાંચન અને મહેનત સાથે દરરોજ શાળામાં કરેલા અભ્યાસનું ઘરે આવી રીવીઝન કરતી હતી, જેથી તેણીને આ સફળતા પ્રાપ્ત થઈ છે.

બુસરાબાનુએ વધુમાં કહ્યું હતું કે તેણી આગળ હાયર સેકેન્ડરીમાં સાયન્સનો અભ્યાસ કરી મેડિકલ ક્ષેત્રમાં જવા માંગે છે, તેણીએ કહ્યું કે જો અલ્લાહ કામયાબી આપશે તો તેણી ગાયનેક ડોક્ટર બનવાની મહેચ્છા ધરાવે છે અને તે ગોલ સાથે તે મહેનત કરી આગળ વધશે. તેણીએ કહ્યું હતું કે તેનાં પિતા રઈસકૌસર અન્સારી પેશઈમામ છે, જેથી તેઓએ તેણીને દિની સાથે દુન્યવી શિક્ષણ મેળવવા પણ પ્રોત્સાહિત કરી હતી, તેઓનાં પરિવારમાં દિકરા દિકરી બન્નેને સમાન ગણવામાં આવે છે, જેથી તેણી પોતાનાં માતા પિતાનાં પ્રોત્સાહનથી આ સફળતા મેળવી શકી છે, તેણીએ દરેક માતા પિતાને પોતાની દિકરીઓને ઉચ્ચ શિક્ષણથી સજ્જ થવા માટે પ્રોત્સાહીત કરવા અનુરોધ કર્યો હતો.

બુસરાબાનુનાં પિતા મૌલાના રઈસકૌસર અન્સારીએ કહ્યું હતું કે દિકરાઓની સાથે દિકરીઓને પણ ઉચ્ચ શિક્ષણ મેળવવાનો હક છે, ઈસ્લામિક દાયરામાં રહીને ઈસ્લામી તહેજીબ સાથે દિકરીઓને પણ ઉચ્ચ શિક્ષણથી સજ્જ કરવી જોઈએ, દિકરા અને દિકરીઓને સમાન રીતે દિની દુન્યવી શિક્ષણથી સજ્જ કરવી જોઈએ.તે માટે તેઓએ તમામ વાલીઓને પણ અનુરોધ કર્યો હતો.

પેશઈમામ મૌલાના રઈસકૌસર અન્સારી મસ્જિદનાં પેશઈમામ છે અને એક નાનકડી રૂમમાં રહે છે, માત્ર પેશઈમામનાં મળતા પગારમાંથી પરિવારનાં ગુજરાન સાથે તેઓ પોતાનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણથી સજ્જ કરવા માટે પણ પ્રોત્સાહિત કરી રહ્યા છે, જે સમગ્ર સમાજનાં વાલીઓ માટે ઉદાહરણરૂપ છે.

# નર્મદા જિલ્લા પંચાયત સહિત ૪ તાલુકા પંચાયતમાં ભાજપની હાર બાદ મનસુખ વસાવા અકળાયા

## રાજપીપળા એપીએમસી ખાતે સાંસદ મનસુખ વસાવા, ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં બેઠક મળી

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લા પંચાયત સહિત ગરૂડેશ્વર, ડેડિયાપાડા, સાગબારા અને ચિકદા તાલુકા પંચાયતમાં ભાજપની હાર બાદ રાજપીપળા એ.પી.એમ.સી ખાતે સાંસદ મનસુખ વસાવા, નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ સહિત અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં એક બેઠક મળી હતી. આ બેઠકમાં સાંસદ મનસુખ વસાવાએ નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ, પ્રભારી અર્જુન ચૌધરી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ અને પ્રભારી અર્જુન ચૌધરી ગેરહાજર હતા કે એમને બોલાવ્યા ન્હોતા એ મુદ્દે હાલ રહસ્ય ઘૂંટાઈ રહ્યું છે.

આ બેઠકનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં મનસુખ વસાવા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ અને પ્રભારી અર્જુન ચૌધરી સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. મનસુખ વસાવાએ જણાવ્યું હતું કે પ્રભારી અર્જુન ચૌધરીને 'કઠપૂતળી' છે તેઓ માત્ર એસી ઓફિસમાં બેસી રહે છે અને સંગઠનનું કોઈ કામ કરતા નથી. જો કામ ન થઈ શકતું હોય તો પદ છોડી દે.નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નિલ રાવ કોઈ પણ સીટ પર જીતાડવા માટે નીકળ્યા નથી સવારે ૯ વાગે ઉઠી સીધા એસ.સી કાર્યાલયમાં જતા રહેવાનું અને ફોન પણ બધું બ્રિફિંગ કર્યા કરવાનું. પ્રમુખ અને મહામંત્રી એસી ઓફીસમાં બેસી રહે તો કેવી રીતે તાલુકા અને જિલ્લા પંચાયત જીતવાના છે. જિલ્લા સંગઠનમાં કોઈ પણ મહત્વના નિર્ણય લેતી વખતે અમને પૂછવામાં આવતું નથી, જે પક્ષ માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે.

મેં કીધું હતું તે સીટ પર કોઈ ઉમેદવાર નહીં મુક્યો અને પોતાની મનમાની ચલાવી કહ્યું તાલુકાના સંગઠને કહ્યું તે ઉમેદવાર મુક્યો છે. આપણે આ લોકોના ભરોસે નથી રહેવાનું અને ૨૦૨૭ માટે મહેનત કરવાની છે. તમે કામ કરવા સક્ષમ ના હોય તો પદ છોડી દો જુના લોકો કામ કરવા સક્ષમ છે. નવા લોકોને ચાન્સ આપ્યો છે પણ તે લોકો ફેલ ગયા છે અમે પ્રદેશમાં રજૂઆત કરવાના છે. ચૈતર એન્ડ કંપની સામે કાઉન્ટર કરવાની સક્ષમતા ના હોઈ તો પદ છોડી દો.આપણે નાંદોદ અને ડેડીયાપાડા વિધાનસભા જીતવાની છે જો આ લોકોના ભરોસે રહ્યા તો હમણાં જે પરિસ્થિતિ થઈ તે જ થવાની છે.

આ બાબતે નર્મદા જિલ્લા ભાજપ પ્રભારી અર્જુન ચૌધરીએ જણાવ્યું હતું કે મને ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલા જ જવાબદારી સોંપાઈ હતી. જિલ્લામાં મળેલી હાર બાદ યોજાયેલી મનોમંથન બેઠકમાં મને બોલાવવામાં જ આવ્યો ન્હોતો. જો અમને બોલાવ્યા હોત તો અમે ચોક્કસ પક્ષના હિતમાં ચર્ચા કરી શક્યા હોત'. મીડિયામાં આવા નિવેદનો આપવાથી કાર્યકરોમાં ખોટો મેસેજ જાય છે, જે અટકાવવો જોઈએ.

## અબ્દુલહન્નાન અને અબ્દુલમન્નાને મેળવી સિદ્ધિ

# S.S.Cમાં ૯૫ ટકા સાથે ઉત્તીર્ણ થનાર જોડિયા ભાઈઓ ડોકટર બનવા માંગે છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૯

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.૬/૫/૨૦૨૬ના રોજ ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયેલ હતું. જેમાં અમદાવાદ ખાતેની દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા (અંગ્રેજી માધ્યમ), કાંકરિયામાં અભ્યાસ કરતા અબ્દુલહન્નાન મોમિન અને અબ્દુલમન્નાન મોમિને જ્વલંત સફળતા મેળવેલ છે. આ જોડિયાભાઈઓ અબ્દુલહન્નાન મોમિનને ૯૫.૩૩ ટકા (૯૯.૩૬ PR) અને અબ્દુલમન્નાન મોમિનને ૯૫.૮૩



(૧) અબ્દુલહન્નાન મોમિન



(૨) અબ્દુલમન્નાન મોમિન

ટકા (૯૯.૫૬ PR) મળેલ છે. તેઓ આ સફળતા માટે તેમના વાલીઓ તથા શિક્ષકોને શ્રેય આપે છે. આ સફળતા મેળવવા માટે તેઓ દિવસના ૪થી ૫ કલાકનું રીડીંગ કરતા હતા. ભવિષ્યમાં તેઓ તેમના માતા-પિતાની જેમ ડોકટર બનવા ઈચ્છે છે.

# અમરેલીમાં રેલવે પ્રશ્નોને લઈ સાંસદ ભરતભાઈ સુતરિયાની રેલવે અધિકારીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ

## અન્ડરપાસની સમસ્યાઓ, ટ્રાફિક સુરક્ષા અને જનસુવિધા મુદ્દે રેલવે અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૯

અમરેલી કલેક્ટર કચેરી ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયાની અધ્યક્ષતામાં રેલવે સંબંધિત વિવિધ પ્રશ્નોને લઈને મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રેલવે વિભાગના અધિકારીઓ સાથે અમરેલી શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં રેલવે વ્યવસ્થા, અન્ડરપાસ સુવિધાઓ અને જનસુરક્ષા સંબંધિત મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન ખાસ કરીને અમરેલી શહેરના કેરીયા રોડ, લીલીયા રોડ અને હનુમાનપરા વિસ્તારોમાં આવેલા અન્ડરપાસમાં સ્થાનિક લોકોને પડી રહેલી અવરજવરની મુશ્કેલીઓ અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત શેડુભાર અન્ડરપાસ તથા ખીજડીયા-રાદડીયા અન્ડરપાસના કામોમાં ઉભી થયેલી સમસ્યાઓ અને વિકાસકાર્યોની હાલની સ્થિતિ અંગે અધિકારીઓ સમક્ષ વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી. સાંસદ ભરતભાઈ સુતરીયાએ રેલવે સંબંધિત પ્રશ્નોના સમયબદ્ધ ઉકેલ માટે સંકલન સાથે કામગીરી કરવા ભાર મૂક્યો હતો. બેઠકમાં હાજર અધિકારીઓએ રજૂ થયેલ પ્રશ્નોને પ્રાથમિકતા આધારે તપાસી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. જનસુવિધા વધે અને રેલવે સંબંધિત સમસ્યાઓનો સ્થાયી ઉકેલ આવે તે માટે સંકલિત પ્રયાસોની જરૂરિયાત પર પણ ભાર મુકાયો હતો.

### ચોથા ધક્કા બાદ વિજયને રાજ્યપાલની મંજૂરી મળતા

# છેવટે વિજય તમિલનાડુના ૯મા મુખ્યમંત્રી બનશે : આજે સવારે શપથ લેશે

(એજન્સી) તા.૯

તમિલનાડુમાં TVK ચીફ સી. જોસેફ વિજય રવિવારે રાજ્યના ૯મા મુખ્યમંત્રી પદના શપથ લેશે. ચેન્નાઈના જવાહરલાલ નેહરૂ ઈન્ડોર સ્ટેડિયમમાં નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ સવારે ૧૦ વાગ્યે થશે.

વિજયે શનિવારે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સાથે લોકભવનમાં મુલાકાત કરી અને સરકાર બનાવવા માટે ૧૨૧ ધારાસભ્યોનો સમર્થન પત્ર સોંપ્યો. બહુમતી સાબિત કરવા માટે ૧૧૮ ધારાસભ્યોની જરૂર હતી.

૪ મેના રોજ આવેલા ચૂંટણી પરિણામમાં વિજયની પાર્ટીને સૌથી વધુ ૧૦૮ બેઠકો મળી હતી. પરંતુ તે બહુમતીથી ૧૦ ઓછી હતી. TVKને કોંગ્રેસના ૫, CPI અને CPI(M)ના ૨-૨ ધારાસભ્યોનું સમર્થન ૮ મે સુધી મળી ચૂક્યું હતું. શનિવારે VCK અને IUMLએ TVKને પોતાના ૨-૨ ધારાસભ્યોનું સમર્થન આપ્યું. આ તરફ, મહાબલીપુરમ સ્થિત ફોર પોઈન્ટ્સ રિસોર્ટની બહાર ભારે સુરક્ષા તૈનાત કરવામાં આવી છે. અહીં TVKના તમામ ધારાસભ્યો રોકાયેલા છે.

૫૯ વર્ષ પછી વિજયને તમિલનાડુના પ્રથમ બિન-દ્રવિડ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને તેઓ કાલે એકલા શપથ લેશે. દરમિયાન, મંત્રીમંડળના કદ અને રચના અંગે અનિશ્ચિતતા ચાલુ રહી, તેમની સાથે કેટલા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી.

શનિવારની મુલાકાત વિજયની એક અઠવાડિયાના સમયગાળામાં રાજ્યપાલ સાથે ચોથી મુલાકાત હતી જેમાં સરકાર બનાવવા માટે આમંત્રણ માંગવામાં આવ્યું હતું. ધારાસભ્યોના સમર્થનના જરૂરી પત્રો ન મળતાં તેમના અગાઉના બે પ્રયાસો



નિષ્ફળ ગયા હતા. તમિલનાડુમાં રાજકીય અનિશ્ચિતતા દિવસોની તીવ્ર વાટાઘાટો પછી સમાપ્ત થઈ, જેમાં ડીએમકેના સાથી પક્ષોએ આખરે વિજયની પાર્ટીને ટેકો આપ્યો હતો અને તેને ૨૩૪ સભ્યોની વિધાનસભામાં અડધાથી વધુ બેઠકો પાર કરવામાં મદદ કરી. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો જેવા પક્ષોએ રાજ્યના કલ્યાણના હિતમાં ટીવીકેને ટેકો આપવાનો સંકેત આપી દીધો છે. તેમણે કહ્યું કે વીસીકેના વડા તિરૂમાવલવનએ પણ તેનું પાલન કરવું જોઈએ. પીએમકેના સ્થાપક રામદાસે શનિવારે કહ્યું હતું કે તમિલનાડુમાં અસાધારણ રાજકીય વાતાવરણને જોતાં, રાજ્યપાલે તાત્કાલિક વિજયની આગેવાની હેઠળના ટીવીકેને સરકાર બનાવવા માટે આમંત્રણ આપવું જોઈએ, જે રાજ્યમાં એકમાત્ર સૌથી મોટી પાર્ટી છે. લોકોના ચુકાદા સામે ઝૂકવું એ દરેક વ્યક્તિનું કર્તવ્ય છે. આ પ્રક્રિયામાં વિલંબ થવો જોઈએ નહીં. તાત્કાલિક આમંત્રણ આપવું જોઈએ. તેમણે કહ્યું કે, કોંગ્રેસ અને ડાબેરી પક્ષો જેવા પક્ષોએ રાજ્યના કલ્યાણના હિતમાં ટીવીકેને ટેકો આપવાનો સંકેત આપી દીધો છે, વીસીકેના વડા તિરૂમાવલવને પણ તેનું પાલન કરવું જોઈએ. જો તેઓ પોતાનો ટેકો આપે છે, તો રાજ્યપાલે વિજયને ઔપચારિક રીતે આમંત્રણ આપવું જોઈએ અને તેમને તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવવા જોઈએ. તેમણે કહ્યું કે, વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, હું મારા નાના ભાઈ તિરૂમાવલવનને તાત્કાલિક ટીવીકેને ટેકો આપવા વિનંતી કરૂં છું અને આમ કરીને, તેઓ તમિલનાડુના લોકોની લાગણીઓનું સન્માન કરશે

## વિજય માટે તમિલનાડુના મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થયો : VCK અને IUMLએ આખરે સમર્થન જાહેર કર્યું

**VCK અને IUML દ્વારા કરવામાં આવેલી જાહેરાતથી તમિલનાડુની ચૂંટણીમાં વિજયના TVK સૌથી મોટા પક્ષ તરીકે આવ્યા બાદ ચાર દિવસની તીવ્ર રાજકીય વાટાઘાટોનો અંત આવ્યો છે**

(એજન્સી) તા.૯

અભિનેતા-રાજકારણી વિજય માટે સરકાર બનાવવા અને તમિલનાડુના મુખ્યમંત્રી બનવાનો દાવો રજૂ કરવાનો છેલ્લો અવરોધ શનિવારે દૂર થયો છે કારણ કે VCK અને IUML દ્વારા TVKને બિનશરતી ટેકો આપ્યા પછી આ વિવાદ સમાપ્ત થયો છે. IUML અને VCK, જેમણે બે-બે બેઠકો જીતી હતી, બંનેએ વિજય અને તમિલનાડુને છેલ્લી અણીએ રાખ્યા હતા. VCK અને IUMLના સમર્થન સાથે, વિજય પાસે હવે ૧૨૧ ધારાસભ્યોનો ટેકો છે. વિજયની બે વર્ષ જૂની પાર્ટી TVK, DMK અને AIADMK જેવા દ્રવિડિયન મહાકાય પક્ષોને પછાડીને ૧૦૮ બેઠકો સાથે એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યા પછી ચાર દિવસની તીવ્ર રાજકીય વાટાઘાટોનો અંત આવ્યો છે. અસરકારક રીતે, TVKની સંખ્યા ૧૦૭ છે, વિજયે જીતેલી બે બેઠકોમાંથી એક ખાલી કરવી પડશે. પાંચ બેઠકો જીતનાર કોંગ્રેસ, બે દાયકાથી તેના સાથી DMK સાથે ગઠબંધન તોડી નાખ્યા પછી TVKને મજબૂત રીતે સમર્થન આપનારા પ્રથમ પક્ષોમાંનો એક હતો. શુક્રવારે, ડાબેરીઓએ તેના ચાર ધારાસભ્યોનો ટેકો આપ્યો. હવે, VCK અને IUML દ્વારા સત્તાવાર રીતે વિજયને સમર્થન આપતા, TVKને ૧૨૦ ધારાસભ્યોનું સમર્થન છે. હવે ગણિત આ રીતે છે: ૧૦૮ (TVK) + ૫ (કોંગ્રેસ) + ૪ (ડાબેરી) + ૨ (VCK) + ૨ (IUML) = ૧૨૧. જો કે, ગઈકાલે રાત સુધી, VCKનો વિજયને સમર્થન આપતો પત્ર રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સુધી ન પહોંચતા અનિશ્ચિતતા હતી. VCKના વડા થોલથિરૂમાવલવન કથિત રીતે નારાજ હતા કારણ કે વિજયે વ્યક્તિગત રીતે પાર્ટીનો સંપર્ક કરવાને બદલે વોટ્સએપ ટેક્સ્ટ દ્વારા સમર્થન માંગ્યું હતું. IUMLએ પણ કડક રમત રમી, અને કહ્યું કે તે DMK સાથે મજબૂત રીતે છે. શનિવારે સવારે ટીવીકેના નેતાઓ વીસીકેના વડા અને આઈયુએમએલ નેતૃત્વને મળ્યા બાદ પરિસ્થિતિમાં સુધારો થવા લાગ્યો હતો. વીસીકેએ બિનશરતી ટેકો આપ્યો હતો, પરંતુ પાર્ટીના નેતા વન્નીઆરાસુએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે તેઓ સરકારનો ભાગ બનશે કે નહીં તે અંગેનો નિર્ણય પછીથી લેવામાં આવશે. જો કે, આરાસુએ જણાવ્યું હતું કે પાર્ટી ઈચ્છે છે કે તિરુમાવલવન વિજય ખાલી કરે તે બેઠક પરથી ચૂંટણી લડે અને અંતે નાયબ મુખ્યમંત્રી બને. વિજય માટે ચૂંટણી પછીનું ગઠબંધન બનાવવાનો માર્ગ સરળ રહ્યો નથી. વિજયને બહાર રાખવા માટે કટ્ટર હરીફ ડીએમકે અને એઆઈએડીએમકે વચ્ચે સરકાર બનાવવા માટે અસંભવિત જોડાણની અટકળો પણ થઈ હતી.

## SIRને કારણે મોટાપાયે મતદારોના નામ કમી થવાની આશંકા : પશ્ચિમ બંગાળના ઉદાહરણ સાથે કર્ણાટક સરકારની મહત્ત્વની બેઠક

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૯

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના પરાજય બાદ અને ત્યાં SIR (State Institutions Register)ને કારણે મોટાપાયે મતદારોના નામ કમી થયા હોવાના આક્ષેપો વચ્ચે, કર્ણાટક સરકાર સજાગ બની છે. શનિવારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે વિવિધ સંગઠનો અને નેતાઓ સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી, જેથી કર્ણાટકમાં આવી સ્થિતિ ઊભી ન થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના પતિ પરકલા પ્રભાકર, કર્ણાટક મુસ્લિમ મુતાહિદ મહાજ, કર્ણાટક રાજ્ય રાયત સંઘ, કોમુ સૌહાર્દ વેદિકે અને પૂર્વ મંત્રી બી.ટી. લલિતા નાઈક સહિત ડાબેરી વિચારધારા ધરાવતા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં હાજર રહેલા મોટાભાગના પ્રતિનિધિઓએ રાજ્ય સરકારને અત્યારથી જ વિરોધ નોંધાવવા અપીલ કરી હતી, કારણ કે SIRના અમલીકરણ માટેનું મેપિંગ શરૂ થઈ ચૂક્યું છે. બેઠક દરમિયાન એવો દાવો કરવામાં આવ્યો હતો કે, પશ્ચિમ બંગાળ સહિત દેશના ૧૦ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રક્રિયાને કારણે અંદાજે સાત કરોડ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં ૯૦ લાખ નામો રદ કરવામાં આવ્યા હતા અને ૨૭ લાખથી વધુ મતદારોની અરજીઓ વિવાદમાં હોવા છતાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હતી. આ ઉદાહરણને ટાંકીને કર્ણાટકમાં પણ મતદારોના અધિકારો પર ત્રાપ ન વાગે તે માટે સરકારને તાકીદ કરવામાં આવી હતી. વિવિધ સંગઠનોએ સરકારને સૂચન આપ્યું હતું કે, દરેક ગ્રામ પંચાયત અને વોર્ડ સ્તરે હેલ્પ ડેસ્ક બનાવવામાં આવે, જે એવા મતદારોને મદદ કરી શકે જેમની પાસે જરૂરી દસ્તાવેજો નથી અને જેમના નામ રદ થવાનું જોખમ છે. આ ઉપરાંત, કર્ણાટક સરકાર પોતાનું અલગ 'વોટર આઈડી' બનાવે અને આગામી છ મહિના સુધી SIRની જાહેરાત ન થાય તેવું સુનિશ્ચિત કરવા પણ માંગ કરવામાં આવી હતી. આ સૂચનોના જવાબમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં જ તમામ વર્તમાન ધારાસભ્યો અને પરાજિત ઉમેદવારોની એક બેઠક બોલાવશે. ત્યારબાદ બૌદ્ધિકો અને નિષ્ણાતો સાથે ફરીથી ચર્ચા કરીને આ બાબતે અંતિમ નિર્ણય લેવામાં આવશે. સરકારે ખાતરી આપી હતી કે મતદારોના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે.

## બંગાળ SIR : ટ્રિબ્યુનલ જજની કાર્યવાહીથી ચૂંટણી પંચનો અસલી હેતુ અને આ કવાયતની વાસ્તવિકતા સ્પષ્ટ થાય છે

**પશ્ચિમ બંગાળ મતદાર યાદી સુધારણામાં મોટી ગેરરીતિઓ બહાર આવી છે. ન્યાયાધીશ (નિવૃત્ત) ટી.એસ. શિવજ્ઞાનમે ૧,૭૧૭ મતદારોને મંજૂરી આપી હતી. આ ચૂંટણી પંચના કુલ નામ કરતાં વધુ છે. આનો અર્થ એ થયો કે બંગાળમાં વાસ્તવિક મતદારોના વધુ નામ કાઢી નાખવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૯

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવાના વિવાદ વચ્ચે, એક ચોંકાવનારો ખુલાસો થયો છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, તાજેતરમાં એપેલેટ ટ્રિબ્યુનલમાંથી રાજીનામું આપનારા ન્યાયાધીશ (નિવૃત્ત) ટી.એસ. શિવજ્ઞાનમે ૧,૭૧૭ મતદારોને કાઢી નાખવાને મંજૂરી આપી છે. શિવજ્ઞાનમે જ એટલા બધા મતદારોના નામ ફરીથી ઉમેરવાની મંજૂરી આપી હતી કે તેમને સમગ્ર રાજ્ય માટે ચૂંટણી પંચ (EC)ની પૂરક યાદીમાં પણ સામેલ કરવામાં આવ્યા ન હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે પશ્ચિમ બંગાળમાં સાચા મતદારોના નામ જાણી જોઈને કાઢી નાખવામાં આવ્યા હતા. ચૂંટણી પંચના ડેટા અનુસાર, મતદાન સમાપ્ત થાય તે પહેલાના દિવસ સુધી ફક્ત ૧,૬૦૭ અપીલો મંજૂર કરવામાં આવી હતી અને મતદાર યાદીમાં નામો ઉમેરવામાં આવ્યા હતા. જોકે, મળેલી માહિતી અનુસાર, ન્યાયાધીશ શિવજ્ઞાનમના ટ્રિબ્યુનલે ૫ એપ્રિલથી ૨૭ એપ્રિલ વચ્ચે ૧,૭૧૭ અપીલોને મંજૂરી આપી હતી. આ સંખ્યા ૧૯ ટ્રિબ્યુનલ્સમાંથી માત્ર એક હોવાથી અન્ય ટ્રિબ્યુનલ્સ દ્વારા મંજૂર કરાયેલી અપીલો અને આ રીતે કેટલા વધુ લોકો મતદાન કરી શક્યા હશે તે અંગે પ્રશ્નો ઉભા કરે છે.

કોલકાતા હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, ટી.એસ. શિવજ્ઞાનમ, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ દૂર કરાયેલા નામો સામે અપીલ સાંભળવા માટે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર નિયુક્ત કરાયેલા ૧૯ નિવૃત્ત ન્યાયાધીશોમાં સામેલ હતા. તેમણે વ્યક્તિગત કારણોસર ગુરૂવારે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું હતું. જો કે, હવે બહાર આવતા તથ્યો દર્શાવે છે કે ન્યાયાધીશ શિવજ્ઞાનમે મતાધિકારથી વંચિત મતદારોની અપીલો કાળજીપૂર્વક સાંભળી હતી અને એકલા હાથે ચૂંટણી પંચની પૂરક મતદાર યાદીમાં આટલી મોટી સંખ્યામાં સાચા મતદારોના નામ પુનઃસ્થાપિત કર્યા હતા.

**(સૌ.: સત્યહિન્દી.કોમ)**

## બંગાળમાં ભાજપ સરકારના પ્રથમ શપથ ગ્રહણ પ્રસંગે બ્રિગેડ મેદાન ખાતે અવ્યવસ્થા, મૂંઝવણ વચ્ચે ઉજવણી

**શપથ ગ્રહણ જાહેર જનતા માટે ખુલ્લું હોવાના દાવા છતાં, ભાજપના નેતાઓ અને આયોજકો દ્વારા જારી કરાયેલા સત્તાવાર ઓળખપત્રો ન હોવાને કારણે ઘણા સમર્થકોને બ્રિગેડ મેદાનમાં પ્રવેશવાની મનાઈ કરવામાં આવી હતી**

(એજન્સી) તા.૯

શનિવારે કોલકાતામાં ઐતિહાસિક બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે પશ્ચિમ બંગાળના પ્રથમ ભાજપ મુખ્યમંત્રી તરીકે સુવેન્દુ અધિકારીએ શપથ લીધા ત્યારે ઉજવણી, રાજકીય નાટક અને ભારે વિક્ષેપના દ્રશ્યો જોવા મળ્યા હતા. ભાજપના સમર્થકોએ આ દિવસને 'ઐતિહાસિક' ગણાવ્યો, ત્યારે ભવ્ય સમારોહમાં શહેરના મોટા ભાગોમાં નોંધપાત્ર સંગઠનાત્મક તણાવ, કડક પ્રતિબંધો અને વ્યાપક અસુવિધા હતી. સવારથી જ લાખો સમર્થકો ભગવા ધ્વજ લઈને, ઢોલ વગાડતા અને 'જય શ્રી રામ'ના નારા લગાવીને મધ્ય કોલકાતામાં ઉમટી પડ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્થળ પર પહોંચે તે પહેલાં મેદાન, એસ્પ્લેનેડ અને હેસ્ટિંગ્સ વિસ્તારોની આસપાસના રસ્તાઓ ભરાઈ ગયા હતા. શપથ ગ્રહણ સમારોહ જાહેર જનતા માટે ખુલ્લો હોવાનું જાહેર કરવામાં આવ્યું હોવા છતાં, સ્થાનિક ભાજપ નેતાઓ અને આયોજકો દ્વારા વહેંચવામાં આવેલા સત્તાવાર ઓળખપત્રોના અભાવને કારણે બ્રિગેડ મેદાનમાં પ્રવેશ ન મળતા ઘણા સમર્થકો ગુસ્સે ભરાયા હતા. સવારથી જ અનેક પ્રવેશદ્વારોની બહાર મોટી કતારો લાગી ગઈ હતી. પોલીસ અને કેન્દ્રીય દળોએ કડક સુરક્ષા તપાસ હાથ ધરી હતી, જેમાં ફક્ત માન્ય પાસ અથવા ઓળખ દસ્તાવેજો ધરાવતા લોકોને જ પ્રવેશ આપવામાં આવતો હતો. બાંકુરા, પુરૂલિયા અને કૂચ બિહાર જેવા જિલ્લાઓમાંથી રાતોરાત મુસાફરી કરીને આવેલા ઘણા સમર્થકોએ આરોપ લગાવ્યો હતો કે તેઓ કલાકો અગાઉ પહોંચ્યા છતાં પ્રવેશ કરી શક્યા ન હતા. પૂર્વ મિદનાપુરના એક હતાશ ભાજપ કાર્યકર્તાએ કહ્યું કે, "અમે શુભેન્દુબાબુને મુખ્યમંત્રી બનતા જોવા માટે આવ્યા હતા, પરંતુ પાર્ટી કાર્ડ વિના તેઓએ અમને પ્રવેશવા દીધા નહીં. અમે કલાકો સુધી બહાર રાહ જોઈ હતી.

પોલીસ સૂત્રોએ સંકેત આપ્યો હતો કે સમારોહ દરમિયાન હજારો લોકો બેરિકેડેડ વિસ્તારોની બહાર રહ્યા હતા કારણ કે સુરક્ષા એજન્સીઓએ મોદી, અમિત શાહ અને અનેક મુખ્યમંત્રીઓ સહિત ઉચ્ચ પ્રોફાઈલ VVIPsની હાજરીને કારણે પ્રવેશ પ્રોટોકોલમાં છૂટછાટ આપવાનો ઈનકાર કર્યો હતો. સમગ્ર બ્રિગેડ વિસ્તાર એક મજબૂત સુરક્ષા ઝોન જેવો દેખાતો હતો. મેદાનને લગભગ ૩૫ સેક્ટરમાં વહેંચવામાં આવ્યું હતું, જેમાં IPS અધિકારીઓ વિવિધ બ્લોકનું નિરીક્ષણ કરી રહ્યા હતા. પોલીસ કર્મચારીઓ આસપાસની ઈમારતોની છત પર રહ્યા હતા ત્યારે ડ્રોનથી સતત ભીડનું નિરીક્ષણ કરવામાં આવતું હતું. ઉપસ્થિતોને છત્રીઓ, બેગ અથવા તો પાણીની બોટલો પણ સ્થળ પર લઈ જવાની મનાઈ હતી. બપોરની તીવ્ર ગરમીમાં, ઘણા સમર્થકોએ પ્રવેશ પર પાણીની બોટલો ફેંકવાની ફરજ પાડવામાં આવતા અસ્વસ્થતાની ફરિયાદ કરી હતી. દરવાજાની બહાર ઉભેલા એક વૃદ્ધ સમર્થકે કહ્યું, 'અમે સમજીએ છીએ કે સુરક્ષા મહત્વપૂર્ણ છે, પરંતુ લોકો કલાકો સુધી પાણી વિના તડકામાં ઉભા છે. કેન્દ્રીય દળો અને સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપે VVIP એન્ક્લોઝરની આસપાસ કડક ઘેરાબંધી રાખી હતી, જ્યાં લગભગ ૪૦ હાઈ-પ્રોફાઈલ મહેમાનો બેઠા હતા. ઉજવણી અને ભારે સુરક્ષા પ્રતિબંધોને કારણે દિવસના મોટાભાગના સમય માટે કોલકાતામાં ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. શહેરના મોટા ભાગોમાં માલસામાનના વાહનોને પ્રવેશવા પર સવારે ૪ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, ઈમરજન્સી વાહનોને મુક્તિ આપવામાં આવી હતી.

## બંગાળમાં શાસન કરવા માટે ભાજપના નવા ધારાસભ્યોની પ્રાથમિકતાઓની રૂપરેખા

**પશ્ચિમ બંગાળમાં નવા ચૂંટાયેલા ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યોએ જણાવ્યું હતું કે, મહિલાઓની સલામતી, નાગરિક માળખાગત સુવિધાઓ અને કાયદો અને વ્યવસ્થામાં સુધારો એ રાજ્યની પ્રથમ ભાજપ સરકારની ટોચની પ્રાથમિકતાઓ હશે**

(એજન્સી) તા.૯

પશ્ચિમ બંગાળમાં નવા ચૂંટાયેલા ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના ધારાસભ્યોએ શનિવારે શાસન માટે તેમની પ્રાથમિકતાઓની રૂપરેખા આપી, જેમાં બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસના ૧૫ વર્ષ જૂના શાસનનો અંત લાવનારી રાજ્યની પ્રથમ ભાજપ સરકારના શપથ ગ્રહણ સમારોહ પછી મહિલા સુરક્ષા, નાગરિક માળખાગત સુવિધાઓ અને કાયદો અને વ્યવસ્થા મુખ્ય વિષયો છે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે શપથ ગ્રહણ સમારોહ દરમિયાને દ્વૈં એ આ ધારાસભ્યો સાથે વાત કરી હતી. પાનિહાટીના ધારાસભ્ય રત્નાદેવનાથ, જેમની ૩૧ વર્ષની પુત્રીની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટરની બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી, અને દેશભરમાં આક્રોશ અને વિરોધ પ્રદર્શનો થયા હતા તેમણે મહિલાઓ માટે ન્યાય અને મજબૂત સુરક્ષાની માંગ કરી હતી, તેમણે કહ્યું કે તેમની જીત પછી તેમનું એકમાત્ર ધ્યાન 'મહિલાઓ માટે સલામતી સુનિશ્ચિત કરવાનું' રહેશે. મારો સંપૂર્ણ આદેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે મારી પુત્રીએ જે ભયાનક ઘટનાનો સામનો કરવો પડ્યો હતો તેનું પુનરાવર્તન ન થાય. દેબનાથે કહ્યું કે, હું તમામ સ્તરે મહિલાઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે યોગ્ય રોડમેપ બનાવવા અને અમલમાં મૂકવાનો ઈરાદો રાખું છું. પછી ભલે તે કોઈ મહિલા રસ્તા પર ચાલતી હોય કે તેની ઓફિસમાં બેઠી હોય કે કોઈ કાફેમાં બેઠી હોય, હું તેને સુરક્ષિત અનુભવ થાય તે સુનિશ્ચિત કરવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરવા માંગુ છું. મને ખબર છે કે આપણે હજી લાંબી મજલ કાપવાની છે, પરંતુ હું મારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ. સજલ ઘોષ બારાનગરના ધારાસભ્ય અને કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC)ના કાઉન્સિલર પણ સમારોહમાં હાજર રહ્યા હતા. UNI સાથે વાત કરતા ઘોષે કહ્યું કે, "આજનો દિવસ બંગાળમાં ઘણા મોરચે શરૂઆતનો દિવસ છે. અમે શહેરમાં નાગરિક માળખાગત સુવિધાઓ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. રસ્તાઓ, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઈટ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ગેરકાયદેસર જમીન ટ્રાન્સફર અને ઈમારતોની પણ તપાસ કરવામાં આવશે. અમે સત્તામાં આવ્યા છીએ. અમે એક પછી એક બાબતોનો સામનો કરવાનું શરૂ કરીશું. સોનારપુર ઉત્તરના ધારાસભ્ય અને પૂર્વ IPS અધિકારી દેબાશીષ ધરે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવાની સાથે સંતુલિત વિકાસની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, આપણે ખાતરી કરવી પડશે કે તમામ મતવિસ્તારોમાં એકંદર વિકાસ થાય. શરૂઆતમાં, હું મારા મતવિસ્તાર વિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરીને શરૂઆત કરીશ. મારા પ્રચાર દરમિયાન મેં ત્યાં રહેતા લોકોની ચિંતાઓ અને જરૂરિયાતો સાંભળી અને સૂચિબદ્ધ કરી અને મારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ તેમને સંબોધવાનો પ્રયાસ કરીશ. નવી સરકાર માટે પોલીસ અને શાસનમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવો મહત્વપૂર્ણ રહેશે. એકંદરે, રાજ્ય માટે, મને લાગે છે કે કાયદો અને વ્યવસ્થામાં સુધારો થવો જોઈએ. અમે તેના પર ભાર મૂકીશું. નવા ચૂંટાયેલા ધારાસભ્યો તરફથી આ પ્રતિક્રિયાઓ ત્યારે આવી જ્યારે ભાજપે પહેલીવાર પશ્ચિમ બંગાળમાં ઔપચારિક રીતે સત્તા સંભાળી છે. સ્વતંત્રતાના ૭૯ વર્ષ પછી પક્ષે બંગાળમાં સરકાર બનાવી અને પક્ષના નેતાઓએ નવા વહીવટને શાસન, જાહેર સલામતી અને માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

## રાજસ્થાન ATSની મોટી કાર્યવાહી : ખાલિસ્તાન સમર્થિત અને પાકિસ્તાન તરફી પોસ્ટ મૂકનાર પંજાબના યુવકની ધરપકડ, આતંકી સંગઠનો સાથે કનેક્શન

(એજન્સી) જયપુર, તા.૯

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર દેશવિરોધી અને અલગતાવાદી સામગ્રી ફેલાવનારા તત્વો સામે લાલ આંખ કરતા રાજસ્થાન એટીએસ (ATS)એ પંજાબના એક યુવકની ધરપકડ કરી છે. આરોપી ગુરવિંદર સિંહ પર સોશિયલ મીડિયા દ્વારા ખાલિસ્તાન સમર્થિત અને પાકિસ્તાન તરફી પ્રચાર કરવા તેમજ આતંકવાદી સંગઠનો સાથે મળીને દેશ વિરૂદ્ધ ષડયંત્ર રચવાનો ગંભીર આરોપ છે. રાજસ્થાન એટીએસના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) દિનેશ એમ.એન.એ જણાવ્યું હતું કે, એટીએસની સોશિયલ મીડિયા મોનિટરિંગ વિંગની તપાસમાં ગુરવિંદર સિંહની શંકાસ્પદ ગતિવિધિઓ સામે આવી હતી. ત્યારબાદ એક વિશેષ ટીમે શુક્રવારે પંજાબમાં ઓપરેશન હાથ ધરીને તેને ઝડપી પાડ્યો હતો. આરોપીના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના ડિજિટલ વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે તે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF)ના સભ્યો સાથે સંપર્કમાં હતો અને ફેસબુક મેસેન્જર દ્વારા AK-47 રાઈફલ્સ અને ગ્રેનેડ મેળવવા તેમજ બોમ્બ વિસ્ફોટ કરવા અંગે ચર્ચાઓ કરતો હતો. તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે, આરોપીએ સરહદી સુરક્ષા દળ (BSF)ની એક આઉટપોસ્ટ જેવા પ્રતિબંધિત વિસ્તારનો વીડિયો પોતાના મોબાઈલમાં શૂટ કર્યો હતો અને પાકિસ્તાનમાં બેઠેલા તેના હેન્ડલર્સને મોકલ્યો હતો. આ ઉપરાંત, તે 'સિક્સ ફોર જસ્ટિસ' (SFJ)ના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુના ખાલિસ્તાન સમર્થિત વીડિયો પણ સતત શેર કરતો હતો. રાજસ્થાન એટીએસ દ્વારા પૂરી પાડવામાં આવેલી બાતમીના આધારે પંજાબના તરનતારન જિલ્લાના સદર પટ્ટી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ચોંકાવનારી વિગત એ છે કે, આરોપી ગુરવિંદર સિંહ આશરે બે મહિના સુધી જયપુરની એક હોટેલમાં નોકરીના બહાને રોકાયો હતો. આ સમયગાળા દરમિયાન જ તેણે પાકિસ્તાન અને કાશ્મીરમાં સક્રિય આતંકવાદી જૂથો સાથે મજબૂત સંપર્ક સ્થાપિત કર્યો હતો. હાલમાં એટીએસ અને અન્ય તપાસ એજન્સીઓ તેના સમગ્ર નેટવર્કને તોડી પાડવા અને તે ભારતમાં કયા સ્થળોએ આતંકી હુમલાનું આયોજન કરી રહ્યો હતો તે દિશામાં ઊંડી તપાસ કરી રહી છે.

## NCP (SP)ના પ્રવક્તા વિકાસ લોવાન્ડે પર પુણેમાં શાહીથી હુમલો, FIR દાખલ

(એજન્સી) તા.૯

NCP (શરદચંદ્ર પવાર)ના પ્રવક્તા વિકાસ લોવાન્ડે પર શનિવારે પુણે જિલ્લામાં કાળી શાહીથી હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ આવી હતી અને ઝડપી પોલીસ કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આ ઘટના સવારે ૧૦ વાગ્યાની આસપાસ મ્હાતોબાચી આલંદીમાં બની હતી જ્યારે લોવાન્ડે ધાર્મિક પ્રવચન કાર્યક્રમમાંથી પાછા ફરી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓ અને સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો અનુસાર, જમણેરી ધર્મોપદેશક



સંગ્રામ ભંડારેના નેતૃત્વ હેઠળના એક જૂથે તેમનું વાહન રોક્યું, તેમના પર કાળી શાહી ફેંકી અને ઘટનાસ્થળેથી ભાગી જતા પહેલા તેમની સાથે મારપીટ કરી. લોવાન્ડેએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ અથડામણ દરમિયાન હુમલાખોરોમાંથી એકે તેમને બંદૂકથી ધમકી આપી હતી. ત્યારબાદ પોલીસે હુમલાના સંદર્ભમાં લોની કાલભોર પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરી છે. આ કેસમાં શરદ સંગ્રામ ભંડારે, અક્ષય કંચન અને અન્ય ઘણા લોકો સામે કેસ નોંધ્યો છે. આ કેસમાં શસ્ત્ર અધિનિયમ હેઠળ આરોપો પણ સામેલ છે, જે ઘટના દરમિયાન પિસ્તોલ લહેરાવવામાં આવી હોવાના આરોપોને પગલે છે. વારકરી સંપ્રદાય અંગે લોવાન્ડેની તાજેતરની ટિપ્પણીઓ બાદ આ બનાવ બન્યો હોવાનું માનવામાં આવે છે. એનસીપી (એસપી)ના વડા શરદ પવાર દ્વારા સંપ્રદાયમાં કથિત 'ઘુસણખોરો' અંગેના લેખ પછી, લોવાન્ડેએ આધ્યાત્મિક નેતાઓ સહિત ૨૦ વ્યક્તિઓના નામની યાદી બહાર પાડી હોવાનું કહેવાય છે, જેમને તેમણે 'પ્રતિગામી તત્વો' તરીકે વર્ણવ્યા હતા. ઘટનાસ્થળેથી મળેલા વીડિયોમાં કથિત રીતે ભંડારે ધાર્મિક ગુરૂઓની ટીકા કરવા સામે લોવાન્ડેને ચેતવણી આપતા દેખાય છે. હુમલા બાદ, લોવાન્ડેએ પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં સામેલ લોકોની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરવામાં આવી. નાયબ પોલીસ કમિશનર સાગર કવડેએ જણાવ્યું હતું કે અધિકારીઓ વિડિઓ ફૂટેજની સમીક્ષા કરી રહ્યા છે અને FIR સાથે જોડાયેલી કાનૂની પ્રક્રિયાઓ હાથ ધરી રહ્યા છે. રાજકીય કાર્યકરો અને ધાર્મિક જૂથો વચ્ચે વધુ તણાવ અટકાવવા માટે આળંદીમાં અને તેની આસપાસ સુરક્ષા પણ કડક કરવામાં આવી છે. વિપક્ષી નેતાઓએ આ હુમલાની વ્યાપક નિંદા કરવામાં આવી હતી. NCP (SP)ના ધારાસભ્ય રોહિત પવારે જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી અને લોવાન્ડે સામે પોલીસ સુરક્ષાની માંગ કરી હતી, આરોપ લગાવ્યો હતો કે કાર્યવાહી કરવામાં નિષ્ફળતાથી હુમલા પાછળ રાજકીય આશ્રય અંગે પ્રશ્નો ઉભા થશે.

## રાહુલ ગાંધીએ શિક્ષક ઉમેદવારો પર બિહાર પોલીસ કાર્યવાહીની ટીકા કરી, બેરોજગારી અંગે ભાજપ પર નિશાન સાધ્યું

(એજન્સી) તા.૯

રાહુલ ગાંધીએ શનિવારે ભાજપની આગેવાની હેઠળની સરકાર પર યુવાનોમાં વધતી જતી બેરોજગારીને દૂર કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો અને બિહારમાં શિક્ષક ઉમેદવારો પર વિરોધ કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ કાર્યવાહીની નિંદા કરી. કોંગ્રેસ નેતાએ આરોપ લગાવ્યો કે બિહાર પોલીસે પટણામાં રોજગાર સંબંધિત માંગણીઓ પર શાંતિપૂર્ણ રીતે પ્રદર્શન કરી રહેલા ઉમેદવારો સામે બળપ્રયોગ કર્યો. તેમણે કહ્યું કે આ ઘટના બેરોજગાર યુવાનોની ચિંતાઓ પ્રત્યે સરકારની ઉદાસીનતા દર્શાવે છે. X પરની એક પોસ્ટમાં, કોંગ્રેસ નેતાએ લખ્યું, "ગઈકાલે પટનામાં, રોજગારના અધિકાર માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા શિક્ષક ઉમેદવારોને બિહાર પોલીસે ફરીથી નિર્દયતાથી માર માર્યો. બેરોજગાર યુવાનો પ્રત્યે ભાજપનો જવાબ: લાઠીઓ. બેરોજગારી આજે ભારતમાં સૌથી મોટી બીમારી છે, અને તેની સૌથી વિનાશક અસર બિહાર અને ઉત્તર પ્રદેશના યુવાનો પર પડી રહી છે." લાખો યુવાનો, હાથમાં ડિગ્રી અને કૌશલ્ય સાથે, ઘરે-ઘરે ભટકતા રહે છે. પરંતુ ભાજપ સરકાર ન તો તેમની પરવા કરે છે ન તો તેમની. જ્યારે યુવાનો પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવે છે ત્યારે તેમને તેમના હાથમાં નોકરી આપવામાં આવતી નથી - તેના બદલે, તેમની પીઠ પર લાઠીઓનો વરસાદ કરવામાં આવે છે. ભારતના યુવાનો ભાજપના જુઠાણાથી કંટાળી ગયા છે - તેઓ હવે ચૂપ રહેશે નહીં." અને કોંગ્રેસ દરેક વળાંક પર તેમની સાથે ઊભી છે."

## કડાપામાં 'ટીપુ સુલતાન' કે 'હનુમાન સર્કલ'ના નામ મુદ્દે કોમી તંગદિલી : પથ્થરમારો અને લાઠીચાર્જ બાદ કલમ ૧૪૪ લાગુ

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

આંધ્રપ્રદેશના કડાપા જિલ્લામાં એક સ્થળના નામકરણને લઈને ફાટી નીકળેલી હિંસા બાદ કોમી તંગદિલી વ્યાપી ગઈ છે. શનિવાર, ૯ મેના રોજ નામ બદલવાના પ્રસ્તાવને લઈને બે જૂથો વચ્ચે ઉગ્ર ઘર્ષણ અને પથ્થરમારો થતા વાતાવરણ ગંભીર બન્યું હતું. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં પ્રતિબંધિત આદેશો (કલમ ૧૪૪) લાગુ કરવામાં આવ્યા છે. વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે સ્થાનિક મુસ્લિમ સમુદાય દ્વારા અલમાસપેટ સર્કલનું નામ બદલીને 'ટીપુ સુલતાન સર્કલ' કરવામાં આવ્યું. તેઓએ દાવો કર્યો હતો કે આ માટે તેમની પાસે વહીવટી મંજૂરી છે. જો કે, આ સમાચાર ફેલાતા જ સ્થાનિક જમણેરી સંગઠનોએ આ નામનો સખત વિરોધ કર્યો હતો અને તેના બદલે 'હનુમાન સર્કલ' રાખવાની માંગ કરી હતી. આ વિવાદ ત્યારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું જ્યારે જમણેરી સંગઠનના સમર્થકોએ સર્કલ પર ૩૦ ફૂટ ઊંચી હનુમાનજીની પ્રતિમા સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પગલાથી મુસ્લિમ સમુદાયમાં રોષ ભરાયો હતો અને બંને પક્ષો સામસામે આવી ગયા હતા. બંને જૂથો દ્વારા એકબીજા પર ભારે પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને ઘણી જગ્યાએ ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. પરિસ્થિતિ જણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ ઘર્ષણ દરમિયાન એક સર્કલ ઈન્સ્પેક્ટર અને બે કોન્સ્ટેબલ ઘાયલ થયા હતા, જેને પગલે પોલીસે પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે લાઠીચાર્જ કરવો પડ્યો હતો. હાલમાં અલમાસપેટ સર્કલ અને તેની આસપાસના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે અને વધારાની ફોર્સ બોલાવવામાં આવી છે જેથી શાંતિ જળવાઈ રહે.

### અમદાવાદ, રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર વગેરેમાં યલો એલર્ટ

# રાજ્યમાં આગામી સપ્તાહમાં આગ ઝરતી ગરમી પડશે : ઘણા વિસ્તારો માટે હિટવેવની આગાહી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

માવઠા બાદ રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. ગુજરાતમાં આગામી અઠવાડિયા દરમિયાન માથુ ફાડી નાખે તેવી ગરમીની આગાહી કરવામાં આવી છે. રવિવારથી રાજ્યમાં હિટવેવની શક્યતા વ્યકત કરવામાં આવી છે. ગરમીનો પારો ૪૧ થી ૪૪ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. જેને લઈને અમદાવાદમાં આજે ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે જ્યારે આવતીકાલે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગે, આજે (૯ મે) કચ્છ, દ્વારકા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં હીટવેવને લઈ યલો એલર્ટ જારી કર્યું છે. આગામી ૧૫ મે સુધી રાજ્યમાં આકરો તાપ પડવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવા પણ અપીલ કરવામાં આવી છે. આજે

## શુક્રવાર કરતાં ગરમીનો પારો સતત વધુ રહ્યો : આજે અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ

રાજકોટમાં 44°C ગરમી રહેવાની સંભાવના હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે સૌથી વધુ ગરમી રાજકોટમાં નોંધાશે. અહીં મહત્તમ તાપમાનનો પારો 44°C પહોંચી શકે. જ્યારે અમદાવાદમાં 43°C, વડોદરામાં 42°C, ભૂજમાં 42°C, ગાંધીનગરમાં 43°C, ભાવનગરમાં 41°C, અમરેલીમાં 43°C, સુરતમાં 39°C અને ડીસામાં 42°C તાપમાન નોંધાશે. ૧૫ મે સુધી હીટવેવની આગાહી હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ, આગામી ચાર દિવસમાં મહત્તમ તાપમાનમાં વધુ ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે. હીટવેવને લઈને પણ મહત્વની ચેતવણી આપવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં આગામી ૧૫ મે સુધી હીટવેવની અસર રહી શકે છે, જ્યારે ગુજરાત રીજનમાં ૯થી ૧૫ મે સુધી ગરમીનો પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે. રાજ્યમાં કેટલાક સ્થળો માવઠાની અસર થતાં તે બાદ હવે ગરમીએ જોર પકડ્યું છે. જેમાં ગતરોજ બાદ આજે ગરમીનો પારો વધુ ઊંચકાયો હતો. માવઠા બાદ ગરમીનું પ્રમાણ વધતાં આગામી સપ્તાહમાં વધુ આગ ઝરતી ગરમી પડે તેવી શક્યતા જોવામાં આવી રહી છે. રાજ્યમાં અમદાવાદ, રાજકોટ જેવા શહેરો આ વખતથી ગરમીની સિઝનમાં ટોપ પર રહેવા પામેલ છે. ગરમીને લઈ સરકારી તથા સામાજિક સ્વરાજ્ય સંસ્થાઓ દ્વારા સમયાંતરે ગાઈડલાઈન પણ જારી કરવામાં આવી રહી છે. આજે કચ્છ, દ્વારકા, રાજકોટ અને સુરેન્દ્રનગર વિસ્તારમાં હીટવેવની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આવતીકાલે એટલે કે ૧૦ મેએ કચ્છ, દેવભૂમિદ્વારકા, પોરબંદર, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, સુરત અને વડોદરામાં ગરમીનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યના મોટા ભાગના જિલ્લામાં ૧૫ મેસુધી હીટવેવની સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેની ઝડપ ૧૫થી ૨૦ નોટસ સુધી રહી શકે છે અને કેટલાક વિસ્તારોમાં તે વધીને ૨૫ નોટ્સ સુધી પહોંચવાની શક્યતા છે.

### કપડવંજ પાસે નર્મદા કેનાલમાં પતિ-પત્નીએ પુત્રીઓ સાથે કર્યો સામૂહિક આપઘાત ??

# બે પુત્રીઓને કેનાલના પાણીમાં ફેંકી માતા પણ કૂદી પડી, પિતા બચાવવા કૂદયા પણ ચારેય ડૂબ્યા

## બીજી તરફ પાછળથી પિતાએ બચાવવા છલાંગ લગાવી હોવાની વાત : ગુનો દાખલ કરાયો

(સંવાદદાતા દ્વારા) નડિયાદ,તા.૯

ખેડા જિલ્લામાં માતાએ બે માસૂમ પુત્રીઓ સાથે નર્મદા કેનાલમાં ઝંપલાવ્યા બાદ તેમને બચાવવા પડેલા પિતાનું પણ ડૂબી જવાથી મોત થયું હતું. આતરસુંબા પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. કપડવંજ તાલુકાના બાવાના મુવાડા ગામે રહેતા અને ખેતીકામ કરી ગુજરાન ચલાવતા પરિવારના સભ્યો શુક્રવારે સાંજના પાંચેક વાગ્યાના સુમારે મોજે ફતિયાબાદ બ્રીજ પાસે નર્મદા કેનાલ પર પહોંચ્યા હતા. જ્યાં ૨૪ વર્ષીય સપનાબેન વિનુભાઈ સોલંકીએ પોતાની ત્રણ વર્ષની પુત્રી નિધિ અને માત્ર ત્રણ માસની પુત્રી કાળી સાથે કોઈ અગમ્ય કારણોસર નહેરના વેગીલા પ્રવાહમાં ઝંપલાવ્યું હતું. આ સમયે પત્ની અને બાળકોને કેનાલમાં પડતા જોઈ તેમને બચાવવા માટે ૨૪ વર્ષીય પતિ વિનુભાઈ સુરેશભાઈ સોલંકીએ પણ તાત્કાલિક કેનાલના ઊંડા પાણીમાં છલાંગ લગાવી હતી. જોકે, પાણીનો પ્રવાહ વધુ હોવાને કારણે ચારેય વ્યક્તિઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ આતરસુંબા પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્થાનિક તરવૈયાઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સ્થાનિકોની મદદથી હાથ ધરવામાં આવેલી શોધખોળ દરમિયાન પાણીમાંથી સપનાબેન અને તેમની બંને માસૂમ પુત્રીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જ્યારે પત્ની-બાળકોને બચાવવા પડેલા વિનુભાઈ સોલંકીનું પણ ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. એક જ પરિવારના ચાર સભ્યોના મોતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ બનાવ અંગે બાવાના મુવાડાના રહીશ સુરેશભાઈ મોનાભાઈ સોલંકીએ આતરસુંબા પોલીસ મથકે જાણ કરી હતી. જેના આધારે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજી બાજુ પોતાની બે માસૂમ પુત્રીઓને પાણીમાં ફેંકી મોતને ઘાટ ઉતારનાર માતા સામે પોલીસે હત્યાનો ગુનો પણ દાખલ કર્યો છે. વર્ષ ૨૦૨૨માં લગ્નગ્રંથિથી જોડાયેલા આ દંપતીએ કયા સંજોગોમાં આ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. સામૂહિક આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે આતરસુંબા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એમ. દેસાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે. મૃતકોની અંતિમ વિધિ સમયે ગ્રામજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. આ બાબતે પીએસઆઈ દેસાઈને પૂછતા તેમણે જણાવ્યું હતું કે પિયર પક્ષ વાળા તેમજ સાસરી પક્ષવાળાઓની પ્રાથમિક પૂછપરછ કરી છે પરંતુ તેમણે પણ દંપતિ વચ્ચે કોઈ ઝઘડો કે અણબનાવ હોવાની વાતને ઈક્કાર કરી છે એટલે હાલમાં આ બાબતે ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી પરંતુ હજુ આ બાબતે તપાસ ચાલુ છે

### લીવ ઈનમાં રહેતા યુગલને છૂટા કરાયા બાદ હાઈકોર્ટમાં યુવકે અરજી કરી દાદ માંગી હતી

# હાઈકોર્ટના આદેશને પગલે આખરે મુસ્લિમ યુવક તથા હિન્દુ યુવતીના લગ્ન થયા સંપન્ન

## હાઈકોર્ટની શરતો પૂર્ણ કરતા અને યુવતીએ તૈયારી બતાવતાં લગ્ન સંપન્ન : અગાઉ વિહિપે બખેડો કર્યો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૯

લિવઈનમાં રહેતા મુસ્લિમ યુવક અને હિન્દુ યુવતીને છૂટા પડાયા બાદ અંતે હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્ગત મંજૂરી અપાતા લગ્ન સંપન્ન થયા છે. નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને તેના પતિ સાથે જવા માટે મંજૂરી આપવામાં આવી છે. સાથે જ દંપતીને કોઈ પરેશાન ન કરે તે માટે પોલીસને ધ્યાન રાખવા તાકીદ કરવામાં આવી છે. મહેસાણા જિલ્લામાં ૨૨ વર્ષીય મુસ્લિમ યુવક અને ૨૧ વર્ષીય હિન્દુ યુવતી લિવઈનમાં રહેતા હતા. બંનેના લગ્નને લઈ થોડા મહિના પહેલા ધાર્મિક સંગઠનો દ્વારા ભારે ઉહાપોહ મચાવવામાં આવ્યો હતો અને યુવક-યુવતીને છૂટા પાડી દેવામાં આવ્યા હતા. યુવતીને પાલનપુર સ્થિત મહિલા સંરક્ષણ ગૃહમાં મોકલી દેવામાં આવી હતી. જેની સામે યુવકે હાઈકોર્ટમાં અરજી કરી પાર્ટનરની કસ્ટડી માગી હતી અને કહ્યું હતું કે તેઓ લગ્ન કરવા ઈચ્છે છે. યુવકની અરજી બાદ કોર્ટે યુવતીને તેની ઈચ્છા જાણવા માટે બોલાવી હતી. ભવિષ્યમાં જો કોઈ કમનસીબ સ્થિતિ ઉભી થાય તો યુવતીની આર્થિક સુરક્ષા જોખમમાં આવી શકે. જેની ચિંતા વ્યકત કર્યા બાદ કોર્ટે યુવકને ૩ લાખ રૂપિયા જમા કારવવાની તૈયારી દર્શાવતું સોંગદનામું ફાઈલ કરવા આદેશ કર્યો હતો જેમાં યુવકે કહ્યું કે તે સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન કરવા અને તે માટેની તમામ કાનૂની જરૂરિયાતોનું પાલન કરવા તૈયાર છે. તેણે એવી પણ બાહેંધરી આપી હતી કે, તે તેની ક્ષમતા અને સાધનો મુજબ તેના ભરણપોષણ, રહેઠાણ અને જીવનની તમામ જરૂરિયાતો પૂરી પાડશે. તે યુવતી સાથે ગરિમા અને સન્માન સાથે વર્તશે અને તમામ બાબતોમાં તેની સુખાકારી સુનિશ્ચિત કરશે. હાઈકોર્ટે યુવકને રાષ્ટ્રીયકૃત બેંકમાં રકમ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ યુવતીનું બેંક ખાતું ન હોવાથી હાઈકોર્ટે રજિસ્ટ્રીને તેના નામે ખાતું ખોલવા અને ફિક્સ્ડ ડિપોઝિટનું વ્યાજ સમયાંતરે તેના ખાતામાં જમા કરવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સ્પષ્ટ છે કે જો ભવિષ્યમાં આ કપલ અલગ થાય, તો ૩ લાખ રૂપિયાની પૂરેપૂરી રકમ તેની આર્થિક સુરક્ષા માટે તેને સોંપી દેવામાં આવશે. છેલ્લી સુનાવણી દરમિયાન હાઈકોર્ટે યુવકને લગ્નનો ઈરાદો હોવાની નોટિસ આપવા અને ૬ અઠવાડિયાના ગાળામાં આખી પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટે સંબંધિત સરકારી અધિકારીઓને પણ નિર્દેશ આપ્યો હતો કે અરજદાર અને પ્રતિવાદીની લગ્નની અરજી પર પ્રક્રિયા કરે અને ખાતરી કરે કે તમામ જરૂરિયાતો પૂર્ણ થાય અને કાયદા અનુસાર લગ્ન સંપન્ન થાય. આ સાથે હાઈકોર્ટે યુવતીને અમદાવાદના મહિલા સંરક્ષણ ગૃહમાં રહેવાનું ચાલુ રાખવા નિર્દેશ આપ્યો હતો. તેને લગ્નની નોંધણીની વિધિઓ પૂરી કરવા માટે અરજદાર યુવક સાથે જવાની મંજૂરી આપવામાં આવી હતી. દરમ્યાન હાઈકોર્ટના આદેશને પગલે આખરે નોંધણી રજિસ્ટ્રાર સમક્ષ બંનેના લગ્ન થયા હતા. યુવક-યુવતીના લગ્ન થયા બાદ હાઈકોર્ટે અમદાવાદ નારી સંરક્ષણ ગૃહમાં રહેતી યુવતીને તેના પતિ સાથે જવા મંજૂરી આપવામાં આવી હતી.

### અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૦ મે-૨૦૨૬ | રૂા. | ૫૬.૦૦ |

# ડિપ્લોમાથી ડિગ્રી ફાર્મસીમાં પ્રવેશ માટેની પરીક્ષામાં ૩૨૨ વિદ્યાર્થીઓ હાજર રહ્યા

## ૯૯૬ બેઠકો માટે પરીક્ષા લેવાઈ, હવે ૧૧ મેના રોજ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

ડિપ્લોમા ફાર્મસીથી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષમાં પ્રવેશ માટે શનિવારે પ્રવેશ પરીક્ષા (DDCET) લેવામાં આવી હતી. જેમાં ઉપલબ્ધ ૯૯૬ જેટલી બેઠકો સામે ૩૪૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, અને પરીક્ષામાં તે પૈકી ૩૨૨ વિદ્યાર્થીઓ જ હાજર રહ્યા હતા. પરીક્ષા પુર્ણ થયા બાદ હવે ૧૧ મેના રોજ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારો માટેની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (DDCET-2026) શનિવારના રોજ રાજ્યના વિવિધ કેન્દ્રો પર સફળતાપૂર્વક યોજાઈ હતી. એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (ACPC) દ્વારા આ પરીક્ષાનું આયોજન ઓફલાઈન માધ્યમમાં કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં રાજ્યભરમાંથી કુલ ૩૪૧ ઉમેદવારોએ ફી ભરીને પોતાનું રજીસ્ટ્રેશન કન્ફર્મ કરાવ્યું હતું. જે પૈકી ૩૨૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા, જ્યારે ૧૯ વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. પરીક્ષાના સુચારૂ સંચાલન માટે રાજ્યમાં કુલ ૧૦ જિલ્લા મથકો પર પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા હતા. જેમાં સૌથી વધુ ૧૦૬ ઉમેદવારો અમદાવાદની એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે નોંધાયા હતા. આ ઉપરાંત આણંદ, અરવલ્લી, ભાવનગર, કચ્છ, પાટણ, રાજકોટ, સુરત, વડોદરા અને વલસાડ ખાતે પણ સરકારી એન્જિનિયરિંગ અને ફાર્મસી કોલેજોમાં પરીક્ષા લેવામાં આવી હતી. આ વર્ષે સરકારી સંસ્થાઓમાં કુલ ૩૭ બેઠકો ઉપલબ્ધ છે. જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓમાં કુલ ૯૫૯ બેઠકો ઉપલબ્ધ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસી (અમદાવાદ)માં ૦૯ બેઠકો અને બી.કે. મોદી સરકારી ફાર્મસી કોલેજ (રાજકોટ)માં ૧૦ બેઠકો ઉપલબ્ધ છે. પ્રવેશ માટેનું મેરીટ લિસ્ટ સંપૂર્ણપણે DDCET-2026માં મેળવેલા ગુણ અને રેક્ક પર જ તૈયાર કરવામાં આવશે. પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ૧૧ મેના રોજ સાંજે ૬ વાગ્યે સમિતિની વેબસાઈટ પર જાહેર થશે. DDCET પરીક્ષાનું પરિણામ આ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ડિગ્રી પ્રવેશ માટેની આગળની રજીસ્ટ્રેશન પ્રક્રિયા જૂન મહિનાના બીજા સપ્તાહથી શરૂ થશે.





ધી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી સંચાલિત
**હમારા ઘર**
કુરેશ મહોલ્લા, મોગલવાડા, વડોદરા-૩૯૦૦૧૭
**યતીમ (અનાથ) બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ**
ધી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી વડોદરા ૧૯૭૦થી વડોદરા શહેરમાં "હમારા ઘર" નામના બધી જ સગવડ સાથેનું એક આર્દશ યતીમખાનાનું સંચાલન કરી રહેલ છે.
સાત વર્ષની ઉપરના પોતાની સંભાળ રાખી શકે તેવા યતીમ (અનાથ) મુસ્લિમ બાળકોને "હમારા ઘર"માં કોઈપણ જાતની ફી વિના પ્રવેશ આપી દીની તથા શૈક્ષણિક તાલીમ આપી પરવરીશ કરવામાં આવે છે. બાળકોનો સંપૂર્ણ ખર્ચ સોસાયટી દ્વારા કરવામાં આવે છે. શૈક્ષણિક સત્ર જૂન-૨૦૨૬થી શરૂ થતું હોય પ્રવેશ કાર્ય શરૂ કરવામાં આવેલ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ કાર્ય શરૂ થઈ ગયેલ હોય તાત્કાલિક ફોર્મ મેળવી લેવા. આ સંસ્થામાં પ્રાથમિક, માધ્યમિક, કોલેજ તથા ટેકનિકલ સંસ્થામાં અભ્યાસ કરવા માંગતા યતીમ બાળકોને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.
આ અંગેનું અરજીપત્રક ધી મુસ્લિમ વેલ્ફેર સોસાયટી હમારા ઘર, કુરેશ મોહલ્લા મોગલવાડા વડોદરા ૩૯૦૦૧૭ પાસેથી મેળવી શકાશે. ટે.નં.૦૨૬૫-૨૫૧૫૨૦૯ મો.નં.૯૮૨૫૧૭૨૫૩૩/૯૪૦૮૭૨૫૫૭૯. અરજીપત્રક સાથે શાળા છોડયાનું પ્રમાણપત્ર, પિતાના મરણનો દાખલો, છેલ્લી પરીક્ષાનું રીઝલ્ટ, જો ત્યકતા માતાનો પુત્ર હોય તો તલાકનામું, બાળકના આધારકાર્ડની કોપી આપવાના રહેશે.
અરજીપત્રક શાળા શરૂ થતાં પહેલા કાર્યાલય પરથી અથવા તો પોસ્ટ દ્વારા મેળવી લેવું.










● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com

ગુજરાત ટુડે મેઘધનુષ રવિવાર

તા.૧૦-૫-૨૦૨૬

# 'ડિજીટલ યુગમાં અરજદારે ઓનલાઇન અરજી કરતા પહેલા કાળજી લેવી પાછળથી બહાના નહીં ચાલે', તેવા હાઇકોર્ટના ચુકાદાના પરિપ્રેક્ષ્યમાં યુવાનોએ ધ્યાન રાખવાની બાબતો જાણી લો.....




**ગુજરાત હાઇકોર્ટનો તાજેતરનો ચુકાદો ઓનલાઇન અરજી કરનાર અરજદારો માટે લાલબત્તી સમાન છે. કારણ કે, જો ઓનલાઇન પ્રક્રિયામાં કોઈ ભૂલ રહી જાય, તો સિસ્ટમ તેને સ્વીકારતી નથી અથવા તો પાછળથી વેરિફિકેશન સમયે મુશ્કેલી ઊભી થાય છે. અંતે, ડિજિટલ યુગમાં જાગૃતિ એ જ શ્રેષ્ઠ સુરક્ષા છે. ઉમેદવારે એ સમજવું જોઈએ કે એકવાર 'સબમિટ' બટન દબાવ્યા પછી ઘણીવાર સુધારો કરવાની તક મળતી નથી. ખોટી વિગતો રજૂ કરવા બદલ માત્ર ઉમેદવારી રદ થવી એટલું જ નહીં, પરંતુ કાયદેસરની કાર્યવાહી કે દંડની જોગવાઈ પણ હોઈ શકે છે. આથી, પોતાની મહેનત અને મેરિટ એળે ન જાય તે માટે ફોર્મ ભરતા પહેલા એક કલાકનો સમય ફાળવીને માહિતી પુસ્તિકા વાંચવી અને માર્ગદર્શક વીડિયો જોઈ લેવો એ કોઈપણ ઉમેદવાર માટે હિતાવહ અને અનિવાર્ય છે.**

## હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

મિત્રો પાછળા ઘણા વર્ષોથી સરકારી નોકરીની જાહેરાતો, કોલેજોની પ્રવેશ પ્રક્રિયા, પ્રવેશ પ્રક્રિયાની પરીક્ષાઓ, સરકારી યોજનાઓ ખાસ કરીને સ્કોલરશીપ યોજનાઓ તમામ બાબતો ઓનલાઇન થઇ ગઇ છે ત્યારે ઘણી વખત ઓનલાઇન અરજી કરતી વખતે થયેલી નાની ભૂલના પરિણામોની દુરોગામી અને અમુક કિસ્સાઓમાં તો ગંભીર અસર પડતી હોય છે. તેના કારણે કારકિર્દી રોળાઇ જવાનું પણ જોખમ રહ્યું છે. આથી દરેક ઉમેદવારો જ્યારે કોઇ બાબતે ઓનલાઇન અરજી કરતા હોય ત્યારે દરેક બાબતે કાળજી રાખવી જરૂરી છે. હવે તો ગુજરાત હાઈકોર્ટે પણ એક ચુકાદો આપીને જાહેર કર્યું છે કે, જાહેર રોજગાર માટેના ઉમેદવારોએ ઓનલાઈન અરજીઓની ટેકનિકલ જરૂરિયાતોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ, અને ઠરાવ્યું છે કે નિર્ધારિત માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં ગુણવત્તા (મેરિટ)ને પ્રાધાન્ય આપી શકાય નહીં. એટલે કે હાઈકોર્ટે જાહેર કરી દીધું છે કે, જો તમે સત્તાધીશો દ્વારા માંગવામાં આવેલી વિગતો ઓનલાઈન પોર્ટલ ઉપર અપલોડ ના કરી હોય અને પાછળથી કોઇ બહાનાબાજી ચાલી શકે નહિ. અલબત્ત આ મામલો સરકારી નોકરીનો હતો પરંતુ લાગુ તમામ ઉમેદવારોને પડે છે કારણ કે હાઇકોર્ટે કાળજી એટલે કે પરફેક્શન રાખવાની વાત કરી છે. તો ચાલો આજે આપણે જાણીશું કે ગુજરાત હાઇકોર્ટનો આ મુદ્દા ઉપર તાજો ચુકાદો શું છે અને ઉમેદવારો જ્યારે ઓનલાઇન અરજીઓ કરતા હોય ત્યારે શું કાળજી લેવી જોઇએ.

**ઓનલાઇન વિગતો ભરતી વખતે અરજદારોએ શું કાળજી રાખવી જોઇએ તે બાબતનો હાઇકોર્ટનો ચુકાદો શું કહે છે?**

ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ મૌલિક જે. શેલત દ્વારા જાહેર કરવામાં આવેલા એક ચુકાદામાં, એક અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દેવામાં આવી હતી. આ મહિલા અરજદારે આંગણવાડી કાર્યકરની જગ્યા માટે અરજી કરવામાં આવી હતી. પરંતુ તે નકારવામાં આવી હતી કારણ કે તે અંતિમ તારીખ પહેલાં ચોક્કસ માર્કશીટ અપલોડ કરવામાં નિષ્ફળ રહી હતી. આથી તેણે વર્ષ ૨૦૨૦માં ગુજરાત હાઇકોર્ટમાં પિટિશન કરીને સત્તાવાળાઓના આ વલણને પડકાર્યું હતું.

કેસની વિગતો મુજબ, અરજદારે જુલાઈ ૨૦૨૦ની જાહેરાત બાદ મહીસાગર જિલ્લાના જેતપુર ખાતે આંગણવાડી કાર્યકરની પોસ્ટ માટે અરજી કરી હતી. બી.એ., એમ.એ., બી.એડ. અને એમ.એડ. સહિતની ઉચ્ચ પદવીઓ ધરાવતી હોવા છતાં, તેની અરજી નકારવામાં આવી હતી કારણ કે તેણે તેના એમ.એ.નું પ્રમાણપત્ર અપલોડ કર્યું ન હતું. એટલે કે માર્કશીટને અપલોડ કરી નહોતી. જ્યારે અરજદારે દલીલ કરી હતી કે તેનો મેરિટ સ્કોર ૬૦.૦૫૭ પસંદગી પામેલા ઉમેદવાર કરતા વધારે હતો અને હેલ્પલાઈન પ્રતિનિધિ દ્વારા તેને પ્રત્યક્ષ ચકાસણી દરમિયાન દસ્તાવેજો રજૂ કરવા માટેની વાત કરી હતી. આથી તેને હકીકતમાં તો ગેરમાર્ગે દોરવામાં આવી હતી. આથી તેણીની કોઇ ભૂલ નહોતી. ત્યારે કોર્ટે આ દલીલોને ભરતી પ્રક્રિયાના સ્પષ્ટ નિયમોનું ઉલ્લંઘન ગણાવી હતી.

કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, "હવે એ સુસ્થાપિત છે કે જ્યારે પણ જાહેરાતમાં આપવામાં આવેલી કોઈપણ ફરજિયાત સૂચનાઓનું અરજદાર દ્વારા પાલન કરવામાં ન આવે, ત્યારે તેવી અરજી ગ્રાહ્ય રાખી શકાય નહીં. આજકાલ, જ્યારે તમામ ભરતી પ્રક્રિયાઓ રાજ્ય સરકાર અને તેની સંસ્થાઓ દ્વારા ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવે છે; ત્યારે અરજદારે કાળજીપૂર્વક ફોર્મ ભરવું અને પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા આવશ્યક છે."

હાઈકોર્ટે વધુમાં ઉમેર્યું હતું કે, "આ ડિજિટલ યુગમાં, અરજદારે જરૂરી દસ્તાવેજો સાથે અરજી સબમિટ કરતા પહેલા યોગ્ય કાળજી લેવી જોઈએ, જે કરવામાં નિષ્ફળ રહેતા, અરજદારને પાછળથી ફરિયાદ કરવાની મંજૂરી આપી શકાય નહીં." આમ, અદાલતે અરજદારની દલીલ સ્વીકારી ન હતી કારણ કે તેણે તેની અરજી સબમિટ કરતી વખતે એમ.એ. (M.A.)ની પરીક્ષામાં મેળવેલા ગુણ દર્શાવતું જરૂરી પ્રમાણપત્ર અપલોડ કર્યું ન હતું, જે જાહેરાત મુજબ અનિવાર્ય (sine qua non) હતું. કોર્ટે કહ્યું કે તેની ઉમેદવારી રદ કરવાને પાત્ર છે અને સત્તાધીશો દ્વારા તેને યોગ્ય રીતે નકારવામાં આવી છે. આમ હાઇકોર્ટનો ચુકાદો એક રીતે ગંભીર છે અને અરજદારોને ચેતવણી આપે છે કે ઓનલાઇન અરજી પ્રક્રિયામાં અરજદારે ખૂબ જ કાળજીપૂર્વક બધી વિગતો ભરવાની રહેશે.

**ઓનલાઇન અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો**

ઓનલાઈન અરજી પ્રક્રિયા આજે સરકારી નોકરી કે ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ મેળવવા માટેનું અનિવાર્ય માધ્યમ બની ગઈ છે, ત્યારે ઉમેદવારોએ કેટલીક પાયાની અને અત્યંત મહત્વની બાબતોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. કોઈપણ ભરતી કે પ્રવેશ માટેની જાહેરાત પ્રસિદ્ધ થાય ત્યારે સૌથી પહેલાં તેની અધિકૃત સૂચનાઓ અને માર્ગદર્શિકાનો પૂરેપૂરો અભ્યાસ કરવો જરૂરી છે, કારણ કે હાઈકોર્ટના ચુકાદાઓ મુજબ ટેકનિકલ ભૂલ કે બેદરકારીને કારણે મેરિટમાં હોવા છતાં ઉમેદવારી રદ થઈ શકે છે. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ખાસ કરીને વ્યક્તિગત વિગતો જેવી કે શાળા દસ્તાવેજો કે સરકારી પુરાવાઓને અનુરૂપ નામ, જન્મતારીખ અને કેટેગરીની વિગતોમાં કોઈ ભૂલ ન રહી જાય તેની ચકાસણી કરવી જોઈએ.

અરજી સાથે અપલોડ કરવાના થતા ફરજિયાત દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, ગુણપત્રક, જાતિના દાખલા કે અનુભવના પ્રમાણપત્રો નિર્ધારિત સાઈઝ અને ફોર્મેટમાં જ અપલોડ કરવા જોઈએ. જો કોઈ શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ આપેલા હોય, તો તેને યુનિવર્સિટીના નિયમ મુજબ માર્કશીટ સાથે રાખવું અને અપલોડ કરવું જોઈએ, કારણ કે તેના અભાવે ઉમેદવાર લાયક હોવા છતાં તેને પ્રક્રિયામાંથી બહાર કરવામાં આવી શકે છે.

બીજી એક મહત્વની વાત એ કરવાની કે, ઉમેદવારોએ અરજી કરવાની છેલ્લી તારીખ સુધી રાહ જોવાને બદલે વહેલી તકે ફોર્મ ભરી લેવું જોઈએ જેથી અંતિમ સમયે સર્વરની સમસ્યાથી બચી શકાય. જો કોઈ યોજના કે શિષ્યવૃત્તિ માટે અરજી કરવાની હોય, જેમ કે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, તો તેના માટેની આવક મર્યાદા અને પરસેન્ટાઈલના માપદંડો ચકાસીને તે મુજબના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રો તૈયાર રાખવા જોઈએ. ફોર્મ સબમિટ કરતા પહેલાં 'પ્રિવ્યૂ' વિકલ્પનો ઉપયોગ કરીને બધી વિગતો ફરીથી વાંચી લેવી હિતાવહ છે. એકવાર અરજી સબમિટ થઈ જાય પછી તેની નકલ અને ફી ભર્યાની પહોંચ સાચવી રાખવી જોઈએ. પેમેન્ટ થયા બાબતની તમામ વિગતો એક યોગ્ય જગ્યાએ સ્ટોર કરી રાખવી જોઇએ. ડિજિટલ યુગમાં ટેકનિકલ જરૂરિયાતોનું પાલન કરવું એ માત્ર ઔપચારિકતા નથી પરંતુ તે પસંદગી પામવા માટેની પૂર્વશરત છે, તેથી કોઈપણ અસ્પષ્ટતાના કિસ્સામાં હેલ્પલાઇનનો સંપર્ક કરવો જોઈએ પરંતુ અંતિમ જવાબદારી ઉમેદવારની પોતાની રહે છે.

**વીડિયો ટ્યુટોરિયલ કે માહિતી પુસ્તિકા ખાસ વાંચી જવી**

ઘણીવાર ઉમેદવારો ઉતાવળમાં અથવા પૂરતી જાણકારીના અભાવે ફોર્મ ભરતી વખતે નાની મોટી ટેકનિકલ ભૂલો કરી બેસે છે, જે અંતે તેમની કારકિર્દી માટે જોખમી સાબિત થાય છે. આથી, કોઈપણ ઓનલાઈન અરજી કરતા પહેલા તેની અધિકૃત માહિતી પુસ્તિકા (Information Booklet) વાંચવી અને વીડિયો ટ્યુટોરિયલ જોવું અત્યંત આવશ્યક છે.

માહિતી પુસ્તિકા વાંચવી એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ તે અરજી પ્રક્રિયાનો પાયો છે. તેમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનામતનો લાભ લેવા માટેના નિયમો અને જરૂરી દસ્તાવેજોની યાદી સ્પષ્ટપણે આપેલી હોય છે.

માહિતી પુસ્તિકામાં દસ્તાવેજોના ફોર્મેટ અને સાઈઝ અંગે પણ ચોક્કસ સૂચનાઓ હોય છે. જો વિદ્યાર્થી આ વિગતો સમજ્યા વગર અરજી કરે, તો તેને મળવાપાત્ર ટ્યુશન ફી કે સાધન-પુસ્તકોની સહાયથી વંચિત રહેવું પડે છે.

વીડિયો ટ્યુટોરિયલ જોવાનો ફાયદો એ છે કે તે ઉમેદવારને સ્ટેપ-બાય-સ્ટેપ પ્રક્રિયા પ્રત્યક્ષ રીતે સમજાવે છે. કયા ખાનામાં કઈ વિગત લખવી, ફોટો અને સહી કેવી રીતે અપલોડ કરવી અને ફીની ચૂકવણી કેવી રીતે કરવી તેનું જીવંત માર્ગદર્શન મળે છે. આનાથી ફોર્મ સબમિટ કરતી વખતે થતી માનવીય ભૂલોની શક્યતા ઘટી જાય છે. ઘણી યોજનાઓ જેમ કે MYSYમાં, સહાય મેળવવા માટે ઓનલાઇન વેબ પોર્ટલ પર જ અરજી કરવાની હોય છે અને તેની ચકાસણી વિવિધ નોડલ એજન્સીઓ દ્વારા કરવામાં આવે છે. જો ઓનલાઇન પ્રક્રિયામાં કોઈ ભૂલ રહી જાય, તો સિસ્ટમ તેને સ્વીકારતી નથી અથવા તો પાછળથી વેરિફિકેશન સમયે મુશ્કેલી ઊભી થાય છે. અંતે, ડિજિટલ યુગમાં જાગૃતિ એ જ શ્રેષ્ઠ સુરક્ષા છે. ઉમેદવારે એ સમજવું જોઈએ કે એકવાર 'સબમિટ' બટન દબાવ્યા પછી ઘણીવાર સુધારો કરવાની તક મળતી નથી. ખોટી વિગતો રજૂ કરવા બદલ માત્ર ઉમેદવારી રદ થવી એટલું જ નહીં, પરંતુ કાયદેસરની કાર્યવાહી કે દંડની જોગવાઈ પણ હોઈ શકે છે. આથી, પોતાની મહેનત અને મેરિટ એળે ન જાય તે માટે ફોર્મ ભરતા પહેલા એક કલાકનો સમય ફાળવીને માહિતી પુસ્તિકા વાંચવી અને માર્ગદર્શક વીડિયો જોઈ લેવો એ કોઈપણ ઉમેદવાર માટે હિતાવહ અને અનિવાર્ય છે.

તો મિત્રો હવે ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામો આવી ગયા છે ત્યારે ઉપરોક્ત બાબતો ખાસ ધ્યાન રાખજો. ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**Email:sahebtoday@gmail.com**

# જિંદગીનાં વહેણને બસ નિત્ય છલોછલ રાખવા; મા તમે છાંયો બનીને રોજ વિસ્તરતાં રહ્યાં

## દસ્તક



**હર્ષદ પંડ્યા**

ગયા રવિવારે 'મધર્સ ડે' હતો. એ નિમિત્તે વિશ્વની સૌ માતા વિશ્વને વંદન સહ - આકરામાં આકરા તડકાને પણ પોતાની ગોદમાં વહાલથી રમાડી શકે એનું નામ 'મા' ! આજુબાજુ કોઈ જ ન હોય - સાવ એકલા પડી ગયા હોઈએ ત્યારે જેની ગેરહાજરી પણ હાજરીની જેમ શ્વાસમાં અનુભવી શકાતી હોય એનું નામ 'મા' ! જેના દેહને ઘડપણ લાગુ પડે, પણ જેના પ્રેમને કાળનો સહેજપણ કાટ ન લાગે એનું નામ 'મા' ! પુષ્પની સુગંધને વળી ઘડપણ કેવું ? લાગણીને ઘડપણ ન હોય, મમતા કે વાત્સલ્યને ઘડપણ ન હોય. કરૂણાને ઘડપણ ન હોય. ઘડપણ કદાચ આંખોને નડે, આંસુને ક્યારેય ન નડે.

મારા માટે તો 'એવરી ડે' ઈઝ મધર્સ ડે.' કોઈનાય પ્રેમને સત્રમાં કે સમયના ચોસલામાં વહેંચી ન શકાય. માનો પ્રેમ તો અ-ખંડ અને અ-તૂટ અને અ-ખૂટ છે. ગયા રવિવારે 'મધર્સ ડે' હતો, એ નિમિત્તે સદ્‌ગત માને એક પત્ર :

મા,

તારા આ એક અક્ષરના પૂર્ણ શબ્દમાં જ જિંદગીનો અર્થ અને જીવનનો ધર્મ સમાઈ જાય છે. તારા વિશે હું લખી પણ શું શકું ? હું જ નહીં, દુનિયાનો કોઈપણ જીવ-ખુદ ઈશ્વર પણ તારા વિશે લખવા માટે વામણો સાબિત થઈ જાય. પણ મા, આજે તારા વિશે નહીં, મારા વિશે લખું છું.

મા, તારા અવાજનું અજવાળું આજે પણ મને અંધકારના ટોળામાંથી બચાવી લે છે. તારા કંઠમાંથી ઊગી નીકળેલો હરિયાળો ઉજાસ મારી જિંદગીની સાવ સૂની અને અંધારી શેરીઓને ચેતનવંતી કરે છે. તારા બોલાયેલા પ્રત્યેક શબ્દને મેં મારા લોહીના લયમાં વહેતો રાખ્યો છે. મને 'હાઈ' કે 'લો' એવું ક્યારેય બ્લડપ્રેશર રહ્યું નથી એનું સાચું કારણ કદાચ એ જ હશે કે લોહીના લયમાં અને શ્વાસના પડઘામાં હરપળ મને તારો અવાજ સંભળાય છે. તારા એ અવાજના અજવાળામાં હું મને હમેશાં મળતો રહું છું. હું મારાથી ક્યારેય ખોવાયો નથી એનું કારણ તું છે મા. જિંદગીમાં પહેલીવાર જેણે હાથ પકડી ચાલતાં શીખવાડ્યું એ ક્યારેય ભૂલો પડે ? આજે પણ મારી આંગળીઓનાં ટેરવાંમાં મેં તારા એ મમતાના ઓટોગ્રાફ જાળવી રાખ્યા છે. મા, તેં મને એકવાર કહેલું એ યાદ છે ? બાળપણમાં તું મને મારો હાથ પકડી ચાલતાં શીખવી રહી હતી ત્યારે અચાનક જ મને ઠેસ વાગી અને હું પડી ગયેલો... ત્યારે મને સહારો આપી ઊભો કરતાં તેં કહેલું : 'ચોક્કસ તેં કોઈનું ખરાબ વિચાર્યું હશે...' એ સમયે તો હું ચૂપ અને રડમસ બની ગયેલો. પણ તારૂં એ બોલાયેલું વાક્ય મારા માટે જીવનનો 'દીક્ષામંત્ર' બની ગયો ! મા, તું સંસ્કારની વિદ્યાપીઠ છે.

મા, તું મારી સામે સદેહે હતી ત્યારે હું તારા કહ્યામાં નહોતો. આજે તું મારી સામે વિ-દેહે છે ત્યારે હું મારા જ કહ્યામાં નથી. હું તને એવું કહેવા નથી માગતો કે તું મને વારંવાર યાદ આવે છે. યાદ તો એ આવે જેને આપણે ભૂલી ગયા હોઈએ. પણ આજે હું તને એ કહેવા માગું છું કે આપણી વચ્ચે ૪૫ વર્ષનો શૂન્યાવકાશ દરિયો બનીને પથરાઈ ગયો છે ત્યારે પણ તું મને ક્ષણેક્ષણે યાદ કરતી રહી છે એનો અહેસાસ મને ક્ષણેક્ષણે થઈ રહ્યો છે. મા, તું તો સર્વત્ર છે. હવા રૂપે, જળ રૂપે, અગ્નિ રૂપે, પૃથ્વી રૂપે અને શબ્દ રૂપે...

મા, તું તો મારા માટે સત્યનો સૂરજ છે, જે ક્યારેય આથમવાનો નથી. તું વહાલનું વનરાવન અને પ્રેમનો પ્રયાગ છે. મેં મારી જાતને ક્યારેય અપવિત્ર નથી કરી અને નથી માની કારણ કે હું તારૂં સંતાન છું. જેની મા પવિત્ર હોય એનું સંતાન ક્યારેય અપવિત્ર ન હોય. મારે માટે તો મા, દુનિયાની તમામ મા પવિત્ર છે. દુનિયામાં એક જ ધર્મ એવો છે જેને અભડાવી શકાતો નથી અને એ છે મમતાનો ધર્મ, માનવતાનો ધર્મ ! માનવતાનો આરંભ જ 'મા'થી થાય છે ! મા એટલે માનવતાની પાઠશાળા. હું તારાં વખાણ નથી કરતો મા, હું તો તારા છાંયડાને આ રીતે ઓળખવાની મથામણ કરૂં છું. મને થાય છે કે વૃક્ષ તો પોતાનું અસ્તિત્વ હોય ત્યાં સુધી જ છાંયડો આપે. જે ક્ષણે એ કપાઈ જાય એ જ ક્ષણથી એનો છાંયડો પણ અદશ્ય. પણ મા, તું તો એવું જીવનવૃક્ષ છે કે તારી ગેરહાજરીમાં પણ મને તારો મમતાળું છાંયડો મળતો રહ્યો છે. જેના માથે તારો છાંયડો હોય અને દુનિયાનો કોઈપણ સૂરજ દઝાડી શકે નહીં.

ક્યારેક એકલો પડી જાઉં છું - સાવ એકલો... ત્યારે તારો છાંયડો મારી સાથે સંવાદ કરવા માંડે છે. હું પણ છાંયડા સાથે વાતે વળગું છું ત્યારે દુનિયાના લોકો મને એકલો એકલો હસતો કે બોલતો જોઈને 'ધૂની' કે 'પાગલ' કે 'અસ્થિર મન'નો સમજી મારી એ સ્થિતિ પર હસતા હોય છે. મા, આ રીતે પણ હું એ લોકોને હસતા રાખું છું એનો મને જે આનંદ હશે એની, તારા અને મારા સિવાય આ અબૂધ અને ગમાર લોકોને શું ખબર હોય ?! તેં મને કહેલું કે સુખડની જેમ ઘસાઈને અને અગરબત્તીની જેમ બળીને પણ બીજાને સુગંધ આપવી. મને આવી સુગંધનું દાન કરવાના તેં સંસ્કાર આપ્યા એ જ તો મારી મોટી સંપત્તિ છે !

મા, દુનિયામાં ઘણા સંતાનો એવા હશે જેમને પોતાની માતાનો પ્રેમ નહીં મળ્યો હોય.. એવાં સંતાનોના માથે પણ તું તારો મમતાળું છાંયડો પાથરજે કે જેથી કરીને હું ગર્વથી કહી શકું કે ભાઈ, તું ભલે કોઈ પણ વ્યક્તિ હોય.. છાંયડાની સગાઈએ આપણે એક છીએ ! છાંયડાનાં દાન તો મા વગર બીજું દઈ પણ કોણ શકે ? તારી પાસેથી મને સંસ્કારના ઘણા પાઠ શીખવા મળ્યા છે. યાદ છે, તેં કહેલું કે જ્યારે તું કોઈને મારવા માટે હાથ ઉપાડે ત્યારે બસ એકવાર ફૂલના ચહેરાને જોજે અને કોઈને રડાવે એ પહેલા મારા ચહેરાને જોજે... આવી શિક્ષા અને દીક્ષા આ દુનિયામાં મા વગર કોણ આપી શકે ? જેની પાસે કશું જ નથી, છતાં બધું જ છે અને બધું જ હોવા છતાં જે પોતાની પાસે કશું જ રાખે નહીં એને જ 'મા' કહેવાતી હશેને ! આંખોમાં ઉજાગરા વાવીને પણ જેણે જિંદગીનું જતન કર્યું હોય એવી મા ક્ષણ રૂપે સદીમાં અને સદી રૂપે ક્ષણમાં ફેલાઈ જાય છે એટલે જ આ જગત જીવવા જેવું લાગે છે, મા ! મને 'શબ્દપ્રીત'ની આ પંક્તિ ટાંકવાનું મન થાય છે. એ કહે છે :

**જિંદગીનાં વહેણને બસ નિત્ય છલોછલ રાખવા,**
**મા તમે છાંયો બનીને રોજ વિસ્તરતાં રહ્યાં**

**: ટહુકો :**

**હુસ્ને ફરોગે શમ્‌એ સખુન દૂર હૈ અસદ**
**પેહલે દિલે - ગુદાખ્તા પયદા કરે કોઈ**

**- ગાલિબ**

# સંતાનો અને કંતાનો...

મોટેભાગના સંતાનોને માબાપ સાથે અમુક ઉંમર પછી ફાવતું નથી. શરૂઆતમાં બાળકો માબાપનું આંખ મીંચીને સાંભળે છે. ભણતરમાં શિક્ષકનું ને ચણતરમાં માબાપનું માને છે. માને છે તે એટલું જડબેસલાક કે બીજો કોઈ મત તેને સ્વીકાર્ય જ નથી હોતો. માબાપે કહ્યું એટલે કરવાનું જ ! એ જ રીતે માબાપે કહ્યું એટલે સાંભળવાનું જ, માનવાનું જ ! આ લગભગ પ્રાઈમરી એજ્યુકેશન સુધી રહે છે. માધ્યમિકમાં આવ્યા પછી સંતાનોની સમજ વિકસે છે. તેની માન્યતાઓ બદલાય છે. તેને માબાપ સામે પ્રશ્નો થાય છે, તોય તે માબાપનું માને છે. માબાપનું અન્યો સાથેનું વર્તન તેને મૂંઝવે છે. તેને માબાપનાં બેવડાં ધોરણો ધ્યાનમાં આવે છે ને તે થોડી શંકાથી માબાપની વાતો સાંભળે, સમજે છે. માબાપ ખોટું ના કરે એવું તો મનમાં હોય જ છે, તોય તે આંખ કાન ખુલ્લાં રાખીને ઘરમાં હરેફરે છે. આ સ્થિતિ છોકરાની હોય, તેમ જ છોકરીની પણ હોય છે.

બીજી તરફ શિક્ષણનો ભાર વધતો જતો હોવાથી, સંતાનોને, માબાપની ટોકાટોકી ચાલતી રહે છે, એ વાત પણ સંતાનોને માબાપથી અલગ તારવે છે. આ બધું માબાપને ન માનવા તરફ સંતાનોને લઈ જાય છે. બાકી હોય તેમ, આજે પણ દીકરા-દીકરીનાં ઉછેરમાં જે ભેદ રખાય છે, તે દીકરીને, પિતાથી, ભાઈથી અલગ વિચારવા પ્રેરે છે. તેને ભેદભાવ થતો લાગે છે ને તે બોલે છે તો પુરુષ વર્ગ તેને ટપારે છે ને દીકરી માબાપને જુદી દૃષ્ટિએ જોતી થાય છે, સાથે જ સંતાનો, માબાપને, તેમને માટે, સ્ટ્રગલ કરતાં પણ જુએ છે, એટલે વળી વિશ્વાસનું વહાણ



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

માબાપ તરફ હંકારાય છે, પણ સંતાનો માબાપને ભગવાન માનતા હોય એ સ્થિતિ બદલાય છે. માબાપ સંતાનોને અન્ય માણસ જેવાં જ લાગે છે. તેની અનેક કલ્પનાઓ, આદર્શો તૂટતા લાગે છે ને એ સ્થિતિ તેને માબાપથી અંતર રાખવા પ્રેરે છે. એક જ છત નીચે રહેતાં કુટુંબો સાથે હોય છે તો શંકિત પણ હોય છે.

વધારે તકલીફ તો સંતાનો તેમના શરીરમાં આવતા ફેરફારોથી મૂંઝાય ત્યારે થાય છે, ખાસ કરીને છોકરીમાં આવતા જૈવિક ફેરફારો મા અને દીકરીને નજીક લાવે છે તો દીકરી મા તરફથી ઠપકો પણ સાંભળે છે. વળી માતા પોતે પણ ઉંમરને લીધે આવતા ફેરફારોનો સામનો કરતી હોય છે. એને જુદા જ પ્રશ્નો હોય છે, તો, પણ દીકરી મા પાસે જેટલી ખૂલે છે એટલું દીકરો, બાપ પાસે ખૂલી નથી શકતો. પિતા આમ પણ નોકરી ધંધે હોય એટલે ઘરમાં રોકાવાનું પણ ઓછું જ હોય, તો દીકરા જોડે સંવાદ ક્યારે કરે? એટલે દીકરો ઘરમાંથી નહીં, પણ બહારથી માહિતી મેળવવા, કોશિશ કરે છે ને એમાં બધી સાચી જ માહિતી મળે છે એવું નથી. બને છે એવું કે દીકરો સાચી માહિતી મેળવી શકતો નથી ને પિતા પોતાની જ વ્યસ્તતાઓથી એટલા ગળે આવી ગયા હોય છે કે દીકરાને તો ઠીક, કુટુંબને જ સમય આપી શકતા નથી ને સંતાનોને માબાપ કંતાનો (જેવાં) લાગવાં માંડે છે. માબાપ જ કંતાનો લાગે છે એવું નથી, સંતાનો પણ, માબાપને ભટકી ગયેલાં લાગે છે. જે સંતાનો આજ્ઞાંકિત લાગતાં હતાં તે માબાપને વંઠી ગયેલાં લાગે છે. આવું કેમ થાય છે?

એક માતાની તેની દીકરી માટે ફરિયાદ છે. ફરિયાદ એ છે કે તેની કોલેજના સેકન્ડ યરમાં ભણતી દીકરીને એ ભૂલો બતાવે છે તો ભૂલો સુધારવાને બદલે તે સામા જવાબો આપે છે. આ મામલે ઘરમાં રોજ જ તકરાર થાય છે. આ એ જ દીકરી છે, જે સ્કૂલમાં હતી, ત્યારે માતાની બધી જ વાતો માનતી હતી, પણ કોલેજમાં આવ્યા પછી તે ઝઘડવા લાગી છે. સ્કૂલમાં હતી ત્યારે આજ્ઞાંકિત રહેલી દીકરી, હવે માતા કહે છે, તેથી ઊલટી જ વાત કરે છે ને એમ કરવામાં તેને સંકોચ થતો નથી. માતા તેનાથી ત્રાસી ગઈ છે.

દીકરી આજ્ઞાંકિત હતી ત્યારે, માનતી હતી એટલે વહાલી હતી. બીજું, તે સ્કૂલમાં હતી એટલે તેને બહુ સવાલો ન હતા ને કહ્યાગરી હતી. પણ, મુશ્કેલી દીકરીના કોલેજમાં આવવાથી શરુ થઈ. માતાને દીકરી સામે વાંધા કોલેજમાં છે તેથી છે કે દીકરી વાત ન માનીને સામા જવાબ આપે છે, તેથી છે તે નથી સમજાતું. દીકરી માનતી હતી ત્યાં સુધી માતાને વાંધો નથી પડ્યો, પણ પછી દીકરીનો વિકાસ વધ્યો ને તેનું કોલેજમાં જતાં મિત્ર વર્તુળ વધ્યું હોય ને દીકરીને ઘર કરતા બહાર આવવાનું વધ્યું હોય તેથી સમસ્યા થઈ. જોકે બહારના સંપર્કો વધતા દીકરીને સારુંનરસું વધુ સ્પષ્ટ થાય એમ બને.

માતાને દીકરીની ઠીક ઠીક ચિંતા પણ થાય છે. તે દીકરીને કોઈ મનોવૈજ્ઞાનિકને બતાવવાનું કહે છે, પણ દીકરી તેની કોઈ વાત માનતી નથી. તે મનોવૈજ્ઞાનિકને મળીને દીકરીની વાત મૂકે છે. મનોવૈજ્ઞાનિક કહે છે કે દીકરીમાં કોઈ ખામી નથી. તે આમ વર્તે તે સ્વાભાવિક છે. માતા, દીકરી નાની હતી તેવી ને તેટલી જ જોવા મથે છે. સમસ્યા ત્યાં જ છે. દીકરી કહેતી પણ રહે છે કે તે હવે નાનકડી કીકલી નથી રહી, પણ મા તે સ્વીકારતી નથી.

અહીં દીકરીને ભણવા નિમિત્તે બહાર નીકળવાનું વધ્યું છે. કોલેજમાં સહશિક્ષણને લીધે થોડી મોકળાશ પણ વધે છે ને તેને લીધે નવા મિત્રો પણ ઉમેરાય છે. આ બધા ફેરફારોની સમાંતરે સ્વભાવમાં પણ ફેર પડે છે. મિત્રોમાં કોઈ ગમતું પણ હશે ને તેના સ્વપ્નોને પાંખો પણ લાગી હશે ને તેની સાથે વધુ સમય ગાળવા પણ ઈચ્છતી હશે, હરવાફરવાનું વિચારતી હશે, આ બધું બનવા જોગ છે ને ત્યાં માતા એ જ જૂની પાબન્દીઓથી રોકવા મથતી હોય, તો દીકરીને એ ન રુચે ને તે વિરોધ કરે એ સ્વાભાવિક છે. દીકરી મોડર્ન ને અપટુડેટ રહેવા મથતી હોય ને માતા તેની એ જ જૂની રેકોર્ડ વગાડતી રહે તો દીકરીને ના જ ગમે.

તેને માતા જૂનવાણી ને મણિબેન લાગતી હોય ને તે પોતાને બહુ હોશિયાર ને સ્માર્ટ માનતી હોય એ પણ શક્ય છે. આ બંને સ્થિતિ બરાબર નથી. નથી માતામાત્ર મણિબેન કે નથી દીકરી પૂરી સ્માર્ટ. આ મામલે બંનેએ એકબીજા પાસે બેસીને ચર્ચા કરવી જોઈએ, તો બંનેમાં ફેર પડશે. આજની સાચી સમસ્યા માબાપ અને સંતાનો વચ્ચે સંવાદ નથી એ છે. એને કારણે ગેરસમજો વધે છે ને એ સમસ્યાને વકરાવે છે. દરેક માબાપે સંતાનોને અમુક ઉંમર પછી સ્પેઈસ અને પ્રાઈવસી આપવી જોઈએ, તો તેમની વચ્ચે સંતુલન જળવાયેલું રહેશે.

અહીં સંતાનોની જે મર્યાદા છે, તેને અવગણવાની વાત નથી. અહીં બદલાવાની જરૂર માબાપે છે. તે એ જ જૂની ઘરેડમાં સંતાનોને બાંધી રાખવા મથે એ બરાબર નથી. સંતાનોની ભૂલ હોય, તો તેને છાવરવાની નથી, પણ જ્યાં સંતાનોને સહકારની જરૂર હોય ત્યાં સાથ આપવાની પણ જરૂર છે. તો એવું બને કે ઘરનું ને બહારનું સંતુલન જળવાઈ રહે. સંતાન પણ ઘરને મહત્ત્વ આપતું થશે. છેવટે તો ઘરનાં સંસ્કારો જ સંતાનો પર પ્રભાવક નીવડે છે. સંતાનો થોડા આમ તેમ થઈ શકે છે, તે એટલે પણ કે ઘરમાં ને ઘરની બહાર એટલા બધા એક્સ્પોઝર્સ વિકસ્યા છે કે તેની અસર યુવા પેઢીને ન જ થાય એમ માનવાને કોઈ કારણ નથી. પણ, તેને હંમેશ શંકાથી જોવાની જરૂર નથી. શંકાથી પરસ્પરનો ભરોસો જ તૂટશે. સંવાદ જ કોઈ પણ સમસ્યાનું સમાધાન છે, તે સમજી લેવાનું રહે.

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# મહાન ઈતિહાસકાર : અલ-વાકિદી

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

ઈસ્લામી સંસ્કૃતિએ પોતાના સુવર્ણ યુગમાં અસંખ્ય વિદ્વાનો, ઈતિહાસકારો અને લેખકો ઉત્પન્ન કર્યા જેમણે માત્ર ઈસ્લામી જ્ઞાનને જ સાચવી રાખ્યું નહીં, પરંતુ સમગ્ર વિશ્વની સંસ્કૃતિને નવી દિશા આપી. આવા મહાન વ્યક્તિત્વોમાંથી એક છે — મુહમ્મદ ઈબ્ને ઉમર અલ-વાકિદી, જેમને ઈતિહાસમાં "અલ-વાકિદી" તરીકે ઓળખવામાં આવે છે. તેઓ ઈસ્લામના પ્રારંભિક સમયના શ્રેષ્ઠ ઈતિહાસકારોમાં ગણાય છે અને તેમના લખાણોએ પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબના જીવન, તેમના યુદ્ધ અભિયાનો અને પ્રારંભિક ઈસ્લામી વિજયોનું એટલું વિસ્તૃત રીતે વર્ણન કર્યું છે કે આજે પણ તેમની કૃતિઓ ઈસ્લામી ઈતિહાસના અભ્યાસનો મૂળ આધાર માનવામાં આવે છે.

**જન્મ, પરિવાર અને પ્રારંભિક જીવન**

અલ-વાકિદીનું પૂર્ણ નામ મુહમ્મદ ઈબ્ને ઉમર ઈબ્ને વાકિદ અલ-અસલમી અલ-મદની હતું. તેમનો જન્મ ૧૩૦ હિજરી (લગભગ ૭૪૭-૭૪૮ ઈ.)માં ઈસ્લામના પવિત્ર શહેર મદીના મુનવ્વરામાં થયો હતો. તેમનો પરિવાર અલ-અસલમ કબીલા સાથે સંબંધિત હતો, જે અરબના પ્રતિષ્ઠિત કબીલાઓમાંનો એક હતો.

પ્રસિદ્ધ ઈસ્લામી જીવનચરિત્રકાર ઈબ્ને ખલ્લિકાને પોતાની વિશ્વપ્રસિદ્ધ પુસ્તક "વફયાત અલ-અઆયાન"માં લખ્યું છે કે અલ-વાકિદીએ પોતાની શિક્ષા મદીનાના મોટા વિદ્વાનોની પાસે બેસીને પ્રાપ્ત કરી. તે સમયનું મદીના ઈસ્લામી જ્ઞાનનું મુખ્ય કેન્દ્ર હતું અને ત્યાંના વિદ્વાનોની પહોંચ સીધી સહાબા (સાથીઓ) અને તાબેઈન (તેમના અનુયાયીઓ)ની પરંપરાઓ સુધી હતી.

તેમણે પોતાના પ્રારંભિક જીવનમાં ઈમામ માલિક ઈબ્ને અનસ, ઈબ્ને અબી ઝિબ, મઅમર ઈબ્ને રાશિદ અને અન્ય મોટા વિદ્વાનો પાસેથી જ્ઞાન મેળવ્યું.

**બગદાદ તરફ પ્રસ્થાન અને અબ્બાસી દરબાર**

અલ-વાકિદીએ પોતાની યુવાનીનો મોટાભાગનો સમય મદીનામાં પસાર કર્યો પરંતુ આર્થિક મુશ્કેલીઓ અને જ્ઞાનની શોધે તેમને બગદાદ તરફ ખેંચ્યા - તે બગદાદ જે તે સમયે વિશ્વનું સૌથી મોટું જ્ઞાન કેન્દ્ર બની ગયું હતું.

અબ્બાસી ખલીફાઓના સંરક્ષણ હેઠળ બગદાદનું "બૈતુલ હિકમા" (જ્ઞાનગૃહ) વિજ્ઞાન, દર્શન, ઈતિહાસ અને સાહિત્યની જ્યોતિ પ્રગટાવી રહ્યું હતું.

બગદાદ પહોંચ્યા પછી અલ-વાકિદીને અબ્બાસી ખલીફા હારૂન અલ-રશીદ અને બાદમાં અલ-મામૂનના દરબારમાં પ્રતિષ્ઠિત સ્થાન મળ્યું. ખલીફા અલ-મામૂને તેમને બગદાદના કાઝી (ન્યાયાધીશ) તરીકે નિમણૂક કરી. આ અત્યંત સન્માનજનક પદ તેમની વિદ્વતા અને યોગ્યતાનો પુરાવો હતો.

ઈમામ અલ-ઝહબીએ પોતાની અમર કૃતિ "સિયર આલામ અલ-નુબલા"માં લખ્યું છે કે અલ-વાકિદી પોતાની ઉદારતા માટે પણ પ્રસિદ્ધ હતા - તેઓ એટલી ઉદારતાથી દાન કરતા કે ક્યારેક પોતે આર્થિક મુશ્કેલીમાં પડી જતા હતા. તેમના વિદ્યાર્થી અને સચિવ મુહમ્મદ ઈબ્ને સાદે ઘણી વખત તેમની આર્થિક મદદનો ઉલ્લેખ કર્યો છે.

**મુખ્ય કૃતિઓ અને ઈતિહાસલેખન**

અલ-વાકિદીએ ઈસ્લામી ઈતિહાસને લઈને જે અમૂલ્ય કૃતિઓ રચી છે તે આજે પણ પોતાના ક્ષેત્રમાં બેજોડ માનવામાં આવે છે. તેમના લેખનની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેઓ માત્ર ઘટનાઓને જ નહીં પરંતુ તેમની તારીખ, સ્થળ, મુખ્ય વ્યક્તિઓના નામ અને પ્રત્યક્ષદર્શીઓના વર્ણનને પણ નોંધતા હતા - જે આધુનિક ઈતિહાસ લેખનની કસોટી પર પણ ખરા ઊતરે છે.

**કિતાબ અલ-મગાઝી**

આ અલ-વાકિદીની સૌથી મહત્ત્વપૂર્ણ અને પ્રસિદ્ધ રચના છે. "મગાઝી"નો અર્થ છે પયગમ્બર (સ.અ.વ.)સાહેબના સૈન્ય અભિયાન. આ ગ્રંથમાં તેમણે બદર, ઉહુદ, ખંદક, ખૈબર અને તબૂક જેવા તમામ મુખ્ય અભિયાનોનું અત્યંત વિગતવાર અને પ્રમાણભૂત વર્ણન કર્યું છે. આ પુસ્તકની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં દરેક ઘટનાની ચોક્કસ તારીખ, ભૂગોળ અને તેમાં ભાગ લેનારા યોદ્ધાઓના નામ આપવામાં આવ્યા છે. પછીના લગભગ તમામ ઈસ્લામી ઈતિહાસકારોએ આ ગ્રંથમાંથી સામગ્રી લીધી છે.

**કિતાબ ફતૂહ અલ-શામ**

આ પુસ્તકમાં અલ-વાકિદીએ શામ (સીરિયા, ફિલિસ્તીન અને જોર્ડન વિસ્તાર)ના ઈસ્લામી વિજયોનું વર્ણન કર્યું છે. આ પુસ્તક ખલીફા હઝરત અબુ બકર સિદ્દીક રદી. અને હઝરત ઉમર ફારૂક રદી.ના સમયની મુખ્ય સૈન્ય ઘટનાઓનું વર્ણન કરે છે. તેમાં હઝરત ખાલિદ બિન વલીદ અને હઝરત અબુ ઉબૈદા ઈબ્ને અલ-જર્રાહ રદી.ની ઐતિહાસિક ભૂમિકા અત્યંત પ્રભાવશાળી રીતે વર્ણવવામાં આવી છે.

**કિતાબ ફતૂહ અલ-ઈરાક**

આ ગ્રંથમાં ઈરાકના વિજયોનું વર્ણન છે. અલ-કાદિસિય્યાની પ્રસિદ્ધ લડાઈ અને મદાઈનના વિજયનું વિગતવાર વર્ણન અહીં મળે છે. આ પુસ્તક ઈસ્લામના પ્રસારની તે મહાન કહાનીને જીવંત કરે છે જેણે સસાની સામ્રાજ્યને ઉખાડી નાખ્યું હતું.

**કિતાબ અલ-રિદ્દા**

આ પુસ્તકમાં પયગમ્બર (સ.અ.વ.)સાહેબના વિસાલ પછી થયેલા રીદ્દા યુદ્ધોનો પ્રમાણભૂત ઈતિહાસ છે. આ પુસ્તક ખલીફા હઝરત અબુ બકર સિદ્દીક રદી.ના નેતૃત્વ હેઠળ ચલાવવામાં આવેલા તે અભિયાનોનું વર્ણન કરે છે જેણે ઈસ્લામી રાજ્યને એકસૂત્રતામાં બાંધી રાખ્યું.

**અલ-વાકિદીની ઈતિહાસ લેખનની પદ્ધતિ**

ઈસ્લામી ઈતિહાસમાં અલ-વાકિદીની સૌથી મોટી દેણ તેમની વિશિષ્ટ ઈતિહાસ લેખનની પદ્ધતિ છે. તેઓ કોઈપણ ઘટના નોંધતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખતા હતા :

ઘટનાની ચોક્કસ તારીખ, ઘટનાનું ભૂગોળીય સ્થાન અને તેનું વર્ણન, તેમાં ભાગ લેનારા મુખ્ય લોકોના નામ અને પ્રત્યક્ષદર્શીઓ/સાક્ષીઓની શ્રેણી (ઈસ્નાદ) સાથેનું વર્ણન.

ઈબ્ને સાદ જે અલ-વાકિદીના મુખ્ય શિષ્ય અને સચિવ હતા, તેમણે પોતાની મહાન કૃતિ "તબકાત અલ-કુબ્રા"માં પોતાના ઉસ્તાદની આ પદ્ધતિને અનુસરી અને પોતે સ્વીકાર્યું કે તેમની મોટાભાગની સામગ્રીનો સ્ત્રોત અલ-વાકિદી છે.

ઈમામ અલ-ઝહબીએ લખ્યું છે કે અલ-વાકિદી પાસે લગભગ છસો પટારા ભરીને પાંડુલિપિઓ/હસ્તપ્રતો હતી. તેઓ સતત લખતા રહેતા અને તેમની સ્મૃતિ એટલી તેજ હતી કે વર્ષો જૂની ઘટનાઓ પણ તેઓ તારીખ સાથે યાદ રાખતા હતા, જે એમની અસાધારણ ક્ષમતા દર્શાવે છે.

**વિદ્વાનોનો અભિપ્રાય અને મૂલ્યાંકન**

અલ-વાકિદી વિશે વિદ્વાનોનો મિશ્ર અભિપ્રાય છે. હદીસના વિદ્વાનોમાંથી કેટલાકે તેમની હદીસ-રિવાયત પર સવાલ ઉઠાવ્યા, પરંતુ ઈતિહાસ લેખનના ક્ષેત્રમાં તેમની શ્રેષ્ઠતા પર લગભગ બધા સહમત છે.

ઈમામ અહમદ ઈબ્ને હંબલે હદીસના ક્ષેત્રમાં તેમની ટીકા કરી પરંતુ ઈતિહાસના વિદ્વાન યાહ્યા ઈબ્ને માઈને કહ્યું: "વાકિદી ખોટા નથી". ઈબ્ને ખલ્લિકાને પોતાની "વફયાત અલ-અઆયાન" માં તેમને "તેમના યુગના ઈમામ" કહ્યા અને તેમની અદ્દ્ભુત સ્મૃતિ અને વિસ્તૃત જ્ઞાનની પ્રશંસા કરી.

Brillના "એન્સાયક્લોપીડિયા ઓફ ઈસ્લામ"માં અલ-વાકિદીની ઈતિહાસ લેખનની ભૂમિકાને નિર્વિવાદ માનવામાં આવી છે. ખાસ કરીને "કિતાબ અલ-મગાઝી"ને ઈસ્લામી ઈતિહાસની આધારશિલા ગણવામાં આવી છે.

**વિશ્વ સંસ્કૃતિમાં અલ-વાકિદીનું યોગદાન**

અલ-વાકિદીનું યોગદાન માત્ર ઈસ્લામી જગત સુધી મર્યાદિત નથી - તેમની કૃતિઓ વિશ્વ ઈતિહાસ લેખનની અમૂલ્ય ધરોહર છે. જ્યારે યુરોપ અંધકાર યુગમાં હતો અને ઈતિહાસના દસ્તાવેજીકરણની કોઈ વ્યવસ્થિત પરંપરા નહોતી ત્યારે અલ-વાકિદી જેવા મુસ્લિમ વિદ્વાનો ઈતિહાસને વૈજ્ઞાનિક પદ્ધતિથી એકત્રિત કરી રહ્યા હતા.

તેમની "કિતાબ અલ-મગાઝી" એ પ્રથમ વખત સ્થાપિત કર્યું કે ઈતિહાસ માત્ર કથાઓનો સંગ્રહ નથી પરંતુ તે એક ગંભીર અને પુરાવા આધારિત શાસ્ત્ર છે. તારીખ, સ્થાન અને સ્ત્રોતની શ્રેણી પર આધારિત રીતે ઘટનાઓ નોંધવાની તેમની પદ્ધતિ આધુનિક ઈતિહાસ લેખનના મૂળ સિદ્ધાંતો સાથે આશ્ચર્યજનક રીતે મેળ ખાય છે.

તેમના શિષ્ય ઈબ્ને સાદની "તબકાત અલ-કુબ્રા" - જે વાસ્તવમાં અલ-વાકિદીની પરંપરાનો વિસ્તાર છે - ૧૫ ખંડોમાં ૪,૨૫૦થી વધુ વ્યક્તિત્વોની જીવનચરિત્રો સમાવવામાં આવ્યા છે, જેણે "જીવન કથા વિજ્ઞાન"ને સ્વતંત્ર જ્ઞાનશાખા તરીકે સ્થાપિત કર્યું, જે પછી ઈબ્ને ખલ્લિકાન અને ઈબ્ને ખલ્દૂન સુધી પહોંચ્યું.

અરબી ઈતિહાસકાર અલ-તબરીએ પોતાની વિશાળ કૃતિ "તારીખ અલ-રૂસુલ વલ-મુલૂક"માં અલ-વાકિદીની કૃતિઓમાંથી વિશાળ પ્રમાણમાં સામગ્રી લીધી છે. આ પુસ્તક સૃષ્ટિથી ત્રીજી સદી હિજરી સુધીનો ઈતિહાસ સમાવે છે અને અલ-વાકિદી વિના તે અધૂરી રહેત.

**વ્યક્તિત્વ અને સ્વભાવ**

વિદ્વાનો અલ-વાકિદીના વ્યક્તિત્વને એવા માણસ તરીકે વર્ણવે છે જે જ્ઞાન માટે તરસ્યો, દિલથી ઉદાર અને સ્વભાવથી વિનમ્ર હતો. અલ-ઝહબી લખે છે કે તેઓ મહેમાનનવાજીમાં એટલા આગળ હતા કે પોતાની મર્યાદિત આવક હોવા છતાં વિદ્યાર્થીઓ અને જરૂરિયાતમંદોની મદદ કરતા રહેતા હતા.

તેમની સ્મૃતિ વિશે એક પ્રસિદ્ધ ઘટના છે - એક વખત તેમની પાસે પયગમ્બર (સ.અ.વ.)સાહેબના એક અભિયાનની તારીખ પૂછવામાં આવી અને તેમણે માત્ર તારીખ જ નહીં પરંતુ તે દિવસ કયો વાર હતો, હવામાન કેવું હતું અને પવન કઈ દિશાથી ફૂંકાઈ રહ્યો હતો તે પણ જણાવ્યું જે તેમની અસાધારણ સ્મૃતિ અને ઊંડા સંશોધનનો પુરાવો છે.

ઈબ્ને ખલ્લિકાને લખ્યું છે કે અલ-વાકિદી હંમેશા શોધમાં રહેતા - તેઓ મદીનાના વડીલો પાસેથી, મુસાફરો પાસેથી અને ઘટનાઓના સાક્ષીઓના વંશજો પાસેથી પણ માહિતી એકત્રિત કરતા હતા. આ ઈતિહાસીય સંશોધન પ્રત્યે તેમની અદ્દ્ભુત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**અવસાન અને વારસો**

અલ-વાકિદી ૨૦૭ હિજરી (૮૨૩ ઈ.)માં બગદાદમાં આ દુનિયાને અલવિદા કહી. તે સમયે તેમની ઉંમર લગભગ ૭૭ - ૭૮ વર્ષ હતી. ઈબ્ને ખલ્લિકાન મુજબ તેમના જનાજામાં બગદાદના અસંખ્ય વિદ્વાનો, ન્યાયાધીશો અને અમીરો હાજર રહ્યા. આજે બાર સદીઓ બાદ પણ તેમની "કિતાબ અલ-મગાઝી" વિશ્વની મુખ્ય યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. તેનું અનુવાદ અરબીમાંથી અંગ્રેજી, ઉર્દૂ, ફારસી, તુર્કી અને અન્ય ભાષાઓમાં થઈ ચૂક્યું છે. Brill પ્રકાશકે તેનો અંગ્રેજી અનુવાદ પ્રકાશિત કર્યો છે, જે પશ્ચિમી વિશ્વમાં ઈસ્લામી ઈતિહાસના અભ્યાસ માટે મહત્વપૂર્ણ ગ્રંથ છે.

તેમના શિષ્ય ઈબ્ને સાદની પરંપરા આગળ વધી અને ઈસ્લામી જગતમાં "તબકાત" અને "તારીખ"ની મહાન પરંપરા વિકસિત થઈ - જે ઈબ્ને ખલ્લિકાન, અલ-ઝહબી, ઈબ્ને અલ-અસીર અને ઈબ્ને ખલ્દૂન સુધી પહોંચી - તેના મૂળ અલ-વાકિદીની મહેનત અને દૂરંદેશીપણામાં રહેલાં છે.

**ઉપસંહાર**

અલ-વાકિદી ઈસ્લામી ઈતિહાસ લેખનના તે આગેવાનોમાંના એક છે જેમણે કોઈ આધુનિક સુવિધા વિના માત્ર પોતાની લગન, સ્મૃતિ અને અવિરત મહેનતથી ઈતિહાસના તે સમયને સાચવી રાખ્યો, જે અન્યથા ભૂલાઈ જતો. તેમની "કિતાબ અલ-મગાઝી" માત્ર પયગમ્બર (સ.અ.વ.) સાહેબના જીવનનું પ્રતિબિંબ જ નથી પરંતુ પ્રારંભિક ઈસ્લામી સમાજ, તેની રાજનીતિ, યુદ્ધ કૌશલ્ય અને નૈતિકતાનો જીવંત દસ્તાવેજ પણ છે. વિશ્વ સંસ્કૃતિના ઈતિહાસમાં અલ-વાકિદીનું નામ તે મહાન ઈતિહાસકારોમાં આવે છે જેમણે માનવજાતને પોતાના મૂળ સાથે જોડેલી રાખી. તેમનું યોગદાન અમર છે અને જ્યાં સુધી ઈતિહાસનો અભ્યાસ થશે ત્યાં સુધી અમર રહેશે.

Email. :-msaeed181@gmail.com (મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

# અસ્થમા (દમ)ની બીમારીમાં કોઈ ફરક કે સુધારો ના થતો હોય તો તેનું કારણ ઈન્હેલર સ્પેસરનો ખોટી રીતે ઉપયોગ હોઈ શકે છે

## હેલ્થ બુલેટીન



અસ્થમા એ લાંબા સમયથી ચાલતો કાયમી શ્વસન રોગ છે જે વિશ્વભરના લાખો પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને ગંભીર રીતે અસર કરે છે. પરંતુ તેની યોગ્ય સારવાર કરવાથી તેને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે. આની સારવારમાં દવા સીધી ફેફસાંમાં પહોંચાડવી પડે છે, જેના માટે ઈન્હેલર સ્પેસરની મદદ ખૂબ ઉપયોગી છે. નિષ્ણાતોના મતે, ઈન્હેલર સ્પેસરનો બરોબર ઉપયોગ ન થાય તો દવા લેવાનો કોઈ અર્થ રહેતો નથી. શારદાકેર-હેલ્થસિટીના એસોસિયેટ ડિરેક્ટર અને યુનિટ હેડ, રેસ્પિરેટરી અને સ્લીપ મેડિસિનના ડૉ. અભિજીત સિંહે જણાવે છે કે, "દર્દીઓ ઈન્હેલર સ્પેસરનો ઉપયોગ કેવી રીતે કરે છે તેની ઉપર બધો મદાર રહેલો છે. ઘણાંને ખ્યાલ પણ નથી હોતો કે દમની સારવારમાં અત્યંત મહત્વનું છે, તે ઈન્હેલર સ્પેસરનો ઉપયોગ કેવી રીતે કરવો. અસ્થમાના અનિયંત્રણમાં નબળી ઈન્હેલર તકનીક એક મુખ્ય પરિબળ છે."

**● જો ઈન્હેલર સ્પેસરનો ખોટી પદ્ધતિથી ઉપયોગ કરવામાં આવે તો તેમાં રહેલી દવા ફેફસા સુધી બરોબર પહોંચતી નથી. દવા બરોબર નહીં પહોંચવાના કારણે અસ્થમાના હુમલા અને તેના નિયંત્રણમાં વધારો થાય છે**

**● યોગ્ય તાલીમથી કરવામાં આવતા ઈન્હેલર સ્પેસરના ઉપયોગથી અસ્થમાના લક્ષણો અને પરિણામોમાં નોંધપાત્ર સુધારો થાય છે**

**● (ઈન્હેલર સ્પેસર એ ઈન્હેલર અને મોં વચ્ચે જોડાતી નળી છે, જે દવાની અસરકારકતા વધારે છે અને દવાના બગાડને અટકાવે છે)**

**યોગ્ય ટેકનિક જ મહત્વપૂર્ણ છે**

ઈન્હેલર સ્પેસરની બનાવટ દવાને સીધી ફેફસાંમાં પહોંચાડવા કરવામાં આવી છે. આ દવા ફેફસાંમાં પહોંચીને બળતરા ઘટાડવા અને વાયુમાર્ગો ખોલવાનું કામ કરે છે. પરંતુ જ્યારે તેનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે મોટાભાગની દવા ફેફસાં સુધી પહોંચવાને બદલે મોં અથવા ગળામાં જ રહી જાય છે. જેના લીધે દવાની અસરકારકતા ઘટે છે અને તે ઘરઘરાટી, ઉધરસ, છાતી જકડાઈ જવી અને શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણોને કાબૂ કરી શક્તી નથી.

ડૉ. અભિજીત સિંહે જણાવે છે કે, "આ ઈન્હેલર સ્પેસરનો ઉપયોગ બરોબર રીતે ન કરવાથી દર્દીઓને નિયમિત ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ અને છાતીમાં જકડાઈ જવાના લક્ષણોનો અનુભવ થઈ શકે છે. જ્યારે દર્દીઓ ખ્યાલ આવે છે કે તેઓ ઈન્હેલરનો ખોટી રીતે ઉપયોગ કરી રહ્યા હોવાથી દવા તેમના ફેફસાંમાં પહોંચી રહી નથી ત્યાં સુધીમાં તો તેમનો અસ્થમા વધુ ખરાબ થઈ ચૂક્યો હોય છે."

**ઈન્હેલર સ્પેસર લેવામાં થતી સામાન્ય ભૂલો**

અનુભવી વપરાશકર્તાઓ પણ ઘણીવાર સરળ ભૂલો કરી બેસે છે. આ ભૂલો સારવારની અસરકારકતાને જોખમમાં મૂકે છે.

**કેટલીક સૌથી સામાન્ય ભૂલોથી ચેતો :**

- ઈન્હેલરનો ઉપયોગ કરતા પહેલા હલાવો નહીં.
- ઈન્હેલરનો ઉપયોગ કરતી વખતે ખૂબ ઝડપથી અથવા ખૂબ ધીમેથી શ્વાસ લેવો.
- ઈન્હેલરનો ઉપયોગ કરી લીધા પછી શ્વાસ થોડીવાર માટે રોકી રાખો.
- ઈન્હેલરનો ઉપયોગ ખોટા ખૂણાથી ન કરો.
- ગમે ત્યારે સ્પેસર ડિવાઈસનો ઉપયોગ છોડી દેવો.

આ બધી ભૂલો નાની લાગે છે, પરંતુ તે ફેફસાં સુધી દવા પહોંચવાની માત્રામાં ભારે ઘટાડો કરી શકે છે, જેના કારણે અસ્થમાનું નિયંત્રણ નબળું પડે છે.

**નબળી ટેકનિકથી અસ્થમા વધુ ખરાબ થઈ જાય છે**

ઈન્હેલરનો ખોટી રીતે કરવામાં આવતો ઉપયોગ દવાની અસરકારકતા ઘટાડે છે અને તેને લીધે અસ્થમાના પરિણામોને સક્રિયપણે વધુ ખરાબ થઈ શકે છે, ખરાબ રીતે નિયંત્રિત અસ્થમાના વારંવાર અસ્થમાના હુમલા અથવા તીવ્રતા તરફ દોરી શકે છે, ગંભીર ઊંઘમાં ખલેલ પહોંચાડી શકે છે, તમારી દૈનિક ઉત્પાદકતા ઘટાડી શકે છે, બચાવ ઈન્હેલર્સ પર નિર્ભરતા વધારી શકે છે અને હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ પણ વધારી શકે છે.

કેટલાક કિસ્સાઓમાં, દર્દીઓ તેમની સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે એમ વિચારીને તેમની દવાની માત્રા બિનજરૂરી રીતે વધારી પણ દેતા હોય છે. જ્યારે વાસ્તવિક સમસ્યા તો દવા બરોબર ફેફસાં સુધી ન પહોંચતી હોવાથી થતી હોય છે.

**અસ્થમાને કાબૂમાં રાખવા માટેના સરળ પગલાં**

ઈન્હેલરના ઉપયોગની સાચી ટેકનિક શીખવી સરળ છે અને તે ઘણો ફરક લાવી શકે છે. ડૉ. સિંઘના મતે, તમારા અસ્થમા નિયંત્રણને સુધારવાની કેટલીક સરળ રીતોમાં એક તેના ઉપયોગના ડેમોન્સ્ટ્રેશનની છે. હંમેશા તમારા ડૉક્ટર અથવા આરોગ્ય સંભાળ પ્રદાતાને યોગ્ય તકનીક બતાવવા માટે કહો. જે બાદ તેની નિયમિત પ્રેક્ટિસ કરો. સમય જતાં તકનીક ભૂલ થઈ શકે છે, તેથી સમયાંતરે તપાસ કરવી મહત્વપૂર્ણ છે. જો સલાહ આપવામાં આવે તો સ્પેસરનો ઉપયોગ કરો.

બાળકો અને વૃદ્ધો માટે સ્પેસર ઉપકરણ ફેફસાં સુધી વધુ દવાઓ પહોંચાડવામાં મદદ કરે છે. તેથી સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરો. MDI, DPI, જેવા વિવિધ પ્રકારના ઈન્હેલરના ઉપયોગની પદ્ધતિ થોડી અલગ હોય છે.

અસ્થમાની સારવાર ફક્ત દવા લેવા વિશે નથી - તે તેને યોગ્ય રીતે લેવા વિશે છે. યોગ્ય ઈન્હેલર તકનીકમાં નિપુણતા મેળવવાથી લક્ષણો નિયંત્રણમાં નાટ્યાત્મક સુધારો થઈ શકે છે, બળતરાઓ ઓછી થઈ શકે છે અને જીવનની એકંદર ગુણવત્તામાં વધારો થઈ શકે છે. જો તમને તમારો અસ્થમા નિયંત્રણ બહાર હોય તેવુ લાગે તો દવાઓ બદલતા પહેલા તમારી ઈન્હેલર તકનીકની સમીક્ષા કરવી યોગ્ય છે. કેટલીકવાર, એક નાનો ફેરફાર મોટો સુધારો લાવી શકે છે.

- ડૉ. અભિજીત સિંઘ
(ટાઈમ્સનાઉ.કોમ)

# મુસ્લિમ લિંચિંગ પર માનવાધિકાર પંચો શા માટે મૌન? ન્યાયાધીશ અતુલ શ્રીધરનનો તીખો સવાલ, ડિવિઝન બેન્ચમાં મતભેદ

**ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર દરમિયાન, હિન્દુત્વવાદી ટોળાઓ દ્વારા થયેલી મોબ લિંચિંગની ઘટનાઓના ભોગ મુસ્લિમો બન્યા છે**

અલ્હાબાદ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમાં એક દુર્લભ મતભેદ જોવા મળ્યો, જેમાં ન્યાયમૂર્તિ અતુલ શ્રીધરન અને ન્યાયમૂર્તિ વિવેક સરને અલગ-અલગ વચગાળાના આદેશો આપ્યા. આથી માનવ અધિકાર કમિશનોની કામગીરી વિશે તેમના વિચારોમાં મોટો તફાવત દેખાયો.

આ કેસ શિક્ષક સંસ્થા મદારિસ અરેબિયા દ્વારા દાખલ કરાયેલી અરજી પરથી શરૂ થયો હતો. આ અરજીમાં મદ્રેસા સંબંધિત મુદ્દાઓમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) દ્વારા લેવામાં આવેલી કેટલીક કાર્યવાહી સામે પડકાર મૂકવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન, ન્યાયમૂર્તિ શ્રીધરણે માનવ અધિકાર સંસ્થાઓની ભૂમિકા અને તેમની પ્રાથમિકતાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી.



ન્યાયમૂર્તિ શ્રીધરણે નોંધ્યું કે દેશભરના માનવ અધિકાર કમિશનો મુસ્લિમો પર થતા હુમલા અને કથિત લિંચિંગના કેસોમાં સ્વતઃ પગલાં લેવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે કહ્યું કે આવા કેસોમાં, જ્યાં મુસ્લિમો પર હુમલા થાય છે અને પોલીસમાં યોગ્ય રીતે કેસ નોંધાતા નથી અથવા તપાસ અધૂરી રહે છે, ત્યાં કમિશનોની સક્રિય ભૂમિકા દેખાતી નથી.

તેમણે આ પણ પ્રશ્ન કર્યો કે આવી સંસ્થાઓ શા માટે સંવિધાનની ૨૨૬ કલમ હેઠળ હાઈકોર્ટના અધિકારક્ષેત્રમાં આવતા મુદ્દાઓમાં હસ્તક્ષેપ કરે છે. તેમની ચિંતા હતી કે કમિશનો તેમના મૂળ કાર્યક્ષેત્રની બહારના મુદ્દાઓમાં પ્રવેશ કરે છે, જ્યારે ગંભીર માનવ અધિકાર ભંગના કેસોને અવગણે છે. ન્યાયમૂર્તિએ વ્યાપક સામાજિક મુદ્દાઓ પર પણ ધ્યાન દોર્યું, ખાસ કરીને અલગ-અલગ સમુદાયો વચ્ચેના સંબંધોને લગતા તણાવ પર વાત કરતા તેમણે જણાવ્યું કે કેટલીકવાર સામાન્ય સામાજિક સંપર્કો જેમ કે જાહેર સ્થળે અન્ય ધર્મના વ્યક્તિ સાથે મળવું પણ ભયનું કારણ બની શકે છે. ઉપરાંત, તેમણે એવા કિસ્સાઓનો ઉલ્લેખ કર્યો જેમાં કેટલીક ટોળીઓ કાયદો પોતાના હાથમાં લેતી હોવાનો આરોપ છે. તેમણે નોંધ્યું કે કોર્ટ સમક્ષ એવું કોઈ સ્પષ્ટ ઉદાહરણ રજૂ થયું નથી જેમાં NHRC અથવા રાજ્ય માનવ અધિકાર કમિશને આવા મામલાઓમાં સ્વતઃ કાર્યવાહી કરી હોય. પરંતુ ન્યાયમૂર્તિ વિવેક સરન આ અવલોકનો સાથે સહમત નહોતા અને તેમણે અલગ આદેશ આપ્યો. તેમણે કહ્યું કે ન્યાયમૂર્તિ શ્રીધરન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ ખૂબ વ્યાપક છે અને તેઓ તેની સાથે સંમત નથી. ન્યાયમૂર્તિ સરને પ્રક્રિયાત્મક ન્યાયના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું કે NHRCની ભૂમિકા અથવા કાર્ય અંગે કોઈપણ પ્રકારની ટીકા કરતા પહેલાં તમામ સંબંધિત પક્ષોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જરૂરી છે. તેમણે સ્વીકાર્યું કે રિટ કોર્ટ કેટલીકવાર પક્ષોની ગેરહાજરીમાં પણ આદેશ આપી શકે છે, પરંતુ યોગ્ય પ્રતિનિધિત્વ વિના નકારાત્મક ટિપ્પણીઓ કરવી યોગ્ય નથી.

આ બંને ન્યાયમૂર્તિઓના જુદા-જુદા મતોએ એક મહત્વપૂર્ણ ન્યાયિક મતભેદને ઉજાગર કર્યો છે. એક તરફ પ્રણાલીગત સમસ્યાઓ પર ખુલ્લું ધ્યાન દોરવાનું અને બીજી તરફ કાયદાકીય પ્રક્રિયાની મર્યાદાઓ જાળવવાની જરૂરિયાત. આ મુદ્દો આગળ વધશે અને તમામ પક્ષોને સાંભળ્યા બાદ વધુ સ્પષ્ટ નિર્ણય આવી શકે છે. **(સૌ. : મુસ્લિમ મિરર)**

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# જલિયાંવાલા બાગ : સંઘ-ભાજપ હિન્દુઓ, મુસ્લિમો અને શીખોની સહિયારી શહાદત ભૂંસી નાખવા માટે તૈયાર છે !

બ્રિટિશરો વિશ્વના ઇતિહાસમાં પ્રથમ સામ્રાજ્યવાદી શક્તિ નહોતા. ઇતિહાસ વિવિધ સામ્રાજ્યોના માનવ વિરોધી ક્યાઓથી ભરેલો છે. આપણે બધા પોર્ટુગીઝ, રોમન, ફ્રેન્ચ, ઓટોમન અને જર્મન સામ્રાજ્યોના લોહીથી રંગાયેલા ઇતિહાસથી સારી રીતે પરિચિત છીએ; છતાં તે એક નિર્વિવાદ હકીકત છે કે બ્રિટિશ સામ્રાજ્ય તેમની વચ્ચે એક અનોખું સ્થાન ધરાવે છે. આ સામ્રાજ્ય વધુ વ્યાપક, ટકાઉ અને નોંધપાત્ર સાતત્ય દ્વારા વર્ગીકૃત થયેલ હતું.

બ્રિટિશ સામ્રાજ્યના લાંબા ગાળાનું મુખ્ય કારણ એ હતું કે તેણે શાસનના કાર્યને જ સંસ્થાકીય બનાવ્યું. આ હેતુ માટે, તેઓએ વહીવટી કચેરીઓનું વિશાળ નેટવર્ક સ્થાપિત કર્યું. સામ્રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવતી દરેક પ્રવૃત્તિ અંગેની માહિતી કાળજીપૂર્વક એકત્રિત કરવામાં આવી હતી અને વ્યવસ્થિત રીતે સંગ્રહિત કરવામાં આવી હતી. બ્રિટિશ સામ્રાજ્ય એ પ્રથમ શાહી શક્તિ હતી જેણે રાજ્ય વહીવટને લગતા તમામ દસ્તાવેજો અને રેકોર્ડને સમર્પિત આર્કાઇવ્સમાં સાચવવાની પ્રથા શરૂ કરી હતી. આ પ્રયાસ પાછળનો તેમનો હેતુ ફક્ત પ્રાચીન વસ્તુઓ પ્રત્યે ભાવનાત્મક લગાવ નહોતો; તેના બદલે, તેઓ વર્તમાનને સમજવા અને ભવિષ્યને આકાર આપવા માટે આ ઐતિહાસિક અનુભવોનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરતા હતા.

ભારતમાં ૧૮૯૧માં બ્રિટિશ લોકોએ કલકત્તામાં સેન્ટ્રલ આર્કાઇવ્સની સ્થાપના કરી. ત્યારબાદ તેને દિલ્હી ખસેડવામાં આવ્યું. જ્યારે આ સંસ્થા બ્રિટિશ વસાહતી યુગના તમામ સત્તાવાર સરકારી દસ્તાવેજો માટે ભંડાર તરીકે સેવા આપે છે, ત્યારે તેમાં ગુપ્તચર અહેવાલોનો વિશાળ સંગ્રહ, સરકાર વિરોધી પ્રવૃત્તિઓના રેકોર્ડ, માહિતી આપનારાઓ અને મધ્યસ્થી સંબંધિત વિગતો અને પ્રતિબંધિત સાહિત્યનો ભંડાર પણ છે. જ્યારે અંગ્રેજો ભારત છોડીને ગયા, ત્યારે તેમણે આ સંસ્થા ભારત સરકારને સોંપી દીધી. (એવું માનવું સ્વાભાવિક છે કે, તેમના પ્રસ્થાન પહેલાં, તેઓએ કોઈપણ અત્યંત સંવેદનશીલ દસ્તાવેજોનો નાશ કર્યો હશે - અથવા તેમની સાથે લઈ ગયા હશે - ખાસ કરીને જે તેમના ભારતીય સહયોગીઓના દુષ્કૃત્યો સંબંધિત વિગતો ધરાવતા હશે.)

**જલિયાંવાલા બાગ હત્યાકાંડનો ઈતિહાસ, રાષ્ટ્રીય આર્કાઈવ્સની ફાઈલોમાં બંધ**

સ્વતંત્રતા પછી રાષ્ટ્રીય આર્કાઈવ્સ તરીકે જે જાણીતું બન્યું તે, હકીકતમાં, ઐતિહાસિક દસ્તાવેજોનો વિશાળ ભંડાર છે. પ્રથમ નજરમાં, તે ફક્ત ભૂતકાળના શાંત, નિર્જીવ રેકોર્ડનો સંગ્રહ લાગે છે; છતાં, તેના ઊંડાણમાં ઈતિહાસના ઘણા કરુણ અને આબેહૂબ સ્તરો છુપાયેલા છે.

